આજ્ઞા કે પ્રતિષ્ઠા.

રસિક નવલકથામાળા . . . . પુસ્તક ૨૦ મું.

પ્રાણ કે પ્રતિષ્ઠા ?

લેખક:
ચંદુલાલ જેઠાલાલ વ્યાસ,
રાણપુર.

પ્રકાશક:
પુંજાલાલ ભગવાન પારેખ,
વઢવાણ સીટી.

સં. ૧૯૮૫. આવૃત્તિ ૧ લી
ઈ. સ. ૧૯૨૯. પ્રત ૬૨૫.

મૂલ્ય રૂ. ૩-૦-૦

મુદ્રક : ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
મુદ્રણસ્થાન : : વસંત મુદ્રણાલય
ઘીકાંટારોડ : : અ મ દા વા દ.

પ્રસ્તાવના

ઇંગ્લાંડમાં સર આર્થર કોનન ડોઈલે 'શેરલોક હોમ્સ'નું ડિટેક્ટિવ પાત્ર કલ્પી જુદી જુદી અનેક નવલકથાઓ લખી સારૂં નામ કાઢ્યું છે. તે જ રીતે ફ્રાન્સના નવલકથાકાર ગેબોરીયોની ડિટેક્ટિવ વાર્તાઓ પણ પુષ્કળ વખણાઈ છે. મેં અગાઉ લખેલ 'ભૂલનો ભોગ' અને 'વિપત્તિનું વાદળ' આ જ નવલકથાકારની ડિટેક્ટિવ વાર્તાનાં અનુકરણ છે.

આ પણ એ જ લેખકની એક ડિટેક્ટિવ નવલકથાનું અનુકરણ છે. પરંતુ તેની રચનામાં એક વિશિષ્ટતા છેઃ વાર્તાના આરંભમાં એક અજ્ઞાન વ્યક્તિ ઉપર ખૂનનો આરોપ આવે છે અને તે ગિરફતાર થાય છે. છતાં તે પોતાની છદ્મતા જાળવી રાખવામાં અપ્રતિમ કૌશલ્ય દાખવે છે. ફાંસીને માંચડે ચડવાનો પ્રસંગ આવે તો પણ પોતાનું વ્યક્તિત્વ પ્રકટ ન કરવાનો તેનો દૃઢ નિશ્ચય છે. તેને ગિરફ્તાર બનાવનાર ડિટેક્ટિવ પણ ડગલે ને પગલે મળતી અનેક નિષ્ફળતાઓ અને પોતાના સહચારીઓનાં ટોણાં સહન કરીને પણ, નિરાશ નહિ થતાં એ અજ્ઞાન વ્યક્તિના ભૂતકાલિન જીવનનું રહસ્ય શોધી, છેવટે પોતાના અંતિમ હેતુને સિદ્ધ કરે છે.

જ્યારે કોઇ પણ વિષયમાં આપણું મન અત્યંત મુંઝાઇ જાય, તેમાં કશા નિર્ણય પર આવવાની શક્તિનો હ્રાસ થતો લાગે, તે સમયે ડિટેક્ટિવ વાર્તાનું વાચન કોઈ નવીન પ્રેરણા આપે છે, વિચારશક્તિને કાર્ય કરવાનું ઉત્તેજન મળે છે, અને મનને થતી મુંઝવણમાં ઉકેલનો માર્ગ સ્ફુરે છે. ડિટેક્ટિવ વાર્તાની એ વિશેષતા છે અને એટલે અંશે વ્યવહારમાં તેની ઉપયોગિતા છે. જો કે આ સિદ્ધાંત પ્રસ્તુત નવલકથા દ્વારા કેટલો સ્વીકારણીય થાય છે તેનો નિર્ણય તો વાચકો જ કરી શકે. તે દર્શાવવાનો અધિકાર લેખકને ન હોય.

છેવટે એક સૂચન કરૂંઃ વહેમના વમળમાં વિંટાયેલી વામાએ ઈર્ષ્યાની આગને બુઝાવવાને કરેલા એક અધમ કૃત્યનું કેટલું ભયંકર અને વિપરીત પરીણામ આવે છે એ આ નવલકથાનું લક્ષ્યબિંદુ છે. વાચક તેનાપરથી સાર ગ્રહણ કરે તો શ્રમની સાર્થકતા લેખાશે.

રાણપુર

તા. ૧૩–૯–૨૯

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ.

અનુક્રમણિકા

પ્રાણ કે પ્રતિષ્ઠા ?

પ્રકરણ ૧ લું

ત્રણ ખૂન.

રજનીકાન્તનો ઉદય હજી હમણાં જ થયો હતો. ટંડીનો ચમકારો અસહ્ય હતો. આજે માવઠાનો વર્ષાદ પણ થયો હતો. રાત્રિના અગીયાર વાગવાનો સમય હતો અને તા. ૨૦મી ફેબ્રુઆરીના રવિવારનો દિવસ હતો. તે દિવસે ને તે સમયે ચંદ્રનગર શહેરમાં છૂપી પોલીસ ખાતાની ઓફિસમાંથી તે ખાતાના માણસોની એક ટોળી બહાર પડી.

ચંદ્રનગર નર્મદા નદીના કિનારે આવેલું છે. તે વિશાળ નગર છે. ન્હાના ગામમાં બદમાશો ઝટ પકડાઈ આવે; જ્યારે વિશાળ નગરમાં બદમાશો પણ શાહુકારોની માફક જ પોતાનો ધંધો ચલાવતા હોય, છતાં તેમને પિછાનવા અને પકડવાનું મુશ્કેલ થઇ પડે. તે મુજબ આ ચંદ્રનગરમાં પણ બદમાશોની વસતિ પુષ્કળ છે. તેમનો મોટો ભાગ નર્મદા નદીના કિનારા તરફના લત્તામાં રહે છે. ત્યાં જે હોટેલો, દારૂનાં પીઠાં, કાવાખાનાં વગેરે છે, તે આ બદમાશોનાં મંડળોનાં કાર્યાલય છે. દેખાવમાં એક ન્હાની હોટેલ હોય, પણ ત્યાં ચહા કોફીની સાથે ખાણું મળે, મદ્ય મળે, જુગાર ખેલવાનાં સાધનો હોય, કોઈ સ્થળે ખાતર પાડવાની તો કોઈને લૂટવાની મંત્રણા થતી હોય, ત્યાંથી હુકમો છૂટતા હોય અને તે પ્રમાણે શહેરમાં કાર્ય ચાલી રહ્યું હોય.

આ ભાગના લોકોથી ચંદ્રનગરની ચબરાક પોલીસ પણ ધ્રૂજી ઉઠતી અને ખાસ કરીને રાત્રિના સમયમાં આ વિભાગમાં થઇને પસાર થવાનું ભય ભરેલું ગણાતું. ઘરબાર વગરના ભટકતા ભામટાઓનું આ આશ્રયસ્થાન હતું. પોલીસને હાથતાળી આપીને પલાયન થઈ ગયેલા બદમાશો આ પ્રદેશમાં રાત્રિના સમયે નિર્ભયપણે ફરી શકતા હતા. કારસ્થાનીઓનું આ સ્વર્ગ હતું. અન્યાય, અનીતિ અને અનાચારના અખાડા રૂપ હતું. બ્રિટીશ સરકારના જન્મદેશનિકાલ અને ફાંસીની સજા પામેલા કેદીઓ જો તેમાંથી કોઈ રીતે પલાયન થઇને ચંદ્રનગરમાં આવી પહોંચતા તો આ સ્થળ તેમને પોતાના ગુપ્ત નિવાસોમાં વર્ષોનાં વર્ષો સુધી છૂપાવી રાખતું. દિવસના પણ સારા અને ઉચ્ચ કુળના સજ્જન રાહદારીઓ આ માર્ગે થઈને ન છૂટકે જ પસાર થવાનું પસંદ કરતા.

આ ભાગમાંથી એ બદમાશોની ટોળીઓને જડ મૂળમાંથી ઉખેડી નાખવાને માટે પોલીસ તરફથી આજ કેટલાંક વર્ષો થયાં તનતોડ મહેનત લેવામાં આવતી હતી. પરંતુ અત્યારસુધીમાં તેના પ્રયત્નને ધારણા મુજબ સફળતા પ્રાપ્ત થઈ ન હતી. જો કે પોલીસની ટોળી આ તરફ આવતી ત્યારે તેની જાળમાં કોઇ ને કોઇ બદમાશ સપડાયા વગર રહેતો નહિ. એવો દિવસ ભાગ્યે જ ગયો હશે કે પોલીસને અહીંથી એક પણ શિકાર મેળવ્યા વગર પાછું ફરવું પડયું હોય. એથી જ આ પોલીસની ટોળી ચોકીએથી નીકળી તે વખતે ચોકી ઉપરના જમાદારે તેમને ફતેહ ઇચ્છતાં કહ્યું હતું કેઃ “ હું આપણા માનવંતા મ્હેમાનોને માટે શયનગૃહો તૈયાર કરૂં છું. જાઓ તેમની ઇચ્છા ન હોય તો પણ આગ્રહ પૂર્વક તેડી લાવજો. ”

આ ટોળી આગળ ચાલવા લાગી. તેમાં કુલે નવ માણસો હતા. એક ઇન્સ્પેકટર અને બીજા સિપાઇઓ. તેમણે સાદાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. તેઓ પોલીસ ખાતાના માણસો છે એવું અજાણ્યાને તો લાગે પણ નહિ. ઈન્સ્પેકટર આશરે ચાલીશ વર્ષની ઉમરનો, શરીરે કદાવર, ઉંચો

અને દેખાવડો હતો. તેની પાસે મનોબળ કરતાં શરીરબળ વિશેષ હતું. તેના મગજમાં તર્કશક્તિનું સ્થાન આવેશે લીધું હતું. તથાપિ તેનો આવેશ ક્ષણિક ન હતો. તે પોતાના શિકાર ઉપર તરાપ મારી, તેને પકડ્યા પછી છોડતો નહિ. તેનું નામ હતું ગજાનન, પણ તે જાતે દક્ષિણી હોવાથી પોલીસ ખાતામાં તમામ તેને 'રાવ સાહેબ' કહેતા, અને એ માનસૂચક શબ્દ તેને ગમતો પણ ખરો.

આજ કેટલાક દિવસથી માવઠા જેવું હતું. વાદળાં, વિજળી, કરા, વર્ષાદ વગેરે સર્વનું મિશ્રણ થયું હતું. આજે પણ વર્ષાદ થયો હતો અને ઠંડી તો કહે મારું કામ! છતાં પણ આવી કડકડતી ઠંડીમાં આ લોકરક્ષક પ્રજાસેવકો સુલેહ અને શાંતિના સ્થાપનને માટે ચંદ્રનગરના આ અનિષ્ટ પ્રદેશમાં મેઘલી રાત્રે સ્હેજ પણ કંટાળો દર્શાવ્યા વગર ઉત્સાહ પૂર્વક આગળ વધતા હતા. જેઓ અત્યારે હૂંફાળા ઓરડાઓમાં ગરમ વસ્ત્રો ધારણ કરી, શાલ, કામળ કે રજાઈઓથી પોતાનાં અંગને લપેટી ઘસઘસાટ નિદ્રા લેતા હશે, તેમને શી ખબર કે તેમની શાંત નિદ્રા આવા ઠંડીથી થરથરતા, ક્ષુધા, શ્રમ કે નિદ્રાની દરકાર વગરના વીર પ્રજાસેવકોને આભારી છે!

દુનિયા નગુણી છે. આ બિચારા આટલું આટલું સહન કરી રહ્યા છતાં પણ એકાદ ચોરી, ખૂન કે લૂટ થતા લોકો શોરબકોર કરી મૂકતા, વર્તમાન પત્રના ઘમંડી તંત્રીઓ મોટા અક્ષરોનાં મથાળાં નીચે અતિશયોક્તિભર્યા વર્ણનો અને તેની સાથે અગ્રલેખો પ્રકટ કરી, પોલીસ ખાતાની નાલાયકી સાબિત કરવાનો મિથ્યા પ્રયત્ન કરતા. કદાચ કોઇ બદમાશ સપડાય તો યે તે બદમાશની બહાદૂરી, પોલીસને હંફાવવાની તેની શક્તિ, તેણે અત્યારસુધીમાં કરેલાં પરાક્રમો (?) વગેરેનું રસપૂર્ણ વર્ણન પત્રોમાં પ્રકટ કરતા, જ્યારે 'પોલીસે પોતાની ફરજ બજાવવા ઉપરાત વિશેષ કશું કર્યું નથી' એટલું લખીને પતાવી દેતા. જો કે ચંદ્રનગરની પોલીસ ઉપર તેની કશી અસર થતી નહિ. તે પોતાની ફરજ, પોતાની શક્તિ અને બુદ્ધિ અનુસાર પત્રકારોની પ્રશંસા કે ટોણાંની પરવા કર્યા વગર બજાવ્યે જતી હતી.

અસ્તુ, આગળ ચાલો. હવે જે વિભાગમાં જવાનું છે ત્યાં આ ટોળી આવી પહોંચી છે. અહીંના લોકોને વર્ષાદ કે ઠંડીની દરકાર હોય એવું લાગતું નહતું. હોટેલો અને પીઠાંની બારીઓ ખૂલ્લી હતી. તેમાં સહુ પોતપોતાને અનુકુળ ઉદ્યોગમાં મચેલા હતા. રાજમાર્ગ લગભગ નિર્જન જેવો હતો. કવચિત્ એકાદી ગાડી પસાર થતી. વખતે કોઇ છાકટો ફૂટપાથ ઉપર ગડથોલા ખાતો ચાલ્યો જતો દૃષ્ટિએ પડતો. વળી મકાનોના પડછાયામાં કોઇ છૂપાઈને ચાલતું પણ જોવામાં આવતું હતું. પરંતુ માર્ગ પર ચાલવું તે ગુન્હો ગણાતો નહિ હોવાથી પોલીસ તેને કશું કરી શકતી નહિ.

થોડા આગળ ગયા એટલે ઇન્સ્પેકટરે સીટી કરી. એક માણસ ગલીમાંથી બહાર રાજમાર્ગ પર આવ્યો. આ પણ ગુપ્તચર માંહેનો એક હતો. તેણે મંદ સ્વરે ઇન્સ્પેક્ટરને અમુક બાતમી આપી. અને તે પણ આ ટોળીમાં સામેલ થઇ ગયો. તેમની દિશા મરડાઈ. અત્યાર સુધી તેઓ પશ્ચિમ તરફ જતા હતા. હવે દક્ષિણ તરફ ગતિ કરવા લાગ્યા.

હવે તેમનો પ્રવાસ કંટાળો ઉપજાવે તેવો હતો. તેઓ સાંકડી ગલ્લીઓ વચ્ચે થઇને પસાર થતા હતા. આ ગલ્લીઓમાં ગંદાં પાણી વહ્યાં જતાં હતાં. જ્યાં ત્યાં પડેલા કચરાની દુર્ગંધ ચોતરફ વ્યાપી રહી હતી. રસ્તા પર કોઇ મકાનમાં પ્રકાશ દેખાતો ન હતો. એકે હોટેલ કિંવા દારૂનું પીઠું ન હતું. કોઇના પગલાની પડઘી કે કોઈ મનુષ્યનો અવાજ સંભળાતાં ન હતાં. સર્વત્ર સુમસુમાકાર અને અંધકારનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. આ ટોળીના તમામ મનુષ્યો કાદવથી પોતાનાં પાટલૂન ખરડાય નહિ તે માટે તેની કોરો વાળી, ઉંચી ચડાવીને સાવચેતીથી આગળ પાછળ લક્ષ રાખીને, ધીમે ધીમે ચાલતા હતા.

તેઓ એક ગલ્લીની પાસે આવી પહોંચ્યા તે જ વખતે એક ભીષણ ચિત્કાર તેમના કર્ણપુટપર અથડાયો. તેઓ એકદમ સ્તબ્ધ બનીને સ્થંભી ગયા. આવા સ્થળે અને અત્યારના સમયે આ ચિત્કાર કોઈ અત્યંત ભયંકર ઘટનાનું સૂચન કરતો હતો.

"રાવ સાહેબ! આપે સાંભળ્યું કે?" એક સિપાઇ બહુ ધીમા અવાજે બોલ્યો.

"હા. કોઈ સ્થળે ખૂનામરકી ચાલી રહી લાગે છે. અહીંથી બહુ દૂર નથી. પણ ક્યાં? સાંભળો!"

બધા એક ચિત્ત બની ગયા. તુરત જ પ્રથમના કરતાં યે વિશેષ ભય ઉપજાવે તેવી બીજી બૂમ સાંભળવામાં આવી.

"આ તો પેલી ચંદ્રભાગાની હોટેલ તરફથી બૂમ આવતી જણાય છે." ગજાનન બોલ્યો: "તમે એ હોટેલ તો જોઇ છે. દોડો ત્યારે."

તેણે પોતે જ પોતાની આજ્ઞા પ્રથમ અમલમાં મૂકી. અને તેના સહચારીઓએ તેનું અનુકરણ કર્યું. માત્ર એક જ મીનિટમાં તેઓ આ હોટેલ પાસે આવી પહોંચ્યા. હોટેલનો દેખાવ બહારથી જ ભયંકર લાગતો હતો.

આ મકાનમાંથી જ બૂમો આવતી હતી. હવે પુનઃ પુનઃ બૂમો સંભળાવા લાગી અને છેવટે પિસ્તોલના બે બહાર પણ સંભળાયા. મકાનનું મુખ્ય દ્વાર બંધ હતું. પણ બારીઓનાં 'શટર'માંથી અગ્નિના જેવો લાલ પ્રકાશ ઝબકયો. એક સિપાઈ બારી પાસે ગયો અને ઉંચો થઇને 'શટર'માંથી અંદર જોવા લાગ્યો.

ગજાનન દ્વાર પાસે ગયો. "બારણું ખોલો!" તેણે દ્વાર પર જોરથી અવાજ કરતાં આજ્ઞા કરી. પરંતુ અંદરથી કશો પ્રત્યુત્તર મળ્યો નહિ. માત્ર અંદર કોઈ બાઝતું હોય એવા અવાજો, દુઃખપિડિત ચિત્કાર તથા ડચકાં ખાતી સ્ત્રીનો અવાજ સ્પષ્ટપણે સંભળાતા હતા.

"ભયંકર! અત્યંત ભયંકર!" જે સિપાઈ પેલી બારીમાંથી જોતો હતો તેના મુખમાંથી ઉદ્દગાર સરી પડ્યો.

"બારણું ખોલો, નહિ તો ઘાસતેલ છાંટી મકાન સળગાવી મૂકીશ." ગજાનને ત્રીજી વાર આજ્ઞા કરી. છતાં પણ અંદરથી દ્વાર ખોલવાનો પ્રયત્ન થયો નહિ. એટલે ગજાનને પોતાના ખભા વડે

જોરથી બારણાને ધક્કો લગાવ્યો. એક બે આઘાત થતાની સાથે જ બારણું ખૂલી ગયું.

હવે બારીમાંથી જોનાર સિપાઇના ભયસૂચક ઉદ્દગારનો અર્થ સ્પષ્ટ રીતે સમજાયો. આ ખંડનો દેખાવ એવો હતો કે તમામ સિપાઈઓ અને ગજાનન પોતે પણ જ્યાં ઊભા હતા ત્યાં ને ત્યાં સ્તંભી ગયા. અંદરની અસ્તવ્યસ્ત સ્થિતિ ઉપરથી અહીં ખૂનખાર ઝઘડો મચ્યો હોય એવું લાગતું હતું. ટેબલ, ખુરસી, પ્યાલા, રકાબીઓ વગેરે વસ્તુઓ ચોતરફ આમ તેમ વેરણ ખેરણ પડી હતી. એક ખૂણામાં બે માણસો નિશ્ચલ સ્થિતિમાં જમીન પર પડયા હતા. ત્રીજો માણસ ખંડની મધ્યમાં પડયો હતો. એક સ્ત્રી દાદરાના પગથીયા પર બેઠી બેઠી સાડી વડે મૂખ છૂપાવીને ડુસકા ભરતી હતી.

તેમની સામે બીજા ખંડમાં જવાનું દ્વાર હતું .તે દ્વારના મધ્યમાં એક યુવાન દેખાતો મનુષ્ય ઊભો હતો. આ મનુષ્ય તથા સિપાઇઓ વચ્ચે એક ટેબલ પડેલું હતું. તેના શરીરનો બાંધો મધ્યમ કદનો હતો. અને મૂછો તથા દાઢીના ભરાવદાર વાળથી તેનો ચ્હેરો ભરેલો લાગતો હતો. રેલ્વે સ્ટેશન પર પોર્ટરો જેવાં વસ્ત્રો પહેરે છે તેવાં વસ્ત્રો તેણે ધારણ કર્યા હતાં. તે અત્યારે અનેક સ્થળેથી ફાટી ગયાં હતાં અને તેના ઉપર ધૂળ તથા લોહીના ડાઘ જણાતા હતા.

આ મનુષ્ય જ ખૂની હતો. તેના ચ્હેરાનો દેખાવ ભયાનક લાગતો હતો. તેનાં નેત્રોમાંથી અગ્ની ઝરતો હોય એવાં લાલ નેત્રો બની ગયાં હતાં. તેની ગરદન તથા ગાલ ઉપર બે ઘા પડેલા હતા, જેમાંથી પુષ્કળ લોહી વહેતું હતું. તેના જમણા હસ્તમાં પિસ્તોલ હતી અને એ તેણે આ લોકો સામે રોખી હતી.

“ તાબે થા. ” ગજાનને બૂમ પાડી.

આ મનુષ્યના હોઠ હલ્યા, પરંતુ તેના મુખમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ.

" તારી એક પણ યુક્તિ ચાલવાની નથી. " ગજાનને તેને કહ્યું: " અમે મોટી સંખ્યામાં છીએ. તું છટકી શકે તેમ નથી. માટે તારા હસ્ત નીચા નમાવી દે. "

" હું નિર્દોષ છું. " આ મનુષ્ય ઘોઘરા અવાજે બોલ્યો.

" કદાચ હશે, પણ અમે તેવું જોઈ શકતા નથી. "

" આ લોકોએ મારા ઉપર હુમલો કર્યો હતો. આ બુઢ્ઢીને પૂછી જુઓ. એથી મેં મારો બચાવ કર્યો, મેં તેમનો નાશ કર્યો. મારા પોતાના બચાવમાં કરેલું ખૂન મને દોષિત ઠરાવી શકતું નથી. દરેક મનુષ્યને પોતાનું રક્ષણ કરવાની કાયદો સત્તા આપે છે. "

આ શબ્દો બોલતી વખતે તેનો દેખાવ અને વર્તન એવા પ્રકારનાં હતાં કે એક સિપાઇએ ગજાનનને એક બાજુએ ખસેડતાં કહ્યું: " રાવ સાહેબ ! સમાલજો, તેની રિવોલ્વર પાંચ બહારની છે અને આપણે માત્ર બે જ અવાજ સાંભળ્યા છે. "

પરંતુ ઇન્સ્પેકટરે ભીતિની કદિ પણ દરકાર કરી ન હતી. તેણે પોતાના સહચારીને તરછોડી નાંખ્યો અને તે આગળ આવીને પેલા મનુષ્યને ઉદ્દેશીને શાંતિ પૂર્વક બોલ્યો: "ભાઈ ! કશી પણ મૂર્ખતા કરતો નહિ. બનવા જોગ છે કે તારો કેસ મજબૂત પણ હોય. પરંતુ તો પછી હવે નવી ભૂલ કરીને તેને બગાડતો નહિ. "

જીવ સટોસટનો પ્રસંગ હતો. પેલા મનુષ્યે રિવોલ્વર ઇન્સ્પેકટરના સામે ધરી રાખી હતી. ઘોડો દબાવે એટલી જ વાર હતી. ત્યારે શું તે ખૂન ઉપર ચડયો હતો ? ના, એકાએક તેણે રિવોલ્વર જમીન પર ફેંકી દીધી અને કહ્યું: " ત્યારે આવો અને મને પકડો."

એટલું કહી પીઠ ફેરવીને તે બીજા ખંડમા ઘુસ્યો. તેને એવી આશા હશે કે આ બીજા એરડામાંથી બહાર પસાર થવાના માર્ગ દ્વારા પોતે પલાયન થઈ શકશે.

ગજાનને પણ આમ બનશે એવી કલ્પના કરી લીધી હતી. એટલે તે પોતાના હસ્ત પસારીને તેની પાછળ દોડયો. પણ ટેબલ

વચ્ચે નડયું. "અહો ! આ બદમાશ આપણા હાથમાંથી જશે કે શું ?" તેણે ઉદ્‌ગાર કાઢયો.

પરંતુ આ મનુષ્યનું પ્રારબ્ધ કયારનું નિશ્ચિત થઈ ચુકયું હતું.

જ્યારે ગજાનન આ ઓરડામાં આવ્યો તે વખતે બહાર જે સિપાઇ બારીમાંથી ડોકાયો હતો તે આ મકાનની પાછળ જઇને તેના પાછલા દ્વારે તૈયાર થઇને ઊભો હતો. ખૂની ત્યાંથી બહાર પડવા ગયો તે જ વખતે આ સિપાઇ તેના ઉપર કૂદ્યો. તે પોતાના આશ્ચર્યજનક બળ વડે તેને પકડીને મકાનમાં ઘસડી લાવ્યો.

ખૂનીએ મૂક્ત થવાનો પ્રયત્ન કર્યો, પણ તે સફળ થયો નહિ. તેની શક્તિ ક્ષીણ થઈ ગઇ હતી. તે લથડીયાં ખાતો હતો. તે છેવટે જે ટેબલે તેનું રક્ષણ કર્યું હતું તે ટેબલ ઉપર પડયો. પડતી વખતે સર્વ સાંભળી શકે તેટલા ઉચ્ચ સ્વરે નીચેના શબ્દો તેના મુખમાંથી સરી પડયા:

" સર્વનાશ ! આ તો 'પ્રશીયન' !"

પોતાના સહચારીના આ સચોટ પ્રયત્નથી પોતાની ટોળીનો વિજય થયો એ જોઇને ઇન્સ્પેક્ટર આનંદ પૂર્વક બોલ્યો: "શાહબાસ, બિરાદર! ઘણું જ સારૂં કર્યું. આ કાર્યને માટે જરૂરની માત્ર શકિત જ નહિ પરંતુ બુદ્ધિ પણ તારામાં છે. અને જો કદાચ પ્રસંગ–"

તે બોલતો અટકી ગયો. તેના બીજા સહચારીઓ પણ આવેશમાં આવી ગયા હતા અને તેઓ આ છોકરવન દેખાવના સિપાઇને અભિનંદન આપવા મંડી પડયા હતા. એ જોઇને ઇન્સ્પેકટરના અંતરમાં ઇર્ષ્યાનો જન્મ થયો. તેને પોતાની પ્રતિષ્ઠા દુભાયેલી લાગી. તેણે ઉમેર્યું: "આ વિચાર મને પણ સૂઝ્યો હતો; પણ હું જો તે પ્રમાણે કરવાની તમને સૂચના કરૂં તો આ બદમાશ ચેતી જાય તેમ હતું. એટલે મેં તે વિષે મૌન્ય ધારણ કર્યું હતું."

બધા સિપાઈઓ ખૂનીની આસપાસ એકઠા થઈ ગયા હતા. તેમણે પ્રથમ તેના હાથ તથા પગ બાંધીને તેને ખુરસીની સાથે જકડી લીધો.

તેણે સામે થવાનો કશો પણ પ્રયત્ન કર્યો નહિ. પ્રથમ તે ઘાતકી વરૂના જેવો દેખાતો હતો, અત્યારે ગરીબ ઘેટાના જેવો બની ગયો. 'થવાનું નહિ થાય મિથ્યા લગારે' એ સૂત્ર તેના અંતરમાં ગુંજી રહ્યું.

તેને બરોબર બાંધી લીધા બાદ ગજાનન બોલ્યો : "હવે આપણે આગળ તપાસ કરીને પેલો લેમ્પ સળગાવો એટલે બરોબર પ્રકાશ પડે."

પ્રથમ જે બે મનુષ્યો એક બાજુએ પડયા હતા તેમને ઈન્સપેકટરે તપાસ્યા. તેણે તેમનાં હૃદયપર હાથ મૂકયો. હૃદયના ધબકારા કયારનાયે બંધ થઈ ગયા હતા. પોતાની ઘડિયાળ ગજવામાંથી કાઢીને તેનો કાચ તેમના હોઠની નજીક ધરી રાખ્યો, પરંતુ કાચ અગાઉના જેવો ચળકતો અને સ્વચ્છ હતો. અર્થાત્ આ લોકોનો શ્વાસોચ્શ્વાસ ચાલતો ન હતો.

"નિરર્થક!" તે બોલ્યો: "કશો ઉપાય નથી. આ બિચારાઓ મૃત્યુને આધીન થઈ ચૂકયા છે. તેઓ આવતી કાલનું પરોઢ જોઇ શકે તેમ નથી. એટલે કોરોનર આવે ત્યાં સુધી તેમને જેની તે સ્થિતિમાં રહેવાદ્યો, અને ચાલો આપણે ત્રીજાની તપાસ કરીએ."

ત્રીજો પડેલો મનુષ્ય હજી શ્વાસ લેતો હતો. તે યુવાન હતો અને તેણે સામાન્ય સૈનિકના જેવો પોષાક ધારણ કર્યો હતો. તેની પાસે કશું હથિયાર ન હતું. તેના કોટ અને ખમીસનાં બટન ખુલ્લાં હોવાથી તેની છાતી દેખાતી હતી. આ લોકો તેની પાસે આવ્યા એટલે તેણે કાંઈક પીવાને માટે માગણી કરી.

તેઓ આ માણસને સાવચેતીથી ઉપાડીને દિવાલ પાસે લાવ્યા અને તેની પીઠ દિવાલને અઢેલીને રહે એવી રીતે તેને બેસાર્યો. એ દરમ્યાન આ બિચારા દુર્ભાગી મનુષ્યને સ્હેજ પણ હીલચાલથી અત્યંત વેદના થતી હતી અને તે સુસકારા નાંખતો હતો. એક સિપાઈ પાણીનો પ્યાલો ભરીને લાવ્યો. જલપાન કરવાથી આ મનુષ્યને સહેજ શાંતિ થઈ હોય એમ લાગ્યું. તેણે દીર્ઘ શ્વાસ લીધો અને તેનામાં શક્તિનો પુનઃ સંચાર થતો જણાયો.

" તને કયાં જખમ થયો છે ?" ગજાનને પ્રશ્ન કર્યો.

" અહીં માથામાં–આ સ્થળે. " તેણે હાથ ઉંચો કરીને બતાવવાનો પ્રયત્ન કર્યો; " અહો, કેટલી બધી વેદના થાય છે ? "

પોલીસના જે સિપાઇએ ખૂનીને નાસી જતો અટકાવ્યો હતો તે નજીક આવ્યો. તેણે એક ડોકટરના જેવી કુશળતા પૂર્વક આ મનુષ્યના મસ્તકના પાછળના ભાગમાં ગરદનની ઉપર લાગેલા જખમની તપાસ કરી.

"એમાં કાંઇ નથી." તેણે જાહેર કર્યું. પરંતુ તેના ચ્હેરાપરથી સમજી શકાતું હતું કે આ શબ્દો તેણે જખમાયેલા મનુષ્યને આશ્વાસન આપવાને માટે ઉચ્ચાર્યા હતા. બાકી તે પોતે સમજી ગયો હતો કે આ જખમ ગંભીર છે અને પ્રાણઘાતક નિવડવાનો પૂરો સંભવ છે.

"બરાબર છે." ગજાનને ટેકો આપ્યોઃ "જો માથામાં જખમ થતાની સાથે જ મૃત્યુ ન થાય તો એકાદ માસમાં તે ઘા રૂઝાઇ જાય છે."

જખમાયેલો મનુષ્ય ફીકકું હસ્યો અને બોલ્યોઃ "નહિ, મારા મૃત્યુનો ઘંટ વાગી ચૂકયો છે. આ ઘા જીવલેણ નિવડશે. "

"તું નકામો બીએ છે. "

"ના, મને આશ્વાસન આપવાની જરૂર નથી. હું સમજી ગયો છું. પરંતુ તે માટે હું કશી પણ ફરિયાદ કરતો નથી. મને મારા કર્મનો યોગ્ય બદલો મળ્યો છે. "

આ શબ્દો શ્રવણ થતાં બધા સિપાઇઓ પેલા ખૂની તરફ ફર્યા. તેમણે એવી કલ્પના કરી હતી કે આ મનુષ્યના શબ્દોનો લાભ ખૂની પોતાની નિર્દોષિતાને સિદ્ધ કરવાને માટે લેશે.

પરંતુ તેમની આશા ફળિભૂત થઈ નહિ. ખૂનીએ આ શબ્દો સાંભળેલા હોવા જ જોઇએ. તથાપિ તે કશું પણ બોલ્યો નહિ.

"પેલા બદમાશ હસમુખે મને અહીં લાવીને ફસાવ્યો." જખમાયેલા મનુષ્યે આગળ ચલાવ્યું. તેનો અવાજ ધીમો પડતો જતો હતો.

" તે અગાઉ નાટક કંપનીમાં એકટર હતો. હું જ્યારે પૈસાદાર હતો ત્યારે તેનો મારી સાથે પરિચય થયો હતો. પણ મારા તમામ પૈસા ખલાસ થઇ ગયા. તે પૈસાનું મેં તે હસમુખ અને એવા બીજાઓની સોબતમાં જુગાર અને અનાચારમાં પાણી કરી નાંખ્યું હતું. મારી પાસે ફૂટી બદામ પણ રહી નથી એવું તેના જાણવામાં આવતાં તે મારી પાસે આવ્યો અને મને નવેસરથી જીવનની બહાર લૂટવાને માટે સારી રકમ મેળવી આપવાની આશા આપી. મને તેનામાં વિશ્વાસ હોવાથી હું અહીં આવ્યો અને ફસાયો! પણ હું તેના ઉપરનું મારૂં વેર બરાબર લઇશ!"

એ પ્રમાણે બોલતાં તેણે પોતાની મુકકી હવામાં ઉગામી. પછી તે આગળ બોલ્યોઃ "હા, હું જરૂર વેર લઇશ. તે માને છે એ કરતાં હું વિશેષ જાણું છું. એ બધું હું જાહેર કરી દઇશ."

તેણે પોતાની શકિત ઉપર જોઈએ તે કરતાંવિશેષ મદાર બાંધ્યો હતો. ગુસ્સાને લીધે તેનાનાં ક્ષણિક જુસ્સો આવ્યો હતો. પણ તે જુસ્સાના પરિણામે તેના જીવનનો ઓટ નજીક આવી પહોંચ્યો.

તેણે પુનઃ બોલવાનો પ્રયત્ન કર્યો, પણ તે બોલી શકયો નહિ. તેણે બે વખત પોતાના હોઠ ઉઘાડયા પણ માત્ર ગુસ્સાના સુસકારા સિવાય બીજું કશું તેમાંથી નીકળ્યું નહિ. છેવટે તેના મુખમાંથી લોહીનો કોગળો નીકળી પડયો, તેનાં નેત્રો મીંચાઈ ગયાં, હાથ પગ તણાયા અને તે ધડાક દઇને જમીન ઉપર પડયો.

"બાપડાનો અંત આવી ગયો." ગજાનને શોકપૂર્ણ ઉદ્‌ગાર કાઢયો.

"હજી અંત આવી ગયો નથી." પેલા જખમની તપાસ કરનારા સિપાઇએ જણાવ્યુંઃ "પણ હવે તે બે મીનીટ કરતાં વધારે આ જગતનો મહેમાન નથી. દુર્ભાગી મનુષ્ય! તે કશું પણ જણાવી શકયો નહિ."

"એમાં શું થઇ ગયું? જે જાણવાની જરૂર છે તે આપણે જાણી શકીશું." ઇન્સ્પેકટર બોલ્યોઃ " આ માણુસ સૈનિક છે અને તેની

ટુકડીનો નંબર તેના કોટના બટન ઉપર આપેલો છે." જાણે આ બનાવ અત્યંત સાદો હોય એવા ભાવ પૂર્વક તે બોલતો હતો.

તેના સહચારીના મુખ ઉપર રહેજ સ્મિત ફરક્યું. તે બોલ્યોઃ " રાવ સાહેબ ! એમ માનવામાં આપની ભૂલ થાય છે. "

"કેવી રીતે ?"

"હું સમજું છું કે તેણે લશ્કરી પોશાક ધારણ કરેલો હોઇ તમે આ પ્રમાણે કહો છો. પરંતુ ના, આ માણસ સૈનિક નથી. તેના બાહ્ય પૂરાવાની જરૂર હોય તો તેના માથાના વાળ કાયદા મુજબ કતરાવેલા નથી. આવા લાંબા વાળવાળો એક પણ સૈનિક આપે જોયો છે ખરો ?"

આ પૂરાવાથી ઇન્સ્પેક્ટર એક ક્ષણભર મૂંગો બની ગયો; પરંતુ તેણે તુરત જવાબ આપ્યોઃ "શું તું એમ માને છે કે હું મારી આંખો મારા ગજવામાં રાખીને ફરૂં છું ? તેના લાંબા વાળ કાંઈ મારા લક્ષ બહાર ગયા ન હતા; પરંતુ મેં મારા મનથી તેનો ખુલાસો કરી લીધો કે તે બનાવટી વાળની ટોપીઓ બનાવનારને ત્યાં ગયો હશે અને પોતાના મસ્તકને—"

"તો પણ એટલું તો—"

ઇન્સ્પેક્ટરને પોતાના કાર્યની વચ્ચે કોઈ આવે તે ગમતું નહિ. તેણે કહ્યુંઃ " બહુ થયું. હવે આપણે અહીં શું બન્યું હતું તે જાણી લઇએ. બુઢ્ઢી ચંદ્રભાગા કાંઈ મરી ગઈ નથી. "

એમ કહેતો તે પેલી બુઢ્ઢીની પાસે ગયો. તે સ્ત્રી હજી પણ દાદર ઉપર જ ભરાઇ રહી હતી. 'પોલીસ અહીં દાખલ થઈ ત્યારપછી તે બોલી ન હતી, હલી ન હતી કિંવા ઉંચી દૃષ્ટિ કરીને તેણે કોઇની સામે જોયું પણ ન હતું. માત્ર તે અગાઉની માફક જ એક સરખી રીતે ડુસકા ભર્યા કરતી હતી.

ઈન્સ્પેક્ટરે તેના મુખપરથી સાડી ખેંચી લીધી અને કહ્યુંઃ "અહીં આવ. તારૂં રૂદન અમને જરી પણ અસર કરી શકવાનું નથી. તું

બહુ જ બદમાશ છે અને કોઈ એવું કેફી પીણું તારી હોટેલમાં આવનારાઓને આપે છે કે તેથી તેઓ ગાંડાતૂર બની જઇ ખૂનાખરાબી કરી મૂકે છે. એ માટે તને જન્મકેદની સજા થવી જોઇએ."

આ બુઢ્ઢીની નાની રાતી આંખો ઓરડામાં ચોતરફ ઘુમી. છેવટે તે બોલીઃ "કેવું કમનસિબ ! મારૂં શું થશે ? બધું ભાંગી તૂટી ગયું છે ને ઘણું જ નુકસાન થયું છે."

"એ બધા ઢોંગ જવા દે અને અમને કહે કે આ બનાવનો પ્રારંભ કેવી રીતે થયો ?" ગજાનને પ્રશ્ન કર્યો.

"અફસોસ ¡ સાહેબ ! એ વિષયમાં હું કશું પણ જાણુતી નથી. હું મારા છોકરાનાં કપડાં ઉપર બેઠી બેઠી સાંધતી હતી. તે વખતે નીચેનો ઝગડો મારા સાંભળવામાં આવ્યો."

"અને તે પછી?"

"તે પછી હું નીચે આવી તો જે ત્રણ માણસો જમીન ઉપર પડેલા છે તેમને આ ગિરફતાર થએલા યુવાન માણસ સાથે ઝઘડો કરતા જોયા. આ બાપડો તદ્દન નિર્દોષ છે; હું જેટલી પ્રામાણિક છું તેટલો જ તે નિર્દોષ છે. જો મારો દીકરો પન્નાલાલ અહીં હોત તો તે આ લોકોને છૂટા પાડત. પણ હું રહી બુઢ્ઢી અને અશક્ત. હું શું કરી શકું ? હું જોર પૂર્વક 'પોલીસ પોલીસ' એમ બૂમ પાડતી હતી."

એ પ્રમાણે કહીને તે બેસી ગઇ. તેણે એમ ધાર્યું હશે કે હવે તેને કશું કહેવાનું નથી. પરંતું ગજાનને તેને પુનઃ ઉભી થવાની આજ્ઞા કરી. તે બોલ્યોઃ "હજી પૂરૂં થયું નથી. મારે બીજી વિગતોની જરૂર છે."

"રાવ સાહેબ ગજાનનભાઈ ! મેં કશું મારી નજરે જોયું નથી. એટલે બીજી વિગત હું કેવી રીતે પૂરી પાડી શકવાની હતી ?"

ઇન્સ્પેકટર લાલ ચોળ બની ગયો અને બોલ્યોઃ " બુઢી દદા ! જો હું તને કેદ કરૂં તો તું શું કહે ? "

" તો હું કહું કે આપ મને મોટો અન્યાય કરો છો. "

" ત્યારે જો તું કશો ખુલાસો નહિ કરે તો તને પણ કેદ કરવામાં આવશે. હું માનું છું કે તું કેદખાનામાં એકાદ પખવાડિયું રહીશ એટલે તારી જીભ ખૂલી જશે. "

કેદખાનાના નામની ચંદ્રભાગા ઉપર ચમત્કારિક અસર થઈ. તે રોવા કૂટવા લાગી તથા ગજાનન અને તેના સહચારીઓ પોતાના ઉપર ગેરવાજબી રીતે નકામો જૂલ્મ ગુજારે છે, એવો તેમના ઉપર આક્ષેપ મૂકવા લાગી. વળી તે બોલી કે " રાવ સાહેબ ! તમારો મારા આખા કુટુમ્બ ઉપર દ્વેષ છે. તમે મારા ભલા અને પ્રામાણિક દીકરાને લેવા દેવા વગર કેદમાં નંખાવ્યો છે. પણ હરકત નહિ. મને કેદખાનાનો જરી પણ ડર નથી. ત્યાં તો મને કોઈ વાતની ચિંતા રહેશે નહિ. બે વખત પેટ પૂર ખાવું અને સૂઇ રહેવું એથી વિશેષ આનંદ બીજે કયાં મળવાનો છે ? "

ગજાનને આ સ્ત્રીને બોલતી બંધ કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેની કશી અસર થઇ નહિ. વળી તેના સહચારીઓ પણ આ સ્ત્રીના શબ્દો સાંભળીને હસતા હતા. છેવટે તે કંટાળીને પેલા ખૂની તરફ ફર્યો અને બોલ્યોઃ " હું આશા રાખું છું કે તું ખુલાસો કરવાની ના નહિ કહે. "

એકાદ પળ તે મનુષ્ય મૌન રહ્યો. છેવટે તે બોલ્યો; " મારે જે કહેવાનું હતું તે મેં તમને કયારનું યે કહી દીધું છે. મેં તમને કહ્યું છે કે હું નિર્દોષ છું. અને જે માણસ ને મારા હાથે ઘા થયો હતો તે મૃત્યુની પથારીમાં પડેલા મનુષ્યે તેમ જ આ વૃદ્ધાએ પણ મારા કથનને અનુમોદન આપ્યું છે. એથી વિશેષ તમે શું માગો છો ? હવે તો ન્યાયાધીશ મને પ્રશ્ન કરશે ત્યારે હું જવાબ આપીશ. ત્યાં સુધી મારા મુખમાંથી એક પણ વધુ શબ્દની આશા રાખવી નહિ. "

તેના દેખાવ પરથી જણાતું હતું કે તેનો પ્રસ્તુત નિશ્ચય દૃઢ હતો અને કોઇ પણ સિપાઇથી તે ડરી જાય તેમ ન હતો. ઘણી વખત ગુન્હેગાર વર્ગના માણસો પોતાને ગિરફ્તાર કરવામાં આવતાં એકદમ મૌન બની જાય છે. તેઓ અનુભવી અને ચાલાક હોય છે. અને ન્યાયાધીશ અને વકીલોને આ લોકોના મુખમાંથી સત્ય વાતો કઢાવવાની ચિંતામાં અનેક રાત્રિઓ નિદ્રા વગરની પસાર કરવી પડે છે. તે બદમાશો સમજે છે કે ઉતાવળમાં કશું પણ બોલી નાંખવાથી પોતાના શબ્દો પોતાની વિરૂદ્ધ જવાનો સંભવ છે. એટલે પૂરતો વિચાર કરવાનો સમય મળ્યા પછી જ જે કહેવાનું હોય તે કહેવું.

ગજાનન પુનઃ આ મનુષ્યને પ્રશ્ન કરવા જતો હતો ત્યાં કોઇ બોલ્યું કેઃ “ આ સૈનિકને છેલ્લું ડચકું આવ્યું અને હવે તે કાયમની નિદ્રામાં પડયો છે. ”

“ જો એમ હોય તો તમારા માંહેના બે જણા અહીં રહો અને બીજાઓને હું મારી સાથે લઈ જાઉં છું. હું આપણા કમિશ્નર સાહેબને જગાડીને આ હકીકત જણાવું એટલે મારા ઉપરની જવાબદારી પૂરી થઈ જાય. કારણ કે પછી આ બાબત તેઓ પોતાના હસ્તમાં લેશે અને જે આજ્ઞા કરશે તેને આપણે અનુસરીશું. માટે આ માણસના પગ છોડી નાંખો તથા ખુરસી સાથેથી છૂટો કરી દો. અને બુઢ્ઢી ચંદ્રભાગાના હાથ બાંધીને આ બંન્નેને આપણી સાથે લઈ લ્યો. તેમને ચોકી ઉપર કોટડીમાં પૂરી દઇશું. ”

તેના સહચારીઓ તેની આજ્ઞા બજાવવા લાગ્યા. માત્ર તેમનામાં જે સહુથી ન્હાનો હતો અને જેણે ખૂનીને પલાયન થતો અટકાવ્યો હતો તેણે ઇન્સ્પેકટરની પાસે આવી, તેની સાથે એકાંતમાં થોડી વાત કરવાની પોતાની ઇચ્છા દર્શાવી. બન્ને જણા મકાનમાંથી બહાર નીકળી થોડા દૂર ગયા.

ગજાનને પૂછયુંઃ “ તું શું કહેવા માગે છે ? ”

" આ બાબતમાં આપની શી કલ્પના છે તે હું જાણુવા માગું છું. "

" મારી એવી કલ્પના છે કે ચાર બદમાશોની આ ભયંકર સ્થળે મુલાકાત થઇ. તેમની વચ્ચે ઝઘડો શરૂ થયો. શબ્દો ઉપરથી તેઓ પ્રહાર પર આવ્યા. તેમના માંહેના એકની પાસે રિવોલ્વર હોવાથી તેણે બીજા ત્રણુને મારી નાંખ્યા. આ સૂર્યના પ્રકાશ જેવું સ્પષ્ટ છે. તેના તથા તેની રિવોલ્વરના ભોગ થએલાઓના ભૂતકાલિન જીવનને અનુસરીને ખૂનીને તેના કર્મનો બદલો આપવામાં આવશે. મને લાગે છે કે આ ત્રણુ બદમાશોને પૂરા કરવાથી એક લેખે શાંતિને ચાહનાર સમાજ ઉપર તેણે અમુક અંશે ઉપકાર કર્યો લેખાય. "

" ત્યારે આપ એમ માનો છો કે આ કેસમાં આ સ્થળે હવે વિશેષ તપાસ કરવાની જરૂર નથી ? "

" બિલકુલ જરૂર નથી. "

સહચારી એકાદ પળ વિચારગ્રસ્ત બની ગયો. પછી તેણે જણાવ્યું: " મને એમ લાગે છે કે આ કેસમાં હજી કશું બરાબર સ્પષ્ટિકરણ થયું નથી. તમે ખૂનીનું, તેના ચ્હેરા પરના ભાવનું અને તેનાં નેત્રાનું બારિક અવલોકન કર્યું છે ખરૂં ? જેવું મને આશ્ચર્ય થયું તેવું તમને થયું છે ? "

" શા કારણુથી ? "

" અહો ! મને લાગે છે કે—મારી કદાચ ભૂલ પણ થતી હોય —પણ હું ધારૂં છું કે એકલા બહારના દેખાવ ઉપર આધાર રાખવાથી થાપ ખાવાનો સંભવ છે અને મને બીજી પણ શંકા આવે છે."

" પણ તો પછી તું તેનો ખુલાસો કેમ કરતો નથી ? "

" શિકારી કૂતરો પોતાના શિકારને તેની ગંધ ઉપરથી શોધી કાઢે છે એ આપણે જાણીએ છીએ. તેની ઘ્રાણેન્દ્રિયમાં રહેલી શક્તિનો ખુલાસો થઇ શકે ખરો ? "

આ પ્રત્યુત્તર શ્રવણ કરીને ઇન્સ્પેકટરના ખભા ઉંચા નીચા થયા. તે બોલ્યો: "સમજ્યો, તું એમ માને છે કે કોઇ ઉચ્ચ કુળના સદ્‌-ગૃહસ્થોએ આ સ્થળને-ભિખારણ ચંદ્રભાગાની હોટેલને-પોતાનું સંકેત-સ્થાન બનાવ્યું હતું. વારૂ, એમ માનતો હોય તો તેનું રહસ્ય શોધી કાઢ-તારી મરજી પ્રમાણે તપાસ કર. એ માટે મારી તને પરવાનગી છે."

"શું! તમે મને રજા આપો છો ?"

"હું રજા જ આપતો નથી, પણ તને આજ્ઞા કરૂં છું કે એ કાર્ય તારે કરવું. તારે અહીં રહેવું અને તારી સાથે રાખવાના બીજા સિપાઈને પણ તારે જ પસંદ કરી લેવો. પછી જે મારા જોવામાં ન આવ્યું હોય તે જો તું શોધી કાઢે તો મહેરબાની કરીને એક સારા તેજદાર ચશ્માની જોડ મારે માટે લાવી આપજે."

ઇન્સ્પેકટર આ છેલ્લા શબ્દો કટાક્ષમાં બોલ્યો હતો તે વાંચકો સમજી શકયા હશે જ.

પ્રકરણ ૨ જું.

ડિટેકિટવ શરતચંદ્ર.

"હે પ્રભુ! મને મારા પ્રયત્નમાં યશ આપજે." ઇન્સ્પેકટર ગજાનનના શબ્દો સાંભળીને તેના આ સહચારીના અંતરે પ્રભુને પ્રાર્થના કરી. આ સહચારીનું નામ શરતચંદ્ર હતું.

તેને હજી પચીશ કે છવીશ વર્ષ થયાં હતાં. તેના મુખ ઉપર મૂછોનો દોરો માત્ર ફુટેલો લાગતો હતો. પરંતુ માથાના વાળ ઘટ્ટ હતા. તે કદમાં નીચો હોવા છતાં તેનાં અવયવો સુડોલ હોવાથી તે બેડોળ લાગતો ન હતો. તેની નસેનસમાં ઉત્સાહ સ્ફુરી રહ્યો હતો.

તેના દેખાવમાં કશું પણ ખાસ નોંધવા જેવું ન હતું. માત્ર તેનાં નેત્રો તેના હૃદયની સ્થિતિને અનુસરીને જુદી જુદી રીતે ચમકતાં હતાં, અને તેનાં નસ્કોરાં જોઇએ તે કરતાં પહોળાં હતાં.

તે સુરતનો વતની હતો. તેનો પિતા શ્રીમંત હતો અને તેથી તેણે શરતચંદ્રને સારી કેળવણી આપી હતી. તે ચંદ્રનગરમાં કાયદાનો અભ્યાસ કરવાને માટે આવ્યો હતો. એકાદ–બે માસ ત્યાં રહ્યો હશે તે પછી એક દિવસ ઉપરાછાપરી બે તાર અને બીજે દિવસે એક પત્ર તેને મળ્યા. એ ઉપરથી તેના જાણવામાં આવ્યું કે તેનો પિતા આર્થિક રીતે પાયમાલ થઈ જવાથી હૃદય બંધ પડવાને લીધે મરણ પામ્યો હતો. અને તેથી તેની લાંબા સમયથી સંગ્રહણીના દર્દથી પિડાતી માતા પણ આ વજ્રાઘાતને લીધે પોતાના પતિની પાછળ માત્ર થોડા કલાકના અંતરે જ મરણને શરણ થઇ હતી. તેની તમામ મિલકત લ્હેણદારોએ જપ્તીમાં લીધી હતી. એટલે સુરતમાં તેને માટે એક પણ આશ્રયસ્થાન ન હતું.

તે હવે જગતમાં એકલો પડી ગયો. પોતાના નિર્વાહને માટે કશું પણ સાધન ન હતું. છતાં પણ જીવન ધારણ કર્યા વગર છૂટકો ન હતો. અત્યારે પોતાના મૂલ્યની પરીક્ષા કરવાનો તેને પ્રસંગ મળ્યો. તે જોઈ શકયો કે પોતાનું મૂલ્ય એક કોડીનું પણ નથી.

તેણે વડોદરા કોલેજમાં અભ્યાસ કરીને બી. એ. ની પદવી પ્રાપ્ત કરી હતી. પરંતુ યુનિવર્સિટી તે પદવીની સાથે કાંઈ વર્ષાસન બાંધી આપતી નથી. તો પછી કોલેજનો અભ્યાસ અસહાય ગરીબ યુવક માટે શા કામનો? હવે તેને ધંધાદારી મનુષ્યોની ઇર્ષ્યા થવા લાગી. નામું જાણનારો માણસ ગમે તે પેઢીમાં નોકરી મેળવી શકે જ્યારે બી. એ. થએલાને તેટલી સરલતાથી પોતાને લાયકનું કામ મળી શકે નહિ. જો કે તેણે નોકરીને માટે પ્રયત્ન કરવામાં બાકી રાખી નહિ. પણ નોકરી કયાં રસ્તામાં પડી હતી?

છતાં તેનો ઉત્સાહ ઘટી ગયો ન હતો. તેણે ખાનગી ટયુશન આપવાનું તથા વકિલો પાસેથી નક્કલો કરવાનું કામ મેળવ્યું. એક તરફથી એ કાર્ય ચાલુ રાખી, બીજી તરફથી કોઇ કાયમની નોકરી મેળવવાનો તેનો પ્રયાસ શરૂ જ હતો. છેવટે તેને એક વિદ્વાન્ ખગોળ

શાસ્ત્રીને ત્યાં નોકરી મળી ગઈ. તેને માસિક તેત્રીસ રૂપીઆ મળતા. તેમાં તેને ગુંચવણી ભરેલા માથું પકવી નાખે તેવા દાખલા ગણીને ગ્રહોની ગતિનો નિર્ણય કરવાનું કાર્ય કરવું પડતું હતું. ખગોળના વિષયમાં તેને રસ પડતો હોવાથી તથા કોલેજમાં પણ તેનો અભ્યાસ કરેલો હોવાથી આ કાર્ય તે કરી શકતો હતો.

પરંતુ ચાર વર્ષ સુધી સતત આ કાર્ય કર્યા પછી હવે તેને કંટાળો આવવા લાગ્યો. કારણ કે તેની આર્થિક સ્થિતિમાં કશો સુધારો થયો ન હતો કે પગારમાં કશો વધારો થયો ન હતો. તે ઉપરાંત ભૂલ પડતાં ખગોળ શાસ્ત્રી તરફથી અનેક વાર અપમાન પણ સહન કરવું પડતું હતું. તેનો ભૂતકાળ દિલગીરીથી ભરેલો હતો, વર્તમાનકાળ અસહ્ય હતો અને ભવિષ્યકાળ ભયંકર આવવાની ભીતી હતી.

આવી અસહ્ય સ્થિતિમાં પોતાના મનને બહેલાવવા માટે તે પોતાના મકાનમાં એકલો પડતો ત્યારે કોઇ ચમત્કારિક ઘટનાથી એકદમ શ્રીમંત થઇ જવાની કલ્પના કરતો. કેટલીક વાર કોઇ ભયંકર કૃત્ય કરીને પણ એકદમ પૈસાદાર થવાની ઇચ્છા કરતો હતો. કારણ કે પૈસા પ્રાપ્ત કરવાને માટે એક પણ પ્રામાણિક માર્ગ તેનો સૂઝતો ન હતો. તેના મનમાં અન્યાય માર્ગે દ્રવ્ય ઉપાર્જન કરવાની અનેક પ્રકારની વિચિત્ર યુક્તિઓ ઉદ્ભવતી હતી.

એક દિવસે તેણે પોતાના શેઠ સમક્ષ એક યુક્તિ રજૂ કરી. તેનો અમલ કરવાથી મુંબઇથી પાંચસો રૂપીઆ તેને મળી શકે તેમ હતું. તેમાં માત્ર બે પત્રો લખવાની અને એક તાર કરવાની જરૂર હતી. આ યુક્તિ નિષ્ફળ જવાનો સંભવ જ ન હતો, અને તેમાં કોઇને શંકા ઉપજવાની ભીતી પણ ન હતી.

ખગોળ શાસ્ત્રી પોતાના મદદનીશની આવી સરળ યુકિત જાણીને આશ્ચર્યચકિત બન્યો અને તે યુક્તિની મનમાં પ્રશંસા કરવા લાગ્યો. પરંતુ સહેજ વિચાર કરતાં તેને લાગ્યું કે આવા યુક્તિબાજ સેક્રેટરીને પોતાની નોકરીમાં રાખવો તે સલાહ ભરેલું નથી. એથી બીજે દિવસે

તેણે શરતચંદ્રને નોટીસના એક માસનો પગાર આપીને રજા આપી દીધી. રજા આપતી વખતે તેણે શરતચંદ્રને કહ્યું કેઃ " જો કોઈ મનુષ્યમાં તારા જેવી બુદ્ધિ હોય અને તે ગરીબ સ્થિતિનો હોય તો કાં તો તે પ્રખ્યાત ચોર થાય અથવા તો મહાન્ ડિટેકિટવ બની શકે. એમાંથી જે યોગ્ય લાગે તે પસંદ કર. "

પોતાને અચબૂચ રજા મળવાથી શરતચંદ્ર દિલગીર થયો. પરંતુ એક પણ શબ્દ બોલ્યા સિવાય ચાલ્યો ગયો. માત્ર ખગોળ શાસ્ત્રીના શબ્દો તેના અંતરમાં ગુંજી રહ્યા.

' મારા શેઠની સલાહને શા માટે ન અનુસરવું ? ' તેણે મનમા વિચાર કર્યો. તેણે ડિટેકિટવ બનવાનો વિચાર કર્યો. ડિટેકિટવ તરીકે પ્રસિદ્ધિ મેળવવાથી પૈસાની પ્રાપ્તિ થઈ શકે, કીર્તિ મેળવી શકાય, અનેક મનુષ્યો ઉપર ઉપકાર કરી શકાય, બદમાશો પોતાનું નામ સાંભળીને ધ્રૂજી ઉઠે, સર્વત્ર પોતાને માન મળે. આવા અનેક લાભ પ્રાપ્ત કરાવનારા પદને મેળવવાની તેને ઉત્કંઠા થઇ.

તે ખગોળ શાસ્ત્રી પાસે ગયો અને ડિટેકિટવ ખાતાના વડા ઉપર પોતાને માટે ભલામણ પત્ર આપવાની માગણી કરી. ભલામણ પત્ર મળ્યો અને એક અઠવાડિયામાં તે એ ખાતામાં દાખલ પણ થઇ ગયો.

નાટકશાળામાં રોજ ખેલ જોવા જનાર મનુષ્યને જો એક વખત રંગભૂમિ ઉપર દાખલ કરી અંદરના ભાગનું નિરીક્ષણ કરવા દેવામાં આવે તો રંગભૂમિના બાહ્ય સૌંદર્યની તેના ઉપર થયેલી અસર ભુંસાઇ ગયા સિવાય રહે નહિ. શરતચંદ્રની પણ આ ખાતામાં દાખલ થયા પછી તેવી સ્થિતિ થઇ. કારણ કે આ ખાતામાં દાખલ થઇને ડિટેકિટવ તરીકે પ્રસિદ્ધિમાં આવવાની તક હજી સુધી તેને મળી શકી ન હતી.

પરંતુ જે તકને માટે તે અત્યંત આતુર હતો, અનેક મહિના થયા રાહ જોતો હતો એ તક તેને ચંદ્રભાગાની હોટેલમાં દાખલ થતાં

મળી ગઇ. જે તેના બીજા સહચારીઓ જોઇ નહોતા શકયા, એ તે અહીં જોઇ શકયો હતો. છેવટે ભાગ્યદેવી તેના ઉપર કૃપાવંત થઈ હતી. ગજાનને પદ્ધતિસર આ કેસની તપાસ કરવામાં બેદરકારી દર્શાવી હતી. 'અને શહેરના આ ભાગમાં બદમાશો વચ્ચે અવાર નવાર થતા ઝઘડાને પરિણામે અહીં ત્રણ ખૂન થયાં હતાં' એવો ઉતાવળો અભિપ્રાય બાંધી દીધો હતો. એ જોઇને શરતચંદ્રે કલ્પના કરી કે અત્યારે પોતાનું બુદ્ધિકૌશલ્ય દર્શાવવાને માટે સર્વોત્તમ પ્રસંગ પ્રાપ્ત થયો છે.

તે મનમાં બોલ્યોઃ "રાવ સાહેબ! ભલે, તમે બાહ્ય દેખાવ ઉપર વિશ્વાસ રાખી તમારી પદ્ધતિ પ્રમાણે તપાસ કરો. કારણ કે તેની અંદરનું રહસ્ય તમે જોઈ શકતા નથી. પરંતુ હું સાબિત કરી આપીશ કે તમારા તમામ અનુભવ કરતાં મારી બાલ પદ્ધતિ ઉત્તમ છે."

પોતાના ઉપર ઉપરિની ઇર્ષ્યા કિંવા અણઘટતી મહત્વાકાંક્ષાનો ભવિષ્યમાં આક્ષેપ ન આવે તે માટે તેણે ઇન્સ્પેકટરને સ્હેજ સૂચન કર્યું હતું. છતાં તે સૂચન તરફ, એ ચેતવણી તરફ ઇન્સ્પેક્ટરે લક્ષ આપ્યું નહિ અને તેને સ્વતંત્રપણે તપાસ કરવાની પરવાનગી આપી. આ પરવાનગી તેની મોટામાં મોટી ફતેહ હતી. તથાપિ તે ફુલાઇ ગયો નહિ. તેણે તદ્દન બેદરકારીના ભાવ પૂર્વક એક સહચારીને પોતાની સાથે આ સ્થળે રહેવાની વિનતિ કરી.

જ્યારે બીજા જવાની તૈયારી કરતા હતા તે વખતે તે ટેબલના એક ખૂણા પર બેઠો બેઠો ઊંડા વિચારમાં મશગુલ બની ગયો હતો. ભવિષ્યની ફતેહના ભણકારાથી તેના મનમાં એટલી બધી ખુશાલી પેદા થઈ હતી કે તે કદાચ કોઇના જોવામાં આવી જશે તો, એવી બીતિથી તે મસ્તક પણ ઉંચુ કરતો ન હતો.

સિપાઇઓએ ખૂનીને મજબૂત બાંધી લીધો. જો કે તેણે તે સામે કશો પણ વિરોધ દર્શાવવાનો પ્રયત્ન કર્યો નહિ. માત્ર ચંદ્રભાગાએ આ લોકોના હાથમાંથી છૂટી થવાને માટે ધમપછાડા કરવામાં તથા તેમને ગાળો દેવામાં બાકી રાખી નહિ.

"આ લોકો અહીંથી નહિ જાય કે શું ?" શરતચંદ્ર મનમાં બડબડયો.

પરંતુ અંતે તેઓ વિદાય થયા. જતી વખતે ગજાનને શરતચંદ્રને હાસ્ય પૂર્વક "સાહેબજી" કર્યાં ! પરંતુ તેણે કશો જવાબ આપ્યો નહિ. તે તેમની સાથે દ્વાર સુધી ગયો. સિપાઇઓની ટોળી દૂર ને દૂર જવા લાગી, અંધકારમાં તેમની આકૃતિઓ અદશ્ય બની ગઈ, ચંદ્રભાગાની બૂમો મંદ મંદ સંભળાતાં છેવટે બંધ થઇ ગઈ. હવે શરતચંદ્ર આ હોટેલમાં પુનઃ દાખલ થયો. તેના ચ્હેરા પર વિજયશ્રી ચમકી રહી હતી. તેનાં નેત્રોમાં અજબ તેજ દેખાતું હતું. તેનો ઉત્સાહ અપરંપાર હતો. "હવે ફતેહના ભાગી આપણે બે છીએ." તેણે ઉદ્દગાર કર્યો.

પ્રકરણ ૩ જું.

'પ્રશીયન'નો અર્થ.

શક્ય અને અશક્યની તુલના કરતા પહેલાં આસપાસના સંયોગો તરફ બારીકાઇથી લક્ષ આપીને તેના મૂળમાં ઉતરીને તપાસ કરવામાં આવે તો જ ડિટેક્ટિવ તરીકે આગળ આવી શકાય. આ સૂત્ર તરફ શરતચંદ્રે દુર્લક્ષ કર્યું ન હતું. અને તેથી જ તે આ કેસમાં અનેક મુશ્કેલીઓ નડવા છતાં છેવટે આગળ આવી શકયો. કેવી રીતે એ આપણે જોવાનું છે.

તેને ગજાનને કોઇ પણ તેની પસંદગીના એક સિપાઇને અહીં રોકી લેવાની સત્તા આપી હતી, એટલે આ ટોળીમાં જે સહુથી ઓછો બુદ્ધિમાન ગણાતો હતો તેને શરતચંદ્રે અહીં પોતાની સાથે રાખ્યો હતો.

આ મનુષ્ય પોતાને મળનારી ફતેહમાં ભાગ પડાવશે, એ બાબતનો તેને પ્રશ્ન ન હતો. પરંતુ જો તે ઓછો બુદ્ધિમાન્ હોય તો પોતે કહે તે પ્રમાણે કરે અને વચ્ચે ડહાપણ ન કરે એવી માનિનતાથી તેણે આ મનુષ્યને પસંદ કર્યો હતો. તેનું વય ૫૦ વર્ષનું હતું. તે પ્રથમ પાયદળની ટુકડીમાં સૈનિક તરીકે નોકર હતો. ત્યાં પીસ્તાલીસ વર્ષની ઉમર સુધી નોકરી કરીને પાંચ વર્ષથી તે ત્યાંથી પેન્શન લઇને આ ખાતામાં દાખલ થયો હતો. તે સ્વભાવે શાંત હતો, તેની વિચાર શક્તિ મંદ હતી, ઉત્સાહનું તેનામાં નામ નિશાન ન હતું. અને મહત્ત્વાકાંક્ષાનું તેને સ્વપ્ન પણ આવતું નહિ. માત્ર તેણે લાંબો સમય સૈનિક તરીકે નોકરી કરેલી હોવાથી તેનામાં આજ્ઞાનુશિલન અને નિયમિતતા બરાબર જોવામાં આવતાં હતાં. જો તેને કશી પણ આજ્ઞા કરવામાં આવતી તો તે પોતાની સમજણ પ્રમાણે તેનું યથાર્થ પરિપાલન કરતો હતો. જો તે બરાબર સમજ્યો ન હોય તો ઓડનું ચોડ પણ વેતરી નાંખતો હતો.

એમ કહીએ તો ચાલે કે તે પોતાની ફરજ એક અંધ મનુષ્યની માફક અથવા તો ઘોડેસ્વારી શીખવનારી શાળાને માટે કેળવાયેલા વૃદ્ધ અશ્વની માફક બજાવતો હતો.

તે મદ્યપાનનો બહુ શોખીન હતો; પરંતુ શિષ્ટાચાર જાળવવાને ખાતર પોતાના મુખમાંથી ‘દારૂ’ શબ્દનો ઉચ્ચાર કરતો નહિ. તે પોતાના સંગીઓ સાથે હોટેલમાં જાય તો સ્પષ્ટ કહી નાંખતો કે “આપણને સોડા વોટર સિવાય ચાલશે નહિ.” કહેવાની જરૂર નથી કે તે ‘દારૂ’ ને માટે ‘સોડા વોટર’ શબ્દનો ઉપયોગ કરતો હતો. અને તેથી સહુ તેને ‘સોડા વોટર’ કહીને બોલાવતા હતા.

બધા ગયા પછી તેણે શરતચંદ્રને કહ્યું: “તેં મને અહીં રહેવાનું કહ્યું તે ઘણું જ સારૂં કર્યું. તે માટે હું તારો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. કેમકે એ બધા ઠંડીથી થરથરતા ચાલ્યા જતા હશે, જ્યારે મને અહીં શાંતિથી નિદ્રા લેવાની અનુકૂળતા થશે.”

આ ઓરડો લોહીથી ખરડાએલો હતો, ત્રણ જણનાં મડદાં પડ્યાં હતાં, છતાં તેને શાંત નિદ્રા મેળવવાની અનુકૂળતા હતી !

પરંતુ એમાં શું ? આવા તો અનેક પ્રસંગો તેના જીવનમાં આવી ગયા હતા. એક લડવૈયો જ્યાં રક્તની ધારા વછૂટતી હોય એવી રણભૂમિમાં પણ શાંતિ જાળવી શકે છે, એક ડૉકટર દર્દીના શરીર પર વાઢકાપની ક્રિયા કરતી વખતે તેના ગમે તેટલા બૂમબરાડા છતાં પોતાની શાંતિનો ભંગ થવા દેતો નથી.

તેણે ઉમેર્યુંઃ " હું મેડી ઉપર તપાસ માટે ગયો હતો. ત્યાં એક બિછાનું છે. એટલે આપણે અહીં વારાફરતી ચોકી કરીશું. પહેલાં તું ને પછી હું. "

" સોડા વોટર ! એ વિચાર છોડી દ્યો. આપણે અહીં સૂવા માટે નહિ પરંતુ વિશેષ તપાસ કરવાને—અત્યંત બારિકાઈ પૂર્વક નવીન શોધ કરવાને અને જે સંભવિત લાગતું હોય તેની નોંધ કરવાને માટે રોકાયા છીએ. થોડા સમયમાં જ આપણા કમિશ્નર સાહેબ, ડૉકટર અને કોરોનર અહીં આવી પહોંચશે. તે પહેલાં તેમને માટે રિપોર્ટ તૈયાર કરી નાંખવાની મારી ઇચ્છા છે. "

આ દરખાસ્ત સોડા વોટરને ગમી નહિ. તે બોલ્યોઃ ' મને તો એ બધુ નિરર્થક લાગે છે. રાવ સાહેબનો મને સારો અનુભવ છે. તેમણે કમિશ્નર સાહેબને જણાવવાનું કહ્યું એટલે સમજી લેવું કે આમાં કશું પણ કરવાનું રહેતું નથી. શું તેમણે ન જોયું હોય એવું આ કેસમાં કાંઇ તમારા જોવા કે જાણવામા આવ્યું છે ખરૂં ? "

" ગજાનન મનુષ્ય છે. અને મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. હું ધારૂં છું કે તે બાહ્યતઃ દેખીતા પૂરાવા ઉપર વિશેષ જોર મૂકે છે. પરંતુ હું છાતી ઠોકીને કહું છું કે આ કેસમાં જે બાહ્યતઃ દેખાય છે તે સર્વ સાચું નથી; અને જો આપણે પ્રયત્ન કરીએ તો આ કેસની બાતેનમાં છૂપાએલું રહસ્ય શોધી કાઢીશું. "

શરતચંદ્ર આ સર્વ આવેશ પૂર્વક બોલતો હતો, પરંતુ તેની તેના સહચારી ઉપર કશી અસર થઈ નહિ. તેણે જણાવ્યું: " કદાચ તું કહે છે તે સાચું પણ હોય, છતાં હું સૂઇ જાઉં એથી અહીં તપાસ કરવામાં તને કશો વિક્ષેપ થાય તેમ નથી. જો કાંઇ તારા જોવામાં આવે તો મને જગાડજે. "

તેની આ ધૃષ્ટતાથી શરતચંદ્રે આકળાપણાનું ચિહ્ન જણાવ્યું નહિ, તેમ તે આકળો થયો પણ નહિ. તે શાંતિ પૂર્વક બોલ્યો: " એમ નહિ, તમે તમારી ઘડિયાળ કાઢો. હું માત્ર પાંચ જ મીનિટમાં તમારી ખાત્રી કરી આપીશ કે આમાં ગુપ્ત રહસ્ય સમાયેલું છે અને ઇન્સ્પેક્ટરની ધારણા ખરી નથી. "

" બહુ સારૂં, ત્યારે પાંચ મીનિટ આપું છું. "

" ત્યાર પછી તમે છૂટ્ટા ! માત્ર એટલો ચોખ્ખ કરવો જોઇએ કે પછી તે ગુપ્ત રહસ્યનો ઉકેલ કરવાથી જે ઇનામ મળે તેમાં તમારો હિસ્સો નહિ. "

' ઇનામ ' શબ્દ સાંભળીને સોડા વોટરની જીભે પાણી છૂટયું. તેને મદ્યના શીશાનું સ્મરણ થયું. તે એક નાના સ્ટૂલને સરખું કરીને તેના ઉપર બેઠો અને બોલ્યો: " પણ મારી ખાત્રી કરી આપ. "

શરતચંદ્ર તેની સામે ઊભો રહ્યો. " વારૂ, કહો, જે માણસને ગિરફતાર કરીને લઇ જવામાં આવ્યો તે કોણ હશે ? "

" કોઈ મજૂર અથવા તો ભામટો મવાલી. "

" એટલે કે હલકી જાતિનો અશિક્ષિત મનુષ્ય. "

" બેશક. "

" વારૂ, ત્યારે તે યુવાન મનુષ્યે ઉંચા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે એવું હું સિદ્ધ કરી આપું તો તમે શું કહો ? " શરતચંદ્ર બોલ્યો.

" તો હું કહું કે એ અત્યંત અદ્‌ભુત અને આશ્ચર્યજનક-અરે તો હું તને પાંચ રૂપીઆ-પણ હજી તેં એ કયાં સિદ્ધ કરી આપ્યું છે ? "

" પરંતુ અલ્પ સમયમાં જ સાબિત કરી આપું છું. બોલો, તે ટેબલ પર પડયો ત્યારે તેણે ઉચ્ચારેલા શબ્દોનું તમને સ્મરણ છે કે ?"

" હા, બરાબર સ્મરણ છે. તે બોલ્યો હતો કેઃ ' આ તો પ્રશીયન આવ્યા ! ' "

" એ શબ્દો ઉચ્ચારવામાં તેના હેતુ વિષે તમે શી કલ્પના કરો છો ? "

" એમાં વળી કલ્પના શી ? હું ધારૂં છું કે 'પ્રશીયન' નામના કોઈ માણસો હશે, એ તેને ગમતા નહિ હોય. અને તેથી આપણું અપમાન કરવાને માટે તેણે આપણને 'પ્રશીયન' કહ્યા."

શરતચંદ્ર આવા જ પ્રત્યુત્તરની રાહ જોતો હતો. તે ગંભીરપણે બોલ્યો, " સોડા વોટર ! તમે ભૂલો છો. તમારી એ કલ્પના તદ્દન ખોટી છે. તમે તેના એ શબ્દોનો અર્થ તથા તે શબ્દોચ્ચાર કરવામાં સમાયેલો તેનો હેતુ સમજ્યા નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે તે મનુષ્ય તેની બાહ્યતઃ દેખાતી સ્થિતિના કરતાં ઘણી ઉચ્ચતમ કેળવણી પામેલો છે. આ એક વાક્યથી જ આખો મુકર્દમો હું સ્પષ્ટપણે જોઈ શકયો છું."

પ્રસ્તુત શબ્દોથી સોડા વોટરનો ચ્હેરો વિલક્ષણ બની ગયો. હસવું કે ગુસ્સે થવું એ તે સમજી શકયો નહિ. છેવટે એકાદ પળ વિચાર કરીને તેણે ગુસ્સે થવાનો નિર્ણય કર્યો.

તે બોલ્યોઃ " તારા જેવો જુવાનીઓ મારા જેવા વૃદ્ધને મૂર્ખ બનાવે તે યોગ્ય નહિ. વળી મને પોતાની બાહોશીનું પ્રદર્શન કરનાર મનુષ્ય નથી ગમતો."

" ઉતાવળા ન થાઓ. મારો ખુલાસો સાંભળી લ્યો. તમે લાંબો સમય સૈન્યમાં નોકરી કરી છે. એટલે કદાચ યુરોપમાં થયેલા વોટર્લુના યુદ્ધ વિષે તો સાંભળ્યું હશે જ."

" એની સાથે આનો કશો સંબંધ હું જોઈ—"

" પણ કહો, સાંભળ્યું છે કે નહિ ? "

"હા, સાંભળ્યું છે—પછી?"

"વારૂ, તે યુદ્ધમાં ફ્રેંચો અને અંગ્રેજો લડતા હતા. ફ્રેંચોનો સરદાર વીર નેપોલીયન બોનાપાર્ટ હતો. યુદ્ધમાં થોડો સમય વિજયશ્રી ફ્રાન્સ તરફ દેખાઈ. અંગ્રેજો પાછળ હઠતા હતા અને 'વિજય આપણો છે' એવા શબ્દો પણ નેપોલીયનના મુખમાંથી નીકળી ચૂક્યા હતા. તે જ સમયે એકાએક તેના લશ્કરની જમણી બાજુએ પાછળથી ઘોડેસ્વારોનું લશ્કર આવતું જણાયું. તે 'પ્રશીયન' સૈનિકોનું લશ્કર હતું. પરિણામે વોટર્લુના યુદ્ધમાં નેપોલીયનનો પરાજય થયો."

સોડા વોટરે પોતાના આખા જીવનમાં કશું યે સમજવાનો આજના જેટલો પ્રયત્ન કદી પણ કર્યો ન હતો. આ બાબતમાં તેનો એ પ્રયત્ન તદ્દન નિષ્ફળ પણ ગયો નહિ. તે મેજ ઉપરથી અર્ધો ઉભો થઇ ગયો અને બોલ્યોઃ "હું સમજ્યો. તે માણસે આપણે માટે તે શબ્દો વાપર્યા હતા?"

"હા, તમે કહો છો તેમ જ છે." શરતચંદ્ર સંમતિ દર્શક સ્વરે બોલ્યોઃ "પણ મને પૂરૂં કરવા દ્યો. નેપોલીયન બોનાપાર્ટ તે જ દિશામાંથી પાંત્રીશ હજાર સૈનિકો સાથે પોતાના એક સરદારના આગમનની પ્રતીક્ષા કરી રહ્યો હતો તેને બદલે પ્રશીયનોને આવેલા જોઇને તેને ભારે આશ્ચર્ય થયું હતું. તદનુસાર આ મનુષ્યે પણ તે જ ભાવ પૂર્વક એ શબ્દો ઉચ્ચાર્યા હોય તો એ દિશામાંથી તે શત્રુને બદલે તેના મિત્રના આગમનની આશા રાખતો હોવો જોઇએ. હવે તમે પોતે જ કલ્પના કરી લ્યો."

સોડા વોટરને આ સ્પષ્ટીકરણથી આશ્ચર્ય થયું. પરંતુ તે સાથે તેની ખાત્રી પણ થઈ ચૂકી હતી. તેણે કહ્યું: "તારા કહેવા પરથી એ વાત સાચી હોય એમ લાગે છે. પણ તું બહારથી બારીના દાદરમાંથી જોતો હતો તે વખતે કાંઇક તારા જોવામાં આવ્યું હશે."

શરતચંદ્રે જવાબ આપ્યોઃ "હું સોગન પૂર્વક કહું છું કે બારીમાંથી મેં ખૂનીને આ સૈનિકનો પોશાક ધારણ કરેલ માણસની સાથે

લડતો જોયો હતો. તે સિવાય બીજું કશું મારા જોવામાં આવ્યું ન હતું. માત્ર ખૂનીના એ વાક્ય ઉપરથી જ મારૂં લક્ષ તેની તરફ આકર્ષાયું હતું."

"આ તો અત્યંત અદ્‌ભુત અને આશ્ચર્યકારક !" સોડા વોટરે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"વળી સહેજ વિચાર કરવાથી મારા મગજમાં ઉદ્‌ભવેલી કલ્પના દૃઢ થઇ હતી. મેં મારા મનને જ પ્રશ્ન કર્યો કે આ મનુષ્ય પલાયન થવાને બદલે રોકાયો શા માટે અને આ વચલા દ્વારમાં ઊભો રહીને આપણી સાથે ચર્ચામાં ઉતર્યો શા માટે ?"

સોડા વોટર એકદમ કૂદ્યો અને ઊભો થઇને બોલ્યો : "શા માટે ? તેની સાથે તેના સંગીઓ હશે. તે લોકોને પલાયન થવાનો સમય આપવાને માટે. અહો, હવે હું બધું સમજી શકુ છું."

શરતચંદ્રના ઓષ્ટ ઉપર ફતેહનું સ્મિત સ્ફુરી રહ્યું. તે બોલ્યોઃ "મેં પણ એવો જ તર્ક કર્યો હતો. મને આવેલી શંકા ખરી છે કે કેમ તે નક્કી કરવાનું કાર્ય સહેલું છે. બહાર વર્ષાદને લીધે જમીન ભીની થએલી છે. એટલે તેમાં તેમનાં પગલાં પડેલાં હશે."

હવે વિશેષ કહેવાની કશી પણ જરૂર નથી. સોડા વોટરે બત્તી લીધી. તે તથા શરતચંદ્ર બીજા ઓરડાના પાછલા દ્વાર તરફ ગયા. એ દ્વાર એક ન્હાના બગીચામાં પડતું હતું.

આ બગીચામાં જમીન ભીની હતી. તેના ઉપર કેટલાંક પગલાં પડેલાં દેખાતાં હતાં. શરતચંદ્ર તે પગલાંની તપાસ કરવાને ગોઠણભર થયો, અને પછી તે તુરત જ પુનઃ ઉભો થઇ ગયો અને બોલ્યોઃ "આ પગલાં માત્ર પુરુષનાં જ નથી. અહીંઆ સ્ત્રીઓ પણ હોવી જ જોઇએ."

પ્રકરણ ૪ થું.

પગેરૂં

નમ્ર સ્વભાવનો સોડા વોટર શરતચંદ્રના પ્રસ્તુત શબ્દો સાંભળીને વિશેષ નમ્ર બની ગયો. અને પોતાના સાથીના બુદ્ધિકૌશલ્ય માટે તેના મનમાં માન ઉત્પન્ન થયું. તે સાથે ઇન્સ્પેકટર ગજાનને આ કેસમાં ભૂલ કરી છે એવી પણ તેની ખાત્રી થઈ ગઈ. તે બોલ્યો: "જ્યારે આ કેસમાં સ્ત્રીઓની સામેલગીરી છે ત્યારે તેમાં ઊંડું રહસ્ય ખરૂં. 'જર, જોરૂ ને જમીન એ ત્રણ કજીયાનાં કારણ' એ કહેવત આ સ્થળે પણ આબાદ ખરી પડી છે: અને જે આ સ્ત્રીઓને શોધી કાઢે તે આ કેસના રહસ્યનો પણ પાર પામી શકે તેમ છે."

શરતચંદ્રે તેને કશો જવાબ આપ્યો નહિ. તે પુતળાની માફક દ્વારને અઢેલીને ઊંબરામાં વિચારગ્રસ્ત સ્થિતિમાં ઉભો હતો. જે શોધ તેણે હમણાં કરી હતી અને જેનાથી સોડા વોટરને અત્યંત આનંદ થયો હતો, તે શોધે શરતચંદ્રને ઊંડા વિચારમાં ગરકાવ કરી મેલ્યો હતો. તેણે જે એક વાકયના પાયા ઉપર ઉજ્જવળ આશાની મોટી ઇમારત ચણી હતી, તે આ નવીન શોધથી કડડડ ભૂસ થઇને જમીન પર સરી પડતી લાગતી હતી. હવે આમાં કાંઇ ઊંડા ભેદ જેવું રહ્યું ન હતું. એટલે આ કેસમાં ફતેહ મેળવ્યાથી ખાસ પ્રસિદ્ધિ પામી શકાય તેમ ન હતું.

કારણ કે આ સ્થળે એ સ્ત્રીઓની હાજરી હોવાનું સિદ્ધ થતાં ત્યાં જે પ્રકાર બન્યો હતો તેની વાસ્તવિકતાનો નિર્ણય. થઇ જતો હતો. ખૂનીના વર્ત્તનનો પણ ખુલાસો થઇ જતો હતો. તે આ બે સ્ત્રીઓને પલાયન થવા દેવાને માટે ત્યાં રોકાયો. આ બે જણીઓને

બચાવવાને ખાતર પોતાનો ભોગ આપવાને તે તૈયાર થયો હતો. એક બદમાશ મનુષ્ય પણ પોતાની સંગિનીઓના રક્ષણને માટે આવી બહાદૂરી દર્શાવે તેમાં નવાઈ જેવું ન હતું.

પરંતુ ખૂનીએ 'આ તો પ્રશીયન આવ્યા!' એ પ્રમાણે કરેલા શબ્દોચ્ચારનો કશો ખુલાસો થઈ શકતો ન હતો. પણ એ વાક્ય શું સિદ્ધ કરે છે? કશું પણ નહિ. ગમે તેવા ઉચ્ચ કુળનો અને કેળવાએલો મનુષ્ય પણ કામાંધ બનીને પોતાના કુળ અને ખાનદાનીની પરવા નહિ કરતાં આવાં હલકાં સ્થળોમાં ભટકવાને લલચાય એ સ્વાભાવિક હતું; અને તેથી તેણે આ પ્રદેશના નિવાસીઓને યોગ્ય પોશાક ધારણ કર્યો હોય એ બનવા જોગ હતું.

આ પ્રમાણે શરતચંદ્ર પોતાના મનમાં અનેક પ્રકારની સંભવિત અને અસંભવિત બાબતોનો વિચાર કરી રહ્યો હતો તે વખતે સોડા વોટર વિશેષ ને વિશેષ આકળો થતો જતો હતો.

"આપણે કયામતના દિવસ સુધી અહીં જ ઊભા રહેવાનો તારો વિચાર છે કે શું?" તેણે કહ્યું: "આવું ચળકતું પરિણામ લાવનારી માત્ર શોધ કરીને જ આપણે બેસી રહેવાનું છે?"

'ચળકતું પરિણામ' એ શબ્દો શરતચંદ્રના અંતરમાં કારી ઘા સમાન લાગ્યા. તેણે જવાબ આપ્યો: "તમે વચ્ચે ન બોલો, અને બગીચામાં પગ ન મૂકશો. નહિ તો ત્યાં પડેલાં પગલાં ભુંસાઈ જશે."

સોડા વોટર શાંત બની ગયો. પોતાના કરતાં વિશેષ બુદ્ધિમાન્ મનુષ્યની સાથે વાદમાં ઉતરવાનું તેણે યોગ્ય ધાર્યું નહિ.

શરતચંદ્ર પોતાના વિચારમાં આગળ વધ્યો:—

"મને લાગે છે કે કદાચ આ પ્રમાણે બન્યું હશે; ખૂની બે સ્ત્રીઓની સાથે નજીકમાં આવેલા સીનેમામાં ખેલ જોવાને માટે આવ્યો હશે. ખેલ પૂર્ણ થયા પછી તે અહીં ચહા કે કોફી લેવાને

માટે અથવા તો આ સ્ત્રીઓ સાથે અહીં જ રાત્રિ પ્રસાર કરવાને માટે આવ્યો હશે. કારણ કે બુઢ્ઢી ચંદ્રભાગા આ પ્રદેશમાં કુટણી તરીકે સુપ્રસિદ્ધ છે. અહીં ત્રણ માણસો તેના જોવામાં આવ્યા હશે. એ ત્રણ જણાએ કદાચ તેને ચિડવ્યો હશે અથવા તો તેની સાથેની સ્ત્રીઓની કાંઇ ચેષ્ટા કરી હશે. એથી તે ગુસ્સે થયો હશે, સામે વાળાએ પણ ઝપાઝપી કરવાને તૈયાર બની ગયા હશે. એ ત્રણની સામે આ એકલો જ હતો. તેની પાસે રીવોલ્વર હતી. એટલે તે ઉશ્કેરાઇ ગયો હશે અને આવેશમાં તેણે રીવોલ્વર ફોડી હશે."

તેની વિચાર સરણી અટકી ગઇ. એક પળ પછી તે ઉચ્ચ સ્વરે બોલ્યોઃ "પણ તે ખૂની જ આ સ્ત્રીઓને અહીં લાવ્યો હશે? જો તેનો કોર્ટમાં કેસ ચાલે તો આ મુદ્દો ખાસ અગત્યનો છે. એટલે એ સંબંધમાં માહિતી મેળવવાની જરૂર છે."

તે પુનઃ મકાનની અંદર ગયો. સોડા વોટર પણ તેની સાથે ગયો. ત્યાં જઇને જે દ્વારમાં થઇને ઇન્સ્પેક્ટર તથા સિપાઇઓએ આ મકાનમાં પ્રવેશ કર્યો હતો ત્યાં આગળ પડેલાં પગલાંની તેણે તપાસ કરવા માંડી. પરંતુ એ શ્રમ સફળ થયો નહિ. ઓટલા ઉપર એટલાં બધાં મનુષ્યો ગયાં આવ્યાં હતાં કે શરતચંદ્ર ત્યાં કશી પણ શોધ કરી શકયો નહિ.

હાય! આશાને અંતે કેવી નિરાશા! ઘણા દીર્ઘ કાળની ઉત્કંઠા પછી અચાનક પ્રાપ્ત થએલી તક તેવી જ અચબૂચ રીતે અદશ્ય થઈ ગઈ. તેને લાગ્યું કે ઇન્સ્પેક્ટર મારી મશ્કરી કરશે. તે મંદ સ્વરે બોલ્યોઃ "રાવ સાહેબનું અનુમાન સાચું હતું. તેમની સામે હુજત કરવામાં મેં કેવળ મૂર્ખતા કરી છે."

તેની સંપૂર્ણ ખાત્રી થઇ ગઈ હતી કે આમાં હવે કશું કરવાનું બાકી રહેતું નથી. એટલે પોલીશ કમિશ્નર આવે ત્યાં સુધીમાં તેણે એકાદી ઉંઘ ખેંચી કાઢવાનો નિશ્ચય કર્યો. એ નિશ્ચય તેણે જાહેર પણ કર્યો

પરંતુ સોડા વોટરનો એવો અભિપ્રાય ન હતો. જો કે તેને શરતચંદ્રના મનમાં ચાલી રહેલા વિચારોની કલ્પના પણ ન હતી. તે બોલ્યોઃ " દીકરા! તારી બુદ્ધિ બહેર મારી ગઇ છે કે શું? આપણે નકામો સમય ગુમાવીએ છીએ. હમણાં બધા આવી પહોંચશે તે વખતે આપણે શો રિપોર્ટ રજૂ કરીશું? તારે સૂઇ જવું હોય તો ભલે, પણ હું તો મારે એકલો આ તપાસ આગળ ચલાવીશ. "

શરતચંદ્ર નિરાશ અને ઉદાસીન બની ગયો હતો. છતાં પણ તેને સોડા વોટરના પ્રસ્તુત શબ્દોથી હસવું આવ્યા સિવાય રહ્યું નહિ.

" ચાલો ત્યારે કામ ઉપર લાગીએ. " તે દીર્ઘ નિઃશ્વાસ નાખીને બોલ્યો. તેને આમાં નિષ્ફળતા મળવાની ખાત્રી થઇ ગઈ હતી, પરંતુ પોતાને માટે કશું કહેવાપણું ન રહે એટલા માટે જ તે તૈયાર થઇ ગયો હતો.

તેમની પાસે પ્રકાશના સાધન તરીકે મીણબત્તી હતી. પરંતુ બહાર ખૂલ્લા પવનથી તે અવારનવાર ઓલવાઈ જતી હોવાથી પગેરૂં કાઢવામાં આગળ વધી શકાય તેમ ન હતું. એટલે તે બોલ્યોઃ " જો અહીંથી ફાનસ મળી આવે તો સારૂં. આ મીણબત્તીથી કામ ચાલે તેમ નથી. "

તેમણે મકાનમાં નીચે તમામ સ્થળે તપાસ કરી. પછી ઉપર ગયા. ત્યાં એક હાટીયામાં ન્હાનું ચોર ફાનસ હતું.

ફાનસ સળગાવીને બન્ને બગીચામાં આવ્યા. સોડા વોટરે ફાનસ પકડયું હતું અને શરતચંદ્ર હસ્તરેખા જોઇને ભવિષ્ય કહેનાર સામુદ્રિક શાસ્ત્રવેત્તાની માફક અત્યંત કાળજી પૂર્વક જમીન પર પડેલાં પગલાંનું નિરીક્ષણ કરતો હતો.

આગળ તપાસ કરવાથી તે જોઇ શકયો કે તેણે કરેલું અનુમાન સાચું હતું. બે સ્ત્રીઓ પાછલા દ્વારે થઇને આ મકાનમાંથી બહાર પડી હતી. તેમનાં પગલાંના આકાર ઉપરથી તથા દરેકનાં બે પગલાં વચ્ચેના અંતર ઉપરથી જોઇ શકાતું હતું કે તેઓ દોડતી હતી.

એ બે સ્ત્રીઓનાં પગલાં વચ્ચેનો તફાવત એવો હતો કે સોડાવૉટર જેવો બણુચક પણ તે સમજી શકયો. તેણે કહ્યું: " આ એમાંથી એક સ્ત્રીની પગલી નાજુક હોવી જોઇએ અને તેણે નાજુક સ્લીપરો પહેરી હશે. "

તેનું કથન સત્ય હતું. એક સ્ત્રીએ સ્લીપરો પહેરી હતી જ્યારે બીજી ખુલ્લા પગે હતી. તેનું પગલું પણ પહોળું અને મોટું હતું. આ એક ખાસ મુદ્દો હતો અને એથી શરતચંદ્રની દબાઈ ગએલી આશા પુનઃ ટટ્ટાર થઇ. તે આ પગલાંથી થોડા અંતર પર પડેલાં બીજા પગલાં તપાસવાને માટે ગયો. તે જોતાં તેના મુખમાંથી આવેશપૂર્ણ ઉદ્‌ગાર સરી પડયો.

"શું છે ? ત્યાં શું જોવામાં આવ્યું ? " તેના સહચારીએ પ્રશ્ન કર્યો.

" તમે પોતે જ આવીને જોઇ લ્યો. "

સોડાવૉટર ત્યાં ગયો અને નીચો નમીને જોવા લાગ્યો: "અહો આ તો પુરુષનું પગલું છે." તે બોલી ઉઠયો.

" હા, અને આ પુરુષે સારા બૂટ પહેર્યા હોવા જોઈએ. જૂઓ આ બૂટનું ચિહ્ન કેટલું સ્પષ્ટ અને સુંદર છે ? "

" પણ મને લાગે છે કે આ પુરુષ આ ચંદ્રભાગાની હોટેલમાંથી બહાર જતો નથી. " સોડાવૉટરે કહ્યું.

" નહિસ્તો, તેનાં પગલાંની દિશા જ એ તમને સ્પષ્ટ સૂચવે છે. તે અહીંથી જતો ન હતો, પણ અહીં આવતો હતો. વળી તે આ સ્થળેથી મકાન તરફ આગળ વધ્યો લાગતો ન હતો. જૂઓ તેનાં આ પગલાં. તે અવાજ ન થાય તેવી રીતે, પોતાના કાન સરવા રાખીને પગના ફણા ઉપર ચાલતો આવતો હતો. આ જગ્યાએ આવતા કાંઈ અવાજ તેના સાંભળવામાં આવવાથી તે બ્હીનો અને પલાયન થઈ ગયો. "

" અથવા તો તે જ્યારે અંદર આવતો હશે તે વખતે પેલી

સ્ત્રીઓ બહાર જતી તેના જોવામાં આવી હશે." સોડાવોટરે અભિપ્રાય આપ્યો.

"ના, તે અંદર દાખલ થયો ત્યારે આ સ્ત્રીઓ બગીચાની બહાર હતી."

શરતચંદ્રનું આ કથન સોડાવોટરને ગળે ઉતર્યું નહિ. તે બોલ્યો: "એવું ચોક્કસપણે શી રીતે કહી શકાય?"

"મારી તો ખાત્રી છે. અને તે હું સાબિત પણ કરી આપીશ. તમને શંકા આવે છે તેનું કારણ એ છે કે વૃદ્ધાવસ્થાને લીધે તમારી આંખોનું તેજ ઓછું થયું છે. તમારું ફાનસ અહીં લાવો. જૂઓ ન્હાના પગવાળી સ્ત્રીના પગલા ઉપર બૂટવાળા માણસનો પગ પડવાથી તે પગલાનું ચિહ્‌ન ભુસાઇ ગયું છે."

આ ચોક્કસ અને દેખીતા પૂરાવાથી સોડાવોટર આશ્ચર્યચકિત બની ગયો.

"વારૂ, આ માણસ કોણ હશે? ખૂની પોતાના જે મિત્રના આગમનની પ્રતીક્ષા કરતો હતો તે હશે? કે પછી કોઇ મવાલી પિસ્તોલના અવાજથી આકર્ષાઇને આ બાજુએ આવ્યો હશે? એ આપણે નક્કી કરવાનું રહ્યું, અને મને આશા છે કે તે આપણે જરૂર નક્કી કરીશું."

તેઓ આગળ ચાલ્યા. રેલ્વે સ્ટેશન ઉપર લાકડાના લાંબા અને સાંકડા ઊભા પાટીયાની જેવી વાડ હોય છે તેવી ત્રણ ફુટ ઉંચી લાકડાની વાડ આ બગીચા ફરતી હતી. તેની બીજી બાજુએ ખૂલ્લી પડતર જમીન હતી.

શરતચંદ્ર ખૂનીને આ દિશાએ થઇને ન્હાસી જતો અટકાવવાને માટે હોટેલના ફરતું ચક્કર મારીને અહીં આવ્યો હતો અને પોતે જો દાખલ થતાં ઢીલ કરે તો ખૂની નાસી જાય એવી બ્હીકથી તે કૂદીને બગીચામાં દાખલ થયો હતો. પરંતુ આ વખતે એવી

ઉતાવળ કરવાની જરૂર ન હતી. આ વાડને ઝાંપો હતો અને તે પણ વાડના જેવો જ લાકડાનો બનાવેલો હતો. આ ઝાંપા તરફ પેલી સ્ત્રીઓનાં પગલાં જતાં હતાં. તેથી આ બે ડિટેક્ટિવો પણ એ તરફ ચાલ્યા.

" આ બે સ્ત્રીઓ આ હોટેલમાં આજે પહેલવહેલી જ આવી ન હતી. "

" એમ તું શા ઉપરથી ધારે છે ? " સોડાવોટરે પૂછ્યું.

" હું છાતી ઠોકીને તે પ્રમાણે કહેવાને તૈયાર છું. કેમ કે જો તેઓ અગાઉ પણ અહીં આવતી ન હોય તો અહીં વાડને ઝાંપો છે એવું તેમના જાણવામાં ક્યાંથી હોય ? તેઓ આ અંધારી અને મેઘલી રાત્રે ઝાંપો શોધી શકી હોત ખરી ? ના, કારણ કે મારી આંખોના તેજસ્વીપણા માટે મને અભિમાન હોવા છતાં મારે કહેવું જોઇએ કે આ ઝાંપો મારા જોવામાં આવ્યો ન હતો. "

" એ વાત તો સાચી. "

" છતાં પણ આપણે જોઇ શકીએ છીએ કે મકાનમાંથી બહાર પડીને આમ તેમ ફાંફાં નહિ મારતાં આ સ્ત્રીઓ સીધી આ ઝાંપા તરફ આવી છે જો ઝાંપાની તેમને માહિતી ન હોત તો તેમન પગલાં આ બાજુએ અને પેલી બાજુએ ગયાં હોત. એથી સિદ્ધ થાય છે કે તેમને ઝાંપાની બરોબર માહિતી હોવી જોઈએ. "

સોડાવોટર આ જુવાનીઆની શક્તિથી મુગ્ધ બની ગયો અને બોલ્યોઃ " ભાઇ ! મારે કહેવું જોઇએ કે તારા કરતાં વધુ વર્ષો મેં આ ખાતામાં ગાળેલાં હોવા છતાં તારા જેટલું હું જોઇ શકતો નથી. "

" એવું કાંઈ નથી. તમે પણ પ્રયત્ન કરો તો જોઇ શકો. જૂઓ. આ સ્ત્રીઓને આ ઝાંપાની માહિતી હતી. પણ હું પૂરાવાથી સિદ્ધ કરી આપીશ કે પેલો માણસ અંદર આવેલો તે માત્ર સાંભળવ પરથી જ અહીં ઝાંપો છે એમ જાણતો હતો. તેણે તે જોયો ન હતો. "

" આ તું શું કહે છે ?"

" સાચું કહું છું. તે માણસના પગલાંનું નિરીક્ષણ કરવાથી તમાર ખાત્રી થશેઃ એ પગલાં આ બાજુએ અને પેલી બાજુએ ગયેલાં છે જૂઓ, તેનાં પગલાં વાડ પાસે આવ્યાં. હવે તેણે ઝાંપો ક્યાં છે જેવાને માટે પોતાના હાથ લંબાવ્યા લાગે છે. વાડના આ ઉપર ભાગપર બારિક લક્ષ આપો. ત્યાં તેની આંગળીઓની છાપ ઉઠેલ સ્પષ્ટ દેખાય છે. "

સોડાવોટર તે આંગળીઓનું નિરીક્ષણ કરવાને ઘણો ઉત્કંઠિ હતો. પણ શરતચંદ્રને ઉતાવળ હતી. " ચાલો, ઉતાવળ કરો, આપણ આગળ વધવાની જરૂર છે. મારાં અનુમાનોની તમારે ખાત્રી કરવ હોય તો બીજા અનેક પ્રસંગો મળશે. "

પ્રકરણ ૫ મું.

શરતચંદ્ર આગળ વધે છે.

વાટિકાની બહાર નીકળીને આ બન્ને જણા પગલાંનાં નિશા નને અનુસરવા લાગ્યાં. આ પગલાં બહાર નિકળ્યા બાદ સ્હેજ મકા નની જમણી બાજુએ વલણ લેતાં હતાં. હવે ખાસ વિશેષ લક્ષ આપવાની જરૂર ન હતી. કેમ કે રાત્રે વર્ષાદ પડયા પછી આ સ્થળે થઇને આ પલાયન થઈ જનારાંઓ સિવાય બીજું કોઈ પસાર થયું ન હતું. આ નિશાન એટલાં સ્પષ્ટ અને સ્વચ્છ હતાં કે જેને આધારે એક ન્હાનું બાળક પણ ભૂલ્યા વગર આગળ વધી શકે.

ચાર જાતનાં નિશાન હતાં. બે તો બહાર ન્હાસી જતી સ્ત્રીઓનાં ત્રીજું પેલા પુરુષનું તેમની સાથે જવાનું અને ચોથું પુનઃ હોટેલ તરફ આવવાનું.

કેટલેક સ્થળે પુરુષે પોતાનો પગ સ્ત્રીઓનાં પગલાં ઉપર મૂકીને તેના અર્ધ ભાગને છેકી નાંખ્યો હતો. હોટેલના મકાનથી લગભગ સો વારના અંતર ઉપર શરતચંદ્ર તેના સહચારીનો હસ્ત પકડીને બોલ્યોઃ " ઊભા રહો ! અહીં સંગીન પુરાવો હું જોઇ શકું છું. "

આ સ્થળે મોટાં લાકડાનાં બીમ પડયાં હતાં. તેમાંના એક બીમ પાસે તેઓ જઇ પહોંચ્યા હતા. તેનો ઉપરનો ભાગ કોઇએ લૂછેલો હોય એમ લાગતું હતું. અહીં આગળ બધાં પગલાં એકઠાં થઈને ગુંચવાઈ ગયાં હતાં.

શરતચંદ્ર બોલ્યોઃ " આ સ્થળે પેલી સ્ત્રીઓ એ પુરુષને મળી હશે. તેમણે તેની સાથે મસલત કરી હશે. તે વખતે નાજુક પગવાળી સ્ત્રી આ બીમ ઉપર બેઠી હતી. "

" પણ તેનો વિશેષ પૂરાવો મેળવવાની જરૂર છે. " સોડાવોટરે શંકા કરી.

શરતચંદ્રે તેની એ ઇચ્છા પૂર્ણ થવા દીધી નહિ. તે બોલ્યોઃ સોડાવોટર ! તમે કૃપા કરીને તદ્દન શાંત રહો. બિલકુલ હલ્યા વગર ફાનસ મને આપો. "

સોડાવોટર શાંતપણે ઊભો રહ્યો અને શરતચંદ્ર આ લાકડાની આસપાસની જગ્યાનું બારિક નિરીક્ષણ કરવા લાગ્યો. તે આમ ગયો, તેમ ગયો, પાછો ફર્યો, વળી પાછો આ બાજુએ ગયો. તેણે જમીનની, લાકડાંનાં બીમોની, ત્યાં પડેલા પત્થરોની અને બીનજરૂરી લાગતી ચીજોની પણ ઝીણવટથી બારિક તપાસ લીધી. કોઈ વાર તે ઊભો રહીને જોતો, કોઇ વાર ગોઠણભર થતો અને કોઈ વાર જમીનપર ઉંધો સૂઈ જતો. તેણે પોતાના ગજવામાંથી ફૂટપટી કાઢી અને તેની મદદથી તે માપ લેવા લાગ્યો.

તે આ પ્રમાણે ચો તરફ ઘુમી રહ્યો હતો. તે વખતે ગાંડા માણસની માફક ક્ષણમાં હસતો તો બીજી ક્ષણે નિઃશ્વાસ નાંખતો. વખતે

મૂખમાંથી કશોક ઉદ્‌ગાર કાઢતો, કોઈ વખતે આવેશમાં આવી જતો, બીજી પળે ખુશ બની જતો, એમ અનેક પ્રકારના ચેનચાળા પણ તે કરતો હતો.

આ પ્રમાણે પા એક કલાક વિતી ગયો. પછી તે પુનઃ **સોડા**-વોટર પાસે પાછો આવ્યો. એક પત્થર પર તેણે દીવો મૂકયો અને રૂમાલ વડે પોતાના હસ્ત લૂછતો તે બોલ્યોઃ "હવે બધું મારા જાણુ-વામાં આવી ગયું."

"ત્યારે તો ઘણું જ સારૂં. આપણી આગળ મહેનત બચી."

"બધુંનો અર્થ એ કે પેલા મકાનની અંદર ખૂનખાર ઝઘડામાં પરિણામ પામેલા નાટકના આ છેલ્લા અંકની સાથે સંબંધ ધરાવતી બધી બાબતો મારા જાણવામાં આવી ગઇ છે. આજે રાત્રે પડેલા વર્ષાદને માવઠું કહી શકાય. તેણે અનેક સ્થળે અનાજના પાકને પુષ્કળ નુકસાન કર્યું હશે; પરંતુ આપણને મોટી સહાય કરી છે. તેની મદદથી આપણે આ પૃથ્વીરૂપી વિશાળ પત્ર ઉપર જે મનુષ્યોની તપાસમાં છીએ તેમની માત્ર હીલચાલ અને આગમન–પ્રત્યાગમન જ નહિ, પરંતુ તેમના ગુપ્ત વિચારો, તેમની આશાઓ, તેમની ચિંતાઓ, વગેરે વાંચી શકીયે છીએ. **સોડ**વોટર! આ પગલાંના નિશાનો તમને શું કહે છે? મારા મનથી તો આ નિશાનો જે માણસોનાં પગલાંનાં છે, તેમના જેવાં જ જીવન્ત છે. તેઓ નિઃશ્વાસ મૂકે છે, બોલે છે, અને તમામ હકીકત જણાવે છે."

સોડાવોટર તો તેની સામે સ્તબ્ધની પેઠે જોઇ જ રહ્યો હતો. તેણે કશો જવાબ આપ્યો નહિ. શો જવાબ આપવો એ તેને સૂઝ-તું જ ન હતું.

"જે મારા જાણવામાં આવ્યું છે તે આ છે." **શરતચંદ્રે** કહ્યુંઃ "જ્યારે ખૂની બે સ્ત્રીઓની સાથે હોટેલમાં ગયો ત્યારે તેના સાથીએ– હું તેને તેનો મદદગાર કહીશ–ટોપી પહેરી હતી અને શરીર ઉપર ભુરા

રંગનો ગુચ્છાદાર ઓવ્હરકોટ ધારણ કર્યો હતો. તેના જમણા હાથની ટચલી આંગળીમાં વીંટી હતી. ”

તે સોડાવોટરની સામે જોઇને બોલતો થંભી ગયો. જે માણસને નજરે પણ જોયો નથી તેના સંબંધમાં શરતચંદ્રને આટલી ઝીણવટથી તથા તેની ખાત્રી થઈ ચૂકી હોય એવા સ્વરે બોલતો જોઈને સોડાવોટરને અત્યંત આશ્ચર્ય થયું હતું; તેમ જ તે બધું સમજી પણ શકયો ન હતો.

તે બોલ્યો: “ શરતચંદ્ર ! વૃદ્ધ મનુષ્યની મશ્કરી કરવી યોગ્ય નથી. હું તું કહે છે તે પ્રમાણે કરૂં છું, બધું ગંભીરપણે સાંભળું છું; જ્યારે તું આ પ્રમાણે કહીને મને બનાવે છે. એક મુદ્દો આપણા જોવામાં આવ્યો છે તેને આધારે આગળ વધવાને બદલે તું આવી અકલ્પનીય વાતો કહેવામાં તારો સમય નકામો ગાળે છે.”

“નહિ, સોડાવોટર ! આકળા ન થાઓ. હું તમારી મશ્કરી કરતો નથી. મારી સંપૂર્ણ ખાત્રી થયા પછી જે તદ્દન સત્ય છે તે જ મેં તમને કહ્યું છે. ”

“ શું ! આ તારા શબ્દો હું સાચા માની—”

“ સોડાવોટર ! તમે ગભરાઓ નહિ. તમારી ખાત્રી ન થાય ત્યાં સુધી કશું પણ માનવાનું હું તમને કહેતો નથી. હું જ્યારે તમારી પાસે ખુલાસો કરીશ અને આ માહિતી કેવી રીતે મેળવી શકયો તે જણાવીશ, એટલે જે અત્યારે અકલ્પનીય લાગે છે તેની સરલતા જોઈને તમને પણ હસવું આવ્યા સિવાય રહેશે નહિ. ”

“ ઠીક, ત્યારે ચાલો, તારો ખુલાસો સાંભળીએ. ”

“ વારૂ, ખૂનીનો મદદગાર આ સ્થળે રોકાયો હતો એ મેં તમને જણાવ્યું છે. તેને ઘણો સમય થયેલો લાગવાથી તે કંટાળી ગયો અને તેથી આ બીમના આ છેડાથી પેલા છેડા સુધી આંટા મારવા લાગ્યો. વચ્ચે તે સાંભળવાને માટે ઊભો રહેતો હતો. કશું પણ નહિ સંભ-

ળાવાથી જમીન પર પગ ઠોકીને તે બોલતો હશે કે 'એને ત્યાં શું થયું હશે ?' મેં ગણી જોયા છે કે તેણે આમથી તેમ કુલ્લે ત્રીશ ફેરા કર્યા હતા. એવામાં અચાનક કશોક અવાજ આવ્યો–પેલી સ્ત્રીઓ આવતી તેના જોવામાં આવી."

ન્હાના બાળકને પરીઓની વાતો કહેતાં તેના મનમાં જેમ શંકા, વિશ્વાસ, ચિંતા, આશા ઉદ્દ્ભવે તેવી સ્થિતિ સોડાવોટરના હૃદયની થઈ હતીઃ તેણે કઇ વાત માનવી ? કઈ વાત માનવાની ના કહેવી ? તે પોતે જ નક્કી કરી શકતો ન હતો. આ આશ્ચર્યજનક કથનમાં કયું સાચું અને કયું ખોટું એનો નિર્ણય તે શી રીતે કરી શકે ? વળી શરતચંદ્ર આ સર્વ ગંભીરપણે કહેતો હોવાથી તેમાં મશ્કરીનો સવાલ હતો જ નહિ. છેવટે સોડાવોટરની જીજ્ઞાસાવૃત્તિ ઉશ્કેરાઈ અને તે આગળ સાંભળવાના હેતુથી બોલ્યોઃ "વારૂ, બે સ્ત્રીઓ ત્યાં આવી, પછી ?"

"પરંતુ હવે મારે જે જણાવવાનું છે તેમાં પૂરાવા કરતાં કલ્પના ઉપર વિશેષ આધાર રાખવાનો છે. જો કે એટલું તો ચોક્કસ છે કે ચંદ્રભાગાની હોટેલમાં થયેલા જે ઝઘડા તરફ આપણું લક્ષ આકર્ષાયું હતું, તેની શરૂઆત થયા પૂર્વે જ આ બે સ્ત્રીઓ ત્યાંથી ચાલી નીકળી હતી. તે બે સ્ત્રીઓ કોણ હશે ? તેનું માત્ર અનુમાન થઇ શકે, અને મને લાગે છે કે તે સમાન પંક્તિની ન હતી. એક શેઠાણી અને બીજી તેની નોકર હોવી જોઇએ."

"એ તો સિદ્ધ થઈ ચૂકયું છે." સોડાવોટરે જણાવ્યુંઃ "એકના પગ ન્હાના હતા અને તેણે સ્લીપરો પહેરી હતી; જ્યારે બીજીના પગ મોટા અને ખૂલ્લા હતા. તે ઉપરથી જ સમજી શકાય એવું છે."

"એ બરાબર છે. પરંતુ એટલા ઉપર આધાર રાખીને ચોક્કસ અનુમાન કરી શકાય નહિ. પગ ન્હાના યા મોટા હોવાનો આધાર ઉંચ નીચપણા ઉપર નહિ પણ કુદરત ઉપર છે અને આજકાલ

શેઠાણીની ચાકરડીઓ પણ શેઠાણીને ભૂલાવે તેવી સ્લીપરો પહેરે છે. મેં તો બીજાં કારણો ઉપરથી અનુમાન ખેંચ્યું છે અને તે આ પ્રમાણે છેઃ—

“ બે સ્ત્રીઓ ચંદ્રભાગાની હોટેલમાંથી એકદમ બહાર નીકળ્યા બાદ ન્હાના પગવાળી સ્ત્રી એકદમ દોડવા લાગી અને બીજી સ્ત્રી કરતાં થોડીક આગળ વધી ગઇ. તે સમયની પરિસ્થિતિથી તે ભયભીત બની હશે, તેમ જ પોતાની પ્રતિષ્ઠાને હાની પહોંચવાનો પણ પૂરો ભય હશે. એટલા માટે અહીંથી જલ્દી પલાયન થઈ જવામાં સલામતી છે એમ માનીને તેણે દોડવામાં પોતાનું બધું જોર વાપરી નાંખ્યું લાગે છે. તે સામાન્ય પંક્તિની સ્ત્રી હોત તો તેને આટલી બધી ભીતિ લાગવાનું કારણ ન હતું.

“ વારૂ, આગળ ચાલતાં તેનું જોર ખૂટી ગયું. તે આ સ્થળ અને હોટેલની વચ્ચે અર્ધા રસ્તે આવી નહિ હોય એટલામાં તેની ગતિ ઓછી થઈ ગઇ. તેનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. ત્યારપછી દશેક પગલાં આગળ વધતાં તે પડું પડું બની ગઈ. છતાં થોડાં પગલાં તે આગળ ચાલી, પણ પછી વધુ ન ચાલી શકવાથી જમીન ઉપર બેસી ગઇ. તે સ્થળે તે બેઠી હોય એવું નિશાન જોવામાં આવ્યું હતું.

“ પછી મોટા પગવાળી સ્ત્રી તેની મદદે આવી. તેણે પોતાની આ શેઠાણી—કે ગમે તે હોય—ને ઊભી કરી અને પોતાની સહાયથી આગળ ચલાવી. એ સ્થળે તેમનાં પગલાં એક બીજાંની સાથે એવાં ગુંચવાઈ ગયાં છે કે તે ઉપરથી પ્રસ્તુત અનુમાન નિઃશંકપણે કાઢી શકાય છે. પરંતુ પોતાની શેઠાણીમાં હવે ચાલવાની બિલકુલ શક્તિ રહી નથી, તે પડું પડું થઇ રહી છે, એવું જોઇને મોટા પગવાળી સ્ત્રીએ તેને ઉપાડી લીધી. કેમ કે ત્યારપછી ન્હાનાં પગલાં વચ્ચે બિલકુલ દેખાયાં નથી.”

શરતચંદ્ર આ બધા કલ્પનાના ઘોડા દોડાવે છે કે શું? એવો વિચાર સોડાવોટરને આવ્યો. પણ તેની શંકા નિર્મૂળ થઇ શકે તેમ હતું.

તે ફાનસ લઇને જે સ્થળનો શરતચંદ્રે નિર્દેશ કર્યો હતો ત્યાં ગયો. એ સ્થળે ન્હાના પગવાળી સ્ત્રી બેઠેલી હોવાનું નિશાન જણાયું. ત્યાંથી બીમ તરફ આગળ વધતાં શરતચંદ્રની કહેલી દરેક વાત તંતોતંત મળતી આવી. હવે સોડાવોટરના મનમાં કશી પણ શંકા રહી નહિ. તે બોલ્યોઃ " શરતચંદ્ર! હું વૃદ્ધ છું. મારી બુદ્ધિ મંદ પડી ગઈ છે. તેથી તારા કથનમાં હું શંકા લઇ ગયો તે માટે મને ક્ષમા કરજે. હવે હું તને વચન આપું છું કે એક પણ શંકાને મારા હૃદયમાં સ્થાન આપીશ નહિ."

શરતચંદ્રે આગળ ચલાવ્યુંઃ "ખૂનીના મદદગારે આ લોકોનાં પગલાંનો અવાજ સાંભળ્યો હતો. એટલે તે તેમની સામે ગયો. તેણે મોટા પગવાળી સ્ત્રીને તેની શેઠાણીને ઉચકવામાં મદદ કરી. શેઠાણીની તબિયત ખરેખર બગડી ગઈ હશે એમ લાગે છે. કેમકે તેને બેસવાને માટે ખૂનીના મદદગારે રૂમાલ કે એવી કોઈ વસ્તુ વડે આ બીમને ઘસીને તેની ભીનાશ કાઢી નાંખવાનો પ્રયત્ન કર્યો હોય એમ લાગે છે. છતાં પણ તે ભીનાશ તદ્દન દૂર થયેલી નહિ લાગવાથી તેણે પોતાના ઓવરકોટના છેડાવડે લાકડાને જોરથી લૂછી નાંખ્યું. આ પ્રમાણે કરવાનું કારણ શું? સ્ત્રી જાતિ પ્રત્યેના સન્માનને ખાતર કિંવા શેઠાણી તરફ એક નોકરે દર્શાવવી જોઇતી તાબેદારીને લીધે? આ પ્રશ્ન મારા મનમાં ગુંજી રહ્યો છે.

"એ ગમે તેમ હોય પરંતુ એટલું ખરૂં કે તે સ્ત્રી અહીં આરામ લેતી હતી એ વખતે ખૂનીનો મદદગાર તથા મોટા પગવાળી સ્ત્રી એ બે જણાં ડાબી બાજુએ પેલા પત્થરના ખાંભા પાસે પાંચ–સાત કદમ દૂર ગયાં. ત્યાં પેલી સ્ત્રી આ પુરુષને બધી હકીકત કહેવા લાગી. તે વખતે પુરુષ પત્થર ઉપર અઢેલ્યો હતો. તેની હથેલીનું સ્પષ્ટ નિશાન એ પત્થરપર પડી રહેલું છે."

સોડાવોટરને શરતચંદ્ર ઉપર હવે સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. તેને આ યુવાનની શક્તિ ઉપર એક પ્રકારની અપૂર્વ શ્રદ્ધા ચોટી

ગઇ હતી. એટલે તેણે પૂછ્યુંઃ "અને ખૂનીનો મદદગાર મોટા પગવાળી સ્ત્રીને શું કહેતો હતો?"

"એ પ્રશ્નનો ઉત્તર આપવાનું મારે માટે મુશ્કેલ છે." શરતચંદ્રે જવાબ આપ્યોઃ "પરંતુ પેલી સ્ત્રી આ મદદગારને તેનો મિત્ર એટલે આપણો ખૂની જે ભયભરી સ્થિતિમાં હતો અને તેના ઉપર જે આફત લટકી રહી હતી, તે વિષેની હકીકત જણાવતી હશે, અને તેથી આ બે જણાં ખૂનીને આફતમાંથી બચાવવાના રસ્તાનો વિચાર કરતાં હશે. કદાચ ખૂનીએ આ સ્ત્રીને અમુક સૂચનાઓ પોતાના મદદગારને જણાવવાનું પણ કહ્યું હોય. પરંતુ એટલું ખરૂં કે આ મસલતને પરિણામે મદદગાર અહીંથી હોટેલ તરફ ત્યાં શું બની રહ્યું છે તે જોવાને દોડતો ગયો હતો. કેમ કે તે સ્થળેથી જ તેનાં પગલાંનાં નિશાન હોટેલ તરફ જતાં જોવામાં આવે છે."

"અહો! કેવું વિચિત્ર!" સોડાવોટર બોલ્યોઃ "મને લાગે છે કે તે જ પળે આપણે હોટેલમાં હતા. જો ઇન્સ્પેક્ટરે આજ્ઞા કરી હોત તો આપણે ચોતરફ ઘુમીને આખી ટોળીને ગિરફતાર કરી દીધી હોત! કેટલું દુર્ભાગ્ય?"

પરંતુ શરતચંદ્ર તેને દુર્ભાગ્ય સમજતો ન હતો. તે તો ગજાનને કરેલી ભૂલ માટે તેનો અંતઃકરણપૂર્વક આભાર માનતો હતો. જો તેમ ન બન્યું હોત તો આ વધુ ને વધુ રહસ્યપૂર્ણ બનતા જતા કેસના ઊંડાણમાં ઉતરવાની તક તેને મળી ન હોત, અને તો પછી તેની દીર્ઘકાળની મહત્ત્વાકાંક્ષા તૃપ્ત થવાનો સંયોગ પ્રાપ્ત થયો ન હોત.

તે બોલ્યોઃ "હવે મારે વિશેષ કહેવાનું નથી. મદદગાર તુરત જ પાછો ફર્યો. તેણે હોટેલમાંનો દેખાવ જોયો હતો. તેથી ભયભીત બનીને તે એકદમ પાછો આવ્યો હતો. તેને બ્હીક લાગી હશે કે કદાચ પોલીસ આસપાસના પ્રદેશમાં તપાસ કરવાનું શરૂ કરશે. અહીં આવીને તેણે ન્હાના પગવાળી સ્ત્રી સાથે વાત કરવા માંડી. તેણે અહીંથી પલાય-

થવાની અગત્ય જણાવી અને કહ્યું કે એક પણ પળ ગૂમાવવી તે અત્યંત જોખમકારક છે. તેના એ શબ્દોથી તે યુવતીએ પોતાનું તમામ બળ એકત્ર કર્યું અને પોતાની સહચારિણીના ખભાપર ટેકો રાખીને તે ચાલવા લાગી.

" તેમણે કયા રસ્તે જવું એ બાબતમાં મદદગારે સૂચના કરી હશે કિંવા તેઓ પોતે જ જાણતી હશે ! એટલું માત્ર ચોક્કસ છે કે તેમને કશી હરકત ન આવે એટલા માટે તે થોડે દૂર સુધી તેમની સાથે ગયો હતો.

" પરંતુ આ સ્ત્રીઓને બચાવવા કરતાં યે એક મહત્ત્વની ફરજ તેને બજાવવાની હતી. અને તે જો બની શકે તો ખૂનીને મુક્ત કરાવવાની. તે તેમનાથી છૂટો થઈ મુખ્ય દ્વાર જે રસ્તા પર પડે છે તે તરફ જવા લાગ્યો. ખૂનીનું શું થયું એ જાણવાને તે આતુર હોય જ. અને તેથી તેની પાછળ પાછળ ગયો હોવો જોઇએ. "

આ બધું શ્રવણ કરતી વખતે સોડાવોટરને એમ થતું હતું કે ' હું શરતચંદ્રને કેવી રીતે ધન્યવાદ આપું ? કયા શબ્દોમાં તેની પ્રશંસા કરૂં ? ' પરંતુ તેનું કથન પૂર્ણ થયું તે દરમ્યાન તેણે એ વિષયમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. છેવટે તે બોલ્યોઃ " ખરો ડિટેક્ટિવ તે આનું નામ ! આપણા ખાતામાં ગજાનન બહુ જ ચાલાક અને હોશિયાર ગણાય છે. પણ તારી સાથે સરખામણીમાં મૂકી શકાય એવું આજ સુધીમાં તેણે શું કર્યું છે ? જો તું મને પૂછે તો હું કહીશ કે ડિટેક્ટિવ ખાતામાં તું હાથી છે, જ્યારે ગજાનન માત્ર કીડી જ છે. "

આ પ્રશંસા વધારે પડતી હતી ખરી, પરંતુ તે અંતઃકરણપૂર્વકની હતી એમાં જરી યે શક ન હતો. એટલું જ નહિ પરંતુ પોતાની આવી રીતે પ્રશંસા થવાનો શરતચંદ્રને આજે આ પહેલો જ પ્રસંગ પ્રાપ્ત થયો હતો. એટલે એ પણ સાંભળીને ખુશ થયો.

છતાં વિનયપૂર્વક તે બોલ્યોઃ " સોડાવોટર ! તમારી મારા તરફની લાગણી જ આવા શબ્દો બોલાવે છે. બાકી હજી એટલું બધું હું આમાં કશું કરી શકયો નથી. મેં તમને કહ્યું હતું કે આ માણસ પ્રૌઢાવસ્થાનો હશે. તેનાં જમીનપર પડેલાં પગલાં ઉપરથી તે સમજવાનું સહેલું છે. તેનાં પગલાં આ સ્ત્રીઓનાં કરતાં વિશેષ ઊંડાં ઉતરેલાં છે, એ જ બતાવી આપે છે કે તે યુવાન મનુષ્યના જેવો ઉચ્છૃંખલ કિંવા વૃદ્ધના જેવો અશક્ત નહિ પણ પ્રૌઢના જેવો ગંભીર અને દઢ નિશ્ચયી છે. વળી મેં કહ્યું હતું કે તે કદમાં ઉંચો હોવો જોઇએ. એ શોધી કાઢવાનું પણ સહેલું છે. જે પત્થર પર તે હાથ રાખી અઢેલીને ઊભો હતો તેની ઉંચાઇનું માપ લેતાં હું સમજી શકયો કે જે મનુષ્ય ઊભો રહીને આ સ્થળે હાથ મૂકી શકે છે તે આશરે ૭ ફુટ ઉંચો હોવો જ જોઇએ. વળી તેના હાથના પંજાનું માપ લઇને ગણતરી કરતાં પણ મારૂં તે અનુમાન સાચું ઠર્યું છે. પાટીઆ પર અમુક ભાગ કોરો કરવામાં આવ્યો છે અને તેની સામે ગોળ કિનારી જેવો ભાગ કોરો રહેલો છે, જ્યારે વચ્ચે તથા આસપાસનો ભાગ ભીનો છે. તે ઊપરથી તેણે પોતાની ટોપી ત્યાં મૂકી હશે એવું અનુમાન કરીને તેણે મસ્તક પર ટોપી પહેર્યાનું મેં જણાવ્યું હતું. જે ભાગ કોરો કરવામાં આવ્યો છે, ત્યાં વચ્ચે વચ્ચે ભૂરા રંગના ઊનના રેસા ભરાઇ રહેલા મારા જોવામાં આવ્યા હતા તે મેં લઇ લીધા છે. કેસમાં પૂરાવા તરીકે તે જરૂરના છે. એ ઉપરથી સમજવું સહેલું હતું કે તેણે તે રંગનો ઉનનો કોટ પહેર્યો હોવો જોઇએ અને આવી ઊનવાળું કપડું મોટે ભાગે ઓવ્હરકોટ બનાવવામાં વપરાતું હોવાથી તે ઓવ્હરકોટ હોવાની મેં કલ્પના કરી હતી. પરંતુ આપણે હજી પાશેરામાં પહેલી પુણીએ જ આવી પહોંચ્યા છીએ. હજી આપણે ઘણું કરવાનું બાકી છે. "

" ભલે, ત્યારે બાકીનું પણ પૂરૂં કરી નાંખીએ. " તેનો સહચારી ઉમંગી બન્યો.

પ્રકરણ ૬ ઠું.

પગેરૂં આગળ ન વધ્યું.

ડુબવું અને તરવું એ બન્ને એક સરખું ગણાય નહિ. તરવામાં કૌશલ્ય છે, કળા છે, જ્યારે ડુબવામાં શક્તિનો વ્યય છે, જળાશયમાં ડૂબતાં બચવાની આકાંક્ષા છે. તેવી સ્થિતિ આ બે જણાની હતી. શરતચંદ્ર અત્યારે ગુંચવણરૂપી મોટા જળાશયમાં તરી રહ્યો હતોઃ તે તેનો નિકાલ કરતો આગળ ને આગળ વધતો હતો, તેના મનમાં અનેક કલ્પનાઓ, અનેક સ્ફુરણો ઉદ્દ્ભવતાં હતાં; જ્યારે સોડાવોટર તે ગુંચવણમાં વધુ ને વધુ અટવાતો હતો. તે શરતચંદ્રને તરતો જોઈને માત્ર ડુબતાં શિખ્યો હતો. પરંતુ શરતચંદ્રના જેટલો આગળ વધી શકતો નહોતો. એટલું સારૂં હતું કે તે થાકી જતો હતો, કંટાળી જતો હતો, તે વખતે શરતચંદ્ર તેને સહાય કરતો અને તેનામાં ઉત્સાહરૂપી નવીન શક્તિ મૂકતો.

એ પ્રમાણે કરતાં તેઓ અહીં સુધી આવી પહોંચ્યા. પણ આ સ્થળે શરતચંદ્ર પણ વિચારમાં પડી ગયો. એક તરફ સ્ત્રીઓનાં પગલાં વધતાં હતાં. બીજી બાજુ મદદગારનાં પગલાં જતાં હતાં. તેણે આમાંથી કયો માર્ગ લેવો? કેમ કે તે બન્ને માર્ગ ઉપર આગળ વધી શકે તેમ ન હતું.

તે થોડો સમય વિચારમાં પડી ગયો. પછી ઉચ્ચ સ્વરે પરંતુ પોતાને ઉદ્દેશીને બોલ્યોઃ "જો હું આ મદદગારની પાછળ જાઉં તો હું જે જાણું છું એથી કાંઇ વિશેષ જાણી શકવાનો નથી. કેમ કે તે અમારી ટોળીની પાછળ પાછળ ગયો હશે. તે અમુક અંતરપર રહીને તેમની હીલચાલ તપાસતો હશે. તેણે ખૂનીને ચોકીપર કોટડીમાં પૂરાયેલો જોયો હશે. પછી તે ચોકીની આસપાસ ફરીને કશીક પેરવી કરતો

હશે. જો હું એકદમ તેની પાછળ પડું તો તેને પકડી શકું—ગિરફતાર બનાવી શકું ખરો ? ના, વખત ઘણો થઈ ગયો છે, એટલે તે બની શકે તેવું નથી.”

સોડાવોટર આ સર્વ સાંભળતો હતો; પરંતુ તે વચ્ચે બોલતો નહિ કિંવા કશી સલાહ આપવાની હિમ્મત કરતો નહિ. તે સમજતો હતો કે આવા ચતુર મનુષ્ય પાસે મૂર્ખતાભરી સલાહ રજૂ કરી પોતાનું અજ્ઞાન પ્રદર્શિત કરવું યોગ્ય નથી.

શરતચંદ્રનો વિચારપ્રવાહ આગળ વધ્યો: “ત્યારે સ્ત્રીઓની પાછળ જવું. તેનું પરિણામ શું આવશે ? કદાચ અગત્યની શોધ કરી શકાય, કદાચ કશું ન પણ આવે.”

છતાં પણ તેણે આ અજ્ઞાત માર્ગ લેવાનું પસંદ કર્યું. તે **સોડા**-વોટરને ઉદ્દેશીને બોલ્યો: “ચાલો, આ બે સ્ત્રીઓનાં પગલાં જ્યાં લઇ જાય ત્યાં આપણે જવાનું છે.”

તે બંને જણા આગળ ચાલવા લાગ્યા. શરૂઆતમાં તો કશો વાંધો આવ્યો નહિ. કેમ કે અહીં આ સિવાય બીજા કોઇનાં પગલાં ન હતાં. પરંતુ પછી આગળ વધતાં તેઓ રાજમાર્ગ ઉપર આવ્યા. અહીં તેમની ગતિ મંદ પડી ગઈ. કેમ કે આ રસ્તે થઇને અન્ય મનુષ્યો પણ પસાર થયા હતા. કેટલીક વાર આ સ્ત્રીઓનાં પગલાં ઉપર બીજા માણસોનાં પગલાં પડવાથી તે ભુંસાઈ ગયાં હતાં, જ્યારે કોઈ સ્થળે બીજા મનુષ્યોનાં પગલાંમાં આ સ્ત્રીઓનાં પગલાં લગભગ છૂપાઈ ગયાં હતાં. આગળ ચાલતાં રસ્તાપર કોઇ કોઈ સ્થળે સ્ત્રીઓનાં પગલાં બિલકુલ જોવામાં આવતાં નહિ. અહીં ખરેખરી મુંઝવણ થતી. પરંતુ એવું બનતું ત્યાં તેઓ **સોડાવોટરની** નેતરની પાતળી સોટી તે સ્ત્રીઓનાં પગલાનું છેલ્લું નિશાન જોવામાં આવ્યું હોય તે સ્થળે ખોડતા અને તે પછી તેની ચોતરફ આગળ નિશાન વધે છે કે કેમ તેની તપાસ કરતા.

એ પ્રમાણે કરતાં તેઓ આગળ વધતા હતા. પણ આ પગલાં

કાંઈ સીધા માર્ગ તરફ જતાં ન હતાં. રાજમાર્ગ પરથી સાંકડી ગલ્લીમાં, ત્યાંથી બીજા માર્ગપર, વળી ગલ્લીમાં, એકમાંથી બીજી ગલ્લીમાં, એ પ્રમાણે વળાંક લેતાં હતાં. શરતચંદ્ર બોલ્યો: "આ સ્ત્રીઓ ગમે તે હોય પણ તેમને આ પ્રદેશની પૂરતી માહિતી લાગે છે. નહિ તો તેઓ આવી રીતે ગલ્લીઓમાં થઇને પલાયન થવાની કદિ પણ હિમ્મત કરે નહિ."

તેઓ અનેક ગલ્લીઓ વટાવીને એક રાજમાર્ગપર આગળ વધ્યા ત્યાં પગલાંના નિશાન અચાનક અદૃશ્ય બની ગયાં. ઉઘાડાં પગવાળી સ્ત્રીનાં પગલાંનાં આઠ–દશ નિશાન શરતચંદ્રે મહેનત કરીને શોધી કાઢયાં. પણ પછી આગળ વધી શકાયું નહિ.

"શું એ લોકોને વરસાદથી ભીંજાયેલી જમીન પર ચાલવાથી પોતાનાં પગલાંનાં નિશાન પકડાઇ જશે એવો ખ્યાલ આવ્યો હશે? અને તેથી તેઓ રસ્તાની બાજુ પર કોરા ભાગમાં ચાલતી હશે?" શરતચંદ્રે ઉદ્દગાર કાઢયો.

"ત્યારે આ તો ધમ્યું સોનું ધૂળ મળ્યું!" સોડાવોટરે નિઃશ્વાસ નાંખ્યો.

પરંતુ શરતચંદ્ર એમ એકદમ પરાજય સ્વીકારી લ્યે તેવો ન હતો. હાથમાં આવેલો કોળીઓ મ્હોંમાં મૂકવા જતાં જમીનપર પડી જવાથી જેવો ગુસ્સો ચડે તેવા ગુસ્સા પૂર્વક તેણે પોતાની તપાસ આગળ શરૂ કરી. અને તેનો બદલો પણ મળ્યો ખરો.

તે બોલ્યો: "હું સમજું છું–હું જોઇ શકું છું–હું અનુમાન કરી શકું છું!"

સોડાવોટર તેની પાસે ગયો. પરંતુ તે કશું જોઇ કે અનમાન કરી શકયો નહિ. જો કે તેને તેના સહચારી ઉપર વિશ્વાસ હોવાથી આ ગુંચવણના ઉકેલને માટે શંકા ન હતી.

શરતચંદ્ર બોલ્યો: "જુઓ, અહીં શાનું નિશાન તમારી દૃષ્ટિએ પડે છે?"

"અહીંથી પસાર થયેલી ગાડીનાં પૈડાંનું."

"એ નિશાનથી જ બધી બાબતનો ખુલાસો થઈ જાય છે. તેઓ આ સ્થળે આવ્યાં હશે તે વખતે એકાદ ચંદ્રનગર તરફ જતી ઘોડા-ગાડીની બત્તી તેમના જોવામાં આવી હશે. તે ગાડી ખાલી હશે. તેઓ અહીં ઊભાં રહ્યાં હશે. ગાડી નજીક આવતાં તેમણે ગાડીવાનને બૂમ મારીને સારી રકમ આપવાની આશા આપી હશે. કારણ કે નહિ તો આટલી મોડી રાત્રિએ આવા મેઘાડંબરમાં તે જે તરફથી પોતાને ઘેર આવતો હતો, એ તરફ પુનઃ જવાનું પસંદ કરે નહિ. તેણે અહીં ચક્કર લગાવીને ગાડીને ફેરવી. એ બંને જણીઓ ગાડીમાં બેસી ગઇ. એટલે પછી હવે તેમનાં પગલાં આગળ ન વધે એ દેખીતું છે."

"પણ તેઓ અહીંથી ગાડીમાં બેસી ગઇ એ જાણ્યાથી આપણને શો લાભ થયો?"

"કેમ? આવતી કાલે આ ગાડીવાનને કેવી રીતે શોધી કાઢવો તે હું જાણું છુ. તે ખાલી ગાડીએ પાછો ફરતો હતો. અને આટલી મોડી રાત્રે તેને મળેલાં બે પેસેન્જરને તે ભૂલી ગયો નહિ હોય. એ લોકોને તેણે ક્યાં ઉતાર્યા એ તે આપણને જણાવશે. પરંતુ તેથી આપણને કશો લાભ થવાનો નથી. કેમ કે એ લોકોએ તેમને પોતાનું ખરૂં શરનામું આપ્યું નહિ હોય. જો કે તેની પાસેથી આ સ્ત્રીઓ કેવી હતી, તેમણે કેવો પોશાક ધારણ કર્યો હતો, તેમનો દેખાવ કેવો હતો. તેમનું એક બીજી પ્રત્યેનું તથા તેના તરફનું વર્તન કેવું હતું. તેમની ઉમર કેટલી હતી એ સર્વ આપણે જાણી શકીશું. અત્યાર સુધીમાં જે આપણા જાણવામાં આવ્યું છે તથા આ જાણવામાં આવશે તે પણ થોડું નથી. વારૂ, ત્યારે હવે બીજો વિચાર કહિ કરતાં ચંદ્રભાગાની હોટેલ તરફ જલ્દી જઇએ. હવે આ ફાનસની કશી જરૂર નથી. તેને ઓલવી નાંખો."

પ્રકરણ ૭ મું.

વર્ષાદ બગાડશે કે શું ?

વયના પ્રમાણમાં શકિત હોય છે. શરતચંદ્ર યુવાન હતો. સોડા-
ટર વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી રહ્યો હતો. તે ઉતાવળો ચાલતા—લગભગ
તા શરતચંદ્રની સાથે રહી ન શકે એ દેખીતું હતું. છતાં પણ તે
ી પાછળ ઘસડાતો હતો. ચાલતાં ચાલતાં એકબીજા કશું બોલતા ન
ા. એથી સોડાવોટર કંટાળ્યો. તે બોલ્યો: "તું કેમ કશું બોલતો નથી ?
રા મૌન્ય ઉપરથી કોઇને એમ લાગે કે તને સંતોષ થયો નથી."

"વાત સાચી છે, મને સંતોષ થયો નથી." તેણે જવાબ આપ્યો.

"તેનું કારણ શું ? દશ મિનીટ પહેલાં તું ખુશખુશાલ લાગતો હતો."

"પરંતુ તે વખતે આપણા ભાવી દુર્ભાગ્યની હું અટકળ કરી શકયો હતો."

"દુર્ભાગ્ય !"

"હા, ઘણું મોટું દુર્ભાગ્ય ! જુઓ, પશ્ચિમ તરફનો પવન વાય છે
ને વાદળાં વધુ ને વધુ ઘટ્ટ થતાં જાય છે. કદાચ એક કલાકની અંદર
ર્ષાદ વરસશે."

"હમણાં પણ થોડા છાંટા પડે છે. મારા ગાલ ઉપર એક
ાંટો પડ્યો."

ઘોડાને ચાબૂક મારતાં જેવી અસર થાય છે, તેવી અસર સોડા-
ટરના પ્રસ્તુત શબ્દોથી શરતચંદ્ર ઉપર થઈ. તે કૂદ્યો અને અગાઉ
રતાં વિશેષ ત્વરિત ગતિથી ચાલતાં બોલ્યો: "જલદી કરો ! જલદી કરો."

સોડાવોટર ફરજ તરીકે તેની પાછળ દોડવા લાગ્યો. પરંતુ
ારતચંદ્રના જવાબથી તેને સંતોષ થયો ન હતો. ઉતાવળ કરવાનું કારણ

તે સમજી શકયો ન હતો. દોડનાં દોડતા તેનાં ફેફસાં ધમણની માફક ઉછળતાં હતાં, તે હાંફી ગયો હતો. બોલવામાં તેને ત્રાસ પડતો હતો. તથાપિ તેણે પ્રશ્ન કર્યો: "પણ આટલી બધી ઉતાવળ કરવાનું કારણ શું ?"

"કારણ, ! તમે કારણ ન સમજી શક્યા ? આપણી તપાસ, મારી ફતેહ અને તમારૂં ઇનામ એ સર્વનો આધાર આ પશ્ચિમ તરફથી ધસડાઇ આવતાં વાદળાં ઉપર છે."

"અહો !"

"માત્ર પાએક કલાક ધીમો વર્ષાદ આવે તો પણ આપણા સમય અને શ્રમનો બિલકુલ અંત આવી જાય. કારણ કે વર્ષાદ આવવાથી આપણી પાસે જે પુરાવા છે તે બધા ભુંસાઇ જાય. એટલા માટે જ હું તમને ઉતાવળ કરવાનું કહું છું. તમે જાણો છો કે આ કેસ અતિ ગંભીર અને રહસ્યપૂર્ણ છે. તેમાં માત્ર એકલા શબ્દોથી ચાલી શકે નહિ. આપણે ન્યાયાધીશને કહીએ કે અમે આ પગલાંનાં નિશાન જોયાં છે, તો તે આપણને તુરત સવાલ કરે કે કયા સ્થળે ? તેનો આપણે શો જવાબ આપી શકીએ ? આપણે પ્રતિજ્ઞા પૂર્વક કહીએ કે અમે એક પુરુષ તથા બે સ્ત્રીઓનાં પગલાંનાં નિશાન જોયાં હતાં, તો ન્યાયાધીશ કહેશે કે 'ચાલો, મને બતાવો !' તે વખતે જો આપણે ન બતાવી શકીએ તો ? ન્યાયાધીશ આપણને મૂર્ખ અને બેદરકાર માને, અને ગજાનન એમ પણ જાહેર કરે કે તેની પ્રતિષ્ઠા ઘટાડવા તથા આપણી કીમત વધારવાને માટે આપણે તદ્દન કપોલકલ્પિત હકીકત જણાવીએ છીએ."

"પણ દાખલા તરીકે—"

"દોડો—ઉતાવળ કરો ! આવતી કાલે આપણે વધુ ચર્ચા કરીશું. એમ માનો કે કદાચ વર્ષાદ ન પણ પડે, અને તો પછી આ સંપૂર્ણ, સ્પષ્ટ તથા ઓળખી શકાય તેવાં નિશાન જેનાં પગલાંનાં છે તે લોકોનું

આવી બન્યું સમજવું. છતાં વર્ષાદ નહિ જ આવે એમ માનીને આપણે નિર્ભય રહેવાની જરૂર નથી. આપણે તો એમ જ માનવું કે વર્ષાદ પડવાનો છે; અને તો પછી આ નિશાનોનું આપણે કેવી રીતે રક્ષણ કરી શકીયે ? જો મારૂં લોહી તેમાં રેડવાથી તે નિશાન જેવીને તેવી સ્થિતિમાં રહી શકતાં હોય તો તેમ કરવાને હું તૈયાર છું."

સોડાવોટરે વિચાર કર્યો કે અત્યારસુધીમાં તેણે આ કાર્યમાં માત્ર ફાનસ પકડવા સિવાય બીજો કશો ભાગ લીધો નથી. પરંતુ અત્યારે જો તેનાથી બની શકે તો આ પગલાંનાં નિશાનનું રક્ષણ કરવાની યુક્તિ શોધી કાઢવી. કે જેથી ભવિષ્યમાં મળનારા ઇનામનો પોતે ખરો ભાગીદાર ઠરી શકે.

તેણે કહ્યું: "આવાં નિશાન જાળવી રાખવાની એક કળા મારા જાણવામાં છે."

એ શબ્દો સાંભળીને **શરતચંદ્ર** ચાલતો ચાલતો અટકી ગયો અને બોલ્યો: "તમારા જાણવામાં છે ?" 'તમારા' શબ્દ ઉપર તેણે ખાસ ભાર મૂક્યો હતો.

"હા, મારા જાણવમાં છે. ગયાના આગલા આશો માસમાં પેલો 'શ્વેત સદન' વાળો કેસ બન્યો હતો. તે વખતે એ યુક્તિ અજમાવવામાં આવી હતી."

"એ કેસ મને યાદ છે."

"શ્વેત સદનના આંગણામાં વર્ષાદને લીધે ભીની થયેલી જમીન-પર એક નિશાન હતું તેના તરફ એક ડિટેક્ટિવનું લક્ષ ખેંચાયું હતું. તેણે કહ્યું કે આ નિશાન ઉપર જ આખા કેસનો મુખ્ય આધાર છે અને આ કેસમાં દસ વર્ષ સુધી સખ્ત જહેમત ઉઠાવવામાં આવે તે કરતાં આ એક નિશાન વધારે કીમતી છે. એટલે સ્વાભાવિક રીતે જ તેણે એ નિશાન જાળવી રાખવાની ઇચ્છા દર્શાવી. તે ઉપરથી એક રસા-યણ શાસ્ત્રીને બોલાવવામાં આવ્યો."

" વારૂ, પછી તેણે શું કર્યું ?"

" એ યુક્તિને અમલમાં મૂકવામાં આવી એ વખતે હું જાતે ત્યાં હાજર ન હતો. પરંતુ એક માણસે તે વિષે બધી હકીકત જણાવી હતી અને તે નિશાન ઉપરથી પાડેલું બીબું પણ મને બતાવ્યું હતું."

" પણ એ બીબું તેમણે કેવી રીતે ઉતાર્યું ?"

" ઉતાવળો ન થા, તે જ હું તને જણાવું છું. પ્રથમ તો ઉત્તમ પ્રકારનાં જીલેટાઇનનાં પતરાં લાવ્યા. તે પતરાંને ઠંડા પાણીમાં ભીંજવ્યાં, તે નરમ થઈ ગયાં એટલે એ પતરાંને ગરમ કરવામાં આવ્યાં. તેનો બહુ પાતળો નહિ અને જાડો પણ નહિ એવો રસ થયો એટલે તેને ઠરવા દીધો. તેમાંથી ગરમી નિકળી ગઈ એટલે પગલાંના નિશાન ઉપર તે સંભાળ પૂર્વક રેડવાથી તેનું આબાદ બીબું બની ગયું."

આ હકીકત સાંભળવામાં નકામો સમય ગૂમાવ્યો હોય એવો ભાવ શરતચંદ્રના ચ્હેરાપર પ્રકટી રહ્યો. તે બોલ્યો: " બસ કરો, આ પદ્ધતિ ઘણા વખતની જૂની છે અને તે ઘણાં પુસ્તકોમાં આપેલી છે. તે પદ્ધતિ ઉત્તમ છે પણ તે અત્યારે આપણને શા કામની ? તમારી પાસે જીલેટાઇનનું પતરૂં છે ?"

" ના."

"મારી પાસે પણ નથી, અને તે મેળવવાનો વખત પણ નથી."

પછી એક પણ શબ્દ બોલ્યા વગર બન્ને જણ ચાલવા લાગ્યા અને પાંચ મીનીટમાં ચંદ્રભાગાની હોટેલમાં પહોંચી ગયા. સોડાવોટરની ઇચ્છા અહીં આવીને આરામ લેવાની હતી પરંતુ શરતચંદ્રે તેની ઇચ્છા પાર પડવા દીધી નહિ.

તે બોલ્યો: " એક માટીનું કુંડું, એક રકાબી અને એક કળશી-યામાં પાણી લાવો, તથા તે પછી તમે અહીં જૂની પેટી કે પાટીયાં એવું જૂઓ તે એકઠાં કરો."

સોડાવોટર એ પ્રમાણે કરતો હતો તે દરમ્યાન **શરતચંદ્ર એક** તુટેલા શીશાનો કકડો લઈને એ ઓરડાની દિવાલ પાસે ગયો અને કાચના કકડા વડે તેના પરથી ચુનો ઉખાડવા લાગ્યો.

વાદળાંને ઘટ્ટ થતાં જોઇને પ્રારંભમાં 'વર્ષાદ બગાડશે કે શું?' એવી ભીતિ તેના મનમાં ઉત્પન્ન થઈ હતી અને તેથી તેની વિચાર-શકિત મંદ પડી ગઇ હતી. પરંતુ થોડા વિચાર કર્યા પછી પોતાની નિષ્ફળતાને અટકાવવા માટેની યોજના તેના મનમાં ઉદ્ભવી. તેને અમલમાં મૂકવાનો નિશ્ચય કરીને તે કામે લાગ્યો હતો.

લગભગ સાત–આઠ મૂઠી જેટલો ચુનો જમીનપર એકઠો થયો એટલે તેમાંથી અર્ધો થોડું પાણી નાખીને પલાળ્યો. બીજો ચુનો એક રકાબીમાં ભરી લીધો. પછી તે બોલ્યોઃ "**સોડાવોટર** ! તમે ફાનસ સળગાવીને મારી સાથે ચાલો."

બન્ને જણા બગીચામાં ગયા. ત્યાં જઈને **શરતચંદ્રે** જમીનમાં વિશેષ ઊંડાં ઉતરેલાં નિશાનોની તપાસ કરી. પછી તે એ નિશાનો ઉપર ચિંતાપૂર્વક ધ્રૂજતા હાથે પોતાનો અખતરો અજમાવવા લાગ્યો.

પ્રથમ તેણે દરેક પગલાંમાં થોડો થોડો સૂકો ચુનાનો ભૂકો નાખ્યો અને પછી તેના ઉપર પલાળેલો ચૂનો થોડો થોડો ધીમે ધીમે રેડ્યો. અહા ! કેટલો બધો આનંદ ! તેનો અખતરો સફળ થયો. ચુનાનું પગલાના જેવું જ બીબું બની ગયું. એ પ્રમાણે એક પછી એક પગલાંપર તેણે અખતરો અજમાવ્યો અને એક કલાકની મહેનત પછી એવાં લગભગ છ–સાત પગલાંને રક્ષવાને તે શક્તિમાન થઇ ગયો. જો કે તે પગલાંની ઉપરની બહારની કિનારી સ્હેજ અસ્પષ્ટ બની ગઇ હતી. છતાં પૂરાવાને માટે તેમાં હરકત આવે તેમ ન હતી.

શરતચંદ્રની ભીતિ સાચી હતી. વર્ષાદ પડવો શરૂ થઇ ગયો હતો. પરંતુ તેણે આ તમામ તૈયાર કરેલાં નિશાન ઉપર ભાંગેલી પેટીઓ

અને પાટીયાં ઢાંકી દીધાં, એટલે હવે કશી ચિંતા જેવું ન હતું. ન્યાયાધીશ આવે તો તેને જવાબ આપવાને માટે તે તૈયાર બની ગયો હતો.

પ્રકરણ ૮ મું.

ભયંકર ભૂલ.

સજ્જન મનુષ્યોને સર્વથા પરિત્યાજ્ય એવી આ **ચં**દ્રભાગાની હોટેલથી આ બે જણા મેદાનને રસ્તે થઇને આગળ જ્યાં પેલી ગાડીના પૈડાનું નિશાન જણાયું ત્યાં ગયા હતા. તે સ્થળ ઘણું દૂર હતું અને આ બે જણાને બધી માહિતી એકત્ર કરવામાં લગભગ ચાર કલાક લાગ્યા હતા.

તે દરમ્યાન આ ભયંકર ગૃહ તદ્દન ખુલ્લું અને અરક્ષિત હતું. એથી જો કોઇ અંદર ગુપ્ત રીતે પ્રવેશ કરવા ધારે તો તે અશક્ય ન હતું. પોતે આવી રીતે આ મકાન ખુલ્લું રાખવાની કરેલી ભૂલનો **શરત**ચંદ્રને ખ્યાલ આવ્યો. પણ એ માટે તેને વિશેષ ભય જેવું લાગ્યું નહિ. કેમ કે આટલી મોડી રાત્રિએ આવા સ્થળે આવવાની કોઇ બદમાશ મનુષ્ય પણ હિંમત કરે નહિ, અને કદાચ અંદર દાખલ થાય તો પણ અહીં પડેલાં ત્રણ મડદાં જોઇને દ્વારમાં જ થંભી જાય અને ત્યાંથી જ પલાયન થઇ જાય. આ વિચારો એક ક્ષણ માત્રમાં **શરત**-ચંદ્રના મનમાં ઉદ્દ્ભવી ગયા હતા. જો કે આ વિષયમાં તેણે **સો**ડા-વોટરને કશું પણ જણાવ્યું નહિ.

હવે તેને પોતે અત્યાર સુધીમાં લીધેલા શ્રમનો વિચાર આવ્યો. પોતે કરેલા તપાસથી તેણે **સો**ડાવોટરને અત્યંત આશ્ચર્યથી ચકિત બનાવ્યો હતો ખરો. પરંતુ અત્યાર સુધીની મહેનતના પરિણામે તેણે પ્રાપ્ત

શું કર્યું ? આ ભેદ ભરેલા રહસ્યનો ઉકેલ થઇ શકયો હતો ? માત્ર પૂરાવા અને અનુમાન તથા કલ્પના સિવાય બીજા કશા ખાસ મુદ્દા તેના હાથમાં આવ્યા હતા ? અત્યાર સુધીમાં તેણે પૂરાવાનું એવું ચણતર ઊભું કર્યું હતું કે જો તેમાંથી એક ઇંટ ખસેડી કાઢવામાં આવે તો આખું ચણતર કડ્ડડ્ડ ભુસ થઈ જાય.

આજ રાત્રિએ ડિટેકિટવ તરીકેના તેના ભવિષ્યનો નિર્ણય થઇ જવાનો હતો. એટલે તેણે વિચાર કર્યો કે ' કદાચ આ પ્રયત્નમાં મને વિજય પ્રાપ્ત ન પણ થાય, તો યે પરાજય સ્વીકારવાને માટે તૈયાર રહેવું જ જોઇએ. ' અને તેથી લેશ પણ અભિમાન સિવાય વિનયભાવે તે બોલ્યો: " આપણે બહાર આપણાથી જે કાંઇ બની શકયું તે કર્યું છે. હવે આપણે આ મકાનની અંદરના ભાગમાં તપાસ કરીએ તો સારૂં. "

તેમણે તપાસ શરૂ કરી. આ બે જણા બહાર નીકળ્યા તે વખતે જેવી સ્થિતિમાં આ ઓરડાને જોયો હતો તેવી જ સ્થિતિમાં તે હતો. દીવો બળતો હતો, મડદાં જ્યાંનાં ત્યાં પડેલાં હતાં, ટેબલ, ખુરસી. રકાબી, પ્યાલા, વગેરે આમતેમ એરણ વેરણ પડયાં હતાં. શરતચંદ્રે તે દરેકે દરેક વસ્તુની તપાસ લેવા માંડી.

અત્ર એટલો ખુલાસો કરવાની જરૂર છે કે ચંદ્રભાગા પોતાની હોટેલમાં રાજ્યની પરવાનગીથી મદ્ય પણ રાખતી હતી. કારણ કે તેને ત્યાં ચહા-કોફીના ભોગી કરતાં મદ્યપાનના શોખીન જ વધારે સંખ્યામાં આવતા હતા.

જમીન ઉપર રકાબી, પ્યાલા વગેરે પડયાં હતાં, તે ઉપરાંત પાંચ મોટા દેખાવના કાચના ગ્લાસ તેમના જોવામાં આવ્યા. આ ગ્લાસમાં બહારના દેખાવ ઉપરથી લગભગ અર્ધો શીશો દારૂ સમાઇ શકે એમ લાગતું હતું, પણ વસ્તુત: તે અત્યંત જાડા અને તળીએથી ઉપસેલા હોવાને

લીધે એક ગ્લાસમાં પા શીશો પણ દારૂ સમાતો ન હતો. આ પાંચમાં-હેના ત્રણ તુટેલા અને બે અખંડ હતા.

આ પાંચે ગ્લાસમાં ખજુરીનો શર્કરા મિશ્રિત લાલ રંગનો દારૂ હોવો જોઇએ એમ તેમના રંગ પરથી લાગતું હતું. શરતચંદ્રે વિશેષ ખાત્રીને માટે દરેક ગ્લાસ સુંઘી જોયો. એટલે પોતાના અનુમાન વિષે શંકા રહી નહિ.

પછી તેણે દરેક ઉથલાઇ પડેલા ટેબલની પાસે પડેલા શીશાની તપાસ કરી. આમાંથી બારીની નજીકના ટેબલ પાસે પડેલા શીશામાં આ ગ્લાસમાંના જેવો જ દારૂ ગંધાતો હતો.

શરતચંદ્રને આ ખાસ અગત્યનો મુદ્દો લાગ્યો. કારણ કે આ ઉપરથી એટલું સ્પષ્ટ થતું હતું કે પાંચ જણાએ સાથે આ ખજુરના દારૂનું પાન કર્યું હતું. પણ તો પછી એ પાંચ માણસો ક્યાં ?

" અહો ! " તેના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડયો: " ત્યારે પેલી બે સ્ત્રીઓ ખૂનીની સાથે ન હોવી જોઈએ. "

પરંતુ આ બાબત નક્કી કરતાં પહેલાં તેણે બીજા ટેબલ પાસે પડેલા ગ્લાસની તપાસ કરી. તે ગ્લાસમાં બ્રાન્ડીની વાસ આવતી હતી. તે જોઈ શકયો કે ખૂની એકલો હતો. આ ગ્લાસ પણ એક જ છે. ત્યારે તેણે બ્રાન્ડી પીધો હોવો જોઇએ; અને આ સ્ત્રીઓ તેની સાથે ન હતી, એટલે તેમનું બીજા માણસોએ અપમાન કર્યું હોય એ કારણથી ખૂની તેમની સાથે લડાઇમાં ઉતર્યો નથી એ વાત સિદ્ધ થાય છે.

આ શોધથી પોતાની અગાઉની કલ્પનામાં રહેલી ભૂલનો તેને ખ્યાલ આવ્યો. તે ચિંતાતુર બની ગયો. પરંતુ એ હકીકત તેણે પ્રકટ કરી નહિ. એ વખતે તેના સહચારી સોડાવોટરના મુખમાંથી એક આશ્ચર્યોદ્‌ગાર સરી પડયો. શરતચંદ્રે તેના તરફ દૃષ્ટિ કરી. તે ફીક્કો પડી ગયેલો દેખાયો.

"કેમ! શું છે?" શરતચંદ્રે પ્રશ્ન કર્યો.

"આપણી ગેરહાજરીમાં કોઈ અહીં આવી ગયું લાગે છે."

"અસંભવિત."

"એ અસંભવિત નહિ પણ સત્ય છે."

જ્યારે ચંદ્રભાગાને ગિરફતાર કરીને લઇ જવામાં આવી, તે વખતે તેણે પોતાના શરીરને ઠંડીથી બચાવવાને માટે સુતરાઉ કબજો કાઢીને ગરમ ઉનનો કબજો પહેરી લીધો હતો અને સુતરાઉ કબજો દાદરના પગથીયા ઉપર નાંખ્યો હતો. ત્યાર પછી આ બે જણાએ તેનો સ્પર્શ પણ કર્યો ન હતો. તે કબજો દાદરના પગથીયાને બદલે જમીન ઉપર પડયો હતો અને તેના ગજવામાંથી નીકળીને તેની પાસે એક ચાર આનીનો સિક્કો તથા થોડાક પૈસા ભોંયપર પડેલા હતા. આ કોઈ મનુષ્યના અત્રાગમનનો સ્પષ્ટ પૂરાવો હતો.

શરતચંદ્રના ગભરાટનો પાર ન રહ્યો. અત્યારે તેના મગજમાં અનેક વિચારોની સાઠમારી ચાલી રહી હતી. "અહીં કોણ આવ્યું હશે?" તે બડબડયો: "ચોર? એ સંભવિત નથી."

ત્યાર બાદ થોડો સમય મૌન રહ્યા પછી તે બોલ્યો: "આ સ્થળે ત્રણ માણસોનાં મડદાં પડેલાં હોવા છતાં યે જે મનુષ્ય અહીં આવ્યો હશે, તે મનુષ્ય ખૂનીના મદદગાર સિવાય બીજો કોઈ પણ હશે નહિ. પરંતુ એવી શંકા ઉપર આધાર ન રખાય. તે જ આવ્યો છે કે બીજો કોઇ તે નક્કી કરવું જોઇએ. હું જરૂર નક્કી કરીશ."

તેમણે લાંબો સમય તપાસ કરી. છેવટ અર્ધા–પોણા કલાકના શ્રમ પછી જે બારણામાં થઈને પોલીસની ટોળી આ મકાનમાં દાખલ થઈ હતી, તે બારણા પાસે બહાર ઓટલા ઉપર ગજાનનના પગલા પાસે એક બીજા પગલાનું નિશાન દેખાયું. આ નિશાન બગીચામાં જે પુરુષના પગલાનું નિશાન હતું તેની સાથે તંતોતંત મળતું આવતું હતું. તેમણે સરખામણી કરી તો બન્ને નિશાનમાં બૂટનાં તળીઆં અને ખીલા એક જ પ્રકારનાં હતાં.

"તે જ હોવો જોઇએ." શરતચંદ્ર બોલ્યો: "તે આપણી હીલચાલ ઉપર નજર રાખતો હશે. તેણે આપણને બહાર જતા જોયા હશે, અને પછી તે અહીં આવ્યો હશે. પણ શા માટે? આવું જોખમ ભરેલું સાહસ કરવાને માટે તેને એટલી બધી શી અગત્ય લાગી હશે?"

એકાદ પળ વિચાર કર્યા પછી તે પુનઃ બોલ્યો: "અહો! હવે સમજી શકાય છે. આ ભયંકર અને રહસ્યપૂર્ણ કેસ ઉપર પ્રકાશ નાંખે એવી એકાદી વસ્તુ કાં તો અહીં રહી ગઈ હશે અથવા તો તેઓ ભૂલી ગયાં હશે કે પછી ખોવાઈ ગઈ હશે. તે મેળવવાને માટે—શોધી કાઢવાને માટે આ માણસે આવું જોખમ ખેડવાનો નિશ્ચય કર્યો હશે. હું મને બહુ ચાલાક અને કુશળ સમજતો હતો. પરંતુ મારી ભૂલને લીધે—બેદરકારીને લીધે જ આવો અગત્યનો મુદ્દો આપણા હાથમાંથી ગયો. એક સાધારણ બુદ્ધિના મનુષ્યને પણ અહીંથી બહાર જતી વખતે તમામ દ્વારને બરાબર બંધ કરીને તાળું લગાવવાનું સૂઝયું હોત. હું કેટલો મૂર્ખ—"

એકાએક તે આગળ બોલતો અટકી ગયો અને ઓરડાના એક ખૂણા તરફ આંગળી કરીને તે તરફ લક્ષપૂર્વક જોઈ રહ્યો.

"શું છે?" તેના ભયભીત થયેલા સહચારીએ પ્રશ્ન કર્યો.

શરતચંદ્રે તેને કશો જવાબ આપ્યો નહિ. પરંતુ તે ધીમેથી ઉઠયો અને જે ખૂણા તરફ પોતે જોઈ રહ્યો હતો ત્યાં ગયો. જમીન તરફ વાંકો વળી, કશીક વસ્તુ ઉપાડીને તે બોલ્યો: "મારી મૂર્ખતા આવા સારા બદલાને યોગ્ય નથી."

તેણે જે વસ્તુ ઉપાડી તે કાનમાં પહેરવાનું એરિંગ હતું. તે એરિંગમાં એક મોટો હીરો ચમકી રહ્યો હતો. આ અલંકાર અત્યંત મૂલ્યવાન્ અને દેખાવડો લાગતો હતો. તેણે જણાવ્યું: "આ હીરાનું મૂલ્ય ઓછામાં ઓછું ત્રણથી ચાર હજાર રૂપીઆ હોવું જોઇએ."

"તું ચોક્કસ તપાસ કરીને કહે છે ?"

"હું ધારૂં છું કે હું તે માટે જરૂર પડે તો સોગન લેવાને પણ તૈયાર છું." તે બોલ્યો.

થોડા સમય પહેલાં 'હું ધારૂં છું' એમ બોલવાને બદલે 'હું કહું છું' એમ તે બોલ્યો હોત. પરંતુ તેણે બારણું ખૂલ્લું રાખવાની જે ભૂલ કરી હતી, તેની અસર તેના ઉપર સજ્જડ થઈ હતી, અને તે જીવ્યો ત્યાં સુધી એ ભૂલને માટે પશ્ચાત્તાપ કરતો હતો.

"ખૂનીનો મદદગાર કદાચ આ હીરાજડિત એરિંગ લેવાને માટે અહીં આવ્યો હશે ?" સોડાવોટરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

"એ કલ્પના સ્વીકારવા જેવી નથી. જો એમ હોત તો તેણે ચંદ્રભાગાના કબજાનાં ગજવાંની સંભાળ લીધી ન હોત. ના, તે અહીં બીજું કાંઇ ખોળવાને માટે આવ્યો હશે. દાખલા તરીકે એકાદો પત્ર—"

પરંતુ વૃદ્ધ સહચારીનું તેના તરફ લક્ષ ન હતું. તે એરિંગ લઇને તેનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તે પણ હીરાના ચમકારાથી મુગ્ધ બની ગયો હતો. તે બડબડયો. "જે સ્ત્રી સાત–આઠ હજારની કીંમતનાં એરિંગ પોતાના કાનમાં ધારણ કરી શકે છે. તે આવી ભિખાર હોટેલમાં આવી હશે એવી કલ્પના પણ કોને આવે ? કોઇને કદીએ તો તેના માનવામાં પણ કેવી રીતે આવે ?"

"હા, આ બધું વિચિત્ર છે, ન મનાય તેવું છે. અસંભવિત લાગે છે. પરંતુ જો કદી આપણે આ કેસના રહસ્યનો પાર પામી શકીશું તો હજી પણ આના કરતાં યે વધારે વિચિત્ર અને ન મનાય તેવી અનેક બાબતો આપણા જાણવામાં આવશે." શરતચંદ્ર એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને બોલ્યો.

પ્રકરણ ૯ મું.

રિપોર્ટ તૈયાર કર્યો.

વાજબી અને ગેરવાજબી, સંભવિત અને અસંભવિત, શક્ય અને અશક્ય, એવા પ્રકારની શંકા દરેક ડિટેકિટવને કોઈ પણ કેસમાં તેની તપાસના પ્રારંભથી તે અંતપર્યંત આવ્યા જ કરવાની. જો તેમાં ઉતાવળો કે આકળો ન થતાં શાંત મગજથી વિચાર કરીને તે આગળ વધે તથા નિરાશ થઇને છોડી નહિ દેતાં ઉત્સાહ પૂર્વક મંડયો રહે, તો છેવટે તેને તે કાર્યમાં સફળતા મળ્યા સિવાય રહે નહિ

આપણે પણ જોઈ ગયા કે શરતચંદ્રને તેની તપાસમાં ડગલે ને પગલે અનેક મુશ્કેલીઓ અને અનેક શંકાઓ આવી હતી. છતાં પણ શાંતિ અને ખંતને લીધે તે અત્યાર સુધીમાં આટલા પૂરાવા એકત્ર કરી શકયો હતો. હવે તેને અહીં ખાસ તપાસવા જેવું કશું બાકી રહ્યું ન હતું. માત્ર આ બધી તપાસનો રિપોર્ટ તૈયાર કરવાનું કાર્ય પૂર્ણ કરવાનું હતું.

અરૂણોદય થઈ ગયો હતો. સૂર્યોદય થવાની તૈયારી હતી. તે વખતે શરતચંદ્ર ટેબલ પર બેસી પોતાના ગજવામાંથી કાગળ ને પેન્સીલ કાઢીને રિપોર્ટ તૈયાર કરવા બેઠો. પ્રથમ તો તેણે આ મકાન અને તેની આસપાસના જરૂરી પ્રદેશનો નકશો તૈયાર કર્યો. કેમ કે બીજાઓને મોઢે કહેવા કરતાં આ નકશાની મદદથી વધારે સારી રીતે સમજાવી શકાય.

આ નકશાને લગતો ખુલાસો તેણે તેની નીચે આપ્યો હતો. તે આ પ્રમાણે હતોઃ—

૧. જે સ્થળેથી ઇન્સ્પેક્ટર ગજાનનની આગેવાની નીચે ડિટેક્ટિવ પોલીસની ટોળીએ મૃત્યુ પામતાં મનુષ્યોની બૂમ સાંભળી હતી તે સ્થળ હોટેલથી એકસો ને ત્રેવીસ વાર દૂર હતું. એટલે સકારણ એવું અનુમાન થઇ શકે કે આ બૂમો પહેલવહેલી હતી અને તેથી તે જ વખતે લડાઇની શરૂઆત થયેલી હોવી જોઇએ.

૨. હોટેલનું ગજાનનરાવે તોડી નાંખેલું દ્વાર ઉત્તરાદા બારનું છે અને તેની પશ્ચિમ તરફની શટરવાળી બારીમાંથી પોલીસ ટોળી માંહેનો એક અંદરનું દશ્ય જોઈ શકયો હતો.

૩. હોટેલમાં એક પશ્ચિમ તરફની બારી પાસે, બીજું બારણામાં પેસતાં ડાબી બાજુએ અને ત્રીજું બારણાની સામે એમ ત્રણ ટેબલ પડયાં હતાં.

૪. હોટેલમાં જમણી બાજુએ દિવાલ પાસે ચહા કોફી વગેરે બનાવવાને માટે શઘડીઓ રાખવાનું ટેબલ છે.

૫. કાચના પાંચ ગ્લાસ તથા દારૂનો શીશો વગેરે તુટેલી અવસ્થામાં હોટેલના દ્વારની જમણી બાજુના ટેબલ તથા શઘડીઓ મૂકવાના ટેબલની વચ્ચે નીચે પડેલાં મળી આવ્યાં હતાં.

૬. અંદરના ઓરડામાં જવાનું દ્વાર પ્રવેશ દ્વારની સામે જ આવેલું છે.

૭. તે અંદરના ઓરડાનું દક્ષિણાદા બારનું દ્વાર પાછળના બગીચામાં પડે છે. જે સિપાઇએ ખૂનીને ન્હાસી જતો અટકાવવાનો વિચાર કરેલો તે આ દ્વારમાંથી હોટેલમાં આવ્યો હતો.

૮. હોટેલના બગીચાનો ઝાંપો દક્ષિણ તરફ બગીચાની ડાબી બાજુના ખૂણા પર આવેલો છે.

૯. તેમાં હોટેલના પાછલા ઓરડાના દ્વારથી બગીચાના ઝાંપા સુધી તથા તેની બહાર અહીં રોકાયેલા સિપાઇએ જમીનપર પગલાંનાં નિશાન શોધી કાઢયાં છે.

આ ઉપરથી જોઇ શકાશે કે આ ખુલાસામાં શરતચંદ્રે એક પણ સ્થળે પોતાના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. પોતાને માટે 'સિપાઇ' શબ્દનો જ ઉપયોગ કર્યો હતો.

આમ કરવામાં વિનમ્રતા કરતાં બીજો ખાસ વિશિષ્ટ હેતુ હતો. કારણ કે તે સમજતો હતો કે જ્યારે ત્યારે આ રિપોર્ટ તૈયાર કરનારના સંબંધમાં પૃચ્છા થયા સિવાય રહેવાની નથી. તે વખતે પોતાનું નામ એકાએક બહાર આવવાથી વિશેષ પ્રસિદ્ધિ મળવાનો સંભવ હતો.

પછી તેણે બધી હકીકત લખવા માંડી. આ એક સામાન્ય રિપોર્ટ હતો અને તપાસ વખતે તે રજૂ કરવાનો હતો, તથાપિ કોઇ યુવાન સરદાર પોતે યુદ્ધમાં પ્રાપ્ત કરેલી પહેલી ફતેહનો રિપોર્ટ જેટલી કાળજીથી તૈયાર કરે તેટલી કાળજીથી શરતચંદ્ર આ રિપોર્ટ તૈયાર કરતો હતો.

તે નકશો દોરતો હતો અને લખતો હતો તે વખતે સોડાવોટર પ્રશંસાત્મક દૃષ્ટિથી તેની સામે અને કાગળ સામે જોયા કરતો હતો. તેના મનમાં શરતચંદ્ર માટેનું માન વૃદ્ધિને પામતું હતું. પરંતુ હવે તેને કંટાળો આવવા લાગ્યો. આખી રાત્રિની મહેનતથી તે શ્રમિત થઇ ગયો હતો, સ્હવારનો શિતળ વાયુ પણ શરીરને કમકમાવતો હતો, તેનાં નેત્રો બળતાં હતાં, મસ્તક ચડયુ હતું. તે ઉઠ્યો અને કબાટ ખોલીને તેમાં તપાસ કરવા લાગ્યો. તેના સદ્‌ભાગ્યે કબાટના વચલા ખાનામાંથી બ્રાન્ડીનો શીશો મળી આવ્યો. આ શીશો પોણો ભરેલો હતો. અંદરથી એક ગ્લાસ લઇને તેમાં શીશા માંહેનો બ્રાન્ડી મ્હોં સુધી રેડીને આખો ગ્લાસ તે ગટગટાવી ગયો.

પછી તેણે શરતચંદ્રને પૂછ્યું: "તમે થોડું સોડાવોટર લેશો ?"

શરતચંદ્રનું લક્ષ રિપોર્ટ લખવામાં હતું, તેમાં અંતરાય પડવાથી તેને સ્હેજ ગુસ્સો ચડયો. પરંતુ 'સોડાવોટર' શબ્દ સાંભળીને તેણે સ્મિત કર્યું અને કહ્યું: "હું કદિ પણ મદ્યપાન કરતો નથી." એટલું

કહીને પુન: તેણે લખવામાં ચિત્ત પરોવ્યું. તેના મનમાં અત્યારે એક જ વિચાર ચાલી રહ્યો હતો કે આ રિપોર્ટ વાંચીને ન્યાયાધીશ કહેશે કે ' આ રિપોર્ટ તૈયાર કરનારને અહીં બોલાવો. ' એ શબ્દો ઉપર જ તેનું ભવિષ્ય લટકેલું હતું.

તેણે રિપોર્ટ બહુ જ ટુંકામાં પણ સ્પષ્ટ અને સુંદર ઇબારતમાં તૈયાર કર્યો હતો. ખૂનના મુદ્દાના સંબંધમાં તેને શંકા કેવી રીતે ઉદ્દ્-ભવ પામી, કેવી રીતે વૃદ્ધિને પામી અને કેવી રીતે નિશ્ચિત થઈ, એ તેણે સ્પષ્ટ કર્યું હતું. વળી આ સર્વ સત્ય ઘટના કે જે કદાચ સત્ય ન હોય તો પણ તેને સત્ય માનીને તેના આધારે આગળ તપાસ કરી શકાય તેમ છે, એ પોતે કેવી રીતે એક પછી એક પૂરાવા, અનુમાન તથા તર્કથી નક્કી કરી, એ ટુંકામાં બતાવવાનો તેણે પ્રયત્ન કર્યો હતો.

ત્યારપછી તેણે પોતાની સામે ટેબલ ઉપર પડેલી અને બીજી જરૂરની વસ્તુઓની નોંધ કરી હતી. તેમાં ઓવરકોટના ભૂરા રંગના ઉનના રેસા, મૂલ્યવાન એરિંગ, બગીચામાં પડેલાં જુદાં જુદાં પગલાંનાં નિશાનનાં બીબાં અને ચંદ્રભાગાનો કબજો હતાં.

વળી ખૂનીની પિસ્તોલનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પિસ્તોલ પાંચ બારની હતી. તેના ત્રણ બાર ભરેલા હતા. આ પિસ્તોલ ન્હાની પરંતુ દેખાવડી હતી અને તેના ઉપર લંડનની શસ્ત્રો બનાવનારી એક પેઢી ' સ્ટીવન, ૨૫, સ્કીનર સ્ટ્રીટ, લંડન ' નું નામ હતું.

શરતચંદ્રને એમ લાગ્યું હતું કે આ મૃત્યુ પામેલા મનુષ્યોનાં શબની તપાસ કરવાથી તે કદાચ બીજી અગત્યની માહિતી મેળવી શકે ખરો, પરંતુ તેમ કરવાની તેણે હિમ્મત કરી નહિ. આવું જોખમભરેલું પગલું ભરવા જેટલો તેનો અનુભવ ન હતો. વળી તે સમજતો હતો કે પોતે આ લોકોનાં શબની તપાસ કરે, તો ઇન્સ્પેકટર ગજાનનને તેણે એ તપાસ કરવા તરફ દર્શાવેલી બેદરકારીનું સ્મરણ થાય અને તેથી

ગુસ્સાના આવેશમાં કદાચ તે એમ પણ કહે કે 'શરતચંદ્રે આ શબને આમ તેમ હલાવ્યાં હોવાથી હવે તેમની તબીબી તપાસ સંતોષકારક રીતે થઈ શકશે નહિ!'

છતાં પણ શરતચંદ્રે જેટલું પોતે કર્યું એટલાથી સંતોષ માની લીધો અને હવે તે રિપોર્ટ ફરી વાર વાંચીને અહીં તહીં રહી ગયેલી ત્રુટિને દુરસ્ત કરવા લાગ્યો. તે એ પ્રમાણે કરતો હતો તે વખતે પ્રવેશ-દ્વારના ઉંબરા પર ઉભેલા સોડાવોટરે તેને બોલાવ્યો.

"કેમ! કાંઈ નવીન જાણવા જેવું છે?" શરતચંદ્રે પૂછ્યું.

"ગજાનન તથા આપણા બે સહચારીઓ પોલિસ કમીશનર તથા બીજા બે સદ્‌ગૃહસ્થોની સાથે આવે છે."

પ્રકરણ ૧૦ મું.

કમિશનરનો અભિપ્રાય.

લગભગ સાત વાગ્યા હતા. સૂર્યોદય થઈ ગયો હતો. તે વખતે એ લોકો આ તરફ આવતા હતા. એકી સાથે થયેલાં ત્રણ ખૂનથી પોલિસ કમિશનરની જીજ્ઞાસાવૃત્તિ ઉશ્કેરાઈ હતી. પરંતુ એથી તેની માનસિક શાંતિને કશી હરકત પહોંચી ન હતી. શાની પહોંચે? ગજાનન જેવા ડિટેકિટવ ખાતાના ઈન્સ્પેકટરે તેને જણાવ્યું હતું કે "ચંદ્રભાગાની હોટેલમાં એ તરફ રહેનારા બદમાસોએ અંદર અંદર મારામારી કરવાથી ત્રણ જણા મરણ પામ્યા છે. જો આ પ્રમાણે તેઓ માંહોમાંહે કપાઈ મરે તો આપણને પણ શાંતિ મળે."

તે ઉપરાંત તેણે એમ પણ જણાવ્યું હતું કે ખૂનીને પરહેજ કરીને પાકા બંદોબસ્તથી પોલિસ ચોકીમાં રાખવામાં આવ્યો છે. એટલે આ કેસ ખાસ મહત્ત્વનો નથી.

આ સર્વ ગજાનને રાત્રે જ પોલિસ કમિશ્નરને નિંદ્રામાંથી જગાડીને કહ્યું હતું. પરંતુ કેસ બહુ મહત્ત્વનો નહિ હોવાથી પોલિસ કમિશ્નરે નિષ્પ્રયોજન ઉંઘ વેચીને ઉજાગરો કરવાની જરૂર જોઇ નહિ. સ્હવારે વ્હેલો ઉઠી તે પ્રથમ ચોકીપર ગયો. ત્યાં તેણે ખૂનીને જોયો, આ કેસની નોંધ લીધી અને પછી આ સ્થળે ધીમે ધીમે જાણે કશી ઉતાવળ ન હોય તે પ્રમાણે આવવાને માટે નીકળ્યો. તેની સાથે બે ડોકટરો હતા. તેમને રાજ્ય તરફથી આવા કેસોમાં તબીબી તપાસને માટે નિમ્યા હતા.

તેમની સાથે પાયદળની તેરમી ટુકડીનો રીસાલદાર પણ હતો. જે ત્રણ જણાનાં ખૂન થયાં હતાં તેમાંના એકે લશ્કરી કોટ પહેર્યો હતો. તેના ઉપર '૧૩' નંબર હતો. એટલે જો તે ટુકડીનો સૈનિક હોય તો તેને આ રીસાલદાર પિછાની શકે એમ ધારીને કમિશ્નરે તેને બોલાવ્યો હતો.

ઇન્સ્પેકટર ગજાનન કમિશ્નર કરતાં યે વધારે નિશ્ચંત હતો. તે ચાલતાં ચાલતાં સીટી વગાડતો હતો, સોટી આમ તેમ હલાવતો હતો, અને જેમાં પોતાના જેવા બુદ્ધિમાન તથા અનુભવી અમલદારને કશું કરવાપણું લાગ્યું નથી, તેમાં તપાસ કરવાને રોકાયેલા શરતચંદ્રની અલ્પજ્ઞતા ઉપર મનમાં ને મનમાં હસતો હતો.

તેઓ નજીક આવ્યા એટલે તેણે બારણામાં ઊભેલા સોડાવોટરને પ્રશ્ન કર્યો: "કેમ બુઢ્ઢાજી! તમે આ કેસમાં અમને જણાવવા યોગ્ય કાંઇ અતિ રહસ્યપૂર્ણ અને ભેદી ઘટના શોધી કાઢી કે નહિ?"

"મારે કશું જણાવવા જેવું નથી" બુઢ્ઢાજીએ સરલતા પૂર્વક જવાબ આપ્યો: "તમે જાણો છો કે મારી બુદ્ધિ લાંબી પહોંચતી નથી. પરંતુ મીસ્તર શરતચંદ્ર તમને જે હકીકત જણાવશે એથી તમને આશ્ચર્ય થયા સિવાય રહેશે નહિ."

સોડાવોટરે શરતચંદ્રની પૂર્વે 'મીસ્તર' શબ્દનો કરેલો ઉચ્ચાર ગજાનનને ગમ્યો નહિ. તે શરતચંદ્રને એટલું બધું માન અપાયેલું જોવાને

રાજી ન હતો. તે જાણે પોતે આ સમજ્યો જ ન હોય એવા ભાવ પૂર્વક બોલ્યો: " કોણ ? તમે કોના સંબંધમાં કહો છો ?"

"મારા સહચારી મીસ્તર શરતચંદ્રના સંબંધમાં. જૂઓ, તે પોતાનો રિપોર્ટ તૈયાર કરે છે."

" અહો સમજ્યો ! તેણે કાંઈ શોધ કરી ?"

" જે ગુલાબની બીજાને ગંધ નહોતી આવી, તેના ક્યારાની તેણે શોધ કરી છે."

આ ટીકાથી તેણે પોતાના ઉપરીને—ગજાનનને પોતાનો દુશ્મન બનાવ્યો. પરંતુ એટલું સમજી શકાતું હતું કે શરતચંદ્ર ઉપર તેને સજ્જડ વિશ્વાસ બેઠો હતો. તેણે ગમે તેવા પ્રસંગમાં પણ શરતચંદ્રના પક્ષમાં રહેવાનો નિશ્ચય કર્યો હતો.

" વારૂ, જોઈશું. " ઈન્સ્પેકટર કશું વિશેષ બોલ્યો નહિ. પરંતુ તેણે શરતચંદ્રની હીલચાલ ઉપર નજર રાખવાનો નિશ્ચય કરી લીધો.

કમિશ્નર વગેરે તેની પાછળ ધીમા ચાલે ચાલતા હતા, તેઓ પણ આવી પહોંચ્યા. આ કમિશ્નર ઘણા સમયથી પોલીસ ખાતામાં દાખલ થયો હતો, તેણે અનેક ભયાનક ઘટનાઓ જોઈ હતી, તથાપિ આ ઓરડા માંહેનું દશ્ય જોઇને તે કમકમ્યા વગર રહ્યો નહિ. તેની પાછળ આવેલો નેરમી ટુકડીનો રીસાલદાર જેવો સૈનિક પણ ધ્રૂજી ઉઠયો. માત્ર બે ડોકટરોના ઉપર આ દશ્યની કશી ખાસ અસર થઈ નહિ.

શરતચંદ્ર રિપોર્ટના કાગળો હાથમાં રાખીને ઊભો થયો. તે નમન કરીને પોતાને પ્રશ્ન થવાની રાહ જોતો વિનયશીલતા પૂર્વક એક બાજુએ ઊભો રહ્યો.

" તમારે આ સ્થળે કંટાળા ભરેલી અને ભયાનક રાત્રિ પસાર કરવી પડી હશે? પરંતુ તેની ખાસ જરૂર ન હતી. આ કેસ બહુ અગત્યનો ન હતો. " કમિશ્નર લાગણી પૂર્વક બોલ્યો.

શરતચંદ્રે નમ્રતા પૂર્વક પરંતુ દ્રઢતાથી જવાબ આપ્યો: "સાહેબ ! મને લાગે છે કે મારો સમય અહીં નકામો ગયો નથી. હું મારા ઉપરી

અધિકારીની સૂચનાને અનુસરીને વર્ત્યો છું. મે આ મકાન તથા તેની આસપાસના પ્રદેશની પૂરી તપાસ કરી છે. અને તે દરમ્યાન ઘણી બાબતો નક્કી કરી શકયો છું. દાખલા તરીકે એટલું ચોક્કસપણે જાણી શકયો છું કે ખૂનીનો એક મિત્ર, બલકે મદદગાર હતો. તેનું વર્ણન પણ હું આપી શકું તેમ છું. તે પ્રૌઢાવસ્થાનો હોવો જોઈએ અને જો મારી ભૂલ થતી ન હોય તો તેણે ગોળ ટોપી તથા ભૂરા રંગનો ગુચ્છાદાર ગરમ ઓવ્હરકોટ પહેર્યો હતો અને તેના બૂટ—"

"શું–ઉ–ઉ–ઉ!" ઈન્સ્પેકટરના મુખમાંથી ઉદ્દગાર સરી પડયો: અને હું—" તે અટકી ગયો. તેના મનમાં ઘણુંયે થયું કે આ શબ્દો બોલ્યો ન હોત તો સારૂં હતું. પણ હવે તેનો ઉપાય શો?

"અને તમે?" કમિશ્નરે પ્રશ્ન કર્યો: "તમારે શું કહેવાનું છે?"

ઈન્સ્પેકટરને પોતાના ઉપર ગુસ્સો તો ઘણો જ ચડયો, પણ કરે શું? લાચાર! જે પોતે જાહેર કરવા નહોતો ઈચ્છતો, તેનો ખુલાસો કરવો પડયો.

"સાહેબ! હું એમ કહેવા માગતો હતો કે આજે સવારે એક કલાક પહેલાં હું પોલીસ ચોકીપર આપની રાહ જોતો હતો, તે વખતે જ્યાં ખૂનીને પુરવામાં આવ્યો છે તેની સામે થોડા અંતર ઉપર એક મનુષ્ય મારા જોવામાં આવ્યો. તેનો દેખાવ શરતચંદ્રે જેનું વર્ણન આપ્યું તેના જેવો જ હતો. આ માણસ નશાથી ચકચૂર બની ગયેલો લાગતો હતો. તે લથડિયા ખાતો હતો અને દિવાલ સાથે અથડાતો હતો. તેણે રસ્તાની વચ્ચે થઈને બીજી બાજુએ જવાનો પ્રયત્ન કર્યો પણ તે બરોબર રસ્તાની વચ્ચે જ પડી ગયો. તે એવી સ્થિતિમાં પડયો હતો કે એકાદી ગાડીના પૈડા તળે કચરાઈ ગયા સિવાય રહ્યો ન હોત."

શરતચંદ્રે બીજી બાજુએ મુખ ફેરવ્યું. પોતે આ છાકટા બનેલા મનુષ્યની બાજી સમજી ગયો હતો એવું પોતાનાં નેત્રો ઉપરથી કમિશ્નર કિંવા ઈન્સ્પેકટરને જણાવા દેવાની તેની ઈચ્છા ન હતી.

ઇન્સ્પેકટરે આગળ ચલાવ્યું: "તેને એવી સ્થિતિમાં પડેલો જોઈને મે બે માણસોને બોલાવ્યા અને તેને બેઠો કરવાના ઇરાદાથી

અમે તેની પાસે ગયા. દેખિતી રીતે તે નિદ્રાધીન બની ગયો હતો. અમે તેને ઢંઢોળ્યો, બેઠો કર્યો અને એવી સ્થિતિમાં ત્યાં પડી રહેવાથી તેને થનાર નુકસાનની સમજણ આપી. પરંતુ તે અત્યંત ઉશ્કેરાઇ ગયો અને અમારી સામે યદ્દા તદ્દા બકવા લાગ્યો તથા અમારી સાથે લડવાને માટે તૈયાર થઈ ગયો. એટલે અમે તેને શુદ્ધિમાં આવે ત્યાં સુધીને માટે પોલીસ ચોકીમાં લઈ જઇને મૂક્યો."

" તમે તેને ખૂનીની સાથે એક જ કોટડીમાં પૂર્યો હતો ?" શરતચંદ્રે પૂછ્યું.

"હાસ્તો, તું જાણે છે કે પોલીસ ચોકી ઉપર કાચા કેદીઓને રાખવાને માટે માત્ર બે કોટડીઓ છે. એક પુરુષોને માટે અને બીજી સ્ત્રીઓને માટે. એટલે–"

કમિશ્નર વિચારપૂર્ણ બની ગયો હતો. તેણે કહ્યું: " આ ઠીક ન થયું. પણ હવે તેનો ઉપાય નથી."

"ના સાહેબ ! હજી એક ઉપાય છે." ઇન્સ્પેક્ટરે જણાવ્યું: "હું તે દારૂડીઆ માણસને રોકી રાખવાના હુકમ સાથે મારા એક માણસને અત્યારે જ ચોકી ઉપર દોડાવું છું."

શરતચંદ્ર વચ્ચે પૂરાયો: " મહેનત નકામી છે. જો આ મનુષ્ય ખૂનીનો મદદગાર હશે તો કયારનો ય શુદ્ધિમાં આવી ગયો હશે અને અત્યારે તો કેટલો ય દૂર પહોંચી ગયો હશે."

"ત્યારે હવે શું કરવું એ સંબંધમાં મીસ્તર શરતચંદ્ર કાંઇક રસ્તો બતાવી શકશે." ઇન્સ્પેક્ટર બોલ્યો.

" કુદરતે આપણને આવી અણમૂલી તક આપી હતી તેનો લાભ આપણે લઈ શકયા નહિ. એટલે હવે તેને માટે પશ્ચાત્તાપ કરવામાં વધુ સમય નહિ ગૂમાવતાં ભવિષ્યમાં આવી બીજી તકની આશા રાખી તે મળે ત્યારે તેનો લાભ લેવાને ચૂકવું નહિ." શરતચંદ્રે કહ્યું.

છતાં પણ ગજાનન પોતાના માણસને પોલીસ ચોકી ઉપર દારૂડીઆને રોકી રાખવાના હુકમ સાથે મોકલ્યા વગર રહ્યો નહિ. તે માણસના જવા પછી શરતચંદ્રે તેનો રિપોર્ટ વાંચવાનું શરૂ કર્યું.

તે આ રિપોર્ટ ઉતાવળથી વાંચી ગયો. રિપોર્ટમાં તર્ક પરંપરા એવી મજબૂત હતી કે કમિશ્નર અવાર નવાર પસંદગી દર્શક શબ્દો ઉચ્ચારતો હતો અને બે ડોકટરો પણ 'ઘણું જ સારૂં' શબ્દોથી વધાવતા હતા. માત્ર ગજાનન અદેખાઈની આગથી સળગી જતો હતો.

રિપોર્ટ પૂર્ણ થયા પછી કમિશ્નરે કહ્યું: "શરતચંદ્ર ! મારે કહેવું જોઈએ કે તેં એકલાએ જ આ કેસમાં સાચો તર્ક દોડાવ્યો હોય એમ લાગે છે. મારી ભૂલ પણ થતી હોય, પરંતુ રિપોર્ટમાં તેં કરેલા ખુલાસા પછી ખૂનીએ ધારણ કરેલા વલણનો મને ખ્યાલ આવી શકે છે. આજે રહવારે પોલીસ ચોકી ઉપર મેં ખૂનીને એક બે પ્રશ્નો કર્યા હતા. તે વખતે તેણે હઠિલાઈ પૂર્વક મારા પ્રશ્નોનો કશો પણ ઉત્તર આપવાનો ઇન્કાર કર્યો હતો. તે પોતાનું નામ જણાવવાને પણ કબૂલ થયો નહતો."

તે અલ્પ સમય મૌન રહીને પુનઃ બોલ્યો: "મને લાગે છે કે આવા અત્યંત રહસ્યપૂર્ણ કેસમાં માનવ ન્યાયાધીશનું ગજું નથી કે તે ખરો ન્યાય તોળી શકે."

આ શબ્દોથી પોતાના મુખપર આવેલા સ્મિતને શરતચંદ્રે દબાવી દીધું અને તે મનમાં બોલ્યો: "ઠીક છે, જોઈશું કે શું થાય છે !"

પ્રકરણ ૧૧ મું.

મડદાની તપાસ.

"લાલસિંહજી !" કમિશ્નર પેલા રિસાલદારને ઉદ્દેશીને બોલ્યો: "તમને વધુ વખત નકામા રોકી રાખવા તે યોગ્ય નથી. એટલે હવે આપણે તબીબી તપાસની શરૂઆત કરીએ. ડોકટર સાહેબ ! પ્રથમ આ લશ્કરી પોશાકવાળા મનુષ્યના મડદાની તપાસ

કરો. રિસાલદાર સાહેબ તેને ઓળખવાને માટે અહીં આવ્યા છે. તેમને પણ જવાની ઉતાવળ હોય એ દેખીતું છે. ”

બંને ડોકટરો તેની સૂચના સાથે સંમત થયા. તેમણે સોડાવોટર તથા એક બીજા પોલીસની સ્હાયથી પેલા મડદાને અગાઉથી ગોઠવી રાખેલાં બે ટેબલ ઉપર મૂકયું. ”

“ રિસાલદાર ! અહીં આવો અને આ માણસની સામે જૂઓ.” કમિશ્નરે આજ્ઞા કરી.

લાલસિંહ આ મડદા પાસે આવીને ઉભો રહ્યો.

“ તેણે કયો યુનિફોર્મ ધારણ કર્યો છે ? ”

“ પાયદળ સૈન્યના બીજા વિભાગની ૧૩ મી ટુકડીનો યુનિફોર્મ હશે. ”

“ તમે આ માણસને ઓળખો છો ? ”

“ નાજી, બિલકુલ નહિ. ”

“ તમારી ચોક્કસ ખાત્રી છે કે તે તમારી ટુકડીમાંહેનો નથી ?”

“ ચોક્કસપણે કહી શકું નહિ. કેમકે કેટલાક નવીન દાખલ થયેલા માણસોના ચ્હેરાનો મને ખ્યાલ ન રહે તે સ્વાભાવિક છે. પરંતુ હું એટલું ખાત્રીથી કહી શકું છું કે તે પાયદળ સૈન્યના બીજા વિભાગનો સૈનિક નથી. ”

અત્યારસુધી શરતચંદ્ર પાછળ ઉભો હતો તે એક પગલું આગળ આવીને બોલ્યો: “ તેનાં બીજાં કપડાં ઉપરના નંબરની નોંધ કરવામાં આવે તો સારૂં. ”

“ હા, એ બરાબર છે. ” કમિશ્નરે પસંદગી દર્શાવી.

“ તેના આ સાફા ઉપર ત્રણસો બારનો નંબર છે.” શરતચંદ્ર બોલ્યો.

તેના કહેવા પ્રમાણે બીજાં વસ્ત્રો ઉપરના નંબરની તપાસ કરવામાં આવી તો માલૂમ પડયું કે દરેક વસ્તુ ઉપર જુદો જુદો નંબર હતો.

રિસાલદાર બોલ્યોઃ " તેના દરેક કપડાપર લશ્કરી નંબર છે ખરો, છતાં પણ મારો અભિપ્રાય એવો છે કે આ માણસે કદિ પણ સૈન્યમાં નોકરી કરી નથી. તેણે માત્ર વેશપાલટો કરવાને માટે આ વસ્ત્રો પહેરેલાં હોવાં જોઇએ. "

" એમ તમે શા ઉપરથી માનો છો ? "

" સાહેબ ! તેનો સંતોષકારક ખુલાસો કરવાને માટે મારી પાસે યોગ્ય શબ્દો નથી. પરંતુ તેના વાળ ઉપરથી, તેના દેખાવ ઉપરથી, તેના આખા શરીર ઉપરથી મારી એ માનિનતા દૃઢ થઈ છે. જૂઓ સાહેબ ! તેને બૂટ કેમ પહેરવા તેનું પણ બરાબર જ્ઞાન નથી. સૈનિકો બૂટની દોરીઓ આ પ્રમાણે કદિ પણ બાંધતા નથી. "

શરતચંદ્રે પ્રારંભમાં જ આ માણસ સૈનિક હોવાના સંબંધમાં **ગજાનન** પાસે પોતાની શંકા પ્રકટ કરી હતી. રિસાલદારના પૂરાવા પછી તે શંકા સિદ્ધ થઈ. છતાં પણ વિશેષ નક્કી કરવાને માટે કમિશ્નર બોલ્યોઃ " જો આ માણસ સૈનિક ન હોય તો તેણે આ પોશાક કેવી રીતે મેળવ્યો હશે ? તમારી ટુકડીના કોઈ પણ સૈનિક પાસેથી માગી લીધો હશે ? "

" હા, સાહેબ ! તે અસંભવિત ન ગણાય. પરંતુ તે માની શકાતું નથી. "

" એ નક્કી કરવાને માટે કાંઈ રસ્તો છે ખરો ? "

"ઘણો જ સહેલો. હું અત્યારે જ કિલ્લામાં જઇને મારી ટુકડીના સૈનિકોનાં કપડાંની તપાસ કરવાને હુકમ કાઢીશ, એટલે બધા પોતાનાં તમામ વસ્ત્રો સાથે મારી સન્મુખ હાજર થશે. "

" ત્યારે તો એ જરૂર કરો. " કમિશ્નરને તે પસંદ પડ્યુંઃ " એ પ્રમાણે તપાસ કરવાથી સત્ય જણાઈ આવશે. "

" **લાલસિંહજી** ! મારી એક વિનતિ સાંભળશો ? સૈનિકોનાં ઉતરેલાં અને રદ કરવામાં આવેલાં વસ્ત્રો જાહેર લીલામથી વેચી નાંખવામાં આવે છે ને ? " **શરતચંદ્ર** બોલ્યો.

" હા, દર વર્ષે એક વખત જાહેર લીલામ થાય છે."

" અને એવી રીતે કાઢી નાંખવામાં આવતાં કપડાં ઉપર ખાસ અમુક પ્રકારનું નિશાન કરવામાં આવે છે, ખરૂં ને ?"

" હા, અમારા બીજા વિભાગને માટે ત્રિશૂળનું નિશાન થાય છે. "

" ત્યારે જૂઓ જોઇ, આ માણસનાં કપડાં પર એવું નિશાન છે કે નહિ ?"

રિસાલદારે કોટનો કોલર ઉથલાવીને તેની પાછળ જોયું, તેમ જ પાટલૂનની પીઠ તરફ લક્ષ કર્યું, સાફાના એક બાજુના છેડા પર તપાસ કરી. દરેક સ્થળે એવું નિશાન કરવામાં આવ્યું હતું.

" તમારૂં કહેવું સાચું છે. આ રદ કરેલાં કપડાં છે ! " રિસાલદારે અભિપ્રાય આપ્યો.

શરતચંદ્રનાં નેત્રો ચમકવા લાગ્યાં. આ કાંઈ તેની જેવી તેવી ફતેહ ન હતી. તેણે કહ્યું: " તો પછી આ માણસે આ કપડાં ખરીદેલાં હોવાં જોઇએ. પણ ક્યાંથી ? જૂનાં ઉતરેલાં કપડાં વેચનારાઓને ત્યાંથી. આવાં મોટાં ખાતાં પાંચ કે છ છે. હું તે દરેકને ત્યાં જઇશ અને આ કપડાં તેને બતાવીશ. એટલે જે માણસે તે કપડાં વેચ્યાં હશે તે તેને ઓળખ્યા સિવાય રહેશે નહિ. "

" અને એથી આપણા કેસમાં આપણને ઘણી જ સહાય મળશે ! " ગજાનન ધુરક્યો.

રિસાલદાર કમિશ્નરની પરવાનગી લઇને આ ત્રાસજનક દૃશ્યમાંથી મુક્ત થયો. જતી વખતે કમિશ્નરે તેને સૂચના કરી હતી કે કદાચ તેની કોર્ટમાં પુનઃ જરૂર પડશે ખરી.

હવે આ બનાવટી સૈનિકના શરીરની જડતી લેવાનો પ્રારંભ થયો. આ કાર્ય કમિશ્નર પોતે જ કરતો હતો. તેને એવી આશા હતી કે જડતીમાં આ મનુષ્યની ઓળખાણ આપનારી એકાદી વસ્તુ આવશે. તે પોતે જડતી લેતો હતો અને જે કાંઈ મળી આવતું હતું તેની એક પોલીસની પાસે નોંધ કરાવતો હતો.

પાટલૂનના જમણા ખીસામાં પીવાની તમાકુની ચામડાની કોથળી, ન્હાની હોકલી અને દીવાસળીની પેટી હતી. ડાબા ખીસામાં એક રૂમાલ હતો. આ રૂમાલ સુતરાઉ પણ ફરતી લાલ કિનારનો અને ઉંચી કિસમનો હતો. કોટના નીચેના ડાબી બાજુના ગજવામાંથી એક જૂની ચામડાની નોટબૂક મળી આવી અને તે જ તરફના ઉપલા ગજવામાંથી ચામડાનું ન્હાનું પાકીટ મળ્યું. પાકીટમાં ત્રણ રૂપીઆ રોકડા, બે પાવલી, ત્રણ બેઆની અને ચાર આનાના છૂટા પૈસા હતા. બીજું કશું હાથ લાગ્યું નહિ. કમિશ્નરે નોટબૂક તપાસવા માંડી. પરંતુ તેમાં માત્ર હિસાબ માંડેલો હતો. કોઇ સ્થળે કોઈનું નામ કે શિરનામું જોવામાં આવ્યું નહિ. મથાળે તારીખ કે વાર પણ ન હતાં. આ નોટબૂક તે તપાસતો હતો તે દરમ્યાન તેના છેલ્લા પૃષ્ટપર એક ખાનું જોવામાં આવ્યું. તે ખાનામાંથી એક ઘડી વાળેલો કાગળ મળી આવ્યો. તે કાગળ પહોળો કરીને તેમાંની હકીકત તે ઉચ્ચ સ્વરે વાંચવા લાગ્યો:

" **પ્રિય ભાઈશ્રી ગંગાદાસ**–આપણે ઠરાવ કર્યા મુજબ આવતી કાલે રવિવારની રાત્રે મને નક્કી કરેલા સ્થળે મળજો. જો તમારી પાસે પૈસા ન હોય તો મારા મકાન પર થઇને ત્યાં આવજો. મારે ઘેર હું નહિ હોઉં, પરંતુ મારા માણસને પૈસા આપતો જઈશ. તે તમને આપશે. બરાબર રાત્રે આઠ વાગે ત્યાં હાજર થજો. હું જો તે દરમ્યાન ત્યાં આવી પહોંચ્યો નહિ હોઉં, તો પણ સવાઆઠ પહેલાં જરૂર હાજર થઈ જઈશ. ચિંતા કરશો નહિ. **હસમુખ.**"

આ કાગળ ઉપરથી માત્ર એટલું સ્પષ્ટ થતું હતું કે આ માણસનું નામ ગંગાદાસ હતું. તેને હસમુખ નામના માણસ સાથે સંબંધ હતો. હસમુખે આને અમુક કાર્યને માટે અમુક રકમ આપી હતી. તેઓ ખૂન થયું તેના અમુક કલાક પહેલાં અમુક સ્થળે, એટલે કાં તો આ હોટેલમાં અથવા તો આટલામાં બીજા કોઈ સ્થળે મળ્યા હતા.

આ માહિતી વિશેષ ન ગણાય. તો પણ આ એક મુદ્દો હાથ

લાગ્યો હતો, અને તદ્દન અંધકારમાં પ્રકાશનું એક કિરણ પણ ઓછું આવકારદાયક ન ગણાય.

"હસમુખ!" ગજાનન બોલ્યો: "આ બાપડાએ પણ પોતાના અંતકાળ વખતે તે જ નામનો ઉચ્ચાર કર્યો હતો."

"હા, તે જ નામ." સોડાવોટરે કહ્યું: "અને તેના ઉપર પોતાનું વેર લેવાની ઇચ્છા પણ તેણે દર્શાવી હતી. હસમુખે પોતાને ફસાવ્યો હોવાનું તે કહેતો હતો. પરંતુ દુર્ભાગ્યે તે પોતાની હકીકત પૂરી કહી શકે તે પહેલાં કાળે તેને ઝડપી લીધો."

શરતચંદ્ર મૌન હતો. પોલિસ કમિશ્નરે તેને પેલો કાગળ આપ્યો હતો અને તે એ કાગળનું અવલોકન કરતો હતો. તે કાગળ સાધારણ નોટપેપર જેવો હતો. શાહી વાદળી રંગની હતી. ઉપર જમણી બાજુના ખૂણાનો અમુક છાપેલો ભાગ કાપી નાંખવામાં આવ્યો હતો, પરંતુ બારીકાઇથી જોતાં તેના ઉપર 'કૃષ્ણકુમાર રોડ' એટલા અક્ષર છાપેલા હોવાનું અનુમાન થઇ શકતું હતું.

આટલું તેને માટે બસ હતું. તેણે વિચાર કર્યો કે, 'હસમુખે કૃષ્ણકુમાર રોડ ઉપર આવેલી એકાદી હોટેલમાં બેસીને, તેના માલિક પાસેથી નોટપેપર માગી લઇને તેના ઉપર આ કાગળ લખેલો હોવો જોઇએ. પણ કઇ હોટેલમાં? તે હું શોધી કાઢીશ. કેમકે આ હસમુખનો પત્તો લગાડવાની ખાસ જરૂર છે."

પોલીસ ખાતાના માણસો પોલીસ કમિશ્નરની આસપાસ એકત્ર થઇને ચર્ચા ચલાવી રહ્યા હતા તે વખતે ડોકટરોએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું હતું. તેમણે ઉત્સાહી સોડાવોટરની સહાયથી બનાવટી સૈનિકનાં કપડાં કાઢી નાંખ્યાં અને તેઓ પોતાના ખમીશની બાંયો ઉંચી ચડાવીને તેની શારીરિક તપાસ કરવા લાગ્યા.

પ્રથમ તેની ઉંચાઇનું માપ લખી લીધું, પછી તેની ઉમર આશરે કેટલી હશે તેની નોંધ કરી, તેના શરીરનો બાંધો, રંગ, તેના વાળની

લંબાઇ અને તેના સ્નાયુઓ વગેરે સર્વની નોંધ લેવામાં આવી. પછી તેઓ તેના જખમ ઉપર આવ્યા.

તેના મસ્તકના પાછળના ભાગમાં નીચે ખોપરીના તળીઆનો ભાગ તુટી ગયો હતો. ડોક્ટરોએ તેમના રિપોર્ટમાં એવી નોંધ કરી હતી કે કાં તો કોઈ પહોળા અને ચપટા વજનદાર હથિયાર વડે આ જખમ થયો હોય, અથવા તો તેનું મસ્તક કોઇ વધારે જોરદાર વસ્તુ સાથે અફળાવાથી થયો હોય.

પરંતુ પિસ્તોલ સિવાય બીજું કશું હથિયાર ત્યાં જોવામાં આવ્યું ન હતું અને પિસ્તોલ આવો જખમ કરી શકે એટલી વજનદાર ન હતી. એટલે આ બનાવટી સનિક તથા ખૂની વચ્ચે હાથોહાથની મારામારી થઈ હશે અને ખુનીએ પોતાના પ્રતિપક્ષીને ગળામાંથી પકડીને જોર-પૂર્વક દીવાલ સાથે અફાળ્યો હશે. તેની ગરદનની આસપાસ લોહીના ન્હાના ન્હાના ટશીયા ઉઠેલા હતા, તે ઉપરથી પણ પ્રસ્તુત અનુમાન સંભવિત લાગતું હતું. આ માણસના શરીરપર બીજો એક પણ જખમ, કાપો કે ઉઝરડો થયેલો જોવામાં આવ્યો ન હતો. એ ઉપરથી સિદ્ધ થતું હતું કે આ બે જણા વચ્ચે બહુ જ ટુંકી ઝપાઝપી ચાલી હતી.

પોલીસની ટોળીએ આ મકાનમાંથી બૂમો સાંભળી અને તે પછી શરતચંદ્રે બારીના શટરમાંથી અંદર આ બનાવટી સૈનિકને પડતો જોયો તે દરમ્યાન આ કરપીણ કૃત્ય થયેલું હોવું જોઇએ.

હવે બીજાં બે શબની તપાસ શરૂ થઇ. તેઓ જેવી ને તેવી સ્થિતિમાં પડેલાં હતાં. તેમનો દેખાવ એવા પ્રકારનો હતો કે જે આ કેસમાં ઘણો અગત્યનો પુરાવો રજૂ કરતો હતો. બન્ને શબ જમીન ઉપર ચત્તાં પડેલાં હતાં. તમામ અવયવો લંબાયેલાં હતાં અને હાથના પંજા ખૂલ્લા હતા. તેમના સ્નાયુઓ તથા ચ્હેરાની અને બીજા ભાગની તપાસ કરતાં એમ લાગતું હતું કે તેમના ગાફીલપણામાં તેમને દાબવામાં આવ્યા હતા. આ બન્નેના ચ્હેરાપર ભયબીનપણાનું ચિહ્ન વ્યાપી રહ્યું હતું

એ માંહેના વૃદ્ધ ડૉકટરે કહ્યું: "મને એમ લાગે છે કે આ લોકો તદ્દન અકલ્પનીય, વિચિત્ર અને ભયંકર દશ્ય જોઈને અત્યંત ભયપૂર્ણ બની ગયેલા હોવા જોઇએ. મેં એક બનાવમાં આ લોકોના જેવો જ ભયપૂર્ણ ચ્હેરો એક સ્ત્રીનો જોયો હતો. એક રાત્રે તે સ્ત્રી પોતાના મકાનમાં બેઠી હતી. તેનો ધણી બહારથી આવેલો નહિ હોવાથી દ્વાર અંદરથી બંધ કર્યું ન હતું. તે વખતે તેની એક પડોશણ ભૂતના જેવો વેશ ધારણ કરી, હાથમાં કાકડો સળગાવીને તેના મકાનમાં આવી. તેને જોઇને આ સ્ત્રી એટલી બધી ભયભીત બની ગઈ કે તે જ પળે બેભાન બની ગઈ અને અલ્પ સમયમાં જ તેનું હૃદય બંધ પડી ગયું. તેવી જ રીતે આ લોકો અત્યંત બ્હીનેલા હોવા જોઇએ."

શરતચંદ્ર ડૉકટરનો આ ખુલાસો સાંભળતો હતો અને પોતાના મનમાં ઉત્પન્ન થયેલા તર્ક અને અનુમાન સાથે તેનો મેળ બેસાડતો હતો.

પણ આ લોકો કોણ હશે? તેમનાં નામ ઠામનો પત્તો મળી શકશે કે કેમ? આ બેમાં જેની પહેલી તપાસ કરવામાં આવી તે પચાસ વર્ષની ઉમરનો હતો. તેના વાળ પાતળા અને શ્વેત બની ગયેલા હતા. તેણે આગલી સ્હાંજે જ દાઢીનો લપેટો લેવરાવેલો લાગતો હતો. તેની મૂછો ગુચ્છાદાર હતી. તેના જોડા જૂના અને તળીએથી ઘસાયેલા હતા. તેનું ધોતીયું એક–બે સ્થળે ફાટેલું તથા બીજા એક–બે સ્થળે સાંધેલું હતું. તેનો કોટ પણ ભૂખરા રંગનો અને મેલો થયેલો હતો.

ડૉકટરે તેને થયેલા જખમની તપાસ કરીને જણાવ્યું હતું કે આ માણસને પિસ્તોલની ગોળી લાગી કે તુરત જ તેનું મૃત્યુ થયું હતું. જખમમાંથી લોહી નીકળ્યું ન હતું પણ ચામડીનો એ ભાગ બળી ગયેલો હતો.

બીજા માણસને પિસ્તોલની ગોળી ઘણી જ નજીકથી એટલે લગભગ એક વારના અંતરથી લાગેલી હોય એમ જણાતું હતું. કેમ કે તેનો જખમ બીજાના જેવો મોટો ન હતો. તેનું પણ તુરત જ મૃત્યુ થયું હતું. તેની ઉમર પાંત્રીસ વર્ષની હતી. તે ઠીંગણો હતો અને તેણે

દાઢી મૂછ તમામ મૂંડાવેલાં હતાં. તેના ચ્હેરાપર શીળીનાં ચાઠાં હતાં. તેનાં વસ્ત્રો પણ જૂનાં અને ફાટેલાં હતાં. તેણે પાટલૂન તથા બૂટ પહેર્યાં હતાં. બૂટને બ્લેકીંગ લગાવવામાં આવી હતી. તેના કોટ ઉપરનો રંગ ઉડી ગયો હતો. તેણે સુંવાળા રેશાવાળી ગોળ ટોપી પહેરી હતી. આ ટોપી મૂળ મૂલ્યવાન હશે પરંતુ અત્યારે તે ઘણી જૂની થઇ ગઇ હતી.

બન્નેનાં ગજવાં તપાસવામાં આવ્યાં. પરંતુ તેમાંથી એવું કશું પણ મળી આવ્યું નહિ કે જેના પરથી તેમનાં નામ, તેમની સામાજિક સ્થિતિ અથવા તેમનો ધંધો જાણી શકાય. કોઇનો કાગળ, કોઇનું શરનામું કે સાદો કાગળનો કટકો પણ નીકળ્યો નહિ. એટલું જ નહિ પણ તમાકુ, બીડી સીગારેટ, હોકલી, ચપ્પુ કે એવું કશું પણ મળી આવ્યું નહિ. માત્ર બન્નેના ગજવામાં રૂમાલ હતા અને મોટી ઉમરના માણસની પાસેથી પચીશ રૂપીઆ રોકડા તથા ન્હાની ઉમરના મનુષ્ય પાસેથી પંદર રૂપીઆની બે નોટો એક દશની અને એક પાંચની મળી આવી.

આટલી તપાસને અંતે પણ ખૂન થવાનો હેતુ તથા તેનું કારણ શું, તે જાણી શકાય એવું કશું પણ મળી આવ્યું નહિ. ખૂનીને ગિરફતાર કરવામાં આવ્યો હતો ખરો, પણ જો તે હઠિલાઇ પૂર્વક મૌન્ય જ ધારણ કરે તો તેનું ખરૂ નામ કેવી રીતે મેળવી શકાય? તેણે તો પોતાની નિર્દોષિતા જાહેર કરી હતી. ત્યારે તેના ગુન્હાની સાબિતી શી રીતે પૂરી પાડવી? જે લોકોનાં ખૂન થયાં હતાં તેમના સંબંધમાં કશું પણ જાણવામાં આવ્યું ન હતું. માત્ર તેમાંના એકે મૃત્યુકાળે તેનો પોતાનો જ દોષ જણાવ્યો હતો.

ન સમજી શકાય તેવી લાગવગ કે દબાણથી ચંદ્રભાગા પણ મૂંગીમંતર બની રહી હતી. બેમાંથી એક સ્ત્રી, જેણે પોતાનું ત્રણથી ચાર હજારની કીમતનું એરિંગ અહીં ગુમાવ્યું હતું તે આ મારામારી વખતે અહીં હાજર હોવી જોઇએ; પરન્તુ એ બન્ને સ્ત્રીઓ અદૃશ્ય બની ગઈ હતી. ખૂનીનો મદદગાર પણ તેવી જ રીતે અદૃશ્ય બની ગયો હતો.

આ ઘટના અત્યંત ભેદ ભરેલી થઈ પડી હતી. આનો રિપોર્ટ કેવી રીતે તૈયાર કરવો એ વિચારમાં પોલીસ કમિશ્નર ગુંથાઇ ગયો હતો. કેમ કે આ કેસની તપાસ કરીને તેનું રહસ્ય શોધી કાઢવાની મુખ્ય જવાબદારી તેના ઉપર હતી. તેણે કહ્યું: "આ ત્રણેનાં શબને અંત્યેષ્ટિની ક્રિયા કરતાં પહેલાં દરબારગઢ પાસેની પોલીસચોકી ઉપર રાખવાં. ત્યાં તેમને ઓળખનાર કોઇ મળી આવશે." એકાદ પળ વિચાર કરીને તેણે ઉમેર્યું: "મને લાગે છે કે આમાંનો એક કદાચ હસમુખ હોવો જોઈએ."

"ના, સાહેબ! એ સંભવિત નથી." શરતચંદ્રે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો: "બનાવટી સૈનિક સહુથી છેલ્લો મૃત્યુ પામેલો હોવાથી તેણે આ લોકોને મરણ પામેલા જોયા હશે. એટલે જો આ બે માંહેનો એક હસમુખ હોય તો તે તેના ઉપર પોતાનું વેર વાળવાની ઇચ્છા પ્રકટ કરે નહિ."

ગજાનન અત્યારસુધી લગભગ મૌન રહ્યો હતો અને આ તપાસમાં તેણે દેખીતો કશો ભાગ લીધો ન હતો. તે હવે આગળ આવીને બોલ્યો: "સાહેબ! જો આપ પરવાનગી આપો તો હું મારો અભિપ્રાય રજુ કરૂં. તે શરતચંદ્રના તરંગો કરતાં સહેજ વધારે ચોક્કસ અને નિશ્ચિત છે."

પરન્તુ તે જ સમયે દ્વાર પાસે બહાર ગાડીનાં પૈડાંનો અવાજ સંભળાયો અને એક પળ પછી આ ઓરડામાં ન્યાયાધીશ સાહેબે પ્રવેશ કર્યો.

પ્રકરણ ૧૨ મું.

ન્યાયાધીશ.

મહારાજા સાહેબનું કચેરીમાં આગમન થતાં દિવાનથી માંડીને પટાવાળા સુધીના તમામ માણસો સ્તબ્ધ બનીને વ્યવસ્થિત રીતે

ઊભા રહે છે તેવી રીતે આ ન્યાયાધીશનો આ ખંડમાં પ્રવેશ થતાં કમિશ્નર, ડોકટરો, ઈન્સ્પેકટર અને બીજા સિપાઈઓ તમામ ઊભા થઈ ગયા. ન્યાયાધીશની સાથે તેનો કલાર્ક પણ હતો. ન્યાયાધીશ આ સ્થળે પોતાની તપાસનો પ્રારંભ કરે તે અગાઉ તેનો સ્વલ્પ પરિચય વાચકોને આપવાની જરૂર છે.

આ ન્યાયાધીશનું નામ જ્યોતિપ્રસાદ હતું. તે ઉચ્ચ કુળનો હતો. રાજ્યમાં તેના વડવાઓનાં માન પ્રતિષ્ઠા સારાં હતાં. તેણે 'એમ. એ.'ની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી 'એલએલ. બી.' ની પરીક્ષા પસાર કરી હતી, અને ત્યારબાદ તે ઈંગ્લાંડ જઈને બારિસ્ટર પણ થઈ આવ્યો હતો. તે બારિસ્ટર થઈને આવ્યો કે તુરત જ તેને રાજ્ય તરફથી ન્યાયાધીશની જગ્યા આપવામાં આવી હતી. ત્યારબાદ તેને એક–બે વખત 'પોલિટિકલ સેક્રેટરી' નું પદ આપવાની ઇચ્છા દર્શાવવામાં આવી, પરન્તુ તેણે સ્વેચ્છા પૂર્વક તેનો સ્વીકાર કર્યો નહિ. વરિષ્ટ ન્યાયાધીશની જગ્યાનો પણ તેણે ઈન્કાર કર્યો હતો. અત્યારે તેને બેતાલીશ વર્ષ થયાં હતાં. છતાં તે પાંત્રીશ વર્ષના જેવો જુવાન લાગતો હતો. તેનું શરીર ભરાવદાર તથા ચ્હેરે મ્હોરે તે દેખાવડો હતો. પરન્તુ તેના ભૂતકાલિન જીવનમાં ગમે તેવો પ્રસંગ તેને મળ્યો હોય કે જેને લીધે તેના ચ્હેરા પર કદિ હાસ્યની સુરખી જોવામાં આવતી નહિ. તેનો દેખાવ દમામદાર હતો અને તેનો ચ્હેરો ગંભીર હતો એમ કહેવાને બદલે તે ગાંભીર્યની પ્રતિમૂર્તિ હતો એમ કહેવું એ તેને માટે વિશેષ યોગ્ય છે. તેના અંતરમાં ચાલતો ભાવ તેનાં વદન કે નેત્રો ઉપરથી કદિ પણ કળી શકાતો નહિ.

ઓરડામાં પ્રવેશ કરીને તેણે કમિશ્નર તથા ડોકટરોની સામે જોઈને સ્હેજ મસ્તક નમાવ્યું. બીજાઓની સામે તેણે દૃષ્ટિ કરીને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી લીધું. પછી તે બોલ્યોઃ "બાબત ગંભીર લાગે છે. ઘણી જ ગંભીર."

કમિશનરે કશો પણ ઉચ્ચાર કર્યા વગર પોતાનાં નેત્રો વડે સંમતિ દર્શક ભાવ પ્રકટ કર્યો.

"પબ્લિક પ્રોસીક્યુટર મારી સાથે આવી શક્યા નથી." જ્યોતિપ્રસાદે જણાવ્યુંઃ "કારણ કે તમામ કેસોમાં એકી સાથે હાજરી આપવાનું સર્વવ્યાપીપણું તેમનામાં નથી. એટલે તેમની ગેરહાજરીમાં આપણે જ તપાસ શરૂ કરીશું."

"સાહેબ! આપે ખૂનીને જોયો હશે અને તેને પ્રશ્નો કરીને તેની પાસેથી જાણવા જોગ—"

પરન્તુ કમિશનરે આ પ્રમાણે પોતાના કાર્યમાં અંતરાય પાડવાથી પોતાને અત્યંત આશ્ચર્ય થયું હોય એવા ભાવપૂર્વક ન્યાયાધીશે કહ્યુંઃ "હું ત્યાં ગયો જ નથી."

હવે રીતસર તપાસનો આરંભ થયો. ન્યાયાધીશનો કલાર્ક કમિશનર જે હકીકત જણાવતો હતો તે લખતો હતો, તે દરમ્યાન ન્યાયાધીશ શરતચંદ્રે તૈયાર કરેલા રિપોર્ટનું અવલોકન કરતો હતો. શરતચંદ્ર દૂર ખૂણામાં ઊભો ઊભો પોતાના રિપોર્ટની આ ગંભીર મનુષ્ય ઉપર શી અસર થાય છે તે જોતો હતો. કારણ કે આ વ્યક્તિની પસંદગી કિંવા નાપસંદગી ઉપર તેના ભવિષ્યનો આધાર હતો. તેને સોડાવોટર જેવા બબુચકની સાથે નહિ પરન્તુ જ્યોતિપ્રસાદ જેવા કુશળ ન્યાયાધીશની સાથે કામ લેવાનું હતું. તે મનોગત બોલ્યોઃ "જો મને રૂબરૂમાં બધી હકીકત જણાવવા દે તો કેવું સારૂં! કાગળમાં મેં જે કાંઇ લખ્યું છે તેના કરતાં શબ્દો વડે હજારગણી વધારે અસર હું કરી શકું."

પરન્તુ તેના મગજમાં થતા આવા તર્કવિતર્કનો નિવેડો જલ્દીથી આવી ગયો. ન્યાયાધીશના ચ્હેરાપર કશો ભાવ પ્રકટ થતો ન હતો, પણ રિપોર્ટ વાંચતાં વાંચતાં તે સંમતી દર્શક મસ્તક હલાવતો હતો અને વચ્ચે એકાદો મુદ્દો બીજા કરતાં વિશેષ ચમત્કારિક અને સચોટ લાગતો તો તેના મુખમાંથી 'ખોટું નહિ! ઘણું જ સારૂં!' એવા ઉદ્ગાર સરી પડતા હતા.

રિપોર્ટનું અવલોકન પૂર્ણ કર્યા પછી તેણે કમિશ્નરને કહ્યુંઃ "આજે સ્હવારે તમે તો મને એમ કહ્યું હતું કે બદમાશો વચ્ચેની સાધારણ મારામારીને પરિણામે ત્રણ ખૂન થયાં છે, જ્યારે આ રિપોર્ટ ઉપરથી તો તદ્દન જુદો જ પ્રકાર જોવામાં આવે છે."

આ ટીકા સાંભળીને કમિશ્નરને ઘણો જ ક્ષોભ થયો. તેને એમ થયું કે 'મેં ગજાનન ઉપર આધાર રાખીને પૂરી તપાસ કર્યા વગર એકદમ ન્યાયાધીશને હકીકત જણાવવામાં મોટી ભૂલ કરી હતી.'

તેણે પોતાનો બચાવ કરતાં કહ્યું: "આજે સ્હવારે પહેલાં જે મારા જાણવામાં આવેલું તે મેં આપને નિવેદન કર્યું હતું. પણ વિશેષ તપાસને પરિણામે તેમાં ફેરફાર થયેલો આપના જોવામાં આવે છે."

ન્યાયાધીશ બોલ્યો: "હું તે માટે તમને ઠપકો આપવાને બદલે તમારૂં અભિનંદન કરૂં છું. આટલી ત્વરાથી આવી તપાસ અને શોધ કોઇ ભાગ્યે જ કરી શકે. આ રિપોર્ટ ઉપરથી જોઈ શકાય છે કે તમે દીર્ઘદષ્ટિ પહોંચાડીને બારિક તપાસ કરી છે, તથા તેનું પરિણામ પણ સ્પષ્ટ અને સચોટ રીતે બતાવ્યું છે."

કમિશ્નર આનો શો જવાબ આપવો તેના વિચારમાં પડી ગયો. પ્રથમ ક્ષણે આ સર્વ તપાસનો યશ પોતે ખાટી જવાની ઇચ્છાનો તેના મનમાં પ્રાદુર્ભાવ થયો. પરન્તુ નહિ, તે પ્રામાણિક ગૃહસ્થ હતો. બીજાના શ્રમના યશભોગી થવું તે હિચકારા મનુષ્યનું કાર્ય ગણાય. આ વિચાર તેના મનમાં ઉદ્ભવ્યો અને તે સાથે પોતાને ઉંધે રસ્તે દોરનાર ગજાનનને પણ ખટ્ટ પાડવાનો તેણે નિશ્ચય કર્યો અને કહ્યું: "સાહેબ! જે માન આપ મને આપો છો, તેને માટે હું યોગ્ય નથી, એ વાર્તાનો હું પ્રાંજલપણે સ્વીકાર કરી લઉં છું."

'ત્યારે આ તપાસ કોણે કરી હશે? ઇન્સ્પેકટરમાં એવી શક્તિ નથી.' ન્યાયાધીશે વિચાર્યું. અનેક કેસોમાં તેને ગજાનનનો પરિચય થયેલો હોવાથી, તેનામાં આટલી બુદ્ધિ, દીર્ઘદર્શિતા અને અવલોકન

શક્તિ હોય એવું તેને લાગ્યું નહિ. તેણે કહ્યું: "ઇન્સ્પેક્ટર! ત્યારે આ તપાસ આટલી કુશળતા પૂર્વક તમે ચલાવી છે?"

"ના, સાહેબ!" ઇન્સ્પેક્ટરે તત્કાળ જવાબ આપ્યો: "મારો ખાસ સિદ્ધાંત છે કે જેટલું નજરે પડે તેટલા ઉપર આધાર રાખી, પછી તર્ક કે અનુમાનમાં ઉતરવું નહિ. મને તો એમ લાગે છે કે રિપોર્ટમાં જે કાંઇ જણાવ્યું છે, તે એ રિપોર્ટ તૈયાર કરનારના મગજની કલ્પના માત્ર જ છે."

"ના, જે સ્ત્રીઓનાં પગલાં બતાવવામાં આવ્યાં છે, તે સ્ત્રીઓ કાલ્પનિક ન હોઇ શકે. ખૂનીના મદદગારના અસ્તિત્વનો પૂરાવો તેના ઓવ્હરકોટના ઉનના રેશા ઉપરથી મળી આવે છે. વળી એરિંગનો પ્રત્યક્ષ પૂરાવો આપણી નજર સામે છે." ન્યાયાધીશે ઇન્સ્પેક્ટરની દલીલને તોડવા માંડી.

"સાહેબ! એ બાબતનો ખુલાસો સહેલાઇથી થઇ શકે તેમ છે. ખૂનીને તેનો મદદગાર હોય એ સ્વાભાવિક છે. સ્ત્રીઓની હાજરી હોય એ પણ તદ્દન સ્વાભાવિક છે. જ્યાં પુરુષ–બદમાશો હોય ત્યાં સ્ત્રી–બદમાશો હોવાનો પૂરતો સંભવ છે. એરિંગનો મૂલ્યવાન હીરો! એથી શું સિદ્ધ થાય છે? આ બદમાશોને આ મૂલ્યવાન હીરો મળી આવ્યો હશે, તેના ભાગ પાડી લેવાને માટે તેઓ અહીં આવ્યા હશે; અને તે ભાગ પાડતાં મારામારી થઈ હશે. એમાં કશું અસંભવિત નથી."

આ ખુલાસો પણ કાઢી નાંખવા જેવો ન હતો. એટલે કશો પણ અભિપ્રાય આપતાં પહેલાં બે પળ વિચાર કરવાની ન્યાયાધીશને જરૂર લાગી. છેવટે તેણે કહ્યું: "આ રિપોર્ટમાં જે મુદ્દાને રજુ કરવામાં આવ્યો છે તેને સ્વીકારવાના નિર્ણય ઉપર હું આવ્યો છું. તે કોણે તૈયાર કર્યો છે?"

ઇન્સ્પેક્ટરના ગુસ્સાનો પાર રહ્યો નહિ. છતાં તેને દબાવી દઇને તેણે જવાબ આપ્યો: "મારા એક સહચારીએ તે તૈયાર કર્યો છે,–શરતચંદ્ર! અહીં આવ, એટલે સાહેબ તને જોઈ શકે."

શરતચંદ્રના વદન ઉપર સંતોષનું સ્મિત ફરકી રહ્યું હતું. તે નજીક આવ્યો અને વિનયપૂર્વક બોલ્યો: "સાહેબ મારો રિપોર્ટ ઘણો ટુંકો છે. પરન્તુ મારા મનમાં કેટલીક કલ્પના—"

"તે વિષે હું તમને પ્રશ્ન કરૂં ત્યારે મને જણાવજો." એમ કહીને ન્યાયાધીશે કલાર્ક પાસેથી બે છાપેલાં ફારમ લીધાં અને તેમાં અમુક હકીકત લખીને ગજાનનને આપતાં કહ્યું: "આ બે ઓર્ડરને પોલીસ ચોકી ઉપર લઈ જાઓ. આરોપી તથા આ હોટેલની માલિકણને પૂરવામાં આવ્યાં છે તેમને કોર્ટની તુરંગમાં લઇ જવાનાં છે. ત્યાં ખાનગીમાં તેમની પ્રાથમિક તપાસ કરવામાં આવશે."

એ પ્રમાણે આજ્ઞા કરીને તે ડોકટર તરફ ફર્યો, પરન્તુ શરતચંદ્ર આગળ આવીને બોલ્યો: "સાહેબ ! મારી અરજ છે કે આ ઓર્ડર લઈ જવાનું કાર્ય આપ મને સુપ્રત કરશો."

"અશકય, મારે અહીં તમારી કદાચ જરૂર પડશે."

"સાહેબ ! હું ત્યાં જઈને કેટલાક પૂરાવા મેળવવા ઇચ્છું છું. કારણ કે આવી તક તે માટે મને પુનઃ મળી શકશે નહિ."

ન્યાયાધીશ એકાદ–બે પળ આ યુવકની સામે જોઇ રહ્યો. તેણે કહ્યું: "ભલે, તમે જાઓ. પરંતુ ત્યાંનું કાર્ય પૂરૂં થઇ રહે એટલે તમે મારી કોર્ટમાં આવજો. હું પણ અહીંનું કાર્ય પૂરૂં કરીને ત્યાં આવું છું."

શરતચંદ્ર એ કાગળો લઇને તુરત જ રવાના થઈ ગયો. તે દોડ્યો ! ના, એમ કહીએ તો ચાલે કે તે જમીનપર ઉડયો. તેને રાત્રીના ઉજાગરા કે શ્રમની કશી યે અસર જણાતી ન હતી. તેને પોતાનામાં આજ જેટલી શારીરિક અને માનસિક શક્તિ તથા ચંચળતા કદિ પણ જોવામાં આવી ન હતી.

તેને ફતેહની આશા હતી, પોતાનામાં વિશ્વાસ હતો, પરંતુ આ ન્યાયાધીશને બદલે જો બીજો કોઈ ન્યાયાધીશ આ કેસની તપાસમાં હોત તો સારૂં એવું તેને થયું હતું. તેનો રિપોર્ટ ન્યાયાધીશની પસંદ-

ગીને પામેલો હોવા છતાં પણ તેણે તેની સાથે જે વર્ત્તન ચલાવ્યું હતું તે શરતચંદ્ર ભૂલી શકયો નહતો. તે મનોગત બોલ્યો: "જગતમાં સંપૂર્ણ સુખનો સ્વાદ કોઇ પણ સ્થળે મળી શકવાનો નથી."

પ્રકરણ ૧૩ મું.

ખૂનીની પરીક્ષા.

જે સ્થળે તેને જવાનું હતું ત્યાં લગભગ પચીસ મીનિટની અંદર તે પહોંચી ગયો. ખરી રીતે એ અંતર એ માફક કરતાં વિશેષ હતું. તે અહીં પહોંચ્યો તે વખતે જમાદાર સળીઆવાળી કોટડીઓની પાસે આમ તેમ ચક્કર મારતો હતો. શરતચંદ્રને જોઇને તે બોલ્યો: "કેમ શાં સમાચાર છે ?"

"હું કેદીઓને કોર્ટમાં લઇ જવા માટેનો ન્યાયાધીશ સાહેબનો હુકમ લઇને આવ્યો છું."

"બહુ સારૂં. હું હમણાં કેદીઓને લઇ જવાની આપણી ગાડી મગાવું છું. તે અર્ધા પોણા કલાકમાં આવી પહોંચશે." પહેરેગીરે કહ્યું.

"કેદીઓ એકલાં જ છે ?" શરતચંદ્રે પ્રશ્ન કર્યો.

"તદ્દન એકલાં જ છે. પેલી કોટડીમાં સ્ત્રી અને આ બાજુની કોટડીમાં પુરુષને રાખેલ છે."

"પણ એક દારૂડીયાને અહીં પૂરવામાં આવ્યો હતો ને ?"

"ના–હા–હા, આજે પરોઢમાં તેને મૂકેલો હતો. ખરી રીતે તે છાકટાએ ગજાનનરાવનો આભાર માનવો જોઈએ."

"આભાર માનવો જ જોઇએ !" એમ બોલતાં શરતચંદ્રે હાસ્ય કર્યું.

"તને હાસ્ય આવે છે, પરંતુ હું ખરૂં જ કહું છું. જો ગજા-

નનરાવ ન હોત તો એ માણસ ગાડી નીચે કચરાઇને પૂરો થઈ ગયો હોત. ”

“ પણ પછી તેનું શું થયું ? ”

“ તે બાપડો ભલો માણસ લાગતો હતો. ગઇ કાલે રાત્રે તે તેના એક મિત્રને ત્યાં પાર્ટીમાં ગયો હતો. ત્યાં મિષ્ટાન્ન વગેરેની સાથે બધાએ દારૂ પણ પુષ્કળ ઢીંચ્યો. ત્યાંથી નીકળીને ઘર તરફ જતો હતો તે વખતે ખુલ્લી હવાએ મગજ ઉપર અસર કરી અને નસેનસમાં દારૂનો નશો પ્રસરી રહ્યો. તે અર્ધા કલાક પછી શુદ્ધિમાં આવ્યો ! એ વખતે તેણે એ વાત અમને કહી હતી. તે પોતાના એવા વર્તનથી પોતાના ઉપર પુષ્કળ ચિડાયેલો લાગતો હતો. તે બોલ્યો હતો કે ‘ મારા જેવો પાંચ છોકરાનો બાપ ! આટલી ઉમરે મને આ શું સૂઝ્યું ? કેટલું શરમાવા જેવું ? મારી સ્ત્રીને હું શો જવાબ આપીશ ? મારા છોકરાઓ મને શું કહેશે ? ’ ”

“ તેણે તેની સ્ત્રીના સંબંધમાં ઘણી વાતો કરી હતી ? ”

“ એ સિવાય તેણે બીજી કશી વાત જ કરી ન હતી. તેણે તેની સ્ત્રીનું જયાગૌરી–દયાગૌરી કે એવું કાંઈ નામ પણ જણાવ્યું હતું. તેને બાપડાને એવું થયું કે તેને અહીં રાખી મૂકવામાં આવશે, પછી તેનો કોર્ટમાં કેસ ચાલશે, તે કેસનો રિપોર્ટ છાપાંમાં છપાશે, અને એથી એની આબરૂના કાંકરા થશે. એથી તેણે પોતાને મુક્ત કરવાની અમને વિનતિ કરી.

“ અમે તેને મુક્ત કર્યો એ વખતે મને લાગ્યું કે તે હર્ષઘેલો બની જશે કે શું ? તે અમારો આભાર માનવા લાગ્યો, અમારા પગે પડવા લાગ્યો. અમને તેણે દસ દસ રૂપીઆની બે નોટો બક્ષિસ તરીકે આપી અને તુરત જ અહીંથી ચાલ્યો ગયો. ”

“ તમે તેને ખૂનીની સાથે એક જ ઓરડીમાં પૂર્યો હતો ને ? ” શરતચંદ્રે પૂછ્યું.

“ બેશક. ”

" ત્યારે તો તેમણે પરસ્પર વાતચીત કરી હશે. "

" વાતચીત ! અરે આ માણસ તો દારૂના નશામાં પૂરો ગરકાવ બનેલો હતો. જ્યારે અમે તેને કોટડીમાં ઘાલ્યો ત્યારે તે લાકડા જેવો થઇને પડયો હતો. અને તે શુદ્ધિમાં આવ્યો કે તુરત અમે તેને મુક્ત કર્યો હતો. એટલે તેમને વાતો કરવાનો અવકાશ જ મળ્યો ન હતો. "

શરતચંદ્ર ઊંડા વિચારમાં પડી ગયો. " એમ જ હોવું જોઈએ. " તે બબડયો.

" શું કહ્યું ? "

શરતચંદ્રે પોતાનો વિચાર આ પહેરેગીરને જણાવ્યો નહિ. તે વિચાર કરવા લાગ્યોઃ " મારો તર્ક સાચો હતો. આ છાકટાપણાનો ઢોંગ કરીને આવેલો માણસ ખૂનીના મદદગાર સિવાય બીજો કોઈ નહિ. અમે તેનું પગેરૂં જોતા હતા તે વખતે તે અમારા ઉપર નજર રાખતો હતો. અમે દૂર ગયા એટલે તે પેલી હોટેલમાં પેઠો. પછી તે અહીં આવ્યો અને પોતાને કોટડીમાં પૂરવાની આ લોકોને ફરજ પાડી. તે ખૂની સાથે મસલત કરવાનો પ્રસંગ મેળવી શકયો. તેણે પોતાનો પાઠ બરાબર ભજવ્યો છે. પણ એટલું સારૂં થયું કે હું તેની કળા જાણી ગયો છું. તેણે પોલીસ પાસે તદ્દન ગપ મારેલી હોવી જોઇએ. અર્થાત્ તેને બૈરી યે નથી અને છોકરાં પણ નથી."

તેણે પ્રશ્ન કર્યોઃ "દારૂડીઆનો દેખાવ કેવો હતો ?,"

" તે ઉંચો અને હૃષ્ટપુષ્ટ હતો. તેનો રંગ ઘઉંવર્ણો હતો. તેની મૂછોના વાળ ધોળાશ ઉપર હતા. ચ્હેરો ભરેલો અને આંખો ન્હાની હતી. નાક મોટું પણ ચપટું અને સ્વભાવ રમૂજી હતો. "

" તેની ઉમરની તમે કલ્પના કરી શકો છો ? "

" ચાલીશથી પચાસ વર્ષની વચ્ચે. "

" તેના ધંધા વિષે તમે કાંઈ કલ્પના કરી શકો છો ? "

" તેના દેખાવ અને પહેરવેશ ઉપરથી તે કોઈ દુકાનમાં સેલ્સ-મેન કે કારકુન હોવો જોઇએ. "

પોતે જે અનુમાનો કરેલાં તેને મળતી જ આ માહિતી મેળવીને તે પોલિસ ચોકીની ઓફિસમાં દાખલ થતો હતો ત્યાં એકાએક અમૂક વિચાર આવવાથી તે અટકી ગયો અને બોલ્યો: " હું ધારૂં છું કે આ માણસને ચંદ્રભાગા સાથે વાત કરવાનો પ્રસંગ નહિ મળ્યો હોય."

"ક્યાંથી મળે?" પહેરેગીરે જવાબ આપ્યો: "એ બુઢ્ઢી તો તેની કોટડીમાં એકલી જ છે. તે ડોકરી ઘણી જ ખરાબ છે. આવી ત્યારની રડે છે, માથું કૂટે છે અને અમને પુષ્પાંજલી સંભળાવે છે. આ દારૂડીઆએ પણ તેની કોટડી પાસે જઈને તેને શાંત રહેવાની સલાહ આપી હતી."

આ શબ્દો સાંભળીને શરતચંદ્રના ચ્હેરા પર વિલક્ષણ ભાવ પ્રકટ થયો. પરન્તુ તે પોતાની શાંતિને શ્રમપૂર્વક પ્રાપ્ત કરતો ખૂનીની કોટડી પાસે ગયો. તે બહારથી ખૂનીના દેખાવનું નિરીક્ષણ કરવા લાગ્યો. તેને અત્યન્ત આશ્ચર્ય થયું. જેને તેમણે ચંદ્રભાગાની હોટેલમાં જોયો હતો તેના કરતાં આ તદ્દન જુદો જ લાગતો હતો. અત્યારે તે એક બાજુએ બેઠો હતો. તેનો ચ્હેરો ઉદાસ અને ચિંતા તથા નિરાશાથી ભરપૂર લાગતો હતો. તેના વદન ઉપર અભિમાનનું તો નામ પણ ન હતું.

"ના, આ માણસ દેખાય છે તેવો નથી." શરતચંદ્ર મનમાં બડબડયો.

શરતચંદ્ર અંદર દાખલ થયો. આ મનુષ્યે તેની તરફ કશા પણ ભાવ વગરની દૃષ્ટિ કરી. પણ તે કશું બોલ્યો નહિ.

"કેમ! શા સમાચાર છે?" શરતચંદ્રે પૂછયું.

"હું તદ્દન નિર્દોષ છું." પેલા માણસે ઉત્તર આપ્યો.

"હું પણ એમ જ માનું છું. પણ એ નક્કી કરવાનું કાર્ય ન્યાયાધીશનું છે. હું તો તારે કાંઈ જોઇએ છે કે કેમ તે જાણવાને માટે આવ્યો છું."

"મારે કશાની જરૂર નથી." તે બોલ્યો. પણ એક સેકન્ડ પછી તેનો વિચાર બદલાયો અને તેણે કહ્યું: "મને ભૂખ લાગી છે. થોડુંક ખાવાનું અને તેની સાથે દારૂ મળે તો સારૂં."

"બહુ સારૂ, હમણાં આવે છે." એમ કહીને તે બહાર નીકળ્યે અને નજીકની દુકાનેથી ભજીયાં, પૂરી ને દારૂ લઈ આવ્યો.

આ ખૂની ગમે તે હોય પણ તેણે ખરેખરી ભૂખ લાગી હોય તેવા ભાવપૂર્વક ભજીયાં પૂરી ઉડાવ્યાં અને એક પ્યાલો ભરીને દારૂ તેના ઉપર પિતો ગયો.

"તમારો આભાર માનું છું. આના જેવું સ્વાદિષ્ટ પીણું કદી પણ મળ્યું ન હતું." તેણે કહ્યું.

તેના આ સંતોષથી શરતચંદ્રને નિરાશા થઇ. તે હલકામાં હલકે મહુડીનો દારૂ લાવ્યો હતો અને તે માનતો હતો કે આ કોઇ મોટે માણસ હોવાથી આવો ગંધાતો દારૂ જોતાં જ સુગ ચડાવીને પ્યાલે ફેંકી દેશે. પણ ખૂનીએ એવું કશુંયે કર્યું નહિ.

આ વખતે કેદીઓને ન્યાય કોર્ટમાં લઈ જવા માટેની ગાડી આવી પહોંચી. બન્ને કેદીઓને ગાડીમાં દાખલ કરવામાં આવ્યાં. ચંદ્રભાગાએ ધમપછાડા કર્યા, પણ ખૂની તો બેદરકારીથી તુરત જ તેમાં બેસી ગયો. ગાડીનું બારણું બંધ કરીને તાળું લગાવ્યું.

આ ખૂની કોઇ મોટો માણસ છે કે સાધારણ બદમાશ છે તે તેની આટલી પરીક્ષા ઉપરથી શરતચંદ્ર નક્કી કરી શકયો નહિ.

પ્રકરણ ૧૪ મું.

આત્મહત્યાનો પ્રયત્ન.

લલિત કળામાં જેની રસવૃત્તિ લાગી રહેલી હોય છે, તેને આસપાસનો જેમ કશો પણ ખ્યાલ રહેતો નથી, તેમ શરતચંદ્ર કેદીઓને પૂરેલી ગાડીપર ગાડીવાન અને પહેરેગીરની વચ્ચે બેઠો હતો

તથાપિ તે એ જણાના સંભાષણનો એક શબ્દ પણ તેના સાંભળવામાં આવ્યો ન હતો. તેનું તમામ ધ્યાન આ કેદીએ કુશળતા પૂર્વક છૂપાવી રાખેલી પોતાની જાતિ અને સ્થિતિને શોધી કાઢવા તરફ હતું. કેમ કે તે હજી પણ એમ જ માનતો હતો કે કેદી ઉચ્ચ જાતિનો અને ઉચ્ચ કુળનો છે.

આ કેદીએ ગમે તેવા હલકા ખોરાક અને દારૂનો અત્યન્ત સ્વાદ પૂર્વક ઉપભોગ કર્યો, તે આ ગાડીમાં લેશ પણ સંકોચ કે વિરોધ દર્શાવ્યા સિવાય બેઠો, પરન્તુ હવે કોર્ટમાં પ્રથમ રજીસ્ટ્રાર તેના શરીર વગેરેની તપાસ કરશે તે વખતે પણ તે પોતાનો ઢોંગ જાળવી રાખશે ખરો? આ તપાસ કેટલીક વાર તો અત્યન્ત અપમાનસૂચક હોય છે. **શ**રતચંદ્રને એ અસંભવિત લાગતું હતું. તેઓ કોર્ટમાં આવી પહોંચ્યા ત્યાં સુધી તે એના એ વિચારોમાં ગુંથાયેલો હતો.

ગાડી કોર્ટના કમ્પાઉન્ડમાં દાખલ થઈ. **શ**રતચંદ્ર નીચે ઉતર્યો. તેણે ગાડીનું દ્વાર ખોલ્યું અને કહ્યું: "આપણે આવી પહોંચ્યા છીએ. નીચે ઉતરો."

કેદી ન્હાસી જવાની ભીતી ન હતી. તેને જે ભાગમાં લઇ જવામાં આવ્યો હતો તેનું લોખંડનું મજબૂત દ્વાર બંધ કરી દેવામાં આવ્યું હતું અને લગભગ દશબાર પોલીસના માણસો ત્યાં હાજર હતા. કેદી નીચે ઉતર્યો, તેણે પલાયન થવાનો પ્રયત્ન પણ કર્યો નહિ. તે આ સ્થળે અગાઉ અનેક વાર આવ્યો હોય એવા ભાવ પૂર્વક બેદરકારના જેવો દેખાતો હતો. તે કોઇની કશી પણ સૂચના સિવાય પોતાની મેળે આગળ ચાલ્યો. પ્રથમ જમણી તરફ, પછી ડાબી બાજુએ, એ પ્રમાણે જે સ્થળે તેમને જવાનું હતું તે તરફ કોઇને પૂછ્યા સિવાય કે અચકાયા વગર ચાલવા લાગ્યો. આ ભાગમાં માત્ર આ ખાતાના માણસો અને ગુન્હેગારો સિવાય બીજા કોઇને આવવાની મનાઈ હતી. એટલે કેદીને આ બધાંની માહિતી જોઇને **શ**રતચંદ્રને એમ થયું કે આ માણસ અગાઉ ચોક્કસ અહીં આવેલો હોવો જોઇએ.

તેઓ રજીસ્ટ્રારની ઓફિસમાં દાખલ થયા. અત્યારે તેમાં એક કલાર્ક તથા ત્રણ ચાર પોલીસના માણસો હતા. કલાર્ક કાંઈ કાગળો તપાસતો હતો. તે આ લોકોને જોઈને બોલ્યો. " અહો ! તમે આવી પહોંચ્યા ?"

" હાજી " એમ કહીને શરતચંદ્રે ન્યાયાધીશ જ્યોતિપ્રસાદના કાગળો તેને આપ્યા.

કલાર્કે કાગળો વાંચી જોયા. તે બોલ્યો : " અહો ! ત્રણ ખૂન !" તેને આ કેદી ભયંકર મનુષ્ય લાગ્યો. તે આગળ બોલ્યો: " ન્યાયાધીશ સાહેબ આ કેદીની ખાનગીમાં તપાસ કરવાના છે. માટે પ્રથમ તેનાં વસ્ત્રો બદલવાં જોઇએ. તેણે અત્યારે પહેરેલાં વસ્ત્રો પૂરાવામાં કામ લાગશે. વારૂ, કોઈ છે કે ? રજીસ્ટ્રાર સાહેબને બોલાવો અને અને ગાડીમાં આવેલ બીજા કેદીને હમણાં બહાર રાખવાનું કહો. નિયમ મુજબ આ માણસની ઉંચાઈ, પહોળાઇ વગેરેનું પણ માપ લેવું પડશે."

રજીસ્ટ્રાર તુરત જ ત્યાં આવ્યો. તેણે ન્યાયાધીશની સહીવાળા કાગળો જોયા. પછી કેદીને પ્રશ્ન કર્યો: " તારૂં નામ શું ?"

" ફાલ્ગુન. "

" એ નામ કદાચ ફુલામણાનું હશે. પણ ખરૂ નામ શું?"

" મારે એક જ નામ છે. "

" શું તારી જન્મરાશીના આધારે તારૂં બીજું નામ રાખવામાં આવ્યું નથી ? "

ખૂની એક પળ વિચારગ્રસ્ત દેખાયો. પછી તે બોલ્યો: "તમારે નકામા સવાલ પૂછવાની જરૂર નથી. હું માત્ર ન્યાયાધીશને જ જવાબ આપીશ. તમે મારે હાથે મારા ગળે છરી ફેરવવા માગો છો તે હું સમજું છું. પરંતુ તેમાં તમારૂં કશું વળવાનું નથી."

" આવા જવાબથી તું તારી સ્થિતિ વધારે કફોડી બનાવે છે." રજીસ્ટ્રાર બોલ્યો.

" બિલકુલ નહિ. હું નિર્દોષ છું. તમે મારો નાશ કરવા માગો છો તે સામે આ મારો બચાવ છે. તમારે જે કાંઇ લઇ લેવું હોય તે લ્યો, પરંતુ પોલીસ ચોકી ઉપર મારા જે પૈસા લઇ લીધા છે તે મને

પાછા આપો. તેમાં અણુસઠ રૂપીઆ અને ચાર આના હતા. હું અહીંથી મુક્ત થઇશ એટલે તેની મને જરૂર પડશે. એ પૈસા ક્યાં છે? તેની નોંધ તમારા રજીસ્ટરમાં કરી લ્યો."

પોલીસ ચોકી ઉપરના પહેરેગીરે તે રકમ શરતચંદ્રને આપી હતી. શરતચંદ્રે તે રજુ કર્યા અને કહ્યું: "આ તારા પૈસા. અણુસઠ રૂપીઆ અને ચાર આના છે. તેની સાથે તારો છરો, રૂમાલ અને ચાર સિગાર પણ છે."

એ જોઇને કેદીને સંતોષ થયેલો જણાયો. "હવે તું જવાબ આપીશ?" કલાર્કે પ્રશ્ન કર્યો. પરંતુ રજીસ્ટ્રાર સમજતો હતો કે તે જવાબ આપવાનો નથી. તેણે કલાર્કને મૌન રહેવાનું કહીને કેદીને કહ્યું: "તારા બૂટ કાઢી નાંખ."

આ હુકમ સાંભળીને કેદીનાં નેત્રોપર સ્હેજ ગુસ્સો પ્રકટેલો શરતચંદ્રના જોવામાં આવ્યો. પરંતુ એ તેની કલ્પના તો નહિ હોય?

"મારે શા માટે બૂટ કાઢી નાંખવા?" કેદીએ સામો સવાલ કર્યો.

"અમારે તારી ઉંચાઇનું બરોબર માપ લેવાનું છે." કલાર્કે જવાબ આપ્યો. કેદી કશો જવાબ આપ્યા સિવાય જમીનપર બેઠો અને બૂટની દોરીઓ છોડવા લાગ્યો. જમણા બૂટની એડી તેની ડાબી બાજુ તરફ સ્હેજ વળેલી હતી. તેણે મોજાં પહેર્યાં નહતાં,

"તું રોજ બૂટ પહેરતો હોય એમ લાગતું નથી." શરતચંદ્ર બોલ્યો.

"એમ તમે શાપરથી ધારો છો?"

"તારા પગ કાદવથી ખરડાયેલા લાગે છે તે ઉપરથી."

"એથી શું થઇ ગયું?" કેદીએ ઉદ્ધતાઇ પૂર્વક જવાબ આપ્યો: "પગ સ્વચ્છ ન રાખવા એ શું ગુન્હો ગણાય છે?"

"એ ગુન્હાને માટે તું દોષિત નથી." શરતચંદ્રે કહ્યું: "પણ તારા પગ ઉપર કાદવ હોવા છતાં તે ગૌર અને સ્વચ્છ છે એ હું જોઇ શકું છું. નખ પણ સંભાળ પૂર્વક કપાયેલા લાગે છે."

તે બોલતો બોલતો અટકી ગયો. તેના મગજમાં વિજળીના જેવો કાંઇક ચમકારો થયો. તેણે જમીનપર એક કાગળ મૂકીને કેદીને કહ્યું; "આના ઉપર તારો પગ મૂક."

કેદી તે હુકમને તાબે થયો નહિ. રજીસ્ટ્રાર બોલ્યોઃ "હુકમનો અનાદર કરવાથી કશું વળે તેમ નથી. અમે અહીં પુષ્કળ જણા છીએ."

કેદીએ પણ અનાદર કરવામાં સાર જોયો નહિ. તેણે કાગળપર પગ મૂક્યો. **શ**રતચંદ્ર પોતાની પાસેના ચપ્પા વડે પગ ઉપરની માટી ઉખેડવા લાગ્યો. આ માટીના બે ભાગ કરીને બે પડીકાંમાં બાંધી એક પડીકું પોતાની પાસે રાખી બીજું રજીસ્ટ્રારને આપતાં કહ્યુંઃ "આ પડિકાને એક કવરમાં નાંખીને તે બંધ કરી, તેના ઉપર આ કેદીના દેખતાં જ સીલ કરી, તમારી પાસે સંભાળીને રાખો. એથી ભવિષ્યમાં આ માટી પોતાના પગ ઉપરની નથી એમ તે કહી શકે નહિ."

રજીસ્ટ્રારે તેની સુચના પ્રમાણે આ વિચિત્ર જણાતા પૂરાવાને પરબીડીયામાં નાંખી, બંધ કરી, તેનાપર સીલ કરીને લોખંડની પેટીમાં મૂકી દીધું. કેદીએ તેની પોતાને કશી પણ પરવા નથી એવો ભાવ ધારણ કર્યો. પરંતુ તે ભાવની પાછળ ચિંતા છૂપાયેલી **શ**રતચંદ્ર જોઇ શક્યો હતો.

પછી કેદીને કપડાં ઉતારવાનું કહ્યું. તે વખતે તેણે કશો વાંધો લીધો નહિ,

રજીસ્ટ્રારે કેદીના શરીરની તપાસ કરી તેણે તેના મ્હોંમાં કાચ કે સીસા જેવી ઝીણી વસ્તુ છૂપાવી છે કે કેમ તે જોયું. કારણ કે એક કેદી એવી રીતે છૂપાવેલા કાચની સહાયથી બારીના સળીઆ ધીમે ધીમે ઘસી, કાપીને પલાયન થઇ ગયો હતો. વળી સીસા વડે તેઓ ચીઠી લખીને રોટલીના પડની વચ્ચે ભરાવી જાળી બહાર ફેંકી પોતાના સહાયક સાથે પત્રવ્યવહાર ચલાવતા હોવાના બનાવો પણ બન્યા હતા. એથી આવા પ્રકારની સાવચેતી રાખવી પડતી હતી.

આ ધારાસરની તપાસ થઇ રહ્યા પછી રજીસ્ટ્રારે એક માણસને આજ્ઞા કરી કે " આ કેદીને કારાગૃહના ગુપ્ત વિભાગવાળી નં. ૩ની કોટડીમાં લઇ જાઓ."

કેદીને ખેંચીને લઈ જવાની કશી જરૂર નહતી. તે જેવી રીતે અહીં આવ્યો હતો તેવી રીતે જ બહાર નીકળ્યો અને જાણે કેમ આ કોર્ટના તમામ ભાગની તેને માહિતી હો[illegible]વી રીતે ચાલવા લાગ્યો

" ખરેખરો બદમાશ છે!" કલાર્ક બોલ્યો.

" ત્યારે શું તમે એમ માનો છો કે"—શરતચંદ્રે પૂછ્યું.

" એમાં કશી શંકા જ નથી." રજીસ્ટ્રારે જવાબ આપ્યો; "આ માણસ ખરેખર ભયંકર છે. તે જૂનો જોગી છે. આ કોર્ટનો તેને પૂરો અનુભવ છે અને હું ધારૂં છું કે મેં અગાઉ તેને ચોક્કસ અહીં જોયો છે."

આવા ઘણા લાંબા વખતના વિશાળ અનુભવવાળા માણસનો અભિપ્રાય પણ ગજાનનના જેવો જ હતો. શરતચંદ્ર એક જ જુદો મત ધરાવતો હતો. છતાં તેણે એ બાબતની કશી ચર્ચા કરી નહિ. કેમ કે તેમાંથી કશું ફળ નિષ્પન્ન થાય તેમ ન હતું. વળી હવે ચંદ્રભાગાની તપાસ પણ કરવાની હતી.

અત્યારે તે નરમ ઘેંસ જેવી બની ગઈ હતી. માત્ર પોતાને અન્યાય પૂર્વક આપવામાં આવતા ત્રાસની નમ્રતા પૂર્વક ફરીયાદ કરતી હતી. તેણે અરજ કરી: "સાહેબ! હું રંક અને પ્રામાણિક માણસ છું. મારા છોકરા પન્નાલાલને ગજવું કાતરવાના ગુન્હા માટે કેદમાં પૂરવામાં આવેલો હોવાથી અમારા આખા કુટુંબનો આધાર મારા ઉપર છે. મારા છોકરાની સ્ત્રી અને તેના છોકરા કીકાની સંભાળ લેનાર મારા સિવાય બીજું કોઇ પણ નથી."

તેની તપાસ થઈ રહ્યા પછી તેને પણ લઈ જવામાં આવી. તે વખતે તે ચોકીદારને કહેવા લાગી: " તું જો મને દરેક પ્રકારની સગવડ કરી આપશે તો હું છૂટી થઇશ એટલે તને સારી બક્ષિસ આપીશ અને વળી મારે ત્યાં મફતનો દારૂ પણ પીવાને મળશે."

પણ ચોકીદાર તેની લાંચની દરકાર કર્યા વગર તેને ધક્કા મારતો લઈ ગયો.

તપાસ થઈ રહી. હવે જ્યોતિપ્રસાદ અહીં આવી પહોંચે ત્યાંસુધી શરતચંદ્ર નવરો હતો. તે આમ તેમ આંટા મારવા લાગ્યો; પણ જ્યાં જાય ત્યાં આ કેસના સંબંધમાં તેને સવાલ થવા લાગ્યા. એટલે તે બહાર ગયો અને પોતાના વિચારોને વ્યવસ્થિત રીતે ગોઠવવાને માટે એક બેંચપર જઇ એકલો બેઠો. ખૂનીના સંબંધમાં તેની કલ્પનામાં કશો ફેર થયો નહતો. ઉલટી તે વિશેષ દૃઢ થઇ હતી. પરંતુ આ માણસ કારાગૃહ અને તેના રીતરીવાજથી સારી રીતે માહિતગાર લાગતો હતો. શરતચંદ્રે મનમાં એટલો તો સ્વીકાર કર્યો કે "આ માણસ મારા કરતાં વધારે બાહોશ છે."

આ વિચારોમાં તે લગભગ ત્રણ કલાક સુધી ત્યાં બેસી રહ્યો. ત્યારપછી જ્યોતિપ્રસાદ તેના કલાર્ક સાથે ત્યાં આવી પહોંચ્યો. શરતચંદ્ર ઊભો થઈને ચિંતાપૂર્ણ વદને તેની પાસે ગયો.

ન્યાયાધીશ તેને જોઇને બોલ્યો; "મેં ત્યાં જે તપાસ કરી તે ઉપરથી તમારૂં કથન સત્ય છે એવી મારી પણ માનિનતા ચોક્કસ થઇ છે. કાંઈ વિશેષ નવીન છે?"

"હા, સાહેબ! દેખીતી રીતે નજીવી લાગતી પણ ઘણી અગત્યની."

"બહુ સારૂ!" ન્યાયાધીશે કહ્યું: "એ વિષયમાં તમે પાછળથી ખુલાસો કરજો. પહેલાં હું આરોપીઓની ઉપલક જુબાની લઈ લઉં અહીં રોકાજો. હમણાં જ આવું છું."

ન્યાયાધીશે તુરત જ આવવાનું કહ્યું હતું, તો પણ તેને ઓછામાં ઓછો એક કલાક લાગશે એવી શરતચંદ્રની કલ્પના હતી. પણ તેની કલ્પના ખરી ઠરી નહિ. વીશ મિનીટમાં જ ન્યાયાધીશ પાછો ફર્યો. તે ઉતાવળો ચાલતો હતો. તેણે થોડે દૂરથી શરતચંદ્રને પોતાની પાસે બોલાવીને જણાવ્યું: "હું મારા મકાન પર જાઉં છું-જલ્દી જવાનું

છે. એટલે તમારી હકીકત સાંભળી શકતો નથી. ”

“ પણ સાહેબ !—”

“ મૃત્યુ પામેલા માણસોનાં મડદાંને દરબારગઢ પાસેની ચોકીએ મોકલી આપ્યાં છે. ત્યાં ખાસ લક્ષ રાખજો. પછી આજે સ્હાંજે તમે-વારૂ—તમને ઠીક લાગે તેમ કરજો. ”

“ પણ સાહેબ ! મારે—”

“ આવતી કાલે નવ વાગે કોર્ટમાં આવજો. ”

શરતચંદ્રની ઘણીએ ઇચ્છા હતી કે અત્યારે ન્યાયાધીશ પોતાની હકીકત સાંભળે તો સારૂં. પણ ન્યાયાધીશ આટલું કહીને પોતાની ગાડીમાં બેસી ગયો અને ગાડીવાને ઘોડાને ચાબૂક ફટકાર્યો.

“ આ ન્યાયાધીશ દીવાનો તો નથી થઇ ગયો ? ” શરતચંદ્ર મનોગત બોલ્યો.

તેના મગજમાં એક ચમત્કારિક કલ્પના ઉદ્ભવી: “ ન્યાયાધીશની પાસે આ રહસ્યને ઉકેલવાની ચાવી આવી હશે ? તે મને એક બાજુએ રાખીને પોતે જ બધો યશ ખાટી જવા ઇચ્છતો હશે ? ”

આ અતિ ભયંકર કલ્પના હતી. તેણે કારાગૃહમાં કેદીની મુલાકાત લેવાનો વિચાર કર્યો. તેના વદનપરથી કદાચ પોતાની આ શંકાનું સમાધાન કરનારૂં જ્ઞાન થઇ શકશે. તે કારાગૃહમાં ગયો અને કોટડીની ન્હાની બારીમાંથી અંદર જોવા લાગ્યો.

કેદી સૂતો છે ? ના, કારણ કે તેનું શરીર વિચિત્ર રીતે હાલતું જોવામાં આવતું હતું. આ હીલચાલ તે સમજી શકયો નહિ. તેણે બારીમાં આંખોને બદલે કાન રાખ્યો એટલે અંદરથી ગળામાંથી નિકળતો અવાજ સંભળાયો. આ ગુંગળાવાને લીધે થતો મૃત્યુકાળનો અવાજ હતો. તેણે બૂમ પાડી: “ દોડો ! દોડો ! મદદ ! મદદ ! ”

આઠ—દશ ચોકીદારો દોડતા ત્યાં આવી પહોંચ્યા.

“ કેદી સામે જૂઓ ! તે આપઘાત કરે છે. ”

તેમણે તરત જ દ્વાર ખોલ્યું. તેઓ વખતસર આવી પહોંચ્યા હતા.

કેદીએ તેના એક કપડાને ચીરીને ગળાની આસપાસ તેના લીરાને બાંધ્યો હતો, અને ત્યાં ખોરાકની રકાબીની સાથે એક ચમચો લગાવવામાં આવ્યો હતો તેના વડે, તે ગળાની આસપાસ બાંધેલા ચીરાને વળ ચડાવતો હતો. એ ઉપરથી તે ગળે ફાંસો દઈને મરવા માગતો હોય એમ જણાઈ આવતું હતું.

કારાગૃહના ડોકટરને બોલાવ્યો હતો. તે આવી પહોંચ્યો. તેણે તપાસ કરીને જણાવ્યું કે " જો દશ મીનિટ વધારે થઇ હોત તો બધું ખલાસ થઈ જાત. "

જ્યારે કેદી શુદ્ધિમાં આવ્યો ત્યારે તેણે ચોતરફ અર્થશૂન્ય દષ્ટિ ફેરવી. એટલે કોઈને એમ લાગે કે પોતાને પુનઃ જીવન્ત જોવાથી તેને આશ્ચર્ય થયેલું હોવું જોઈએ. તેની સૂજેલી આંખોમાંથી અશ્રુબિન્દુ ટપકવાં લાગ્યાં.

આ લોકોએ તેને પ્રશ્નો કર્યા પણ કશો જવાબ મળ્યો નહિ.

એક ચોકીદાર બોલ્યો: "આ માણસના મગજની આવી સ્થિતિ છે અને તેને એકાંતમાં રાખવાનો હોવાથી તેના સાથે બીજા કેદીને રાખી શકાય તેમ નથી. એટલે તેના હાથ પગ બાંધવાની જરૂર છે."

તેના હાથપગ બાંધી તેને સૂવાડવામાં આવ્યો. પછી શરતચંદ્ર ત્યાંથી બહાર નીકળ્યો. તેને એટલું તો લાગ્યું કે આ ભેદી રહસ્યના પડદા પાછળ કોઈ ભયંકર નાટક હોવું જોઈએ. તે મનોગત બોલ્યો: " પણ શું બન્યું હશે ? આ માણસે ન્યાયાધીશ પાસે બધું કબૂલ કર્યું હશે ? જો એમ ન હોય તો તે આત્મહત્યા કરવાને શા માટે તૈયાર થાય ? "

પ્રકરણ ૧૫ મું.

ગાડીવાનની શોધમાં.

લાલચોળ આંખો થઈ ગઇ હતી. મગજ શૂન્ય બની ગયું હતું. ગઇ કાલે સ્હવારે છ વાગે ઉઠયો ત્યારથી શરતચંદ્રે આજ સાંજ સુધી બિલકુલ આરામ લીધો ન હતો. છતાં આજે રાત્રે પણ તેને નિદ્રા આવી નહિ.

ચંદ્રભાગાના હોટેલમાં ખૂન થયાં એ વાત સાચી હતી. ત્રણ મનુષ્યોનાં શબ પૂરાવામાં સાબુત હત.. પરંતુ મુશ્કેલી એ હતી કે તે ખૂન થયા પહેલાં ત્યાં શું બન્યું હતું એ જણાવનાર કોઇ સાક્ષી મળી આવતો ન હતો. જો ખૂની કોણ છે, એ જાણી શકાય તો પણ ઘણી શંકાઓનો નિર્ણય થઇ જાય તેમ હતું. તે કોણ છે ? તેના સબંધમાં ગજાનન અને કારાગૃહમાંના રજીસ્ટ્રાર વગેરેનું કથન સાચું કે એકલા શરતચંદ્રનું અનુમાન ખરૂં ?

કેદીના મુખમાંથી એક વાકય સરી પડયું, તેને આધારે શરતચંદ્રે આગળ કરેલી તપાસ ઉપરથી પોતાનું અનુમાન બાંધ્યું હતું. તે કેદીને આત્મહત્યામાંથી બચાવીને જ્યોતિપ્રસાદના કલાર્ક પાસે ગયો હતો. તેને પૂછતાં ન્યાયાધીશ અને કેદી વચ્ચે થયેલા સવાલ જવાબની તેણે માહિતી આપી. એ માહિતી ઉપરથી કશું જાણવા જોગ મળી આવ્યું નહિ.

કલાર્કે કહ્યું કે “ ખૂનીએ ન્યાયાધીશ પાસે કશું પણ કબૂલ કર્યું ન હતું. પણ ઘણા સવાલોના આડા આડા જવાબ આપ્યા હતા,

જ્યારે કેટલાકના તો બિલકુલ જવાબ જ આપ્યા ન હતા. વળી ન્યાયાધીશે પણ જવાબ માટે દબાણ કર્યું ન હતું. કારણ કે આ તો માત્ર નિયમસરની ઉપલક તપાસ હતી. પોતાને ખુલાસો કરવાની તક આપ્યા સિવાય જેલમાં ગોંધી રાખ્યો એમ પાછળથી કહેવાનું કેદીને કારણ ન મળે તે માટે આ તપાસ ન્યાયાધીશે કરી હતી. "

હવે આટલું જ બન્યું હોય તો કેદીની નિરાશા અને આત્મહત્યાનું કારણ શું ! કારાગૃહમાં આવનારા કેદીઓની કારકીર્દી ઉપરથી જોઇ શકાય છે કે બદમાશીના ધંધામાં જ પોતાનું જીવન વ્યતિત કરનારા કેદીઓ કદિ પણ આત્મહત્યા કરવાને માટે તૈયાર થતા નથી. તેઓ કેદ ભોગવે છે, કારાગૃહનો ત્રાસ સહન કરે છે, પણ તેમને પોતાનું જીવન ઘણું વહાલું હોય છે. તેમનામાં આત્મહત્યા કરવાની હિમ્મત પણ હોતી નથી. જ્યારે આ માણસ પોતાનો નાશ કરીને પોતાના કૃત્યથી આવનારા પરિણામને અંદૃશ્ય બનાવવા ઇચ્છે છે તેમાં કશો ખાસ ભેદ હોવો જોઇએ. આ મનુષ્યનું ગુપ્ત રહસ્ય અત્યંત ભયંકર હોવું જોઈએ. નહિ તો તે એને પોતાના જીવન કરતાં યે વિશેષ મહત્વનું માને નહિ.

આ બધા વિચારોમાં પરોઢના પાંચ વાગી ગયા. શરતચંદ્ર બિછાનામાંથી બેઠો થયો. તેણે અલ્પ સમયમાં જ નિત્યકર્મ આટોપી લીધું અને સ્ટવ ઉપર ચહા બનાવીને પી લીધી. પછી વસ્ત્રો પહેરીને તે બહાર જવાને તૈયાર થયો. આજે પણ ઠંડી સખ્ત હતી. પરંતુ ડિટેકિટવને તેની પરવા ન હતી. એ બહાર નીકળ્યો.

ચાલતાં ચાલતાં થોડે દૂર ગયો ત્યાં બજારમાં રાજમાર્ગપર ગજાનન પોતાના બે ત્રણ માણસો સાથે મળ્યો. આજે પણ તે પોતાની જાળ બિછાવવાને નીકળ્યો હતો, પણ તેમાં કોઈ માછલું રવિવારની રાત્રિની માફક સપડાયું ન હતું.

તેણે **શરતચંદ્રને** પ્રશ્ન કર્યોઃ " હજી પણ ખૂની કોણ છે એ શોધી

કાઢવાનો પ્રયત્ન ચાલે છે ને ?"

"હા, હજી પણ પ્રયત્ન જ કરું છું."

"તે છદ્મ વેશમાં કોઈ રાજકુમાર છે કે જાગીરદાર છે ?"

"મારી ખાત્રી છે કે એમાંથી એક હોવો જોઇએ." શરતચંદ્રે જવાબ આપ્યો. એકાદ પળ પછી તેણે પુનઃ કહ્યું: "રાવસાહેબ ! તમે અત્યારે મળી ગયા તે સારૂં થયું. મારે દૂર ધક્કો ખાવો મટ્યો. હું પોલીસ ચોકી ઉપર તમને વિનતિ કરવા માટે આવવાનો જ ઇરાદો રાખતો હતો. ન્યાયાધીશ મી. જ્યોતિપ્રસાદે જણાવ્યું છે કે આજે સહવારે દરબારગઢની ચોકી પાસે પેલાં મડદાં ઓળખવાં સારૂ રાખ્યાં છે. ત્યાં આપણો એક માણસ સાદાં કપડામાં હાજર રાખવો. કેમ કે આ ખૂનને લગતી હકીકત આખા ગામમાં પ્રસરી ગયેલી હોવાથી ઘણા માણસો મડદાં જોવાને માટે આવશે: અને તેમાંથી કશું જાણવાનું મળી શકશે એમ તેમનું માનવું છે."

"બહુ સારૂ, સોડાવોટરને ત્યાં હાજર રાખીશ."

જ્યાં એક ચાલાક માણસની જરૂર હતી, ત્યાં સોડાવોટરને મોકલવો તે એક મશ્કરી સમાન હતું. છતાં શરતચંદ્રે તે સામે વાંધો ઉઠાવ્યો નહિ. કેમકે સોડાવોટર ઉપર તેને વિશ્વાસ હતો. તે કદાચ નવીન જાણી નહિ શકે. પણ જાણવામાં આવેલી વાતો પ્રકટ નહિ કરે એટલી તેની ખાત્રી હતી.

ગજાનને વિશેષમાં કહ્યું: "ખરી રીતે આ બાબતમાં તારે મને કાલે સહાંજે જ સૂચવવું જોઇતું હતું. હું કોર્ટમાં આવ્યો હતો તે વખતે તું ત્યાંથી ચાલ્યો ગયો હતો."

"હા, મારે કામ હતું."

"એમ ! શું કામ હતું ?"

"પોલીસ ચોકી ઉપર કેદીને પૂરવાની કોટડીની તપાસ કરવાની હતી." એટલું કહીને શરતચંદ્ર સલામ કરીને છૂટો પડયો.

ગજાનન તેની પાછળ કિન્નાખોરની માફક જોઈ રહ્યો ને મનમાં બોલ્યોઃ 'આ છોકરો શું સમજતો હશે? તેને પોતાના ધંધાના કક્કાનું જ્ઞાન પણ નથી, છતાં બડેશાહી કેટલી? તે કશી શોધ કરી શકતો નથી એટલે પોતાના મગજમાંથી તદ્દન કલ્પિત ચમત્કારિક વાતો ઊભી કરે છે અને ન્યાયાધીશને આડે માર્ગે દોરી જાય છે. પરંતુ યાદ રાખજે બચ્ચા! એમ તને કદિ પણ પ્રોમોશન મળી જવાનું નથી. આ ગજાનન સાથે વેર બાંધવામાં તું કદિ કાઢી શકવાનો નથી. હું તને બરાબર બતાવી આપીશ."

શરતચંદ્રે ગજાનનને કહેલું કે તે આગલી સાંજે પોલીસ ચોકી ઉપર કેદીની કોટડી તપાસવા ગયેલો તે વાત સાચી હતી. ત્યાં જઈને તેણે પોતાની પાસેના પડીકામાં જે માટી હતી તેની તે કોટડીની માટી સાથે સરખામણી કરી જોઈ હતી અને તે માટી પણ એક પડીકામાં બાંધીને પોતાની પાસે રાખી હતી.

તે ગજાનનથી છૂટો પડીને પેલી બે સ્ત્રીઓને રાત્રે લઈ જનાર ગાડીવાનની તપાસ માટે ચાલ્યો. આજે સવારે કોર્ટમાં હાજર થતા પહેલાં આ તપાસ થઈ જાય તો સારૂં, એવી તેની ઇચ્છા હતી. આ તપાસને માટે જે સ્થળે ગાડીનાં પૈડાનાં નિશાન જોવામાં આવ્યાં હતાં તેની આસપાસ રહેતા ગાડી ભાડે ફેરવનારા માણસોની યાદી તેણે પોલીસ કમિશ્નરની ઓફિસમાંથી મેળવી રાખી હતી.

શરૂઆતમાં તેની તપાસમાં તેને સફળતા મળી નહિ. પહેલા તબેલામાં ગયો ત્યાં બાસદારો ઉઠ્યા જ ન હતા. બીજે સ્થળે તેઓ તબેલામાં અંદર કામ કરતા હતા, તેમને જવાબ આપવાની ફુરસદ ન હતી. ત્રીજે સ્થળે તબેલાના માલિકે કહ્યું કે "પોલીસ કમિશ્નર સાહેબની ચીઠ્ઠી હોય તો અમે અમારી આવક જાવકનો હિસાબ બતાવીએ. તે સિવાય નહિ." આવા ઉદ્ધત માણસની સાથે ચર્ચામાં ઉતરી નકામો સમય ગાળવાનું શરતચંદ્રને યોગ્ય લાગ્યું નહિ. એમ પાંચ-સાત સ્થળે તેને નિરાશા મળી. પરંતુ છેવટે તેના ભાગ્યે જોર કર્યું. એક તબેલામાં

તે ગયો. ત્યાં એક ગાડીવાન હતો, તે ગાડી તૈયાર કરતો હતો. આ માણસ વૃદ્ધ હતો. શરતચંદ્રે તેની પાસે જઈને પ્રશ્ન કર્યો: "ભાઈ! મારા એક સવાલનો જવાબ આપીશ?"

"તમારો સવાલ જાણ્યા સિવાય શી રીતે કહેવાય?"

"વારુ, તું ગાડીવાન છે. આ તરફના બીજા ગાડીવાનોનો તને પરિચય હશે. તેમાંથી કોઈ માણસ ગયા રવિવારની રાત્રે એટલે કે સોમવારની પરોઢમાં આ વિભાગમાંથી બે સ્ત્રીઓને ભાડુતી ગાડીમાં બેસાડીને લઈ ગયો હતો? જો એ તારા જાણવામાં આવ્યું હોય તો મને જણાવીશ?"

"કદાચ એમ હોય પણ ખરૂં."

"ના મારે તો ચોક્કસ જવાબ જોઈએ છે."

"સમજ્યો, એ બે સ્ત્રીઓ પોતાની અમુક વસ્તુ ગાડીમાં ભૂલી ગયેલી હોવાથી તેની તપાસ કરવાને માટે તમે અહીં આવ્યા હશો?" ગાડીવાન બોલ્યો.

ડિટેક્ટિવ આનંદાવેશથી ધ્રૂજવા લાગ્યો. તે સમજી ગયો કે આ માણસ જ તે ગાડીવાન હોવો જોઈએ. તેણે પૂછ્યું: "અહીં થયેલા ખૂન વિષે તારા સાંભળવામાં આવ્યું છે?"

"હા, પેલી ચંદ્રભાગાની હોટેલમાં ત્રણ ખૂન થયાં છે તે જ ને?"

"હા. તે જ. આ બે સ્ત્રીઓ ત્યાં રહેતી હતી. અમે તે હોટેલમાં દાખલ થયા એ વખતે તેઓ પલાયન થઈ ગઈ હતી. હું તેમને શોધી કાઢવાનો પ્રયત્ન કરૂં છું. હું છૂપી પોલીસ ખાતાનો માણસ છું. આ મારૂં કાર્ડ. તું મને એ બાબતમાં કશી માહિતી આપી શકીશ?"

ગાડીવાન ફીક્કો પડી ગયો. તે બોલ્યો: "તેમણે મને ભાડાના તથા બક્ષિસના કુલ મળીને દશ રૂપીઆ આપ્યા તેનું કારણ હું સમજ્યો. જો એ પૈસા મેં ખર્ચી નાખ્યા ન હોત તો જઈને તે નદીમાં ફેંકી દેત."

"પણ તું એ સ્ત્રીઓને ક્યાં લઇ ગયો હતો?"

"સારાભાઇની પોળમાં. હું મકાનનો નંબર ભૂલી ગયો છું. પરંતુ નજરે જોવાથી તે મકાનને ઓળખી શકું ખરો."

"તેથી કશો લાભ નથી. કારણ કે તેઓ તને પોતાના મકાન પાસે નહિ લઇ ગઇ હોય."

"કેમ કહી શકાય? મેં તેમને મકાનના દ્વારપર અવાજ કરતાં જોઇ હતી, અને જ્યારે મેં ગાડી પાછી ફેરવી તે વખતે તેઓ અંદર દાખલ થયેલી હોવી જોઇએ એવી મારી ધારણા છે. તમારી મરજી હોય તો હું તમને ત્યાં લઇ જઉં."

શરતચંદ્રને પણ એ ઠીક લાગ્યું. તેણે કહ્યું: "હા, ચાલો ત્યારે ત્યાં જઇએ."

પ્રકરણ ૧૬ મું.

નિરાશા.

દુનિયા દુઃખનો દરિયો છે. સ્થળે સ્થળે અને પળે પળે સંસારમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ દૃષ્ટિગોચર થાય છે. છતાં આશ્ચર્ય તો એ છે કે એવા દુઃખના દરિયામાં અનેક મનુષ્યો મહત્ત્વાકાંક્ષાની હોડીપર સ્વાર થઇ, સ્વાર્થપરાયણતા રૂપી હલેસાં વડે આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

આપણો ડિટેક્ટિવ શરતચંદ્ર પણ તે માંહેનો એક હતો. મહત્ત્વાકાંક્ષાએ તેને ઘેરી લીધો હતો. હવે તો તેના મનમાં પોતાના ધંધામાં આગળ વધવાનો અને પોતાના ઉપરિ અધિકારી ઇન્સ્પેક્ટર ગજાનને કરેલી ભૂલ દર્શાવી આપી તેને હલકો પાડવાનો સ્વાર્થ ઉદ્‌ભવ્યો હતો.

આજ કારણથી જ્યાં પેલી બે સ્ત્રીઓની ભાળ મળવાની તેને

બિલકુલ આશા પણ ન હતી ત્યાં જવાને માટે તે ગાડીમાં ચડી બેઠો. તેણે મનમાં એક સિદ્ધાંતને ધારણ કર્યો હતો કે "પૂરાવાની બાબતમાં જે સંભવિત લાગતા હોય તેના તરફ શંકાની દૃષ્ટિથી જોવું અને અસંભવિત જણાતા પૂરાવા ઉપર આધાર રાખીને તપાસ શરૂ કરવી."

ગાડી ચાલુ થઈ ગઈ હતી. ગાડીવાન ઘોડાને જોરથી દોડાવતો હતો. કેટલોએક સમય શરતચંદ્ર વિચારગ્રસ્ત રહ્યો. પછી તેણે ગાડીવાનને પૂછ્યું: "તેં મને મુખ્ય મુદ્દો તો કહ્યો, પણ હવે હું વિગતમાં ઉતરવા માગું છું. આ બે સ્ત્રીઓએ તારૂં લક્ષ કેવી રીતે આકર્ષ્યું?"

"તે દિવસ મારે માટે બહુ જ કમનસીબ હતો. લગભગ છ કલાક સુધી તો હું એક પણ ભાડુત સિવાય એકના એક સ્થળે ઉભો હતો, તે દરમ્યાન વર્ષાદ ચાલુ હતો. રાત્રિના બાર વાગ્યા સુધીમાં મને માત્ર એક રૂપીઓ ભાડાનો મળ્યો હતો. પરંતુ હવે તો હું હરી ગયો હતો અને મારો ઘોડો કંટાળી ગયો હતો. એટલે મેં ઘર તરફ ફરવાનો વિચાર કર્યો. હું મારા તબેલાની નજીક આવવા લાગ્યો તે વખતે એક મ્યુનિસિપલ ફાનસ પાસે મારાથી થોડે દૂર બે સ્ત્રીઓ મારા જોવામાં આવી. મેં કાંઈ તેમના તરફ લક્ષ આપ્યું નહિ. કારણ કે મારા જેવો વૃદ્ધ માણસ આવા હલકા મનુષ્યોવાળા લત્તામાં સ્ત્રીઓ તરફ—"

"આગળ ચલાવ." શરતચંદ્ર બોલ્યો. તેની અધિરાઈ વધતી જતી હતી.

"હું તેમનાથી આગળ વધ્યો એટલે તેમણે બૂમ પાડી: 'ગાડીવાન! ગાડીવાન!' મેં તેમની એ બૂમ સાંભળી જ ન હોય એવો દેખાવ કર્યો, પરંતુ તેમનામાંની એક મારી પાછળ દોડી અને બોલી: 'પાંચ રૂપીઆ! બે માઈલના પાંચ રૂપીઆ!' મેં ગાડીને ઉભી રાખી અને હું મનમાં વિચાર કરવા લાગ્યો. પરંતુ તેણે કહ્યું: 'અને પાંચ રૂપીઆ તને બક્ષિસના!' હવે હું આગળ વધી શક્યો નહિ."

શરતચંદ્રને એમ થતું હતું કે આ ટુંકામાં મુદ્દાની વાત કહી

નાંખે તો સારૂં. પરંતુ તેને સિદ્ધા સવાલો કરવાથી બરાબર ખુલાસો ન મળે, એટલે તે જે કહે તે સાંભળ્યા સિવાય છૂટકો ન હતો.

ગાડીવાને આગળ ચલાવ્યું: "સાહેબ ! આવા સ્થળે આવી સ્ત્રીઓના ઉપર વિશ્વાસ રાખવાને હું તૈયાર ન હતો, એટલે તેઓ ગાડીમાં બેસવા લાગી તે વખતે મેં કહ્યું: 'પણ ભાડાના પૈસા પહેલાં આપો.' જે સ્ત્રીએ મને બૂમ પાડી હતી તેણે તુરત મને પાંચ-પાંચ રૂપીઆની બે નોટો આપી અને કહ્યું: 'જલ્દી કર—વાર ન લગાડ !"

"પણ આ બે સ્ત્રીઓના સંબંધમાં તું કાંઈ કહી શકે તેમ છે ?" ડિટેક્ટિવે બીજો પ્રશ્ન કર્યો.

"હું તમારો સવાલ બરાબર સમજ્યો નહિ."

"હું પૂછું છું કે એ સ્ત્રીઓનો દેખાવ કેવો હતો ? તેઓ કઈ કોટીની હતી ?"

"મને તો તેઓ કાંઇ સારી કોટીના બાઓ લાગી નહિ."

"તેમણે કેવો પોષાક પહેર્યો હતો !"

"નાટક કંપનીમાં ખેલમાં ઉતરતી એકટ્રેસો જેવો પોષાક રાખે છે તેવી રીતે ટાપટીપથી તેમણે કપડાં પહેર્યાં હતાં. પણ તે બેમાંથી એકનો પોષાક ઘણોજ ટાપટીપવાળો અને આકર્ષક હતો, ત્યારે બીજીનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત હતાં."

"તારી પાછળ કઇ સ્ત્રી દોડી હતી ?"

"જેણે ટાપટીપથી પોષાક પહેર્યો હતો તે, જે—"

ગાડીવાન બોલતો બોલતો અટકી ગયો. અચાનક તેના મનમાં અમુક બાબતનું સ્મરણ થયેલું લાગ્યું. તે બોલ્યો: "હવે મને કાંઈક ખ્યાલ આવે છે. આ બેમાંની એક સ્ત્રી જે તેના કરતાં મોટી અને ઉંચી હતી તેને 'બાઇ સાહેબ' કહેતી હતી અને બીજી સ્ત્રી તેને તું-તાં કરતી તથા તેની સાથે ગુસ્સાથી બોલતી હતી."

"એમ ! નવાઇ જેવું !" ડિટેક્ટિવના મુખમાંથી આશ્ચર્યોદ્ગાર સરી પડ્યો: "તું તાં કોણ કરતી હતી ?"

"જેનાં કપડાં અસ્તવ્યસ્ત હતાં તે. તેણે પેલાં ટાપટીપથી પહેરેલાં વસ્ત્રોવાળી સ્ત્રીને કહ્યું હતું કે 'નાલાયક છોકરી! તું આપણો નાશ કરવા માગે છે કે શું? આપણે ઘેર પહોંચીએ ત્યારપછી તારે બેભાન બની જવું હોય તો બની જજે. પણ અહીં હિમ્મત રાખ અને આગળ ચાલ!' પેલી છોકરી ચાલી પણ શકતી ન હતી. મને લાગ્યું કે આ છોકરીએ પુષ્કળ દારૂ પીધો હશે અને તેથી બેભાન જેવી બની ગઇ હશે."

ગાડીવાનની હકીકત ઉપરથી શરતચંદ્રની પ્રથમની કલ્પનામાં રહેલી ભૂલમાં સુધારો થયો. તે બેમાંની એક શેઠાણી અને એક નોકરડી હતી એ વાત સિદ્ધ થતી હતી, પણ મોટા પગવાળી નોકરડી અને નાજુક પગવાળી શેઠાણી હતી એવી તેની માનિનતામાં ફરક હતો.

"બીજું કશું કહેવાનું છે?" તેણે પૂછ્યું.

ગાડીવાને જવાબ આપ્યો: "હા, મોટી દેખાતી સ્ત્રીએ પૈસા આપતી વખતે પોતાનો હાથ બહાર કાઢ્યો. તે ગૌર રંગનો હતો અને તે ગુસ્સામાં બોલતી હતી છતાં પણ તેનો અવાજ વાંસળીના જેવો મીઠો હતો."

"તેં તેનો ચ્હેરો જોયો હતો?"

"બરાબર નહિ."

"તે દેખાવડી હતી, બેડોળ હતી કે અત્યંત રૂપવતી હતી?"

"મારી સમજ મુજબ તે અત્યંત રૂપવતી ન ગણાય; તેમ જુવાન પણ ન હતી. પરંતુ તેને બેડોળ કહેવાય નહિ. હા તે દેખાવડી હતી અને તેના કેશ ભરાવદાર હતા."

"તે ઉંચી હતી કે નીચી? જાડી હતી કે પાતળી?"

"બન્નેની વચ્ચે."

આ જવાબ કામનો નહિ. શરતચંદ્રે પૂછ્યું: "અને પેલી ટાપટીપવાળી સ્ત્રી?"

"એ છોકરી જેવી ન્હાની લાગતી હતી. બાકી તેના તરફ વિશેષ લક્ષ આપવાનો મને સમય મળ્યો ન હતો."

"જો તું આ સ્ત્રીઓને ફરીથી મળે તો ઓળખી શકે ખરો?"

"ના!"

આ વખતે ગાડી સારાભાઇની પોળમાં આવી પહોંચી હતી. ગાડીવાન બોલ્યોઃ "પેલા મકાનમાં એ બે સ્ત્રીઓ દાખલ થઇ હતી."

શરતચંદ્રે ગજવામાંથી રેશમી રૂમાલ કાઢ્યો અને તેની ઘડી કરીને તેને પુનઃ ગજવામાં મૂકી દીધો. પછી તે નીચે ઉતરીને ગાડીવાને બતાવેલા મકાન તરફ ગયો. અંદર જતાં જમણા હાથે એક ન્હાનો ઓરડો હતો. તેમાં એક આધેડ ઉમરની સ્ત્રી બેઠી બેઠી રેંટીયાપર કાંતતી હતી.

શરતચંદ્ર ગજવામાંથી પેલો રૂમાલ કાઢીને વિનયપૂર્વક બોલ્યોઃ "માજી! આપના મકાનમાં રહેનાર વ્યક્તિનો રેશમી રૂમાલ આપવાને માટે હું અહીં આવ્યો છું."

"કોનો રૂમાલ?"

"એ તો હું કહી શકું તેમ નથી."

ડોસી સમજી કે આ કોઇ તેની મશ્કરી કરવા આવ્યો છે. એટલે તે બોલીઃ "જા–જા રૂમાલવાળા! મારા જેવી ઘરડી ડોસીની મશ્કરી કરે છે?"

"અરે માજી! મને મારી વાત તો પૂરી કરવા દો." શરતચંદ્ર જરી પણ ઉશ્કેરાયા કે ગુસ્સે થયા વગર બોલ્યોઃ "રવિવારની રાત્રે એટલે કે ગઇ કાલ સોમવારની પરોઢમાં આશરે બે વાગે હું બહારથી મારા મકાન તરફ જતો હતો. તે વખતે અહીંથી થોડે દૂર બે બાઇ ઉતાવળી ઉતાવળી મારી પાસે થઇને પસાર થઇ. તેમાંની એક સ્ત્રીની પાસેથી આ રૂમાલ પડી ગયો. મે તે ઉચકી લીધો અને તેમને આપવાને માટે હું પાછળ ચાલ્યો. પણ તેઓ આ મકાનમાં દાખલ થઇ ગઇ. મકાન બંધ થઇ ગયું હતું. એટલે મોડી રાત્રે બારણું ખખડાવવાનું

મને યોગ્ય લાગ્યું નહિ. ગઈ કાલે આખો દિવસ મારે ઘણું જ કામ હતું. એટલે આજે હું આપવાને માટે આવ્યો છું."

તેણે રૂમાલ મૂકીને જવાનો દેખાવ કર્યો. પણ ડોસીએ તેને ઊભો રાખીને કહ્યું: "ભાઈ! તમે આ મહેનત લીધી તે ઠીક, પણ એટલી મોડી રાત્રે બહારથી ભટકતી આવે એવી કોઇ પણ સ્ત્રી આ મકાનમાં રહેતી નથી."

"છતાં પણ મેં તો તે પરોઢમાં મારી નજરે—"

"હા-હા, રહો! હું ભૂલી ગઇ હતી." ડોસી બોલી: "તે રાત્રે કોઇએ બારણાપર અવાજ કર્યો હતો. મેં બારણું ખોલ્યું. પણ કોઈ જોવામાં આવ્યું નહિ. એટલે મેં જાણ્યું કે છોકરાઓએ રમતમાં મશ્કરી કરી હશે. પછી બારણું બંધ કરીને મારા ઓરડામાં ગઇ. અંદર જઇને બારીમાંથી જોયું તો બે ઓળાને મેં દોડતા જોયા. તેઓ તમે કહો છો તે સ્ત્રીઓ જ હોવી જોઇએ."

તે કઈ દિશા તરફ જતી હતી."

"ઉત્તર દિશા તરફ."

અહીં પણ **શરતચંદ્ર**ને નિરાશા મળી. તેઓ જે બાજુએથી આવી હતી, તે બાજુ તરફ જ પાછી ચાલી ગઈ હતી. **શરતચંદ્ર** ગાડીવાન પાસે આવીને બોલ્યો: "મારી કલ્પના સાચી ઠરી. એ સ્ત્રીઓ આ મકાનમાં રહેતી નથી."

ગાડીવાનને એ સ્ત્રીઓ ઉપર એટલો ગુસ્સો ચડયો કે કહેવાની વાત નહિ. તે જવાબ આપવા જતો હતો ત્યાં **શરતચંદ્રે** પોતાના કાંડાપર બાંધેલી ઘડિયાળ તરફ દૃષ્ટિ કરી: "નવ વાગી ગયા!—હું એક કલાક મોડો પહોંચીશ. પરંતુ કાંઈક નવી બાતમી આપી શકીશ ખરો. વારુ, હવે દરબારગઢની ચોકીપર ચાલો."

પ્રકરણ ૧૭ મું.

સોડાવોટરનો પત્ર.

"યું પકલાલ ! તમે તો બહુ કામવાળા છો. તમને આજે અહીં આવવાની નવરાશ કેવી રીતે મળી શકી?" દરબારગઢની પાસેના રાજમાર્ગ પર એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પ્રશ્ન કર્યો.

"તમને નવરાશ મળે તો મને શા માટે ન મળે?" બીજી વ્યક્તિએ જવાબ આપ્યો.

"ગઈ કાલે સાંજે પેલાં ત્રણ ખૂનની હકીકત છાપાંમાં વાંચી હતી. એટલે અહીં કોણ ખૂનીના ભોગ થયા છે, તે જાણવાની ઇન્તેજારીથી આવ્યો છું."

"ચાલો, ત્યારે અંદર જઈને જોઈએ તો ખરા." બંને મિત્રો દરબારગઢ પાસેની ચોકી કે જ્યાં પેલા ત્રણ જણાનાં શબને રાખવામાં આવ્યાં હતાં એ તરફ જવા લાગ્યા.

એવી રીતે બીજા પણ પુષ્કળ માણસો ત્યાં આવતા હતા. કેટલીક સ્ત્રીઓ પણ આ સમૂહમાં દેખાતી હતી.

ચોકીથી થોડે દૂર શરતચંદ્રની ગાડી આવી એટલે તે બોલ્યો: "ગાડીવાન ! ગાડી ઊભી રાખ. હું અહીંથી જ નીચે ઉતરી જવા ઇચ્છું છું."

નીચે ઉતરીને તેણે પોતાની ઘડિયાળ સામે જોયું અને પછી ગજવામાંથી પાકીટ કાઢતો બોલ્યો: "એક કલાક અને ચાલીશ મિનિટ મે તારી ગાડી રોકી છે એટલે મારે તને—"

"એક પાઈ પણ આપવાની નથી." ગાડીવાને વાક્ય પૂરું કર્યું.

"પણ—"

"ના, એક દોકડો પણ નહિ. મેં પેલી બદમાશ સ્ત્રીઓને પલાયન થવામાં મદદ કરી તેમની પાસેથી લીધેલા પૈસા માટે મને ઘણો જ પસ્તાવો થાય છે. એટલે ભાડાના સંબંધમાં વિચાર જ ન કરશો. જો તમારે ગાડીની જરૂર હોય તો જ્યાં સુધી એ લોકોને તમે સપડાવો ત્યાં સુધી મારી જ ગાડીનો ઉપયોગ કરજો."

આ વખતે **શરતચંદ્રની આર્થિક** સ્થિતિ કાંઇ સારી ન હતી. એટલે તેણે વિશેષ આગ્રહ કર્યો નહિ.

"તમે મારૂં નામ અને શિરનામું લખી લ્યો." ગાડીવાને વિશેષમાં કહ્યું.

"હા, ન્યાયાધીશ પાસે તારે સાક્ષી પૂરવી પડશે. તારા ઉપર સમન્સ આવશે."

"બહુ સારૂં, મારૂં નામ ગાડીવાન **પ્રાગજી હીરા**. હું ગાડીઓ ભાડે ફેરવનાર **મથુરાપ્રસાદ દેવીદાસના** તબેલામાં જ રહું છું. ઠેકાણું તો તમે જાણો છો."

શરતચંદ્ર આ શિરનામું નોટબૂકમાં લખીને ચાલવા લાગ્યા. પણ **પ્રાગજીએ** તેને પાછો બોલાવીને કહ્યું: "તમે થોડા સમય ઉપર બોલ્યા હતા કે તમારે એક સ્થળે જવાનું છે અને ત્યાં જવામાં મોડું થઇ ગયું છે. એટલે હું ધારૂં છું કે અહીંથી તમારે તો ત્યાં જ જવાનું હશે."

"હા, મારે ન્યાયાધીશ સાહેબની કચેરીમાં જવાનું છે. પણ તે અહીંથી બહુ દૂર નથી." **શરતચંદ્રે** જવાબ આપ્યો.

"તો પણ શું થયું? હું તમારે માટે પેલી બાજુના ખૂણાપર ઊભો છું. ના, તમે કંઈ પણ બોલશો નહિ. મે મારા મનમાં નિશ્ચય કર્યો છે કે પેલી સ્ત્રીઓ પાસેથી મેં જે દશ રૂપીઆ લીધા છે તેના બદલામાં તમને મારી ગાડીનો વગરભાડે ઉપયોગ કરવા દેવો. જ્યારે જરૂર પડે ત્યારે મને બોલાવજો."

હવે વિશેષ ખેંચવાથી ગાડીવાનને માઠું લાગશે એમ માની તેની ઇચ્છાનો સ્વીકાર કરીને શરતચંદ્ર ચોકી તરફ ગયો. ચોકીની અંદર તથા બહાર પુષ્કળ માણસોની મેદની જામી હતી. શરતચંદ્ર ધક્કા-મુક્કી કરતો અંદર ગયો.

અંદરનો દેખાવ ભયગ્રસ્ત બનાવી દે તેવો હતો. ત્રણ મનુષ્યોનાં શબ આરસ પત્થરની બેઠકો પર ખુલ્લાં પડયાં હતાં. તેના ફરતી લોખંડના સળીઆની જાળી હતી. સેંકડો સ્ત્રી પુરુષો આ શબનું અવલોકન કરતાં હતાં. કોઇ આંસુ સારતાં, કોઈ દુઃખોદ્ગાર કાઢતાં. કોઈ નિરર્થક ટીકાઓ કરતાં, કોઇ આસપાસનું નિરીક્ષણ કરતાં, એમ સર્વ જુદા જુદા વ્યાપારમાં રોકાયેલાં હતાં.

શરતચંદ્રનું લક્ષ એ બાજુએ ન હતું. તે સોડાવોટરને શોધતો હતો. તે ક્યાંય જોવામાં આવતો ન હતો. ગજાનને ઇરાદાપૂર્વક કે ઇરાદા વગર તેને અહીં નહિ મોકલ્યો હોય અથવા તો સોડાવોટર બ્રાન્ડીના બહારમાં અહીં આવવાનું વિસરી ગયો હશે ? એવો વિચાર તેને થતો હતો. તેનો પત્તો નહિ લાગવાથી તે જમાદાર પાસે આવ્યો અને બોલ્યોઃ " આ ત્રણમાંના એક પણ મડદાને ઓળખનારૂં કોઈ મળી આવ્યું જણાતું નથી. "

" ના, જો કે માણસો પુષ્કળ આવે છે અને જાય છે." જમાદાર બોલ્યોઃ " જો હું આ જગ્યાનો માલિક હોઉં તો દાખલ થવાની એક આનો ફી રાખું. એથી પણ ઓછામાં ઓછા પાંચસો હજાર રૂપીઆ પેદા કરી લઉં. "

શરતચંદ્રે પૂછ્યું: " અમારા ઇન્સ્પેક્ટર સાહેબે અમારા ખાતાના કોઈ માણસને અહીં મોકલ્યો હતો કે નહિ ? "

" હા, એક માણસ આવ્યો હતો ખરો. પણ અત્યારે તે અહીં નથી. "

" ત્યારે તે ક્યાં ગયો હશે ? "

" પણ તમે તે ખાતાના જ માણસ છો ? " જમાદારે સામો પ્રશ્ન કર્યો. કારણ કે અત્યારે શરતચંદ્રે પોતાનો વેશ બદલાવ્યો હતો.

શરતચંદ્રે પોતાનો બિલ્લો બતાવ્યો.

" વારૂ, તમારૂં નામ શું ?"

" શરતચંદ્ર."

" શરતચંદ્ર ! ત્યારે તો તમારા નામનો એક કાગળ છે. જે માણસ અહીં આવ્યો હતો તે મને આપતો ગયો છે. " તે કાગળ જમાદારે તેને આપ્યો.

શરતચંદ્રે કવર ફોડીને અંદરથી કાગળ કાઢયો અને તરત જ વાંચવા માંડ્યોઃ—

" શ્રીયુત શરતચંદ્ર ભાઈ !

" આજે સવારે ચોકી ખુલ્લી મૂકવામાં આવી ત્યારથી જ હું અહીં હાજર હતો. લગભગ નવ વાગે ત્રણ જુવાનીઆ સાથે સાથે આવ્યા. તેમના દેખાવ અને વર્તન ઉપરથી કોઈ વેપારીની દુકાન કે સ્ટોરના કારકુન જેવા લાગતા હતા. તેમાંનો એક માણસ અચાનક ઉજળી પુણી જેવો બની ગયેલો મારા જોવામાં આવ્યો. અને ત્રણ માંહેના એક મડદા તરફ પોતાના મિત્રોનું લક્ષ ખેંચતા તે બોલ્યોઃ " આ તો ગંગાદાસ ! "

" તેના મિત્રોએ હોઠ પર આંગળી મૂકીને તેને મૌન રહેવાનું સૂચન કર્યું અને તે બેમાંનો એક જણ ધીમે સ્વરે બોલ્યોઃ " ' આ તું શું કરે છે ? કોઇને શંકા પડશે તો તારા પર નકામી આફત આવી પડશે. '

" ત્યારબાદ તે ચાલ્યા ગયા અને હું તેમની પાછળ ગયો. પરંતુ જે માણસે 'ગંગાદાસ'નું નામ લીધું હતું તે એટલો બધો નરમ બની ગયો હતો કે પૂરો ચાલી પણ શકતો ન હતો. એટલે તેના મિત્રો તેને એક હોટેલમાં લઈ ગયા.

" હું પણ તે હોટેલમાં ગયો, અને ત્યાંથી આ ચીઠી લખું છું. હું તેમના ઉપર નજર રાખું છું. જમાદાર મારી ગેરહાજરીનું કારણ જણાવશે. તું સમજી શકીશ કે હું તેમની પાછળ પડયો છું.

" સો. "

આ કાગળના અક્ષરો પૂરા ઉકલતા ન હતા, વ્યાકરણદોષ અને ભાષાદોષ સ્થળે સ્થળે હતો. પરંતુ તેની મતલબ સમજાતી હતી અને તે અક્ષરો સોડાવોટરના હતા. તે કાગળ ગજવામાં નાંખીને ત્યાંથી બહાર પડયો અને ગાડી પાસે આવ્યો. તે વખતે તેનો ચ્હેરો પ્રફુલ્લ જણાતો હતો.

"કાંઈ જાણવા જોગ બાતમી મળી લાગે છે ? " ગાડીવાન બોલ્યો.

શરતચંદ્રે ઉત્તરમાં માત્ર હકાર દર્શક મસ્તક હલાવ્યું. અત્યારે આ નવીન માહિતીના સંબંધમાં તે વિચારપૂર્ણ બની ગયો હતો.

ન્યાયાધીશની કચેરી પાસે તે નીચે ઉતર્યો. અહીં પણ ગાડીવાન તેને માટે રોકાવાનું કરતો હતો. પણ તેણે આગ્રહપૂર્વક તેને રજા આપી. છતાં ગાડીવાન જતો જતો બોલ્યો: " મારૂં નામ પ્રાગજી હીરા, મથુરાપ્રસાદ દેવીદાસના તબેલામાં, નં. ૯૯૮—૧૭૦૦ માં બે ઓછા. એ ભૂલશો નહિ. ! "

તે ન્યાયાધીશની કચેરીના મુખ્ય હોલ પાસે આવ્યો અને ત્યાં ઊભેલા એક પટાવાળાને તેણે પ્રશ્ન કર્યો: " ન્યાયાધીશ સાહેબ જયોતીપ્રસાદ કયારના ય આવી ગયા હશે ? "

પટાવાળાએ જવાબ આપ્યો: " જયોતિપ્રસાદ સાહેબ આજે અહીં આવ્યા નથી અને કેટલાંક અઠવાડિયાં સુધી આવી શકશે પણ નહિ. "

" એનું શું કારણ ? " આશ્ચર્યપૂર્વક શરતચંદ્રે પૂછયું.

" કાલે સ્હાંજે તે ગાડીમાંથી પોતાના મકાન પાસે નીચે ઉતરતા હતા તે વખતે અચાનક પડી જવાથી તેમનો પગ ભાંગી ગયો છે. "

પ્રકરણ ૧૮ મું.

ચંદ્રભાગાની જુબાની.

એક માણસ શ્રીમંત હોય, ગાડી, ઘોડા, નોકર, ચાકર વગેરે હોય, અને તે જ્યારે ગાડીમાં બેસીને નિકળે ત્યારે કેટલાકને તેની ઇર્ષ્યા પણ થતી હોય. પરંતુ કોઈ વાર ગાડીવાને જરાક વધારે પિધેલો હોય અને તેથી તે ગાડીને ઉંધી પાડી દે અથવા ઘોડા ભડકે અને ગાડીને અકસ્માત થાય અથવા તે ગાડીનો શ્રીમંત અને ભાગ્યવાન્ માલિક ગાડીમાંથી નીચે ઉતરતાં સ્હેજ ભૂલ થવાથી લથડે અને તેથી તેનું એકાદું હાડકું ભાંગી જાય, તે સમયે તેની ઇર્ષ્યા કરનારાઓને તેની દયા આવાનો સમય આવે.

આવા અકસ્માત અનેક થાય છે. આવા પ્રસંગે પગે ચાલનારા રાહદારીઓ પોતાને ગાડીમાં બેસવાનું ભાગ્ય પ્રાપ્ત થતું નથી એ પોતાના ઉપર પરમેશ્વરની મોટી કૃપા સમજતા હશે.

જ્યોતિપ્રસાદને થયેલ પ્રસ્તુત અકસ્માતની હકીકત સાંભળીને શરતચંદ્રને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થયું. તે આશ્ચર્યચકિત બનીને પટાવાળાની સામે જોઇ રહ્યો.

"એમાં તમને નવાઇ જેવું શું લાગ્યું ?"

"હું—ના ના, કશું નહિ!" શરતચંદ્રે જવાબ ઉડાવ્યો. વસ્તુતઃ ખૂનીનો આત્મહત્યા કરવાનો પ્રયોગ અને ન્યાયાધીશનો પગ ભાંગવો એ બંને બનાવો એક જ સમયે બનવાથી તેને આશ્ચર્ય ઉત્પન્ન થયું હતું. તેને એક જ વિચાર થતો હતો કે આ બે બનાવ વચ્ચે શો સંબંધ હશે ?

જ્યોતિપ્રસાદને થયેલા આ અકસ્માતથી શરતચંદ્ર ખુશ થયો હતો એમ તો કહી શકાય નહિ. તથાપિ તેના જેવા ગંભીર અને

કડક સ્વભાવના ન્યાયાધીશ સાથે આ કેસમાં પ્રસંગ નહિ પડે એ વિચારથી તેને સ્હેજ સંતોષ તો થયો.

તે બોલ્યોઃ " ત્યારે તો હવે આજે અહીં મારી કશી પણ જરૂર નથી. "

" શું ! એક વ્યક્તિ કાર્ય કરવાને અશક્ત બને એથી આખા દુનિયાનું ગાડું અટકી જતું હશે ખરૂં ? આ સમાચાર આવ્યાને એક કલાક થયો છે. પરંતુ તે દરમ્યાન જ્યોતિપ્રસાદ સાહેબની પાસે જે અગત્યના કેસો હતા તે બીજા ન્યાયાધીશોએ પોતપોતાની વચ્ચે વહેંચી લીધા છે. "

" હું તો અહીં રવિવારની રાત્રે જે ત્રણ ખૂન થયાં છે તે કેસ બાબત આવ્યો હતો. "

" ત્યારે તો તમે મને પહેલાંથી એ કેમ ન જણાવ્યું ? એ કેસ તો શાંતિપ્રસાદ સાહેબની પાસે આવ્યો છે. તે ક્યારના તમારી રાહ જૂએ છે. તમને બોલાવવાને માટે તેમણે એક માણસને પણ દોડાવ્યો છે. "

આ નવો ન્યાયાધીશ કેવો હશે ? તેની સાથે મેળ ખાશે કે નહિ ? એ ચિંતાથી શરતચંદ્રનું મન વ્યાપ્ત બની ગયું. પટાવાળાએ આગળ ચલાવ્યુંઃ " શાંતિપ્રસાદ સાહેબનો તમને પરિચય હોય એમ લાગતું નથી. તે આપણા બીજા ન્યાયાધીશોના જેવા આકળા અથવા કડક નથી. તેમનો સ્વભાવ મળતાવડો અને ખુશમિજાજી છે. "

ન્યાયાધીશ માટેના આ પ્રમાણપત્રથી શરતચંદ્રને સહેજ શાંતિ થઇ. તે ત્યાંથી આગળ ચાલ્યો અને આ નવા ન્યાયાધીશ જ્યાં બેસતા હતા તે હોલ તરફ ગયો. તે અંદર દાખલ થયો એ વખતે હોલમાં ન્યાયાધીશ તથા તેનો કલાર્ક બે જણા જ હતા. ન્યાયાધીશે પૂછ્યુંઃ " કેમ ? "

" સાહેબ ! હું છૂપી પોલીસ ખાતાનો માણસ છું. મારૂં નામ શરતચંદ્ર. "

"એમ ! બહુ સારૂ. હમણાં બેસો. હું તમારા કેસના જ કાગળો તપાસું છું. પણ પાંચ મિનિટમાં ફારક થઈ જઇશ."

શરતચંદ્ર એક બેન્ચ ઉપર બેઠો અને ન્યાયાધીશના ચ્હેરાનો અભ્યાસ કરવા લાગ્યો. આ નવો ન્યાયાધીશ આશરે ચાળીશ વરસની ઉમરનો હતો. તે ગમ્ભીર હતો. પરંતુ એ ગાંભીર્ય કડક અથવા ભય ઉપજાવનારૂં ન હતું. તે ગાંભીર્યમાં સૌમ્યતા અને પ્રેમનો અંશ મળેલો હતો. તે કોઇની સાથે વાત કરતો ત્યારે તેના હોઠ ઉપર સ્મિત વિલસી રહેતું. તેનો અવાજ પણ મધુર અને કર્ણને પ્રિય લાગે તેવો હતો. તેની સવાલ કરવાની અને જવાબ શ્રવણ કરવાની પદ્ધતિ એવી નિખાલસ અને સરલતા વાળી હતી કે એથી જવાબ આપનારો પોતાને જે હકીકત પ્રકટ ન કરવી હોય તે ખૂલ્લી કરી દેતો હતો. ગુન્હેગાર એમ માને કે આ ન્યાયાધીશ બહુ ભલો છે અને અહીં આપણે ફાવી જઇશું. પરંતુ ખરી રીતે તો આ ન્યાયાધીશની પાસે ઘણા ગુન્હેગારો પોતાનો ગુન્હો કબૂલ કરી દઇને યોગ્ય શિક્ષાને પામ્યા હતા.

આ ન્યાયાધીશનો કારકુન ગોકુલદાસ પણ તેના જેવો હસમુખો અને સરલ સ્વભાવનો હતો.

ન્યાયાધીશ અત્યારે શરતચંદ્રે તૈયાર કરેલો રિપોર્ટ વાંચતો હતો. જે વસ્તુઓ હોટેલમાંથી મળી આવી હતી અને જેને પૂરાવા તરીકે દાખલ કરવામાં આવી હતી તે સર્વે તેના ટેબલ ઉપર પડી હતી. આ રિપોર્ટ વાંચી રહેતાં તેને પાંચ મિનિટ નહિ પણ અર્ધો કલાક લાગ્યો. પછી તે તેમાંથી મુકત થઇને શાંતપણે બોલ્યોઃ "મીસ્તર શરતચંદ્ર ! શ્રીયુત જયોતિપ્રસાદે આ કેસના કાગળોની સાથે એક ચીઠી લખીને તમારી બુદ્ધિમત્તા સંબંધમાં ભલામણ કરી તમારા ઉપર વિશ્વાસ રાખવાનું મને જણાવ્યું છે."

"સાહેબ ! આ કેસમાં મેં અંતઃકરણ પૂર્વક કામ કર્યું છે."

"ખરેખર પોલિસ ખાતા તરફથી તૈયાર કરવામાં આવેલો

આવો સંપૂર્ણ રિપોર્ટ આજે પ્રથમ જ મારા જોવામાં આવ્યો છે. તમે હજી યુવાન છો, અને ખંત પૂર્વક મંડયા રહેશો તો હું આશા રાખું છું કે ભવિષ્યમાં તમારા ધંધામાં ઘણા આગળ વધી શકશો."

ન્યાયાધીશના પ્રસ્તુત અભિપ્રાયથી શરતચંદ્રને આનંદ થાય તે સ્વાભાવિક હતું. તેણે તેનો આભાર માન્યો.

ન્યાયાધીશે કહ્યું: " આ રિપોર્ટમાં તમે જે અભિપ્રાય જણાવ્યો છે, તેના સાથે હું મળતો થાઉં છું. જ્યોતિપ્રસાદનો પણ એ જ અભિપ્રાય હતો એમ પબ્લિક પ્રોસિક્યુટર જણાવે છે. આપણી સામે એક કોયડો પડેલો છે તેને આપણે ઉકેલવાનો છે."

" આપણે જરૂર ઉકેલીશું, નહિ સાહેબ ? "

" હા, તેમાં કશો શક નથી. પરંતુ હજી તેમાં આપણે પ્રવેશ જ કર્યો છે. વારૂ, ગઈ કાલે તમે શું કર્યું હતું ? જ્યોતિપ્રસાદે તમને કશી આજ્ઞા કરી હતી ? તમે કશી પણ નવી બાતમી મેળવી શકયા છો ? "

" સાહેબ ! હું ધારૂં છું કે મેં મારો સમય નકામો ગૂમાવ્યો નથી. " એમ કહીને પોતે આગલે દિવસે ન્યાય કોર્ટમાંથી નીકળ્યો ત્યારપછીની તમામ હકીકત તેણે ટુંકામાં પણ સ્પષ્ટપણે રજૂ કરી. કેદીનો આત્મહત્યાનો પ્રયત્ન, તેના મદદગારે પોલીસ ચોકી પર કેદીની કોટડીમાં દાખલ થવાને કરેલી યુકિત, ગાડીવાન અને પેલા મકાનમાં રહેતી ડોશી તરફથી મળેલી માહિતી એ સર્વ જણાવ્યું. તેમ જ સોડાવોટરનો કાગળ પણ વાંચી સંભળાવ્યો. છેવટે પોતે કેદીના પગ ઉપરથી મેળવેલી માટી તથા પોલીસ ચોકી ઉપરની કેદીની કોટડીમાંથી એકઠી કરેલી માટી ન્યાયાધીશના ટેબલ ઉપર મૂકી.

આ બધું સાંભળ્યા તથા તપાસ્યા પછી શાંતિપ્રસાદ બોલ્યો: " મારે કહેવું જોઇએ કે તમે એકઠો કરેલો આ પૂરાવો કેદીના ઇન્કારને તોડવાને માટે ઓછો ઉપયોગી નથી. "

પછી તેણે આ બધી વસ્તુઓ એક ખાનામાં મૂકી દીધી. હવે તેણે કહ્યુંઃ "પ્રથમ આપણે પેલી ચંદ્રભાગાની જુબાની લઈએ. તેની પાસેથી કાંઈક માહિતી મેળવી શકીશું."

એમ કહીને તેણે ઘંટડી વગાડી. એ વખતે શરતચંદ્ર બોલ્યોઃ "સાહેબ! મારી આપને એક વિનતિ છે."

"તમારે શું કહેવાનું છે?"

"જો આ કેસની તપાસ વખતે આપ સાહેબ મને અહીં હાજર રહેવા દેશો તો આપની મારા ઉપર મોટી મહેરબાની થશે.

ચંદ્રનગર રાજ્યનો એવો કાયદો હતો કે ન્યાયાધીશ તરફથી પ્રારંભમાં આરોપીઓની માત્ર તેના કલાર્કની રૂબરૂ ખાનગીમાં તપાસ થતી. પરંતુ પોલીસના માણસોને ત્યાં હાજર રહેવા દેવા સામે કશો પ્રતિબંધ ન હતો. એટલે શાંતિપ્રસાદે તેને અહીં રહેવાની પરવાનગી આપી. તેણે વગાડેલી ઘંટડીનો અવાજ સાંભળીને બહારથી એક પટાવાળો આવ્યો. તેને તેણે પૂછ્યુંઃ "મારા હુકમ પ્રમાણે આરોપી ચંદ્રભાગાને અહીં લાવવામાં આવી છે?"

"હા, સાહેબ! તે બહાર જ છે"

"તેને અંદર મોકલો."

એકાદ પળ પછી ચંદ્રભાગા અંદર દાખલ થઈ. તેણે અત્યારે સારો પોશાક ધારણ કર્યો હતો અને તેનો દેખાવ એક ખાનદાન કુટુંબમાં કામ કરતી સ્ત્રીના જેવો લાગતો હતો. તેને અનેક વાર કોર્ટમાં આવવું પડેલું હોવાથી ન્યાયાધીશની સાથે કેવો વર્તાવ રાખવો એ વિષયમાં તે પૂર્ણપણે વાકેફગાર હતી.

શાંતિપ્રસાદ આ સ્ત્રીના બાહ્ય દેખાવથી ઠગાય તેવો ન હતો. તેણે નેત્રના ઇસારા વડે કલાર્કને લખવા માટે તૈયાર થવાનું સૂચન કરીને પ્રશ્ન કર્યોઃ "તારું નામ?"

" ચંદ્રભાગાઃ પ્રેમસાગરની વિધવા."

" તારી ઉમર ?"

" ચોપન વર્ષની."

" તારો ધંધો ?"

" ચંદ્રનગર શહેર બહાર નદી કિનારા તરફના લત્તામાં મારી હોટેલ છે. ત્યાં ચહા, કોફી, ખાવાનું અને જુદી જુદી જાતનો દારૂ પણ રાજ્યની પરવાનગીથી હું વેચું છું."

આ પ્રમાણે રીવાજ મુજબના સવાલ જવાબ થયા પછી ન્યાયાધીશ બોલ્યોઃ "હવે આપણે તારા આગલા જીવનની તપાસ કરીએ. અગાઉ કેટલાક ગુન્હાઓ માટે તને સજા થયેલી છે, ખરૂં કે નહિ ?"

આ વાતનો ચંદ્રભાગાથી ઈન્કાર થઈ શકે તેમ ન હતો. એટલે " હા, સાહેબ !" એવો ટુંકો જવાબ તેણે આપ્યો.

"એક વખતે તને ચોરાઉ માલ રાખવાના ગુન્હા માટે પકડવામાં આવી હતી ?"

" પણ તેમાં હું નિર્દોષ ઠરી હતી મારા ગરીબ ધણીને તેના મિત્રોએ ફસાવ્યો હતો."

" કદાચ એમ હશે. પરંતુ એ ગુન્હા માટે તારો ધણી કેદની સજા ભોગવતો હતો તે દરમ્યાન ચોરી કરવાના ગુન્હા માટે તને પ્રથમ એક માસની અને પછી ત્રણ માસની સજા થઈ હતી?"

" મારા દુશ્મનોએ મારો સર્વનાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો."

" ત્યારપછી યુવાન સ્ત્રીઓને આડે માર્ગે દોરવાના આરોપસર પણ તને સજા થઇ હતી ?"

" સાહેબ એ છોકરીઓ તદ્દન નાલાયક હતી. મેં તેમને કેવી સારી રીતે રાખી હતી, છતાં પણ તેઓ ખોટું બોલીને મને હેરાન કરવાને તૈયાર થઈ હતી. ઉપકારને બદલે અપકાર !"

આ સ્ત્રીના આથી પણ વિશેષ બીજા ગુન્હા હતા. પણ શાંતિ-

પ્રસાદને લંબાણુમાં ઉતરવાનું આવશ્યક લાગ્યું નહિ. તે બોલ્યો: "એ તારા ભૂતકાલિન જીવનની વાત થઇ. હવે વર્તમાનકાળને તપાસીએ. તારી હોટેલ ખૂની, ભયંકર ગુન્હેગારો, ધાડપાડુ અને બદમાશોનું સંકેત-સ્થાન છે. તારો છોકરો ચોથીવાર કેદની સજા ભોગવી રહ્યો છે. તેં તેનાં અપકૃત્યોમાં તેને ઉત્તેજન આપ્યું છે અને મદદ કરી છે, એ સ્પષ્ટપણે પૂરવાર થયેલું છે. તારા છોકરાની સ્ત્રી પ્રામાણિક અને ઉદ્યોગી હોવાથી તથા તારી મરજીને તાબે નહિ થવાથી તેં તેને દુઃખ દેવામાં, હેરાન કરવામાં બાકી રાખી નથી. જ્યારે તે તારા મકાનનો ત્યાગ કરીને ચાલી ગઇ એ વખતે તેં તેના છોકરાને તેની ઇચ્છા વિરૂદ્ધ એ છોકરાના બાપના જેવો બનાવવાને માટે તારી પાસે રાખ્યો હતો?"

પોતાના ઉપર આવા આરોપો થતા સાંભળીને ચંદ્રભાગા જાણે કેવી યે પવિત્રતાની પ્રતિમા હોય તેમ રડવા તથા આંખો લૂછવા લાગી અને રડતી રડતી બોલી: "સાહેબ! હું અભાગણી છું. નહિ તો આવા ભયંકર આક્ષેપો મારા ઉપર શાના થાય? હું મારા કીકાને ખરાબ કરૂં? અરે સાહેબ! કોઇએ આપને મારા વિરૂદ્ધ આ સર્વ ખોટી વાત કરેલી છે."

તેના આ રૂદનની કિંવા શબ્દોની ન્યાયાધીશના મન ઉપર કશી અસર થયેલી લાગી નહિ. તે બોલી: "સાહેબ! હું તદ્દન નિર્દોષ છું. મારી હોટેલમાં ત્રણ ખૂન થયાં છે તેમાં મારો શો વાંક? એવા બનાવ તો બીજી સારી હોટેલમાં પણ બન્યા કરે છે. મને નિરપરાધીને વગર વાંકે ગિરફતાર કરવામાં આવી છે."

"ના, તારા ઉપર કાયદાની વિરૂદ્ધ વર્તન કરવાનો અને ન્યાયને નિષ્ફળ બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. એનો અર્થ એ કે તેં ખૂનો કરવામાં મદદ કરી છે. આ ગુન્હો બન્યા પછી પોલીસ ત્યાં આવી હતી. તેણે કરેલા સવાલના જવાબ આપવાનો તેં ઇન્કાર કર્યો હતો?"

"હું જે જાણતી હતી એ મેં કહ્યુ હતું."

" બહુ સારૂં તે હકીકત ફરીથી મને જણાવ."

" સાહેબ ! એમાં કશું વિશેષ કહેવા જેવું નથી. રવિવારે રાત્રે હું મારી હોટેલમાં એકલી બેઠી હતી. એ વખતે દ્વાર ખૂલ્યું અને ત્રણ પુરુષ તથા બે સ્ત્રીઓ અંદર આવી."

ન્યાયાધીશ તથા શરતચંદ્રનાં નેત્રોએ પરસ્પર સંકેત કર્યો. ખૂનીના મદદગારે શરતચંદ્ર તથા તેના સહચારીને પગલાંના નિશાનની તપાસ કરતા જોયા હતા. એટલે બે સ્ત્રીઓની હાજરીનો ઈન્કાર કરવાની તે મદદગારની ઈચ્છા હોય એમ લાગ્યું નહિ.

" એ વખતે કેટલા વાગ્યા હશે ?" ન્યાયાધીશે ચંદ્રભાગાને પૂછ્યું.

" ચોક્કસ માહિતી નથી. પણ દશ–અગીયાર થયા હશે."

" વારૂ, પછી ?"

" તેમણે કાફી તથા ભજીયાં અને દારૂની માગણી કરી. મેં તેમને સર્વ વસ્તુઓ આપી. પછી મારા કીકાનાં ફાટી ગયેલાં કપડાં સાંધવાનાં હોવાથી હું ઉપર મારા ઓરડામાં ગઈ."

" આ લોકોને નીચે એકલાં રાખીને ?"

" હા, સાહેબ !"

" ત્યારે તો તારો એ લોકોના ઉપર વિશ્વાસ ખરો ?"

" સાહેબ ! મારી પાસે એવું શું હતું કે તેઓ ચોરી જવાનાં હતાં ?"

" વારૂ–વારૂ, પછી ?"

" હું ઉપર અર્ધો એક કલાક રહી હોઈશ તે વખતે નીચેથી કોઈનો અવાજ આવ્યો: ' અરે ડોસી ! ' એ સાંભળીને હું નીચે ગઈ તો એક દાઢીવાળો માણસ તુરતનો આવેલો મારા જોવામાં આવ્યો. તેણે બ્રાન્ડીના ગ્લાસની માગણી કરી. તે એક ટેબલ પાસે એકલો બેઠો. મેં તેને બ્રાન્ડી તથા ભજીયાં આપ્યાં."

" અને પછી તું પાછી મેડી ઉપર ગઈ ?" ન્યાયાધીશ વચ્ચે બોલ્યો.

"હા, સાહેબ! એમ જ." વૃદ્ધાએ ન્યાયાધીશના પ્રશ્નનો હેતુ પોતે સમજી ગઇ છે કે નહિ તે ચ્હેરાપરથી જરીકે કળાવા દીધા સિવાય જવાબ આપ્યો: "પણ આ વખતે હું સાંધવા માંડુ છું ત્યાં મેં નીચે બૂમો સાંભળી. તે અટકાવવાને માટે હું એકદમ નીચે ઉતરી પડી. આ વેળા ત્રણ માણસો આ નવીન વ્યક્તિ ઉપર તુટી પડયા હતા. તેઓ તેને મારતા હતા-તેનું ખૂન કરતા હતા! મારા મ્હોંમાંથી પણ બૂમ પડી ગઇ. તે વખતે નવીન આવેલી વ્યક્તિએ પોતાના ગજવામાંથી પિસ્તોલ કાઢીને તેનો અવાજ કર્યો, જેને પરિણામે તેના પર હુમલો કરનાર માંહેના એકનું મૃત્યુ થયું. હું એટલી બધી ગભરાઈ ગઈ કે દાદરપર લપ ઇને બેસી ગઇ અને આ ભયંકર દેખાવ જોઇ નહિ શકવાથી મારા બે હાથવડે મારાં નેત્રો ઢાંકી દીધાં. ત્યારપછી જ ગજાનનરાવ તેમના માણસો સાથે અંદર આવ્યા અને પછી—" જાણે પોતાનું હૃદય અત્યંત ભરાઇ આવ્યું હોય અને પોતે બોલી શકતી ન હોય એવા ભાવ પૂર્વક તે મૌન બની ગઈ

તે એમ ધારતી હતી કે પોતાના શબ્દોની ન્યાયાધીશના મન ઉપર સંપૂર્ણ અસર થઇ છે અને હવે પોતાને વધુ પ્રશ્નો કરવામાં આવશે નહિ. એટલું જ નહિ પણ આ જમાનાની ખાધેલી ડોસીનો દેખાવ તથા બોલવાની છટા પણ એવાં હતાં કે કોઈ સાધારણ માણસ હોય તો તે જરૂર તેના કથનને સાચું માની લ્યે. પરંતુ ન્યાયાધીશ શાંતિપ્રસાદે આવાં અનેક પ્રકારનાં મનુષ્યોનો અનુભવ લીધેલો હોવાથી તે એકદમ ભોળવાઈ જાય તેવો ન હતો તેનો એક ખાસ સિદ્ધાંત હતો કે કૂતરૂં ગમે તેવું શાંત અને માયાળુ હોય તો પણ તેના પ્રથમ પરિચયે તો તેને કરડકણું સમજીને તેનાપર વિશ્વાસ મૂકવો નહિ. આ સિદ્ધાંત તે ન્યાયના કાર્યમાં ડગલે ને પગલે રજૂ કરતો હતો.

તેણે પ્રશ્ન કર્યો: "ચંદ્રભાગા! તારૂં એમ કહેવું છે કે તારી હોટેલમાં ઉપાહાર માટે આવેલાં આ લોકોની સાથે તું જરીકે વાર રહી નથી?"

"ના, સાહેબ! જરીકે વાર નહિ."

"તેઓ અંદર દાખલ થયાં, દારૂ વગેરેની માગણી કરી, તે ચીજો તેં તેમને આપી અને પછી તું ઉપર ચાલી ગઇ ?"

"હા, સાહેબ એમ જ બન્યું હતું."

"છતાં તેમની વચ્ચે થતા સંભાષણના થોડાક શબ્દો પણ તારા સાંભળવામાં આવ્યા હોવા જ જોઇએ. તેઓ શી વાત કરતા હતા ?"

"સાહેબ ? મારી હોટેલમાં આવનાર ગ્રાહકોની વાતો સાંભળવાની મને ટેવ જ નથી."

"તેં કશું પણ સાંભળ્યું નથી ?"

"બિલકુલ નહિ."

"એનો અર્થ એટલો જ કે તું ન્યાયને સફળ બનાવવાને માટે બાતમી આપવાની ના કહે છે અને—"

"અરે સાહેબ આપનું માનવું બરાબર નથી."

"પહેલાં સાંભળી લે. તેં કશું જોયું નથી, તેં કશું સાંભળ્યું નથી અને તું કશું જાણતી નથી એમ મને બતાવવાને માટે મેડી ઉપર જવાની તથા તારા કીકાનાં કપડાં સાંધવાની વાત તેં બનાવટી ઊભી કરી છે. જો તારા બચાવને માટે તેં આ પદ્ધતિ અખત્યાર કરી હોય તો મારે તને કહેવું જોઇએ કે તારે એ પદ્ધતિ ઉપર કશો પણ આધાર રાખવાનો નથી."

"સાહેબ! હું મારા બચાવને માટે કશું બોલી જ નથી. મેં તો જે સત્ય હતું તે જ કહ્યું છે."

ન્યાયાધીશ એક પળ વાર વિચારપૂર્ણ બની ગયો. પછી તે એકાએક બોલ્યો: "વારૂ, ત્યારે આ ખૂનીના સંબંધમાં તારે કશું કહેવાનું જ નથી ?"

"પણ સાહેબ! તેને ખૂની કહી શકાય નહિ."

"એટલે તું શું કહેવા માગે છે ?"

"મારે એટલું જ કહેવાનું છે કે તેણે પોતાના બચાવમાં પોતાના પ્રતિપક્ષીઓનો નાશ કર્યો છે. તે લોકોએ તેની સાથે કજીઓ કર્યો, ત્રણ જણાની સામે તે એકલો હતો. તે જોઇ શકયો કે આ બદમાશો તેના ઉપર જરીકે દયા કરવાના નથી. કેમ કે એ—"

તે બોલતી બોલતી અચાનક અટકી ગઈ. તે ગુંચવાઈ ગયેલી લાગતી હતી અને પોતાની જીભને આપેલી વધારે પડતી છૂટ માટે મનમાં પશ્ચાત્તાપ કરતી જણાતી હતી.

ન્યાયાધીશ તેનો આ ગભરાટ સમજ્યો ન હોય એવા ભાવપૂર્વક બોલ્યો: "પણ આ પાછળથી આવનાર વ્યક્તિએ પહેલો હુમલો કર્યો નથી અથવા પેલા લોકોને ઉશ્કેરવાનું કારણ આપ્યું નથી, તેની ખાત્રી કોણ આપે છે?"

"હું આપું છું, સાહેબ!"

"પણ એ તું કેવી રીતે જાણી શકી?" ન્યાયાધીશે શાંતપણે પ્રશ્ન કર્યો: "જ્યારે કજીયો શરૂ થયો તે વખતે તો તું મેડા ઉપર તારા ઓરડામાં હતી. તો તું પ્રતિજ્ઞા ઉપર તે કેવી રીતે કહી શકીશ?"

આ પ્રશ્ન સાંભળીને શરતચંદ્ર મનમાં ને મનમાં હસવા લાગ્યો. તેને લાગ્યું કે હવે ચંદ્રભાગા બરાબર સપડાઇ છે. તેને થોડા સમયમાં જ સત્ય વાર્તા પ્રકટ કરવી પડશે. પરંતુ ચંદ્રભાગા મૌન રહી. તેમ ન્યાયાધીશે પણ આ સવાલના જવાબ માટે વિશેષ દબાણ નહિ કરતાં કહ્યું: "ખૂનીની સાથે દેખીતી રીતે તારો સારો પરિચય હોય એમ લાગે છે, અને તેથી તેના સ્વભાવ અને વર્તન સંબંધીના તારા અનુભવને લીધે તેણે પહેલો હલ્લો કર્યો નહિ હોય એમ તેં માની લીધું હશે."

"મેં તો તેને તે દિવસે રાત્રે પહેલવહેલો જ જોયો હતો."

"તે તારી હોટેલમાં અગાઉ પણ આવ્યો હશે?"

"ના જી, કદિ પણ મારા જોવામાં આવ્યો નથી."

"તો પછી તું જ્યારે ઉપરના તારા ઓરડામાં હતી ત્યારે આ

તારી હોટેલથી અને તારાથી તદ્દન અજાણ્યો મનુષ્ય નીચે તારી હોટેલમાં દાખલ થઇને 'અરે ડોસી!' એમ બૂમ પાડીને તને બોલાવે તેનું કારણ શું? શું તેણે એવી કલ્પના કરી લીધી હશે કે આ હોટેલની માલિક સ્ત્રી છે અને વળી તે સ્ત્રી જુવાન નહિ પણ ઘરડી છે?"

"તે એમ બોલ્યો ન હતો."

"વિચાર કરીને બોલ. તેં પોતે જ થોડીક વાર પહેલાં એ પ્રમાણે કહ્યું છે."

"મેં એવું કહ્યું જ નથી, સાહેબ!"

"તું બોલી છે અને તે પ્રમાણે તે જ વખતે નોંધી લેવામાં પણ આવ્યું છે. ગોકુળદાસ! તેના એ શબ્દો વાંચો તો!"

કલાર્કે તે વાકય શોધી કાઢયું અને તે વાંચવા લાગ્યો: "હું ઉપર અર્ધોએક કલાક રહી હોઇશ. તે વખતે નીચેથી કોઇનો અવાજ આવ્યો: 'અરે ડોસી!' એ સાંભળીને હું નીચે ગઇ' વગેરે–વગેરે."

"હવે તારી ખાત્રી થઈ?" શાંતિપ્રસાદ બોલ્યો. પરંતુ આ મુદ્દાને તે જાણે વિશેષ અગત્ય આપતો ન હોય તેવી રીતે તેણે બીજો પ્રશ્ન કર્યો: "જે માણસને મારી નાંખવામાં આવ્યા હતા તેમને તું ઓળખે છે?"

"ના સાહેબ! તેમને પણ હું ઓળખતી નથી."

"તારાથી તદ્દન અજાણ્યા આ ત્રણ જણાને બે સ્ત્રીઓની સાથે એટલી મોડી રાત્રે તારી હોટેલમાં દાખલ થયેલા જોઇને તને આશ્ચર્ય થયું નહિ?"

"કોઈ વખત અચાનક—"

"નહિ જૂઠ્ઠું ન બોલ." ન્યાયાધીશ બોલ્યો: "તારી હોટેલ છેવાડાના ભાગમાં આવેલી છે. તેની શાખ પણ સારી નથી. તેવા સ્થળે ત્રણ માણસો બે સ્ત્રીઓની સાથે અચાનક આવી ચડે એ કદિ પણ સંભવિત નથી."

"સાહેબ ! હું કાંઇ સર્વજ્ઞ નથી કે મારી હોટેલમાં આવનાર દરેકને ઓળખી શકું. તેમ પરિચય વાળા માણસોને જ હોટેલમાં દાખલ કરવા એવો આપણા રાજ્યે હજી સુધી કાયદો પણ કર્યો નથી." ચંદ્રભાગાએ રોકડો જવાબ આપ્યો.

ન્યાયાધીશે પૂછ્યું: "આ ત્રણમાં જે સહુથી ન્હાનો હતો અને જેણે સૈનિકના જેવો પોષાક ધારણ કર્યો હતો તે ગંગાદાસને પણ તું ઓળખતી નથી ?"

"ના, સાહેબ !"

"આ ગંગાદાસના કોઇ મિત્ર હસમુખનું નામ એ વખતે રજૂ થયું હતું, એ તો તારા સાંભળવામાં આવ્યું જ હશે ?"

આ નામ શ્રવણ કરતાં ચંદ્રભાગા ગભરાઇ ગઇ અને અચકાતી અચકાતી બોલી: 'હસમુખ ! હસમુખ ! એનું નામ મારા સાંભળવામાં તો આવ્યું નથી."

"વારૂ, હવે આ હતભાગી મનુષ્યોની સાથે જે સ્ત્રીઓ હતી તેમના સંબંધમાં આપણે આવીએ." ન્યાયાધીશ બોલ્યો: "એ સ્ત્રીઓ કેવા દેખાવની હતી ?"

"હલકા વર્ગની હતી, સાહેબ !"

"તેમણે કેવો-મૂલ્યવાન પોશાક પહેર્યો હતો ?"

"ના જી, તેમનાં કપડાં સાધારણ અને જૂનાં હતાં."

"વારૂ, તેમના દેખાવનું વર્ણન આપ તો."

"સાહેબ મેં તેમને બરાબર જોઇ ન હતી. પરંતુ તેઓ હૃષ્ટપુષ્ટ અને કદાવર શરીરની હતી. તેમનો અવાજ પણ ઘેરો હતો. હાથ જાડા, વાળ કાળા અને તે સ્ત્રીઓ પણ કાળી સીસમ જેવી હતી. પહેલાં તો મને એમ લાગ્યું કે બે પુરુષો જ સ્ત્રીઓના વેશમાં આવેલા હોવા જોઇએ."

"બહુ થયું !" ન્યાયાધીશ વચ્ચે બોલ્યો: "તારા જૂઠ્ઠાણાને

માટે હવે વિશેષ પૂરાવાની જરૂર નથી. આ સ્ત્રીઓ નાજુક હતી અને તેમાંની એક અત્યંત ગૌર વર્ણની હતી."

"સાહેબ! હું સોગન ઉપર કહું છું કે—"

"સોગન ઉપર કહેવાની જરૂર નથી. મારી પાસે એક પ્રામાણિક અને સત્યવાદી મનુષ્યનો પૂરાવો છે. તે ઉપરથી તારૂં જૂઠાણું સહેલાઇથી પૂરવાર થઇ શકે છે."

ચંદ્રભાગાએ કશો પણ જવાબ આપ્યો નહિ. ન્યાયાધીશે પૂછ્યું: "તારા કબજાના ગજવામાં આ કેસની સાથે સંબંધ ધરાવતી કશી વસ્તુ ન હતી એમ તું કહે છે?"

"હા, સાહેબ! કશું પણ નથી. ને ત્યાં જ પડેલો છે. આપ તપાસ કરાવો."

ન્યાયાધીશ બોલ્યો: "આ કેસ વરિષ્ટ ન્યાયાધીશની કચેરીમાં જશે, ત્યાં તારે સાક્ષી તરીકે હાજર રહેવું છે કે ખૂનીની મદદગાર ગણાઈ આરોપી તરીકે? એ સર્વ તારી જુબાની ઉપર આધાર રાખે છે. માટે વિચાર કર–સાચેસાચું કહે."

ચંદ્રભાગાએ કશો જવાબ આપ્યો નહિ. ન્યાયાધીશે તેની જુબાની વાંચી સંભળાવવાની આજ્ઞા કરી. ગોકુળદાસ જુબાની વાંચી ગયો. તેની નીચે ચંદ્રભાગાએ સહી કરી. તે બહાર ચાલી ગઇ.

પછી ન્યાયાધીશે એક કાગળ ઉપર કાંઇક લખી પોતાની સહી કરીને ક્લાર્કને આપ્યો અને કહ્યું: "ગોકુળદાસ! આ હુકમ કારાગૃહના રક્ષક ઉપર મોકલીને ખૂનીને તુરત અહીં બોલાવી મંગાવો."

પ્રકરણ ૧૯ મું.

ખૂનીમાં થયેલું પરિવર્તન.

જે મનુષ્ય કોઈ કેસમાં સત્ય હકીકત જણાવવાથી પોતાને નુકસાન થશે એમ માનતા હોય, તેની પાસેથી સત્ય વાર્તા કઢાવવાનું કાર્ય કપરૂં ખરૂં. પરંતુ જો કોઈ સ્ત્રી પાસેથી સત્ય હકીકત કઢાવવી હોય તો તે '**न भूतो न भविष्यति**' સમાન છે.

શાંતિપ્રસાદ જેવા અનુભવી અને કુશળ ન્યાયાધીશે ચંદ્રભાગાને જુદી જુદી રીતે સવાલો કરવામાં બાકી રાખી નહિ; પરંતુ પરિણામે એ પણ ખૂનીની સાથે મળેલી છે, એટલી તેમની ચોકકસ ખાત્રી થઈ, તે સિવાય કશું વિશેષ જાણી શકયા નહિ.

"આ ડોકરી બધું ય જાણતી લાગે છે." શરતચંદ્રે ઉદ્ગાર કાઢયો.

ન્યાયાધીશ બોલ્યો: "હા, તે ત્યાં આવેલી સ્ત્રીઓ તથા ખૂનીના ભોગ બનેલા માણસોને ઓળખતી હોવી જોઈએ. પરંતુ તેનાં નેત્રો પરથી હું જોઈ શકયો હતો કે પેલા ગંગાદાસને તો તે ચોક્કસ ઓળખે જ છે. એટલુંજ નહિ પણ તે ગંગાદાસે મૃત્યુકાળે જે માણસ ઉપર પોતાનું વેર લેવાની ઇચ્છા પ્રકટ કરી હતી તે હસમુખને પણ આ ડોસી ઓળખે છે. એ હસમુખ આ રહસ્યની ચાવી સમાન છે, માટે તેનો કોઈ પણ રીતે પત્તો મેળવવો જોઈએ."

"આપણા શહેરમાં પાંચ લાખ માણસની વસતિ છે તે દરેકને સવાલ કરવો પડશે તો પણ હું દરેકને મળીશ અને હસમુખનો પત્તો મેળવીશ."

શરતચંદ્રનો આવો ઉત્સાહ જોઈને ન્યાયાધીશ પણ ખુશ થયો.

તેણે કહ્યું: "મને માત્ર એક જ વિચાર થાય છે કે આ ચંદ્રભાગા સાચી વાત શા માટે જાહેર કરતી નથી? તે આ ખૂનીની મદદગાર હશે? તેણે જ ખૂનીના હેતુને સફળ કરવાને માટે જાળ બિછાવીને આ ત્રણ માણસોને ફસાવ્યા હશે?"

"સાહેબ! પ્રથમ દૃષ્ટિએ આપનો તર્ક સંભવિત જેવો લાગે છે, પરંતુ જો આ ચંદ્રભાગા જેવી હલકા વર્ગની સ્ત્રી ખૂનીની સાથે સામેલ હોય તો ખૂની–પણ તેના જ વર્ગનો હોવો જોઈએ; આપણે ધારીએ છીએ તેમ તે ઉચ્ચ કુળનો ન હોય!"

આ દલીલ ન્યાયાધીશને પણ વાસ્તવિક લાગી. કેમ કે ખૂની જો ઉચ્ચ કુળનો હોય તો તે આવા કાર્યમાં ચંદ્રભાગા જેવી હલકી સ્ત્રી સાથે મસલત કરે નહિ. તેણે પૂછ્યું: "ત્યારે તારો શો અભિપ્રાય છે?"

તે નમ્રતા પૂર્વક બોલ્યો: "સાહેબ! મારો તર્ક સાચો જ છે, એમ કહેવાની હું હિમ્મત કરતો નથી, છતાં હું જણાવવાની રજા લઉં છું કે પોલીસચોકી ઉપર પેલા દારૂડીયા જેવા દેખાતા માણસે ચંદ્રભાગાને મોટા ઈનામની લાલચ આપેલી હોવી જોઈએ."

તે બોલતો બોલતો અટકી ગયો. કલાર્ક બહાર ગયો હતો તે અંદર આવ્યો. તેની સાથે કારાગૃહનો એક સંત્રી આવ્યો. સંત્રી નમન કરીને બોલ્યો: "સાહેબ! જેલર સાહેબે મને આપની પાસે મોકલ્યો છે. પેલી ચંદ્રભાગા એકાંત કોટડીમાં નહિ રહેવા માટે ધમપછાડા કરે છે. તો આપની શી મરજી છે? તેને એકાંત કોટડીમાં રાખવી કે બીજાઓની સાથે?"

"એકાંત કોટડીમાં." ન્યાયાધીશે વિચાર કરીને જવાબ આપ્યો: "જો તેને બીજા કેદીઓની સાથે રાખવામાં આવે તો તેને કદાચ પોતાના બહારના સંબંધીઓ સાથે પત્રવ્યવહાર કરવાની તક મેળવવાનો સંભવ રહે છે. માટે બીજો હુકમ થતાં સુધી તેને એકાંત કોટડીમાં જ કેદ રાખવી."

સંત્રી નમન કરીને ચાલ્યો ગયો. ત્યારબાદ કલાર્કે ન્યાયાધીશને જેલરનો એક પત્ર આપ્યો. ન્યાયાધીશે કવર ફોડીને તે પત્ર મોટેથી વાંચ્યોઃ—

"મહેરબાન ન્યાયાધીશ સાહેબને હું સલાહ આપવાની હિમ્મત કરૂં છું કે કેદી ફાલગુનની તપાસ કરતી વખતે તેઓ સાહેબ આત્મ-સંરક્ષણ માટે પૂરતી તૈયારી રાખશે. કારણ કે તેને આત્મહત્યા કરવામાં મળેલી નિષ્ફળતા પછીથી તે અત્યંત ઉશ્કેરાયેલી હાલતમાં જોવામાં આવે છે. તેથી જ અમારે તેના હાથ–પગ બાંધી રાખવા પડયા હતા. રાત્રે તે એક મીનિટભર પણ સૂતો નથી. આજે સ્હવારે તેને માટે ખાવાનું લઇ ગયા, અને તેને ખવરાવવાનો પ્રયત્ન કર્યો. પણ તેણે બિલકુલ ખાધું નથી. મને લાગે છે કે કદાચ ભૂખમરો વેઠીને મરણ પામવાનો તેનો ઈરાદો હોવો જોઈએ. આવો ભયંકર મવાલી કદિ પણ મારા જોવામાં આવ્યો નથી. એટલે મને લાગે છે કે તે પોતાના જીવ ઉપર ઉદાર બનેલો હોવાથી ગમે તેવું ગેરવાજબી કૃત્ય કરવામાં પાછો હઠવાનો નહિ."

આ પત્ર વંચાઇ રહ્યા પછી કલાર્ક બોલ્યોઃ "સાહેબ ! જો હું ન્યાયાધીશ હોઉં તો જે સંત્રીઓ તેને લઇને અહીં આવ્યા છે, તેમને પણ તેની સાથે અંદર બોલાવું."

"ગોકુળદાસ ! તમારા જેવો જમાનાનો ખાધેલ અનુભવી કલાર્ક આવી સલાહ આપે છે ? તમે પણ ભયભીત બન્યા છો કે શું ?"

"હું ભયભીત નથી થયો, પણ–"

"એમાં શો ભય છે ? હું અહીં હાજર જ છું." શરતચંદ્ર ઊભો થઇને બોલ્યો.

ન્યાયાધીશે કેદીને એકલો જ અંદર મોકલવાની પટાવાળાને આજ્ઞા કરી. એક પળ પછી કેદી અંદર આવ્યો. તે કદાચ ન્યાયાધીશ ઉપર આક્રમણ કરે તો તેને પકડી રાખવાને માટે શરતચંદ્ર તૈયાર થઇ રહ્યો. ન્યાયાધીશના મનમાં લેશ પણ ભીતિનો સંચાર થયો નહિ.

કેદીએ ચોતરફ દૃષ્ટિ ફેરવી. પછી તેણે પ્રશ્ન કર્યો: " ન્યાયાધીશ ક્યાં છે ? "

" હું ન્યાયાધીશ છું. " શાંતિપ્રસાદે કહ્યું.

" ના, બીજા ? "

" બીજા કોણ ? "

" ગઇ કાલે સ્હાંજે જેમણે મને સવાલો કર્યા હતા તે ? "

" તેમને અકસ્માત થયો છે. ગઈ કાલે તારાથી છૂટા પડયા બાદ પડી જવાથી તેમનો પગ ભાંગી ગયો છે. "

" એમ ! "

" અને તેમનું કામ મારે કરવાનું છે. "

પણ આ છેવટનો ખુલાસો સાંભળવાને માટે કેદીનું મગજ શાંત ન હતું. અગાઉ તે ઉશ્કેરાયેલો લાગતો હતો. અત્યારે તેનું મગજ ભ્રમિત બની ગયું હતું. તેના વદન ઉપરના ગુસ્સાનું સ્થાન નિઃસ્તબ્ધતાએ લીધું હતું. તે આશ્ચર્યચકિત બની ગયો. તેના પગ ધ્રૂજવા લાગ્યા અને તે જાણે હમણાં પડી જશે તેમ જણાયું.

તેની આ સ્થિતિ જોઇને ન્યાયાધીશે કહ્યું: " સ્વસ્થ થા. જો તારાથી ઊભા રહી શકાય તેમ ન હોય તો આ બાંકડાપર બેસી જા. "

પરંતુ આ માણસ પોતાના શરીરપર કાબૂ મેળવી શક્યો: તેનાં નેત્રો ચમકવા લાગ્યાં, જો કે તે ચમકારને તેણે તુરત જ દબાવી દીધો અને જવાબ આપ્યો: " સાહેબ ! આપની લાગણી માટે આભાર માનું છું, પરંતુ હવે મને કાંઈ નથી. માત્ર ચક્કર આવી ગયાં હતાં. હવે સારૂં છે. "

" તેં ઘણા વખતથી ખાધું નથી, ખરૂં ? "

" હાજી, " શરતચંદ્ર સામે આંગળી કરીને તે બોલ્યો: " આ માણસ પોલીસ ચોકી ઉપર મારે માટે ખાવાનું લાવ્યો હતો, ત્યારપછી મેં કશું પણ ખાધું નથી. "

"અત્યારે કાંઈ ખોરાકની જરૂર છે?"

"ના જી, માત્ર એક પ્યાલો પાણી મગાવો તો કૃપા."

"પાણી ને બદલે ચહા અથવા કૉફી લે તો?"

"નાજી, પાણી જ બસ છે."

ન્યાયાધીશની આજ્ઞાથી એક પ્યાલામાં પાણી આવ્યું. કેદી જળપાન કરવા લાગ્યો; અને જળપાનથી જાણે તેનામાં નવીન જીવન આવ્યું હોય; તેના થોડા સમય પહેલાના સ્વભાવ અને વર્તનમાં પરિવર્તન થયું હોય એમ લાગ્યું.

પ્રકરણ ૨૦ મું.

ખૂનીનો આત્મવૃત્તાંત.

ખૂની તદ્દન સ્વસ્થ બની ગયો. જાણે આ જગતમાં તેને કશી પણ ચિંતા ન હોય તેવા દેખાવપૂર્વક તે ઊભો રહ્યો.

"હવે તને ઠીક છે ને?" ન્યાયાધીશે પૂછ્યું.

"હા, સાહેબ! ઘણું જ સારૂં છે.'

"હું આશા રાખું છું કે હવેથી તું સારૂ વર્તન રાખીશ." ન્યાયાધીશ એક વત્સલ સલાહકારની માફક કહેવા લાગ્યો: "ગઈ કાલે તેં આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરીને તારા બીજા અનેક ગુન્હાઓમાં એક ગુન્હાનો વધારો કર્યો હતો. આ ગુન્હાનું–"

કેદી વચ્ચે બોલ્યો: "સાહેબ! મેં કશો પણ ગુન્હો કર્યો જ નથી. મારા ઉપર હલ્લો કરવામાં આવતાં મેં મારો બચાવ કર્યો હતો. એ ત્રણ જણા હતા અને ઉશ્કેરાયલા હતા. તેમના મૃત્યુ માટે મને

પણ અત્યંત શોક થાય છે. પરંતુ તે માટે મારૂં હૃદય મને ડંખતુ નથી. ”

તે આગળ બોલ્યોઃ “ છતાં પણ મને પકડવામાં આવ્યો અને જાણે મેં ખૂન કર્યું હોય તેવું મારી સાથે વર્તન ચલાવવામાં આવ્યું છે. મને જાણે કબરમાં દાટવામાં આવ્યો હોય તેવી રીતે અંધારી એકાંત કોટડીમાં પૂરવામાં આવ્યો એથી હું મારૂં ભાન ભૂલી ગયો અને રીબાઇને મરવા કરતાં એકદમ મરણ પામવું સારૂં એમ ધારીને મેં ગળે ફાંસો ખાવાનો પ્રયત્ન કર્યો. મારા મૃત્યુથી કોઇને દિલગીર થવાનું ન હતું. મારે નથી બાયડી કે નથી છોકરાં. મારા તે પ્રયત્નમાં મને નિષ્ફળ બનાવ્યા પછી જાણે હું દિવાનો માણસ હોઉં તેમ મારા હાથ પગ બાંધવામાં આવ્યા. હું દિવાનો નથી, પણ જો આવી ને આવી સ્થિતિમાં મને વધુ વાર રાખવામાં આવે તો હું જરૂર દિવાનો બની જાઉં. જાણે હું એક પાંજરામાં પૂરેલું જનાવર હોઉં તેમ કારાગૃહના સંત્રીઓ મારા ઉપર નજર રાખતા હતા. આ કેટલો બધો જૂલ્મ ? કેટલો ત્રાસ ? ”

જાણે તેના અંતરમાં અત્યંત વ્યથા થતી હોય તેવા ભાવપૂર્વક તે પ્રસ્તુત શબ્દો ઉચ્ચારતો હતો. ન્યાયાધીશ સમજી ગયો હતો કે આ માણસ સામાન્ય પ્રકારનો નથી.

તેણે પૂછયુંઃ “ પણ આજે સહવારે તને ખોરાક આપવામાં આવ્યો ત્યારે તેં ખાધું કેમ નહિ ? ”

કેદી ખડખડાટ હસી પડયો અને બોલ્યોઃ “ સાહેબ ! તે લોકોએ મારા હાથ–પગ બાંધ્યા હતા અને એક રક્ષક પાતળી રાબ જેવું કાંઇક લઇને આવ્યો અને ચમચા વડે જેમ ન્હાના છોકરાને ખવરાવતો હોય તેમ મ્હારા મ્હોંમાં રેડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેમના એ વર્તનથી મને તિરસ્કાર છૂટયો અને મેં મારા હોઠ બંધ કરી દીધા. તે મારા હોઠ તથા દાંત ખૂલ્લા કરીને મારા મ્હોંમાં ચમચો

ખોસવા લાગ્યો. એથી હું ગુસ્સે થયો અને મેં તેને બટકું ભર્યું. સારૂં થયું કે તેની આંગળી મારા દાંત વચ્ચે ન આવી. નહિ તો હું જરૂર કરડી ખાત."

"પણ એમાં એ લોકોનો શો વાંક? તેમણે તો તેમના ઉપરીના હુકમને માન આપવું જ જોઇએ. તેઓ તો બાપડા તારા રક્ષણને માટે પ્રયત્ન કરતા હતા."

"ગમે તેમ હોય, પણ મને રીસ એવી ચડી હતી કે જો હું છૂટો હોત તો તેમના માંહેના એકાદને તો જરૂર પૂરો કરી નાંખત. જો કે મને તેમના ઉપર અંગત વેર નથી. મને છૂટો ફરવા દીધો હોત તો કશો વાંધો ન હતો."

"એ તો તારા વર્તન ઉપર આધાર રાખે છે. જો તું શાંત રહીશ તો હાથપગ બાંધવામાં નહિ આવે."

"સાહેબ! એ બાબત ભય રાખવાની જરૂર નથી. હું શાંત રહીશ. પણ સાહેબ! કારાગૃહમાં આખો દિવસ એકલા બેસી રહેવાથી કટાળો આવે એ દેખીતું છે. જો વાતચીત કરવાને માટે બીજા કેદીઓની સોબત હોય તો વાતચીતમાં અને ગમતમાં દિવસ પસાર થઇ જાય. વળી એ ઓરડી તદ્દન અંધકારવાળી અને ભેજથી ભરેલી છે."

"જો તું નિર્દોષ હોઇશ તો તને એકદમ મુક્ત કરી દેવામાં આવશે. પરંતુ તારી નિર્દોષિતા સિદ્ધ કરવી જોઇએ." ન્યાયાધીશે કહ્યું.

"તેને માટે મારે શું કરવું?"

"હું તને જે સવાલ કરૂં તેનો તદ્દન સત્ય અને કશું પણ છૂપાવ્યા સિવાય તારે જવાબ આપવો."

"હું સાચું જ બોલીશ." એમ કહીને તેણે સોગન ખાવાને હાથ ઉંચા કર્યા. પરંતુ શાંતિપ્રસાદે જણાવ્યું: "જે આરોપી હોય છે તેને અહીં સોગન આપવામાં આવતા નથી."

"એમ! એ પદ્ધતિ તો વિચિત્ર લાગે છે." કેદીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

ન્યાયાધીશ બોલ્યો: " હવે તું મારા તરફ ધ્યાન આપીને હું પૂછું તેનો ખૂલ્લા દિલથી જવાબ આપજે. તેના ઉપર તારી મુક્તિનો આધાર છે. તારૂં નામ શું ? "

" ફાલ્ગુન. "

" તારૂં બીજું જન્મનક્ષત્રના આધારે પાડેલું નામ છે ? "

" ના, આ એક જ નામ છે. "

" એ સંભવિત નથી. ફુલામણાનું નામ અને જન્મનક્ષત્રને અનુસરતું બન્ને જુદાં નામ હોવાનો સંભવ છે."

કેદી બોલ્યો: "આ સવાલ મને બીજી વખત કરવામાં આવ્યો છે. પરંતુ મેં આપને સત્ય જ જણાવ્યું છે. જો મારે અસત્યવાદ કરવો હોત તો હું મારૂં નામ સુંદરલાલ, છગનલાલ, વિનોદરાય, રશ્મિકાન્ત કે એવું ગમે તે જણાવી શકત. હા, બાકી મારે બીજાં ઉપનામ ઘણાં છે. "

" ક્યાં ક્યાં ? "

" જ્યારે હું પ્રોફેસર ચિત્રેની સાથે હતો ત્યારે મને ' અલમસ્ત ' કહેતા હતા. "

" પ્રોફેસર ચિત્રે કોણ હતો ? "

" વિકરાળ જનાવરોનો રાજા. તેની પાસે વાઘ, સિંહ, ચિત્તા, દિપડા રીંછ અજગર, વગેરે અનેક પ્રાણીઓ હતાં, પણ કમનસિબે—"

આ માણસ અંતઃકરણ પૂર્વક બોલતો હતો કે ગપ હાંકતો હતો તે કહી શકાય તેમ ન હતું. ન્યાયાધીશે તેને બોલતો અટકાવીને કહ્યું: " વારૂ, તારી ઉમર કેટલી છે ?"

" ચુમાલીસ અથવા પીસતાલીસ વર્ષની. "

" તારો જન્મ કયા રાજ્યમાં થયો હતો ? "

" ઘણું કરીને મણિપુર રાજ્યમાં. "

" હું તને ચેતવણી આપું છું કે જો તું આવી રીતે અચોક્કસ જવાબ આપ્યા કરીશ તો તારી મુક્તિની આશા દૂર ને દૂર રહેશે." ન્યાયાધીશ કડકપણે બોલ્યો.

આ ચેતવણીથી કેદીના હૃદયમાં દુઃખ થયું હોય તથા તેના મનમાં ચિંતાનો પ્રાદુર્ભાવ થયો હોય એવો ભાવ તેના ચ્હેરા પર પ્રકટી નીકળ્યો. તે બોલ્યોઃ " સાહેબ ! આપે મને જે સવાલ કર્યો તેનો મેં જવાબ આપ્યો છે. જો આપ મને ખુલાસો કરવા દેશો તો મેં સત્ય જ કહેલું છે એમ આપને લાગ્યા સિવાય રહેશે નહિ."

ન્યાયાધીશને પણ આ ઠીક લાગ્યું. આરોપીને સવાલો કરીને જવાબ મેળવવા કરતાં જો તે પોતાની મેળે સર્વ હકીકત જણાવે તો વખતે વચ્ચે મુદ્દાની અને પોતાના હિતને નુકસાન કરનારી વાત પણ તે કહી નાંખે, એ વિચારથી ન્યાયાધીશે તેને ખુલાસો કરવાની પરવાનગી આપી.

આ પરવાનગી મળવાથી કેદીને ઘણો જ આનંદ થયો હોય એમ લાગ્યું. તે આનંદને છૂપાવવાનો પ્રયત્ન કર્યા વગર જ તે બોલ્યોઃ " સાહેબ ! હું મારો આત્મવૃત્તાંત આપને ટુંકામાં પણ અગત્યની તમામ વિગત સાથે જણાવીશ. આશરે પીસ્તાલીશ વર્ષ પહેલાં એક દિવસ અંગબળના અદ્‌ભુત ખેલો કરનાર પ્રો. હરનામસિંગ પોતાની કમ્પની સાથે મણીપુર રાજ્યમાં પ્રવાસ કરતા હતા. એ વખતે સર્વત્ર રેલ્વે ટ્રેન થઈ ન હતી. તેની માત્ર શરૂઆત જ હતી. એટલે તે પોતાને માટે બનાવેલી ખાસ ગાડીઓ પ્રવાસમાં રાખતા હતા. એક ગાડી પોતે તથા પોતાની સ્ત્રીને માટે, બે ગાડીઓ કંપનીના એકટરોને માટે અને ચાર-પાંચ ગાડીઓ સામાન વગેરેને માટે રાખતા. વાઘ, દીપડા, વગેરેનાં પાંજરાં તે ગાડીઓની સાથે જોડી દેતા અને ઘોડા ઉપર માણસો સ્વારી કરતા. તે વખતે મણીપુર તાબાનું સુલતાનાબાદ નામનું મોટું શહેર છોડયા પછી રસ્તાપર એક બાજુએ કશોક શ્વેત પદાર્થ પડેલો જોવામાં આવ્યાથી તેણે તેની પત્નીને કહ્યું:

'પેલું શું પડયું હશે ? હું જોઈ આવું.' તે ગાડીને ઊભી રાખીને નીચે ઉતર્યો અને બાજુપર ગયો. પેલો શ્વેત પદાર્થ ઉપાડતાં તેના મુખમાંથી આશ્ચર્યોદ્‌ગાર સરી પડયો. 'એવું શું તેના જોવામાં આવ્યું હશે ?' એવો પ્રશ્ન તમે મને કરશો. તેના જવાબમાં મારે એટલું જ જણાવવાનું કે આપ સાહેબની સામે ઊભેલો આપનો નમ્ર સેવક એ વખતે ૭ માસની ઉમરનો પ્રો. હરનામસિંગને એ સ્થળેથી મળી આવ્યો હતો."

એ પ્રમાણે કહેવાની સાથે તેણે નાટક કંપનીના એક્ટરની ઢબે પોતાના શ્રોતાજનોને લળીને નમન કર્યું અને પછી પોતાનો આત્મ-વૃત્તાંત આગળ ચલાવ્યો: "પ્રો. હરનામસિંગ મને ઉપાડીને તેની પત્ની પાસે લઇ ગયો. તેની પત્ની માયાળુ હતી. તેણે મને પોતાની પાસે રાખ્યો. કેમ કે તેને કશું સંતાન ન હતું. મારૂં નામ શું રાખવું તેનો તેઓ વિચાર કરવા લાગ્યા. પ્રો. હરનામસિંગને જ્યોતિષ ઉપર ખાસ શ્રદ્ધા ન હતી. તેમ જ હું ૭ માસનો હતો તે વખતે તેને મળી આવ્યો હતો. એટલે જન્મનક્ષત્રના આધારે મારૂં નામ રાખી શકાય તેમ હતું નહિ. પરંતુ આ વખતે ફાગણ માસનો શુકલપક્ષ હતો. એટલે ફાગણ માસ ઉપરથી તેમણે મારૂં નામ ફાલ્ગુન રાખ્યું. આ કારણથી મેં આપને જણાવ્યું કે મારૂં નામ ફાલ્ગુન છે અને હું મણિપુર રાજ્યની હદમાંથી મળી આવેલો હોવાથી કદાચ તે રાજ્યમાં મારો જન્મ થયો હશે એમ મેં કહ્યું હતું. કારણ કે મારા ચોકકસ જન્મસ્થળની મને માહિતી નથી." આ બધું તેણે ખૂલ્લા દિલથી અને સરલતાપૂર્વક જણાવ્યું હતું.

"વારૂ, હમણાં તું શો ધંધો કરે છે ?" ન્યાયાધીશે પ્રશ્ન કર્યો.

"પ્રો. હરનામસિંગ પાસેથી જે ધંધાની તાલિમ મેં મેળવી છે, તે ધંધો હું કરૂં છું અને હું તેને અંગે આપણા ગુજરાત-કાઠિયાવાડ ઉપરાંત, મુંબઈ ઇલાકાના બીજા ભાગમાં તેમ જ મદ્રાસ, બંગાળા,

ઉત્તર હિંદુસ્તાન, બર્મા અને સિયામ સુધી જઈ આવ્યો છું."

"તું આ બધા દેશોમાં ફરેલો છે?"

"હા જી. હું પ્રો. ચિત્રેના સરકસમાં સત્તર વર્ષ સુધી રહ્યો હતો, તે દરમ્યાન આ દરેક સ્થળે ફરી આવ્યો છું. તેમાં વધુ ભાગે બંગાળા તથા ઉત્તર હિંદુસ્તાનમાં મેં મુસાફરી કરેલી છે."

"ત્યારે તું અચ્છો કસરતબાજ હોવો જોઇએ. પણ તો પછી તારા હાથ આવા ગૌર અને સુંવાળા કેમ દેખાય છે?"

કેદીએ જરી પણ ગભરાયા સિવાય પોતાના બન્ને હાથ સામે દૃષ્ટિ કરીને કહ્યું: "તેનું કારણ એટલું જ છે કે મેં મારા હાથની માવજત સારી રીતે રાખેલી છે અને તેમનો મારા ધંધાને અંગે કદિ પણ ઉપયોગ કરવો પડયો નથી."

"ત્યારે શું તેઓ તને ગોઠા ભેઠા પગાર આપતા હતા?'

"નાજી, પણ મારે મોટે ભાગે ક્લાઉન એટલે મશ્કરાનું–લોકોને હસાવવાનું કામ કરવાનું હતું અને ખેલના પ્રારંભ કિંવા અંત સમયે હું ભાષણ આપીને પ્રેક્ષકોનાં મન રંજન કરતો હતો."

"તું તારી એ કળા અને શક્તિનું અહીં અમારી પાસે પ્રદર્શન કરી બતાવીશ?" ન્યાયાધીશે મુદ્દાનો પ્રશ્ન કર્યો. તેણે વિચાર્યું કે જો કેદી જૂઠું બોલતો હશે તો અહીં પકડાઈ ગયા સિવાય રહેશે નહિ.

"સાહેબ! આપ મારી મશ્કરી તો નથી કરતા? અહીં કોર્ટમાં મારે—"

"હા, તે સિવાય તારા કથન ઉપર કોર્ટનો વિશ્વાસ બેસી શકે તેમ નથી."

"વારૂ, જેવી સાહેબની મરજી!" એમ કહીને તેણે ન્યાયાધીશના ટેબલપર પડેલી આંકણી ઉચકી અને જાણે સરકસના તંબુમાં ભાષણ આપતો હોય તે પ્રમાણે બોલવા લાગ્યો: "બાનુઓ અને સદ્દગૃહસ્થો!

આજે આપે અમારા તંબુમાં પધારી અમને જે આશ્રય આપ્યો છે તે માટે કંપની તરફથી હું આપ સહુનો આભાર માનું છું. અમારા અંગબળના અદ્‌ભુત અને હેરત પમાડનારા ખેલો જોઇને, અમારા અશ્વોની ચમત્કારિક ચતુરાઇ જોઇને, અમારા સિંહ, અમારા વાઘ, અમારા દીપડા, અમારા અજગર, અમારાં રીંછ, અમારાં વાંદરાં, એ સર્વની કુશળતા તથા તેમના ઉપરનો અમારો અદ્‌ભુત કાબૂ જોઇને આપ ખુશ થયાં છો. એથી અમને પણ અત્યંત આનંદ થયો છે, અને અમે આશા--"

"એટલું બસ છે." ન્યાયાધીશે કહ્યું: "એ તો તું ગુજરાત કાઠિયાવાડમાં હોય ત્યારે આપણી માતૃભાષામાં બોલે. પણ હિંદુસ્તાનના બીજા ભાગોમાં હોય ત્યારે?"

"ત્યારે અંગ્રેજીમાં અને હિંદી મિશ્રિત ઉર્દુ ભાષામાં અમે ભાષણ આપતા."

"વારૂ અંગ્રેજીમાં બોલ જોઇએ."

"Ladies and gentlemen! I, on behalf of our greatest company in the world, thank you very much for your kind and sympathetic patronage given to us on this day in our opening night performance:

"(સન્નારીઓ અને સજ્જનો! આજે અમારા પ્રથમ રાત્રીના ખેલમાં આપ સાહેબોએ પધારી અમને જે આશ્રય આપેલો છે તે માટે આખી દુનિયામાં મોટામાં મોટી આ કંપની તરફથી હું આપનો આભાર માનું છું.)"

"બસ, હવે હિંદીમાં."

"તેણે હિંદીમાં પણ પ્રસ્તુત મતલબનું જ ભાષણ કરી બતાવ્યું અને કહ્યું: "તે સિવાય હું બંગાળી અને મરાઠી ભાષા પણ જાણું

છું અને ભાંગી તૂટી ખોખરી તેલગુ તથા કાનડી ભાષા પણ બોલી શકું છું."

"રહે, કોઈ બંગાળી ભાષા જાણનારને બોલાવી મગાવીએ." ન્યાયાધીશે કહ્યું.

"સાહેબ! મને બંગાળીનું જ્ઞાન છે." શરતચંદ્રે જવાબ આપ્યો.

"બહુ સારૂ, કેદી! તારી બંગાળી ભાષા સંભળાવ."

કેદીએ બંગાળીમાં ભાષણ કરી બતાવ્યું. બંગાળી ભાષાના તેના ઉચ્ચાર એટલા સ્પષ્ટ હતા કે કોઇ પણ આ વખતે તે બંગાળાનો વતની હશે એમ માની લીધા સિવાય રહે નહિ. ન્યાયાધીશ તથા શરતચંદ્રને તેનું જુદી જુદી ભાષાઓનું આવું જ્ઞાન જોઇને આશ્ચર્ય થયા સિવાય રહ્યું નહિ.

પ્રકરણ ૨૧ મું.

ખૂનીનો આત્મવૃત્તાંત (ચાલુ).

કારાગૃહપાલે આ વિલક્ષણ કેદીને એક ભયંકર વ્યક્તિ માની લઇ, તેની હાજરીમાં આત્મરક્ષણની સંભાળ લેવા માટે ન્યાયાધીશને પત્ર દ્વારા સૂચના કરી હતી. તેને બદલે આ તો રંગીલો, આનંદી તથા મશ્કરા સ્વભાવનો જણાતો હતો. તે જ્યારે ભાષણ કરતો હતો ત્યારે વચે વચ્ચે એવા ટહુકા મૂકતો તથા અભિનય કરતો કે કોઇને પણ હાસ્ય ઉત્પન્ન થયા સિવાય રહે નહિ.

તેણે બંગાળીમાં ભાષણ ખતમ કર્યા બાદ ન્યાયાધીશ બોલ્યો: "તું જુદી જુદી અનેક ભાષાઓનું જ્ઞાન ધરાવે છે. પરંતુ એટલાથી તું ફાલ્ગુન જ છે, એવી કોરટની ખાત્રી થઈ શકે નહિ. અહીં ચંદ્રનગરમાં તારો કોઇ ઓળખીતો છે? તારા કથનની સચ્ચાઈની ખાત્રી

આપી શકે એવા આ શહેરના કોઈ પણ પ્રતિષ્ઠિત ગૃહસ્થનું નામ તું આપી શકીશ ?"

"સાહેબ ! આ પ્રદેશ છોડયાને મને સત્તર વરસ થઈ ગયાં. એટલે અહીં મારૂં ઓળખીતું કોણ હોય ?"

"એ વાત સાચી. અર્થાત્ આ ગામમાં તને કોઈ ઓળખે તેવો માણસ નથી. વારૂ, તારા છેલ્લા માલિક પ્રો. ચિત્રેના સંબંધમાં હું જાણવા માગું છું. એ કોણ છે ?"

"પ્રો. ચિત્રે મૂળ રહીશ કારવારનો. તેની સરકસ કમ્પની ઘણા લાંબા સમયની જૂની છે. તેણે તે ધંધામાં આઠ–દશ લાખ રૂપીઆ પેદા કર્યા છે."

"આ પ્રોફેસર તારી ઓળખાણ આપી શકશે. હું ધારૂં છું કે તેને તારા સાક્ષી તરીકે અહીં હાજર કરવામાં મુશ્કેલી નહિ પડે."

"બિલકુલ નહિ." કેદીએ જણાવ્યું. "તે ખુશીની સાથે મારી ઓળખાણ આપશે. અને તેમને અહીંની કોર્ટમાં હાજર પણ કરી શકાય. પરંતુ તેમાં પુષ્કળ સમય લાગવાનો સંભવ છે."

"કેમ ?"

"કારણ કે અત્યારે તો તેઓ આફ્રીકા જવાને માટે સ્ટીમરમાં ઉપડી પણ ગયા હશે. સમુદ્રની સફરને લીધે જ મારે તેમની કમ્પની છોડવી પડી છે. દરિયાઈ પ્રવાસનો મને તિરસ્કાર છે."

"અહો ! એમ છે ?" ન્યાયાધીશ બોલ્યો. તેના સ્વરમાં વક્રોક્તિ ભાવ હતો.

"સાહેબ ! તેઓ સ્ટીમરમાં ઉપડી ગયા હશે એમ મેં જણાવ્યું છે ! પણ કદાચ હજી સુધી ન પણ ગયા હોય. માત્ર હું તેમનાથી નોખો પડયો તે પહેલાં તેમણે બધી તૈયારી કરી હતી."

"તે કઈ સ્ટીમરમાં જવાનો હતો ?"

"એ તેમણે મને જણાવ્યું ન હતું."

"તું કયા ગામમાં તેનાથી જુદો પડયો ?"

"પોરબંદરથી."

"ક્યારે જુદો પડયો?"

"ગયા બુધવારે."

"એટલે તું ગયા બુધવારે પોરબંદર હતો ?" ન્યાયાધીશે પુછયું: "ત્યારે અહીં ચંદ્રનગરમાં તને કેટલા દિવસ થયા ?"

"અહીં હું ગયા રવિવારે સ્હાંજે આવ્યો છું."

"એ તારે સાબિત કરી આપવું પડશે."

"પણ એ મારે કેવી રીતે સાબિત કરી આપવું ?"

"તું પોરબંદરમાં કોઇ ધર્મશાળા વીશી કિંવા બીજા મકાનમાં ઉતર્યો હોઇશ. ત્યાંના માણસો તને ઓળખતા હશે ?"

"પણ અમે તો અમારા તંબુની પાસે રાવટીઓ નાંખીને તેમાં જ રહેતા હતા."

તારો માલિક પ્રો. ચિત્રે કયા બંદરેથી સ્ટીમર પર ચડવાનો હતો?

"એ હું જાણતો નથી. પોરબંદરથી ચડે, કરાંચી જઇને ચડે કે પછી બીજા કોઈ બંદરે જઇને ચડે તે હું કહી શકું નહિ."

"તો પછી તારા પોતાના શબ્દો સિવાય તારા આત્મવૃતાંતની સાબિતીને માટે બીજો કશો પૂરાવો નથી ?"

કેદી કશુંક યાદ કરતો હોય તે પ્રમાણે વિચારગ્રસ્ત બની ગયો. પછી એકાએક તેને અમૂક વાર્તાનું સ્મરણ થયું હોય એવા ભાવપૂર્વક તે બોલ્યો: "છે. સાહેબ! જ્યારે હું અહીં ચંદ્રનગર આવ્યો ત્યારે મારી સાથે એક ટ્રંક હતી. તેમાં મારાં કપડાં છે. તે દરેક કપડા ઉપર મારા નામના પ્રથમાક્ષર તરીકે અંગ્રેજીમાં 'F' અક્ષર લખેલો છે. તેમાં કેટલાક કોટ, પાટલૂન, મશ્કરા તરીકે પહેરવાના બે પોશાક, ધોતીયાં, પંચીયાં, ટુવાલ, ખમીશ વગેરે છે."

"વારૂ, પછી ?"

"હું અહીંના રેલ્વે સ્ટેશન પર ઉતરીને તેની નજીકમાં આવેલી એક વીશીમાં ગયો હતો."

" એ વીશીનું નામ શું ? " ન્યાયાધીશે પ્રશ્ન કર્યો.

" સાહેબ ! એ નામ જ હું યાદ કરૂં છું, પણ સ્મરણમાં આવતું નથી. જો કે તે મકાન હજી પણ મારી નજર આગળ તરી રહ્યું છે. જો ત્યાં મને લઈ જવામાં આવે તો એ મકાનને હું જરૂર ઓળખી શકીશ. તે વીશીના માણસો પણ મને ઓળખશે, અને ત્યાં પડેલી મારી ટ્રંક પણ મારા કથનની સાક્ષી પૂરશે."

શરતચંદ્રે મનમાં ને મનમાં રેલ્વે સ્ટેશન પાસેની તમામ વીશી, લોજ અને હોટેલની મુલાકાત લેવાનો નિશ્ચય કરી લીધો.

" જો કદાચ જરૂર લાગશે તો આપણે તારી અરજ પ્રમાણે તને ત્યાં લઇ જવાની ગોઠવણ કરીશું." ન્યાયાધીશે કહ્યું: " હવે મારે તને બે સવાલ કરવાના છે. પહેલો એ કે તું આ ગામથી ઘણાં વર્ષો થયાં તદ્દન અજ્ઞાત હોવા છતાં રવિવારે સાંજે ચાર વાગે અહીં આવ્યો અને તેજ રાત્રે આ ચંદ્રભાગાની હોટેલ જેવા સ્થળે કેવી રીતે જઇ પહોંચ્યો ? આ સ્થળ એવા લત્તામાં આવેલું છે કે આ શહેરના માણસને પણ તેનો એકદમ પત્તો મળી શકે તેમ નથી. બીજો સવાલ એ છે કે જો તું કહે છે એવાં સારાં કપડાં તારી પાસે છે તો પછી તારાં કપડાં આવાં મેલાં અને સાદાં કેમ છે ? "

આ પ્રશ્નો સાંભળીને કેદી હસ્યો. તેણે જવાબ આપ્યો: " સાહેબ ! આ બન્ને સવાલોનો હું આપને સંતોષકારક જવાબ આપી શકીશ. અમે કંપનીની સાથે ફરતા ત્યારે અમને સેકન્ડ કલાસમાં બેસવાનું મળતું. પરન્તુ મારા પદરના ખર્ચથી પ્રવાસ કરવાનો હોવાને લીધે મેં થર્ડ કલાસની ટીકીટ લીધી; અને થર્ડ કલાસમાં મુસાફરી કરવાની હોય ત્યારે ગમે તેવાં સારાં કપડાં પણ બગડી ગયા સિવાય રહે નહિ. એટલે મેં જાણી જોઇને જ સાદાં અને મેલાં કપડાં ધારણ કર્યાં હતાં. પોરબંદરથી ગુરુવારે સ્હવારે નિકળીને હું રાજકોટ આવ્યો. ત્યાં

રાત્રી ગાળીને વઢવાણ કેમ્પ શુક્રવારે સ્હાંજે ત્રણ વાગે આવ્યો. ત્યાંથી શનિવારે મેલમાં સ્હાંજે સ્હાડાચાર વાગે નીકળીને અહીં આવ્યો. સીધો વીશીમાં ગયો. ઘણા દિવસે ચંદ્રનગરમાં પગ મૂકવાથી શહેર જોવાની મને તીવ્ર ઉત્કંઠા થઈ આવી. એટલે તુરત વીશીમાં જમી લઇને આ જ વસ્ત્રોથી હું બહાર ફરવાને માટે નીકળી પડયો. ફરતાં ફરતાં દક્ષિણ તરફના ભાગમાં ગયો. ત્યાં એક હોટેલમાં દાખલ થયો. તે સ્થળે બે માણસો મારી પાસે આવ્યા. તેમણે મારી સાથે વાર્તાલાપનો પ્રારંભ કર્યો અને અમે 'રતિકાન્ત વિજય સિનેમા' માં ખેલ જોવા જવાનો વિચાર કરીને ત્યાંથી ઉપડયા. સિનેમાની ત્રણ ટીકીટો તે લોકોએ જ ખરીદી. અમે તેના કમ્પાઉન્ડમાં દાખલ થયા. એક ખેલ ચાલુ થઈ ગયો હતો. બીજા ખેલને એક–દોઢ કલાકની વાર હતી. અમે કમ્પાઉન્ડમાં એક કુંજ નીચે જઇને બેઠા અને એલારપેલારનાં ગપ્પાં હાંકવા લાગ્યા. ખેલ ખલાસ થયા પછી અમે ત્રણે અંદર દાખલ થયા અને થોડી વારે ફરીથી ખેલ શરૂ થયો. ત્યારપછી થોડી વારે મારા સાથીઓમાંનો એક બહાર ગયો. તે પાછો આવ્યા બાદ બીજો બહાર નીકળ્યો. બીજો પણ અંદર આવ્યો અને બન્ને જણા કાંઈક છૂપી મસલત કરવા લાગ્યા. મને તે લોકોનો હેતુ સારો લાગ્યો નહિ. એટલે તેમના સહવાસમાં વધુ વખત રહેવું તે ઠીક નહિ એમ માની હું પેસાબ કરવાનું બ્હાનું કરીને ત્યાંથી ઉઠયો. બહાર નીકળીને મેં પાછળ દૃષ્ટિ કરી તો તે બન્ને જણા પણ મારી પાછળ આવતા જણાયા. હું કમ્પાઉન્ડની બહાર ગયો અને ત્વરિત ગતિએ એક અંધારી ગલીમાં દાખલ થઈ, ત્યાંથી બીજી અને પછી ત્રીજી, એમ જુદી જુદી ગલીઓમાં પસાર થવા લાગ્યો. એ પ્રમાણે કરતાં હું નદીકિનારે આવેલા મેદાન પાસે આવી પહોંચ્યો. ત્યાં સર્વત્ર શુમશુમાકાર હતું. છૂટાં છવાયાં મકાનો હતાં, પણ સર્વનાં દ્વાર બંધ હતાં. એ જોઇને હું ત્યાંથી પાછો ફરવાનો વિચાર કરતો હતો ત્યાં દૂરથી એક દીવો દેખાયો. તેનાથી આકર્ષાઈને હું ત્યાં ગયો તો તે આ હોટેલ માલૂમ પડી."

"પછી ત્યાં શું બન્યું ?"

"હું અંદર ગયો. મ કોઇને બૂમ મારી. એક સ્ત્રી આવી. મેં તેને કોફીનો એક કપ આપવાનું કહ્યું અને પછી બ્રાન્ડીનો ગ્લાસ લાવવા આજ્ઞા કરી. તે એ બન્ને વસ્તુ લાવી. મદ્યપાન કર્યા પછી મેં સીગારેટ સળગાવી અને પછી હું આસપાસ જોવા લાગ્યો. એક બીજા ટેબલની પાસે ત્રણ પુરુષો તથા બે સ્ત્રીઓ બેઠાં બેઠાં મદ્યપાન કરતાં ઠઠ્ઠા મશ્કરી કરતાં હતાં. મારી હાજરી એ લોકોને અનુકૂળ લાગી નહિ. તેમાંનો એક માણસ ઉઠીને મારી પાસે આવ્યો અને બોલ્યોઃ 'તું છૂપી પોલીસનો માણસ છે અને અમારા ઉપર જાસુસી કરવાને માટે આવ્યો છે !' મેં તેના એ આક્ષેપનો ઇન્કાર કર્યો. છતાં તે દૃઢતાપૂર્વક મારા ઉપર તેનો તે આક્ષેપ કરવા લાગ્યો. મેં પુનઃ કહ્યું કે 'હું પોલીસનો માણસ નથી.' પરંતુ તે સોગન ખાવા લાગ્યો અને મેં બનાવટી દાઢી ચડાવી છે એમ બોલી, મારી દાઢી પકડીને ખેંચવા લાગ્યો. એથી સ્વાભાવિક રીતે જ મને ગુસ્સો ચડયો. મેં કૂદીને એક જ મૂક્કી વડે તેને જમીનદોસ્ત બનાવી દીધો. એટલે બીજાઓ પણ મારા ઉપર તુટી પડયા. મારી પાસે રિવોલ્વર હતી—પછી તો બાકીનું આપના જાણવામાં છે."

"અને પેલી બે સ્ત્રીઓ—જ્યારે તમારી વચ્ચે આ ઝઘડો ચાલતો હતો ત્યારે તેઓ શું કરતી હતી ?"

"સાહેબ ! હું આ લોકોની સાથે રોકાયેલો હોવાથી તેમના તરફ મારૂં ધ્યાન ન હતું. પરંતુ તેઓ અદૃશ્ય બની ગઇ હતી."

"તું જ્યારે ત્યાં દાખલ થયો ત્યારે તેં તેમને જોઇ હતી ? તેમનો દેખાવ કેવો હતો ?" ન્યાયાધીશે બીજો પ્રશ્ન કર્યો.

"તેઓ તદ્દન ઘાટઘુટ વગરની, બેડોળ, તાડ જેવી ઉંચી અને ભેંસ જેવી કાળી હતી."

અત્યારસુધી શાંતિપ્રસાદ આ કેદી સાચું બોલે છે કે ખોટું એ વિષયમાં કશા નિર્ણયપર આવી શકયો નહતો. પરંતુ કેદીના છેવટના શબ્દોથી તેની શંકા નિર્મૂળ થઈ ગઈ અને તેની ખાત્રી થઇ કે કેદી તથા ચંદ્રભાગા વચ્ચે ગુપ્ત રીતે આ સ્ત્રીઓના સંબંધમાં મસલત થયેલી છે. જો કેદી 'આ સ્ત્રીઓ દેખાવડી હતી' એમ બોલ્યો હોત તો તેના અને ચંદ્રભાગાના કથનમાંથી કોના શબ્દોપર વિશ્વાસ મૂકવો, એ વિષયમાં શાંતિપ્રસાદને વિચાર થઈ પડયો હોય.

તે પોતાની કેદી ઉપર અત્યંત લાગણી છે તથા કેદીનું કથન પોતે સત્ય માને છે એવા ભાવપૂર્વક બોલ્યોઃ " આ સ્ત્રીઓને શોધી કાઢવાની ખાસ જરૂર છે. જો તેમની જુબાની તારા કથનની સાથે મળતી આવે તો તારી નિર્દોષિતા સહેલાઇથી સાબિત કરી શકાય. "

" હું પણ તે સમજુ છું. પણ એ સ્ત્રીઓને મારે કેવી રીતે શોધી કાઢવી ? "

"પોલીસ તને મદદ કરશે. જો કેદી પોતાની નિર્દોષિતા સાબિત કરવા માગતો હોય તો પોલીસની ફરજ છે કે તેના પ્રયત્નમાં તેમણે મદદ કરવી જોઈએ. એ સ્ત્રીઓના નિરીક્ષણમાં એવું કશું તારા જોવામાં આવ્યું છે કે જેની મદદથી એમને ઓળખી શકાય ?"

"ખાસ એવું કશું મારા જોવામાં આવ્યું નથી." કેદીએ જણાવ્યું.

શાંતિપ્રસાદે ટેબલના ખાનામાંથી પેલું એરિંગ કાઢયું અને તે કેદીને આપતાં કહ્યુંઃ "તે સ્ત્રીઓ માંહેની એકના કાનમાં આ એરિંગ તારા જોવામાં નહોતું આવ્યું ? "

કેદીની બાહ્ય શાંતિમાં કશો પણ ભંગ થયો નહિ. તેણે એરિંગ હાથમાં લઇ પ્રકાશ તરફ ધરીને તપાસી જોયું. પછી તે બોલ્યોઃ "બહુ જ સુંદર છે. પણ આ મેં જોયું ન હતું."

"અને તેની કિંમત ચાર હજાર જેટલી છે." ન્યાયાધીશે કહ્યું.

"એટલી બધી" કેદીએ પુનઃ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

કેદીએ પોતે સામાન્ય સ્થિતિનો માણસ છે એમ દર્શાવવાને માટે આ દેખાવ કર્યો હતો. પરંતુ તેમાં સહેજ અતિરેક થયો હતો. તેના જેવો દેશ પરદેશમાં ફરેલો માણસ હીરા જેવા મૂલ્યવાન નંગની ચાર હજાર રૂપિયાની કીંમત સાંભળીને આશ્ચર્યચકિત બને તે માની શકાય નહિ.

છતાં શાંતિપ્રસાદે પોતાના મનમાં આવેલા પ્રસ્તુત વિચારને વદનપર પ્રકટ થવા દીધો નહિ. તે બોલ્યોઃ "તું તારી રિવોલ્વર નાંખી દઈ 'આવો મને પકડો,' એવું બોલ્યો તે વખતે તારો શું કરવાનો ઇરાદો હતો. ?"

"ન્હાસી જવાનો."

"કેવી રીતે ?"

"બારણામાંથી, સાહેબ !"

"એટલે કે પાછલા બારણેથી ! કેમ કે પ્રવેશદ્વાર તો પોલીસના માણસોએ રોકેલું હતું. પણ આ મકાનમાં તું પહેલી જ વાર દાખલ થયેલો હોવા છતાં તેના પાછળના દ્વારેથી પલાયન થઈ શકાય તેમ છે, એવું તું શી રીતે જાણી શકયો ?"

આ વખતે કેદીનાં નેત્રો ચિંતાતુર જણાયાં. પણ તુરત જ તેણે કૃત્રિમ હાસ્ય કર્યું અને કહ્યુંઃ "મેં પેલી બે સ્ત્રીઓને ત્યાંથી પલાયન થતી જોઇ હતી તેથી."

"જૂઠું ન બોલ. તેં હમણાં કહ્યું છે કે તું તારા પોતાના કામમાં એટલો બધો ગુંથાઈ ગયેલો હતો કે તેં એ સ્ત્રીઓને જતી જોઈ ન હતી."

"મેં એવું કહ્યું હતું ?"

"ગોકુળદાસ ! તેના એ શબ્દો વાંચો તો."

કલાર્ક વાંચવા લાગ્યોઃ "હું આ લોકોની સાથે રોકાયેલો હોવાથી તેમના તરફ મારૂં ધ્યાન ન હતું. પરંતુ તેઓ અદૃશ્ય બની થઈ."

કેદી બોલ્યો: "મેં એમ કહ્યું ન હતું. કદાચ એ શબ્દો હું બોલ્યો હોઇશ, તો પણ તેમાં મારા કથનનો ભાવ જુદો હતો."

"વારૂ, તું તે સ્હાંજે ફરવાને માટે બહાર નીકળ્યો હતો, એ વખતે તારી પાસે રિવોલ્વર કયાંથી આવી?" ન્યાયાધીશે પ્રશ્ન કર્યો.

"હું પોરબંદરથી રેલ્વે ટ્રેનમાં બેઠો ત્યારની તે મારા ગજવામાં હતી; અને અહીં વીશીમાં જેમ મને કપડાં બદલવાનું ન સૂજ્યું તેમ આ રિવોલ્વર પણ મારી ટ્રંકમાં મૂકી દેવાનો ખ્યાલ ન આવ્યો."

"એ તેં કયાંથી ખરીદી હતી?"

"પ્રો. ચિત્રેએ મને તે ભેટ તરીકે આપી હતી."

"તારે એટલું તો કબૂલ કરવું જ પડશે કે આ પ્રો. ચિત્રે નામની વ્યક્તિ તારા બચાવને માટે જ્યારે ને ત્યારે તને ઠીક ઉપયોગી થઈ પડે છે. કશું ન સૂજે એટલે તેનું નામ રજૂ કરી દેવાનું. વારૂ, આ રિવોલ્વરના બે બાર થયા હતા. જ્યારે ત્રણ માણસો મરણ પામ્યા છે. તેનું કારણ શું?"

"સાહેબ મારા ઉપર હલ્લો કરનારા માંહેના બે માણસો જમીન-દોસ્ત થયા પછી એકની સામે એકનું યુદ્ધ રહ્યું એટલે મારા શાસ્ત્રનો ઉપયોગ નહિ કરતાં મેં તેને પકડયો અને જોરથી તેને નીચે ફેંક્યો. તે એક ટેબલના ખૂણા સાથે અફળાયો અને પુનઃ બેઠો થઇ શકયો નહિ."

શાંતિપ્રસાદે એ મકાનનો શરતચંદ્રે બનાવેલો નકશો પોતાના ટેબલપર પહોળો કરીને કહ્યું: "અહીં આવ અને તે વખતે તું તથા તારો વિરોધી કયે સ્થળે ઊભા હતા તે બતાવ."

ફાલ્ગુન ટેબલની પાસે ગયો અને નકશા તરફ આંગળી કરીને કહેવા લાગ્યો: "હું આ બારણામાં થઈને દાખલ થયો હતો. તેની ડાબી બાજુએ આ ટેબલ છે ત્યાં હું બેઠો હતો, બીજા લોકો આ બારી અને ચહા કોફીની કીટલીઓના ટેબલ વચ્ચેના ટેબલ પાસે બેઠાં હતાં. આ સ્થળે ઊભા રહીને મેં રિવોલ્વરનો પહેલો બાર કર્યો. બીજો

બાર અહીં સ્હેજ નજીક આવીને કર્યો. પછી ત્રીજાને મેં આ સ્થળે જમીન પર પટકયો."

"એ તેં બરાબર કહ્યું. ડોકટરોએ પણ એવો અભિપ્રાય આપ્યો હતો કે રિવોલ્વરની એક ગોળી એક વાર છેટેથી લાગી હતી. હવે એક અગત્યનો મુદ્દો રહ્યો છે. અહીં ઊભેલા આ સિપાઇએ તને પકડયો તે વખતે તારા મુખમાંથી જે વાક્ય નીકળી પડયું હતું તેને માટે તું શો ખુલાસો કરે છે?"

"કયું વાકય?"

"તું એવું કાંઈ બોલ્યો હતો કે 'આ તો પ્રશીયન આવ્યા!'"

કેદીએ આ પ્રશ્નની આશા રાખી ન હતી. તે એકદમ ક્ષુબ્ધ બની ગયો. છતાં પોતાની બાહ્ય શાંતિને જાળવવાનો પ્રયત્ન કરતો તે બોલ્યો: "એવું વાક્ય હું બોલ્યો હોઉં તો તે અત્યંત વિચિત્ર ગણાય!"

"પાંચ માણસોએ તે સાંભળ્યું છે." ન્યાયાધીશે કહ્યું.

કેદી આનો કશો ખુલાસો શોધી કાઢવાનો પ્રયત્ન કરતો હતો. છેવટે તે બોલ્યો: "એ હું બોલ્યો હોઉં તો તે બનવા જોગ છે. પ્રો. ચિત્રેના સરકસમાં એક ફ્રેંચ ખેલાડી નોકર હતો. તે ઘણી વાર એ વાકયનો ઉપયોગ કરતો હતો. મારી જીજ્ઞાસા તૃપ્ત કરવાને માટે તેણે મને તે વાકયનો ભાવાર્થ ખુલાસા સાથે સમજાવ્યો હતો."

"તારો આ ખુલાસો માની શકાય તેવો છે." ન્યાયાધીશે જણાવ્યું: "પણ એક વાત સમજાતી નથી. પોલીસના માણસો ત્યાં આવ્યા તે પહેલાં તું તારા ત્રણે વિરોધીઓથી મુક્ત થઇ ગયો હતો કે નહિ? હા કે ના, એટલો જ જવાબ આપ."

"હા."

"તો પછી પાછલા બારણેથી ન્હાસી જઇ શકાય તેમ છે, એવું તું જાણતો હોવા છતાં પલાયન નહિ થતાં તે બારણાના ઉમરામાં તારી અને પોલીસના માણસોની વચ્ચે ટેબલ રાખીને તથા પોલીસની

સામે તેમને આગળ વધતા અટકાવવાને સારૂ રિવોલ્વરની નળી ધરીને તું શા માટે ઊભો રહ્યો ?"

"સાહેબ ! એ મારી મૂર્ખતા !" કેદીએ જવાબ આપ્યો: "એ લોકો પોલીસના માણસો છે કે જેમને મેં મારી નાંખ્યા તેમના મિત્રો છે તે હું જાણી શકયો નહિ."

"તે બેમાંથી ગમે તે હોય, તો પણ એ વખતે પલાયન થવામાં જ તારૂં હિત રહેલું હતું."

કેદીએ કશો જવાબ આપ્યો નહિ.

"વારૂ, ફરિયાદી પક્ષ એમ માને છે કે એ હોટેલમાંહેથી પેલી બે સ્ત્રીઓને ન્હાસવાનો વખત આપવાને માટે તું ઇરાદાપૂર્વક સ્વેચ્છાથી પોલીસના હાથમાં સપડાવાની ભીતિને પણ નહિ ગણકારતાં ત્યાં ઊભો રહ્યો હતો."

"પણ જે બે બુડ્ડીઓને હું ઓળખતો પણ નથી તેમને માટે મારી સલામતીને હું શા સારૂ જોખમમાં નાંખું ?"

"ફરિયાદી પક્ષ એમ મજબૂતપણે માને છે કે એ બે સ્ત્રીઓ સાથે તારે સારો પરિચય છે."

"એનો કોઇ પૂરાવો આપી શકે તેમ છે ?" એમ બોલીને કેદી હસવા લાગ્યો. પરંતુ "હું સાબિત કરી આપીશ." એવા ખાત્રી ભર્યા શબ્દો ન્યાયાધીશના મુખમાંથી બહાર પડતાં કેદીનું હાસ્ય તેના હોઠ ઉપર જ થીજી ગયું.

:પ્રકરણ ૨૨ મું.

ન્યાયાધીશનો નિષ્ફળ પ્રયત્ન.

અગાઉ કોઇ ગુન્હેગારના ખરા નામ ઠામનો પત્તો મેળવવાનું કાર્ય અત્યારના જેટલું મુશ્કેલ ન હતું. અત્યારે તો સમર્થ ડિટેકિટવો

પણ કોઈ ગુન્હેગારના જીવનની ખરી બાતમી મેળવવામાં ઘણી વાર નિષ્ફળ નિવડે છે. એક ભયંકર ગુન્હેગારને લૂટ તથા ખૂનના ગુન્હા માટે ફાંસીની સજા થઈ હતી, જે અપીલમાં ઘટીને જન્મકેદની કાયમ રહી હતી. તેને જે તુરંગમાં પૂરવામાં આવ્યો હતો ત્યાંથી તે કોઈ યુક્તિ પ્રયુક્તિથી પલાયન થઈ ગયો. ત્યારબાદ તેણે વિજ્ઞાનની સહાયથી પોતાના ચ્હેરા તથા શરીરના જુદા જુદા ભાગને વિકૃત બનાવી દીધા, શરીરના રંગમાં પણ ફેરફાર કરી નાંખ્યો; અને તે અગાઉની માફક છૂટથી સમાજમાં ભેળાવા લાગ્યો. પુનઃ જુગારના આરોપસર તેની ધરપકડ કરવામાં આવી. તેણે પોતાના આગલા જીવનની માહિતી આપવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. પોલીસ ખાતાના માણસોએ—ડિટેક્ટિવોએ ઘણો પ્રયાસ કર્યો. પરંતુ તેઓ કશું પણ જાણી શક્યા નહિ. છેવટે જુગારને માટે તેને છ માસની સજા થઇ. જો તેના આગલા ગુન્હાની હકીકત કોર્ટના જાણવામાં આવી હોત તો તેને કેટલી ભયંકર સજા કરવામાં આવત તે સમજી શકાય તેવું છે. આવી રીતે અનેક બદમાશો આ આગળ વધતા જમાનામાં ફાવી જાય છે. એથી જ એક વખત એક વૃદ્ધ અને અનુભવી એડવોકેટ-જનરલે હસતાં હસતાં ઉદ્ગાર કાઢ્યો હતો કે " જો દરેક બાળકનો જન્મ સરકારમાં નોંધતી વખતે તેના શરીર પર અમુક નંબરની છાપ ડામવાનો નિયમ કરવામાં આવે તો જ આ મુશ્કેલી ટળી શકે. "

શાંતિપ્રસાદના મનને પણ એમ થતું હતું કે જો આ કેદીના શરીર પર નંબર ડામવામાં આવ્યો હોત તો તેને ઓળખવામાં કશી હરકત ન આવત ! જો કે હજી તે તદ્દન નિરાશ થયો ન હતો. તેણે પુનઃ પ્રશ્ન કર્યો: " તું એમ કહેવા માગે છે કે એ હોટેલમાં તું જેમને મળ્યો તેમાંથી કોઇને પણ ઓળખતો નથી. ? "

" એમ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું. "

"આ કમનસિબ બનાવ સાથે જે માણસનું નામ જોડાયું છે તે હસમુખને મળવાનો પ્રસંગ તને કદિ પણ મળ્યો નથી ? "

" પેલા લશ્કરી સિપાઇએ મૃત્યુ સમયે તેના નામનો ઉચ્ચાર કર્યો તે વખતે પહેલવહેલું જ તેનું નામ મારા સાંભળવામાં આવ્યું હતું. " ફાલ્ગુને જવાબ આપ્યો.

તે એક દીર્ઘ શ્વાસ લઇને આગળ બોલ્યો: " ગરીબ બિચારો! મેં તેને ભયંકર જખમ કરેલો હોવા છતાં પણ તેના છેવટના શબ્દો મારી નિર્દોષિતાને પૂરવાર કરતા હતા. "

" એટલે તું તેણે મરતી વખતે જે જણાવ્યું હતું તે કબૂલ રાખે છે ?" ન્યાયાધીશે પૂછ્યું.

કેદી અચકાયો. પોતાને કોઇ જાળમાં તો સપડાવવામાં આવતો નથી ને. એવા વિચારથી તે પોતે આપવાના જવાબનો સંભાળપૂર્વક વિચાર કરવા લાગ્યો. છેવટે બોલ્યો: " સાહેબ ! હું તેના શબ્દો કબૂલ રાખું છું. "

" બહુ સારૂ, તને યાદ હશે કે આ સિપાઇએ હસમુખ ઉપર પોતાનું વેર લેવાની ઇચ્છા પ્રકટ કરી હતી. હસમુખે તેને પૈસાની મદદનું વચન આપીને કાવતરામાં ધસડયો હતો એ કાવત કોની વિરૂદ્ધ ? બેશક તારી જ વિરૂદ્ધ. છતા પણ તું તો એવો જ દંભ કરી રહ્યો છે કે તું તે દિવસે સ્હાંજે જ ચંદ્રનગરમાં આવ્યો હતો, અને અચાનક રસ્તો ભૂલવાથી તે સ્થળે જઈ ચડયો હતો. આવા પરસ્પર વિરોધી કથનથી તારા પોતાના મનનું પણ સમાધાન થઇ શકે ખરૂં ?"

કેદીએ જવાબ આપ્યો: " હું આ બાબત તદ્દન જુદી જ દૃષ્ટિથી જોઉં છું. એ લોકો કોઈ અમુક વ્યક્તિ, જેની મને માહિતી નથી, તેની વિરૂદ્ધ કાવતરૂં રચતા હોવા જોઇએ. તેમાં હું ત્યાં જઈ ચઢયો એટલે વચ્ચે નડતર રૂપ માનીને કશા પણ કારણ સિવાય તેમણે મારી સાથે ઝઘડો કર્યો. "

ન્યાયાધીશે કેદી ઉપર આબાદ તલવાર ઉગામી હતી, પરંતુ તેની સામે કેદીએ પણ પોતાની ઢાલ ધરીને તે ઘાને આબાદ ચૂકવી દીધો.

" વારૂ, હવે તું પરહેજ થયો તે પછીની વાત કરીએ. તેં તને પૂછવામાં આવેલા સવાલોનો જવાબ આપવાની કેમ ના પાડી ? "

" પોલીસના લોકોની તપાસ એવી હોય છે કે તેઓ તદ્દન નિર્દોષ મનુષ્યોને પણ આડા અવળા સવાલથી ફસાવીને ગુન્હેગાર બનાવી દે છે." કેદીએ જવાબ આપ્યો.

" હું તારા હિતને ખાતર તને જણાવું છું કે તું બરાબર જવાબ આપ. તને પરહેજ કરનારાઓને એવો અનુભવ થયો છે કે તને તુરંગના નિયમો તથા કાયદા વગેરેની પૂર્ણ માહિતી છે."

"હા, સાહેબ ! અનેક વખત મને, હું મારૂં સંપૂર્ણ નામ ઠામ આપી શકેલો નહિ હોવાથી, પરહેજ કરવામાં આવેલો અને તેથી તુરંગના નિયમો તથા કાયદાનો મને અનુભવ થયો હતો."

શાંતિપ્રસાદે એક પડીકું તેની સામે ધરીને કહ્યું: " આને તું ઓળખે છે ? "

" હાજી, આ પડીકું તુરંગના રજીસ્ટ્રારે સીલ કરીને મૂક્યું હતું તે છે."

ન્યાયાધીશે તે પડીકું ખુલ્લું કર્યું અને કહ્યું: " કેદી ! તું જાણે છે કે આ માટી તારા પગે ચોટેલી હતી. પોલીસના જે માણસે તે એકઠી કરી હતી, એ પ્રથમ રાત્રે જ્યાં તને રાખવામાં આવ્યો હતો તે ચોકી ઉપર ગયો હતો. ત્યાં જે કોટડીમાં તને રાખવામાં આવ્યો હતો તેની માટી સાથે આને સરખાવતાં બન્ને એક જ પ્રકારનીલાગી હતી."

કેદી આશ્ચર્યપૂર્વક ન્યાયાધીશનું આ કથન સાંભળી રહ્યો હતો.

ન્યાયાધીશે આગળ ચલાવ્યું: " આ ઉપરથી ચોક્કસ થાય છે કે પોલીસ ચોકીની કોટડીમાં તેં તારા પગને કાદવથી ખરડ્યા હતા. એમ કરવામાં તારો શો હેતુ હતો ! "

" મારી ઈચ્છા– "

" મને બોલી રહેવા દે. તેં તારો ખરો પરિચય નહિ થવા દેવાનો નિર્ણય કર્યો હતો અને તું કોઈ હલકા વર્ગનો માણસ છે એમ બતા-

ત્વવા માગતો હતો. તને લાગ્યું કે તારા પગની નાજુકાઈ અને દેખાવ તારી ધારણાને અનુરૂપ નથી. એટલે તને પીવાને માટે આપવામાં આવેલું પાણી તેં કોટડીમાં જમીનપર રેડીને કાદવ કર્યો અને તેમાં તારા પગ રગદોળી તેને મેલા દેખાડવાનો પ્રયત્ન કર્યો."

કેદી આ સાંભળતો હતો તે વખતે પ્રારંભમાં તેના ચ્હેરાપર ચિંતા, પછી હાસ્યપૂર્ણ આશ્ચર્ય, કટાક્ષ અને છેવટે ખૂલ્લું હાસ્ય તરવરી રહ્યું. જાણે આ સાંભળીને પોતાને બહુ રમૂજ પડી હોય તેવી રીતે તે શરતચંદ્રની સામે જોઇને બોલવા લાગ્યો: "બાર કે ચૌદ કલાકની મહેનતનું આ પરિણામ કે ? ડિટેક્ટિવ સાહેબ ! દરેક માણસમાં ચાલાકી સારી, પણ વધુ ચાલાકીમાં સાર નથી. સાહેબ ! જો ખરૂં કહું તો હું વઢવાણ કેમ્પથી ટ્રેનમાં બેઠો ત્યારથી મેં બૂટ પગમાંથી કાઢ્યા જ ન હતા. એટલે મારા પગ લાલચોળ થઈ ગયા હતા અને બળતરા થતી હતી. એટલે કોટડીમાં પૂરાયા પછી મેં પગ ઉપર ઠંડક માટે પાણી રેડયું હતું. બાકી મારા પગ નાજુક અને સ્વચ્છ હોવાનું કારણ એ છે કે હું મારા શરીરની ખાસ સંભાળ રાખું છું."

શરતચંદ્રને પોતાની મૂર્ખતા ઉપર તિરસ્કાર આવ્યો. તેણે વિચાર્યું કે પોતે આ માણસના પગ ઉપરની માટી ઉખાડેલી ત્યારથી જ તેણે તે સંબંધમાં કરવાના ખુલાસાનો વિચાર કરી રાખેલો હોવો જોઇએ. આ ખુલાસો એવો હતો કે તે કોઇ પણ સહેલાઈથી સ્વીકારી લ્યે.

ન્યાયાધીશે પૂછ્યું: " વારૂ, તું તારા અત્યારસુધીના કથનને મક્કમપણે વળગી રહે છે ?"

" હાજી."

" ત્યારે મને કહેવાનાં ફરજ પડે છે કે તેં જે કહ્યું છે તે તદ્દન જાઠૂં છે."

" જો મેં એક પણ શબ્દ અસત્ય કહ્યો હોય તો મારો અત્યારે ને અત્યારે જ નાશ થઈ જાઓ" કેદી અસરકારક નાટકી સ્વરથી લાગણી પૂર્વક બોલ્યો.

" એક પણ શબ્દ અસત્ય—જો, તેં પેલી સ્ત્રીઓ તાડ જેવી ઉંચી નહિ અને ભેંસ જેવી જાડી હોવાનું જણાવ્યું છે.પરંતુ જો આ તે સ્ત્રીઓનાં પગલાંનાં નિશાન. વળી એક સાક્ષી એમ કહે છે કે એમાંથી એક, સ્ત્રી ન્હાની નાજુક, ગૌર વર્ણની અને મધુર સ્વરવાળી હતી. "

ન્યાયાધીશની નજર આ શબ્દો ઉચ્ચારતી વખતે કેદીનાં નેત્રો તરફ હતી. તેણે ઉમેર્યું: " એ બે સ્ત્રીઓને પોતાની ગાડીમાં બેસારીને લઈ જનાર ગાડીવાને આ જુબાની આપી છે. "

આ છેલ્લું વાક્ય કેદીને વજ્રઘાત સમાન લાગ્યું. તે ફીક્કો પડી ગયો. તેનું આખું શરીર ધ્રૂજવા લાગ્યું.

ન્યાયાધીશ આગળ બોલવા લાગ્યો: " તેં મને તમામ સત્ય જ કહ્યું છે, એમ કે ! તો પછી તું જ્યારે આ હોટેલમાં હતો તે વખતે તારી રાહ જોઈને બહાર ઊભો રહેલો માણસ કોણ હતો ? વળી તે જ માણસ, તને પરહેજ કરીને લઈ ગયા બાદ ચંદ્રભાગાની હોટેલમાં કોઇ કાગળ કે એવી વસ્તુની શોધને માટે દાખલ થયો હતો. તેણે ચંદ્રભાગાનો કબજો તપાસ્યો હોય એમ લાગતું હતું. વળી તેણે દારૂડીઆનો એવો સોંગ ધારણ કર્યો હતો કે પોલીસ પણ તેનાથી ઠગાઇ ગઇ હતી અને તેને તારી સાથે એક જ કોટડીમાં રાખવામાં આવ્યો હતો. તેં તે માણસની સાથે મસલત કરીને તારા બચાવની યુક્તિ તૈયાર નથી કરી રાખી ? તેણે ચંદ્રભાગાને કયો માર્ગ લેવો એ વિષયમાં કશી સૂચના નથી કરી એમ તું કહી શકે છે ?"

પરંતુ આ દરમ્યિાન કેદી પોતાની પૂર્વની શાંતિ પ્રાપ્ત કરી શકયો હતો. તેણે કહ્યું:

" આ બધી પોલીસની કાલ્પનિક શોધ માત્ર છે. "

" શું ! તું પૂરાવાનો પણ ઇન્કાર કરે છે ?" ન્યાયાધીશ બોલ્યો.

" શો પૂરાવો ? " કેદી બોલ્યો: "પોલીસે જે અદ્ભુત ઘટના તૈયાર કરી છે તે ખરેખર કોઇને પણ સાચી લાગે તેવી છે, તેની હું ના

કહેતો નથી. પરંતુ તે સત્ય જ છે એમ શી રીતે મનાય ? આપે કહ્યું કે ગાડીવાન એ યુવાન, નાજુક, ગૌરાંગનાઓને પોતાની ગાડીમાં બેસારીને લઈ ગયો હતો. પરંતુ તે સ્ત્રીઓ આ હોટેલમાંથી પલાયન થયેલી ન હતી તેનો પૂરાવો શો છે ?"

"ડિટેક્ટિવો તેમનાં પગલાંનું પગેરૂં કાઢતાં ત્યાં સુધી પહોંચ્યા હતા."

રાત્રિનો વખત, વર્ષાદ હતો, તેમાં ખૂલ્લા મેદાનમાં ખાડાખૈયાની વચ્ચે થઇને રાજમાર્ગ ઉપર લઇ જવામાં આવેલું પગેરૂં કેટલું વજનદાર ગણાય ?" તે શરતચંદ્ર તરફ દૃષ્ટિ કરીને બોલ્યો: "કાં તો એક મનુષ્યને અત્યંત આત્મવિશ્વાસ હોય અથવા તો તે પોતાની પ્રગતિને માટે ઝંખતો હોય, તો જ આવા પુરાવાને આધારે આરોપીનું માથું કપાવવાને તૈયાર થાય."

"તારે કોઇના ઉપર નકામો આરોપ મૂકવાની જરૂર નથી." શાંતિપ્રસાદે કહ્યું: "કોર્ટ પૂરતી તપાસ કર્યા સિવાય પોલીસે એકઠા કરેલા પૂરાવા અને જુબાનીઓનો ઉપયોગ કરતી નથી."

"વારૂ, એ ગાડીવાનને જોવાની મારી ઇચ્છા છે."

"તે તારી હાજરીમાં પણ એના એ જ શબ્દો કહેશે."

"બહુ સારૂ, હું તે વખતે તેને પૂછીશ કે તે માણસોના રંગ તથા નાજુકાઇને અંધારામાં—"

તે એકાએક અટકી ગયો; અને પછી બોલ્યો: "હું કેવો મૂર્ખ! એ સ્ત્રીઓ કોણ છે એ આપ જાણે છો, ત્યારે હું નકામો મારૂં મગજ તેમને માટે ગૂમાવું છું. ગાડીવાન તે સ્ત્રીઓને તેમના મકાનપર પહોંચાડી આવેલો હોવો જોઇએ. એટલે તે સ્ત્રીઓ કોણ છે, એ આપના જાણવામાં આવ્યું જ હશે."

ન્યાયાધીશે કશો જવાબ નહિ આપતાં પ્રશ્ન કર્યો: "ત્યારે તો તારા મદદગાર કે મિત્ર તરિકે તને સહાય કરનારના અસ્તિત્વનો પણ

તું ઇન્કાર કરવા માગે છે ને?"

"હું જે કહું છું તે આપ માનતા નથી, તો પછી મારો ઇન્કાર શા કામનો? થોડાક સમય પહેલાં આપે એવું કહ્યું હતું કે મારા માલિક પ્રો. ચિત્ર એક કાલ્પનિક વ્યક્તિ હતી; તો પછી આ બનાવટી સહાયકના સંબંધમાં મારે શું કહેવું? પોલીસના જે માણસોએ તેને શોધી કાઢયો હશે તેમણે તેને પોતાનો વફાદાર મિત્ર પણ બનાવ્યો હશે. એક વખત તેમના હાથમાંથી પલાયન થઇ જવાથી તેને સંતોષ ન થયો કે તે પુન. તેમના સપાટામાં આવ્યો! આ ડિટેક્ટિવો એવું અનુમાન કરે છે કે પ્રથમ તેણે મારી સાથે મસલત કરી અને પછી ચંદ્રભાગાની સાથે! એ કેવી રીતે બની શકયું? કદાચ મારી કોટડીમાં થી કાઢીને તેમણે તેને ચંદ્રભાગાની કોટડીમાં પૂર્યો હશે!"

તેના શબ્દે શબ્દમાં શરતચંદ્ર તથા પોલીસ ખાતા ઉપર કટાક્ષ ભર્યો હતો. પછી તેણે આગળ ચલાવ્યું: "અને આટલું છતાં યે મારી વિરૂદ્ધ પૂરાવા શા છે? મરતી વખતે પેલા સિપાઇના મુખમાંથી સરી પડેલું હસમુખનું નામ, વર્ષાદ દરમ્યાન ખાડા ખૈયાવાળા મેદાનમાં પડેલાં પગલાંનાં નિશાન, ગાડીવાળાની જુબાની. એક દારૂડીયાના સંબંધમાં ઉદ્ભવેલી અસ્પષ્ટ શંકા. બસ એટલું જ ને? એ કાંઇ વજનદાર ન ગણાય."

"બહુ થયું." ન્યાયાધીશે કહ્યું: "અત્યારે તને પુષ્કળ હિમ્મત છે. પરંતુ થોડા સમય પહેલાં તું એ કરતાં યે વિશેષ ગભરાઇ ગયેલો લાગતો હતો. તેનું કારણ શું?"

"કારણ!" કેદી જાણે ઉશ્કેરાઇ ગયો હોય તેવી રીતે બોલ્યો: "તેનું કારણ આપ નથી જોઈ શકતા? આપ મને કયારના દયાહીણપણે સંતાપી રહ્યા છો. હું નિર્દોષ માણસ છું. છતાં આપ મને ફાંસીને લાકડે ચડાવવાની પેરવી કરો છો. કેટલા કલાકો થયા આપ મને

આમથી તેમ ફેરવો છો. મને એમ થાય છે કે હું ફાંસીના માંચડાપર ચડેલો છું અને આપના દરેક શબ્દે દોરડાનો ફાંસો મારા ગળાની આસપાસ વધુ ને વધુ મજબૂત થતો જાય છે. મારી આવી સ્થિતિ કરવા છતાં એથી મને ઉપજતી ચિંતા, નિરાશા અને ગભરાટથી આપને આશ્ચર્ય થાય છે હું ઇચ્છું છું કે મારા કોઈ ભયંકર દુશ્મનને પણ આ-ટલો ત્રાસ ન થાઓ ! ”

ન્યાયાધીશ અત્યંત માયાળુપણે બોલ્યો: “ન્યાયાધીશ કેદીનો દુશ્મન નથી તેમ મિત્ર પણ નથી. તે માત્ર સત્ય અને કાયદાનો મિત્ર છે. હું અમુક મનુષ્ય નિર્દોષ છે કે ગુન્હેગાર તે જોવા માગતો નથી. હું તો માત્ર સત્ય જાણવા માગું છું. તું કોણ છે તે હું જાણવા ઇચ્છું છું અને જરૂર જાણીશ. ”

“ એક વાર મેં આપને જણાવ્યું છે કે હું ફાલ્ગુન છું. ”

“ ના. ”

“ ત્યારે હું કોણ છું ? છદ્મીવેશમાં રહેલો કોઈ મોટો માણસ ? અહો ! હું ઇચ્છું છું કે હું તેવો હોત ! એથી જોઇએ તેટલી સાબિતીઓ હું આપની પાસે રજૂ કરી શકત, અને તેથી આપ મને વગરઆના-કાનીએ મુક્ત કરી દેત. કારણ કે હું આપના જેટલો જ નિર્દોષ છું એ આપ પણ જાણો છો. ”

“ ખોટી હઠ જવા દે. ” ન્યાયાધીશ બોલ્યો. પછી પોતાના વર્તન તથા સ્વરમાં પરિવર્ત્તન કરીને એક મોટો માણસ પોતાની સમાન પંક્તિના માણસની સાથે બોલતો હોય તેવી રીતે બોલવા લાગ્યો: “મહાશય ! આપે અત્યંત કુશળતા પૂર્વક સ્વીકારેલાં સોંગને ભજ-વ્યો છે. પરંતુ આપ કોઇ ખાનદાન કુટુંબના, બુદ્ધિમાન્, વિદ્વાન્ અને રાજકાર્યપટુ છો એ હું જોઈ શકું છું. ”

ન્યાયાધીશના આ એકાએક પરિવર્તનને જોઇને કેદીએ હસવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેનું હાસ્ય તેના કંઠમાં જ સુકાઈ ગયું અને તેને બદલે એક શોકપૂર્ણ ઉદ્ગાર સરી પડયો. તેનાં નેત્રોપર અશ્રુબિન્દુ ચમકવા લાગ્યાં.

" મહાશય ! હું આપને હવે વિશેષ સંતાપીશ નહિ. " ન્યાયાધીશે આગળ ચલાવ્યું: " હું કબૂલ કરૂં છું કે આજે આપે મારા ઉપર વિજય મેળવ્યો છે. પરંતુ જ્યારે આપના ઉપર તહોમત ફરમાવવાનો સમય આવશે ત્યારે આપની વિરૂદ્ધમાં મારી પાસે પૂરતા પૂરાવા હશે. આજે મેં આપના તરફ જે ભાવ દર્શાવ્યો છે તેની આશા તે વખતે રાખશો નહિ. આજે મારા તરફની જે મદદની આપને જરૂર હોય તે આપવાને હું તૈયાર છું માટે બોલો-સત્ય હકીકત કહી દ્યો. આપની ઇચ્છા હોય તો આ ડિટેક્ટિવ તથા મારા કલાર્ક બન્નેને બહાર મોકલી આપું."

એટલું કહીને તે પોતાના આ પ્રયત્નની શી અસર થાય છે, તે જોવા લાગ્યો. ખૂની વેધક દૃષ્ટિથી ન્યાયાધીશના હૃદયમાં શું ચાલી રહ્યું છે તે જોવા માગતો હોય; તેમ તેની સામે જોઇ રહ્યો. તેના હોઠ હલ્યા. તે અદબ વાળીને બોલ્યો; " સાહેબ ! આપની લાગણી માટે હું આભાર માનું છું. પરંતુ મારા દુર્ભાગ્યે મેં આપને જણાવ્યું. તેમ હું એક સામાન્ય મનુષ્ય છું. મારૂં નામ ફ્રાસ્ચુન. મારો ધંધો સરકસ કંપનીમાં નોકરી કરવાનો. વિશેષ કશું નહિ. "

" હવે મારે પણ કશું વિશેષ પૂછવાનું નથી. " ન્યાયાધીશે કહ્યું. " મારો કલાર્ક તારી જુબાની વાંચી સભળાવે, એટલે તેના ઉપર સહી કર. "

ગોકુળદાસે જુબાની વાંચી. કેદીએ કશી પણ ટીકા કર્યા વગર તે સાંભળી. પરંતુ કદાચ તેમાં પોતાને ફસાવવાનું ગુપ્ત કાવતરૂં હોય એવી ભીતિ દર્શાવીને તેની નીચે સહી કરવાની ના પાડી. ન્યાયાધીશે એ બાબતની નોંધ કરી લીધી.

ત્યારબાદ જે સિપાઈઓ તેને અહીં લાવ્યા હતા તેઓ તેને પુનઃ તુરંગમાં લઈ ગયા.

પ્રકરણ ૨૩ મું.

યુદ્ધની તૈયારી.

કેદીને લઈ ગયા પછી નિષ્ફળ પ્રયત્નથી શ્રમિત બનેલો અને કંટાળી ગયેલો **શાંતિપ્રસાદ** લાંબા પગ કરીને આરામ ખુરસીમાં પડયોઃ તેનો કલાર્ક ગોકુળદાસ પણ લગભગ સાત કલાક સુધી એક જ સ્થળે બેસી રહીને જુબાની લખવાથી અકડાઈ ગયો હતો અને તેનાં આંગળાં દુઃખવા આવ્યાં હતાં. તે પણ ઊભો થઈને શરીરમાં સ્ફુર્તિ લાવવાનો તથા આંગળાંને મસળીને પુનઃ ચૈતન્ય લાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેને જરીકે કંટાળો આવ્યો ન હતો. કારણ કે ઘણાં વર્ષો થયાં તે ન્યાયાધીશના કલાર્ક તરીકે હતો. તે દરમ્યાન અનેક ફોજદારી કેસોનો તેને અનુભવ થયો હતો. માત્ર તેમાં આવો આરોપી કદિ પણ તેના જોવામાં આવ્યો ન હતો.

તે બોલ્યોઃ "કેટલો બદમાશ! કેટલો નાલાયક!"

સામાન્ય રીતે પોતાના આ કલાર્કના અનુભવમાં **શાંતિપ્રસાદનો** વિશ્વાસ હતો અને તેથી કેટલીક વાર તે ગુંચવડીયા કેસોમાં તેની સલાહ પણ લેતો. છતાં આ વખતે તે એના અભિપ્રાયનો સ્વીકાર કરી શકયો નહિ. તેણે કહ્યુંઃ "ના, આ માણસ બદમાશ નથી. જ્યારે હું તેના તરફ માયાળુપણે બોલતો હતો ત્યારે એ શબ્દોની તેના ઉપર અસર થતી હતી, તે રડી પડતો અને શો જવાબ આપવો તેના વિચારમાં પડી જતો. મને એમ પણ લાગ્યું હતું કે તે પોતાની સત્ય હકીકત મને જણાવી દેશે."

"ખરેખર! આ કોઈ અદ્દભુત શક્તિવાળી અપ્રતિમ વ્યક્તિ છે!" **શરતચંદ્રે** ઉદ્દગાર કાઢયો.

કેદીએ આ ડિટેકિટવને તેની યોજનામાં નિરાશ બનાવ્યો હતો,

તેનું અપમાન કર્યું હતું, તથાપિ તે પોતાના વિરોધીની કુશળતા અને હિમ્મતની પ્રશંસા કર્યા સિવાય રહ્યો નહિ.

તે આગળ બોલ્યો: "કેટલી શાંતિ! કેટલી હિમ્મત! મારે કહેવું જોઇએ કે તેણે પોતાના બચાવને માટે તૈયાર કરેલી યોજના અને ધારણ કરેલી પદ્ધતિ આશ્ચર્યજનક છે—સંપૂર્ણ છે."

"પણ તમારા આ શબ્દો પરથી શું પૂરવાર થાય છે?" ન્યાયાધીશે પૂછ્યું.

"આપ સમજાવો, સાહેબ!" શરતચંદ્ર વિનયપૂર્વક બોલ્યો.

"જૂઓ. મેં એવો સાર કાઢયો છે કે કાં તો આ માણસ ખરેખર તેના કહેવા પ્રમાણે સરકસમાં કલાઉન, વગેરેનું કામ કરનાર ફાલ્ગુન હોવો જોઈએ, અથવા તો તે કોઈ ઉચ્ચ કોટીનો માણસ હોવો જોઇએ; મધ્યમ વર્ગનો નહિ. આવો ઉત્સાહ, આવો જીવન પ્રત્યે તિરસ્કાર, આવો મનઃસંયમ, આવી શાંતિ અને આવો નિર્ણય કાં તો હલકા અથવા તો ઉંચા વર્ગના માણસમાં જ હોવો જોઈએ જો મધ્યમ વર્ગનો શહેરી હોત તો તેણે ક્યારનું યે સર્વ કબૂલ કરી દીધું હોત."

"પણ, સાહેબ! આ માણસ સરકસમાં નોકરી કરનાર ફાલ્ગુન તો નથી જ." શરતચંદ્રે જણાવ્યું.

"હા, અને તેટલા માટે આપણે આપણા કાર્યનો પ્લાન નક્કી કરવો જોઈએ." ન્યાયાધીશે સ્મિત કર્યું: "મીસ્તર શરતચંદ્ર! તમને એ જણાવવાની જરૂર જ નથી. કારણ કે આ માણસ કોઈ ઉચ્ચ કોટીનો છે એવી શંકા સહુથી પહેલાં તમે જ પ્રકટ કરી છે. મને જો પૂછતા હો તો હું કહીશ કે જો મને અગાઉથી ચેતવણી મળી ન હોત તો હું જરૂર આ કુશળ વ્યક્તિની ચાલાકીનો ભોગ થઇ પડયો હોત."

પોતાની આડતકરી રીતે કરવામાં આવેલી પ્રશંસાથી શરતચંદ્રના વદનપર ખુશાલી તથા આત્માભિમાન પ્રસરી રહ્યાં. તે નમન કરીને બોલ્યો: "સાહેબ! હમણાં જ એક કલ્પના મારા મનમાં આવી છે."

" મને જણાવો."

" આપના સ્મરણમાં હશે કે ચંદ્રભાગાએ પોતાની જુબાનીમાં તેના દીકરા પન્નાલાલનું નામ—"

" હા, મને યાદ છે."

" તેને પૂછવાની જરૂર છે. તે આ હોટેલમાં આવનારા તમામને ઓળખતો હશે. એટલે ગંગાદાસ, હસમુખ અને ખૂનીના સંબંધમાં આપણને અગત્યની માહિતી આપશે. તે એકાંત કોટડીનો કેદી ન હોવાથી તેણે તેની માતા પરહેજ થયાનું સાંભળ્યું હશે, પરંતુ હું નથી માનતો કે તેને આપણી અત્યારની મુંઝવણની શંકા આવે."

" તમારી સૂચના તદ્દન વાજબી છે. મને આશ્ચર્ય થાય છે કે આ વિચાર મને કેમ ન આવ્યો ? આવતી કાલે સવારે જ આ માણસને હું બોલાવીશ. તેની સ્ત્રીની જુબાની લેવાની પણ જરૂર છે."

તેણે પોતાના કલાર્કને ઉદ્દેશીને કહ્યું: " ગોકુળદાસ ! પન્નાલાલની સ્ત્રીના નામનો સમન્સ તૈયાર કરો અને તેના ધણીને માટે જેલરના ઉપર હુકમ કાઢો."

અંધારૂં થઈ ગયું હતું. એટલે ગોકુળદાસે બત્તી કરવાને માટે પટાવાળાને બોલાવ્યો. તે જ સમયે જેલર અંદર દાખલ થયો. તે ન્યાયાધીશને નમન કરીને બોલ્યો: "સાહેબ ! કેદી ફાલ્ગુનને એકાંતવાસમાં જ રાખવાનો છે કે કેમ, એ સંબંધમાં આપને પુછવાને માટે હું આવ્યો છું."

" હા, એકાંતમાં જ રાખવાનો છે."

" તે ગઈ કાલ રાત્રિની માફક ઉશ્કેરાઈ જાય એવી મને બીતિ રહે છે, છતાં તેને હેડમાં નાંખીને બાંધી રાખવાનું મને ઠીક લાગતું નથી."

" બરાબર છે. તેને તેની કોટડીમાં છૂટો રહેવા દેજો. માત્ર પહેરેગીરોને તેના ઉપર સતત લક્ષ આપવાની સૂચના કરજો."

" હું ધારૂં છું કે આ માણુસ કોણુ છે તે આપ જાણી પણુ શકયા હશો ? "

" ના, એ જાણવામાં નથી આવ્યું. "

" જો એમ હોય તો મારૂં અનુમાન સાચું લાગે છે. " જેલર બોલ્યો: " મને લાગે છે કે આ માણુસ ભયંકરમાં ભયંકર બદમાશ છે અને તે આ પહેલો જ તહોમતદાર તરીકે સપડાયો નથી. એટલું જ નહિ પણુ પોતાનું ખરૂં નામ ઠામ છૂપાવવાને માટે તે આટલો બધો પ્રયત્ન કરે છે એ જ બતાવે છે કે તેમાં તેનું ખાસ હિત સમાયેલું હોવું જોઇએ. તપાસને પરિણામે આપને જણાશે કે તેને કોઇ ભયંકર ગુન્હાને માટે જન્મકેદની સજા થયેલી છે અને તેમાંથી તે છટકી ગયેલો છે."

" તમારૂં એ અનુમાન કદાચ ભૂલ ભરેલું પણુ હોય. "

" મારે કહેવું જોઈએ કે ડિટેકિટવ ખાતાના અનુભવી અને બાહોશ ઇન્સ્પેકટર ગજાનનનો પણુ મારા જેવો જ અભિપ્રાય છે. હું પણુ તેમના કથનની સાથે મળતો થાઉં છું કે યુવાન અને નવા ડિટેકિટવો બિનઅનુભવ તથા વધારે પડતા ઉત્સાહને લીધે કેટલીક વાર તેમનાં ફળદ્રુપ ભેજાંમાં ઉદ્દભવતી કલ્પનાની પાછળ ઘસડાય છે."

શરતચંદ્ર આ મર્મબાણુથી લાલચોળ બની ગયો. તે જવાબ આપવા જતો હતો, પરંતુ તેને અટકાવીને શાંતિપ્રસાદ બોલ્યો: " હું આ કેસમાં ઊંડો ઉતરતો જાઉં છું તેમ મને તો બિનઅનુભવી અને વધારે પડતા ઉત્સાહી યુવાન ડિટેકિટવની કલ્પનામાં વિશેષ તથ્ય સમાયેલું લાગે છે. કદાચ મારી ભૂલ પણુ થતી હશે. એટલે તમારી સલાહ અને સહાયની હું ઉપેક્ષા કરતો નથી. "

" ખરી બીના શોધી કાઢવાનો મારી પાસે એક માર્ગ છે. " જેલરે કહ્યું: " અને હું આશા રાખું છું કે ચોવીશ કલાકની અંદર આ કેદીને કાં તો પોલિસના માણુસો અથવા તો કેદીઓ પિછાની લીધા

સિવાય રહેશે નહિ. ”

એટલું કહીને તે ચાલ્યો ગયો. તુરત જ શરતચંદ્ર ઉશ્કેરાઈને બોલ્યોઃ “ સાહેબ ! જોયું ને ! ગજાનન દ્વેષપૂર્વક મારે માટે કેવા શબ્દો વાપરે છે ! ”

“ એમાં તમને શું નુકસાન છે ? જો તમને સફળતા મળશે તો તમે બરાબર તેનું વેર લઇ શકશો. જો તમે ભૂલતા હશો તો હું પણ ભૂલ કરૂં છું, એટલે તમારે શરમાવાનું નથી. ”

ત્યારબાદ ન્યાયાધીશે શરતચંદ્રને પેલું એરિંગ તથા બીજી વસ્તુઓ સુપ્રત કરી અને બીજાં જોઇતાં સાધનો વગેરે આપી, કેટલીક સૂચના કરીને કહ્યુંઃ-

“ આપણે એક કુશળ વ્યક્તિની સામે યુદ્ધ કરવાનું છે. એટલે તેને માટે પૂરતી તૈયારી કરવી જોઇએ. હવે તમે જાઓ. ઇશ્વર તમારો નિગેહબાન રહો. ”

પ્રકરણ ૨૨ મું.

સ્ટેશન પાસેની વીશી.

શરતચંદ્ર કોર્ટમાંથી નીકળીને રાજમાર્ગ પર આવ્યો. આજે ઠંડી સ્હેજ ઓછી હતી. રાજમાર્ગ ઉપર ગાડીઓની ધમાલ પુષ્કળ હતી. બે બાજુના ફુટપાથ લોકનાં ટોળાંને જવા આવવાને માટે સાંકડા પડતા હતા.

આ દૃશ્ય જોઈ, એક નિઃશ્વાસ મૂકીને ડિટેક્ટિવ મનોગત બોલ્યોઃ “ આવા વિશાળ નગરમાં–મનુષ્યોના મહાસાગરમાં મારે એક તદ્દન અજ્ઞાત મનુષ્યના ભૂતકાલિન જીવનની બાતમી મેળવવાની છે. એ બની શકે તેવું છે ? ”

પરંતુ આ નિરાશા અને નિરુત્સાહ વિશેષ સમય ટકી શકયાં નહિ. તેના અંતરાત્માએ પ્રેરણા કરી: "તે બની શકે તેવું છે એટલું જ નહિ પણ એ તારે કરવું જ જોઇએ તારૂં ભવિષ્ય તેના ઉપર જ અવલંબી રહ્યું છે. જો દઢ નિશ્ચયપૂર્વક કામ કરવામાં આવે તો જરૂર ફતેહ મળે."

તેનો ઉત્સાહ જાગૃત થયો અને તે આગળ ચાલવા લાગ્યો. સોડાવોટર જે લોકોની પાછળ ગયો હતો તે બાબત તેણે શું કર્યું એ બાતમી મેળવવાની હતી. સ્ટેશન પાસેની હોટેલો, વીશીઓ અને લોજોમાંથી કેદીએ કયા સ્થળ વિષે ઉલ્લેખ કર્યો હતો તે નક્કી કરવાનું હતું. પન્નાલાલની સ્ત્રીના ઉપર સમન્સ બજાવવાને માટે તેના મકાનનો પત્તો મેળવવાનો હતો.

તે પ્રથમ પોલીસચોકી ઉપર ગયો. પણ ત્યાં સોડાવોટરનો પત્તો લાગ્યો નહિ. તેને બદલે તેના જે સહચારીઓ મળતા તેઓ તેના ઉપર માર્મિક કટાક્ષ કરતા કે "તમે તો બહુ જ ચાલાક! તમે ચમત્કારિક શોધ કરી છે! અને તે માટે તમને સારી બક્ષિસ મળવાનું પણ સાંભળ્યું છે!"

શરતચંદ્ર જોઈ શકયો કે ગજાનને ચોતરફ પોતાની ગીબત કરી હતી. પરંતુ અત્યારે એ સર્વ સહન કર્યા સિવાય બીજો માર્ગ જ ન હતો.

ત્યાંથી તે દરબારગઢ પાસેની ચોકીપર ગયો. ત્યાં પણ સ્નાનના સમાચાર મળ્યા. જમાદારે જણાવ્યું કે કોઈ પણ માણસે મડદાંને ઓળખાવ્યાં નથી અને સોડાવોટર ત્યાંથી ગયા પછી પાછો આવ્યો નથી.

શરતચંદ્રે બે દિવસ થયા બિલકુલ આરામ લીધો ન હતો એમ કહીએ તો ચાલે. વળી આજે સ્હવારનું કશું ખાધું પણ ન હતું. તેમાં ઉપરાછાપરી આવા નિરાશાજનક સમાચાર મળવાથી તે હતાશ બની ગયો. તેનો ઉત્સાહ અદૃઢ બનવા લાગ્યો તેણે. વિચાર્યું કે "પ્રારંભ સારો થતો નથી. જો પેટની પૂજા કરી લઉં તો સ્ફુર્તિ આવે અને

મંદ બની ગયેલું મગજ પણ પુનઃ સતેજ બને. "

તે એક હોટેલમાં ગયો. ત્યાં તેણે યથેચ્છ ખાનપાન કર્યું, પછી તે બહાર પડયો અને એક ગાડી ભાડે કરીને તેમાં બેસી સ્ટેશન તરફ જવા લાગ્યો. રસ્તામાં તેણે પોતાના સાફાને દક્ષિણી ઘાટના ફેંટાની માફક બાંધી લીધો. સ્ટેશન પાસે આવી પહોંચ્યો તે વખતે રાત્રિના આઠ વાગ્યા હતા. ગાડીમાંથી નીચે ઉતરી, ભાડું ચુકવીને તેણે પ્રથમ ચોતરફ દૃષ્ટિ કરી અને પછી પોતાની તપાસનો પ્રારંભ કર્યો. તે જેની પાસે જતો તેની સાથે જાણે એક મરાઠો ગુજરાતી ભાષામાં બોલતો હોય તેવી રીતે વાત કરતો હતો. તેણે ઘણી હોટેલોમાં તપાસ કરી, પણ દરેક સ્થળેથી " એ માણસને અમે ઓળખતા નથી. તેના જેવા દેખાવનો માણસ અમારા જોવામાં આવ્યો નથી " એવો જવાબ મળતો. શરતચંદ્ર પણ એવા જ જવાબની આશા રાખતો હતો, કારણ કે કેદીએ જુબાનીમાં જણાવેલી હકીકત સત્ય છે એમ તે માનતો ન હતો.

એ પ્રમાણે તપાસ કરતાં તે સ્ટેશનથી અઢીસો કદમ દૂર આવેલી એક વીશીમાં ગયો. આ વીશી ન્હાની હતી પણ સુવ્યવસ્થિત હતી. ત્રણ માળનું મકાન હતું. તેના પ્રવેશદ્વારમાં દાખલ થતાં પહેલી જ ઓરડીમાં દીવો બળતો હતો. ત્યાં એક સ્ત્રી બેઠેલી તેના જોવામાં આવી. આ ઓરડી સ્વચ્છ અને સુંદર દેખાવની હતી. શરતચંદ્રે તેની પાસે જઇને પ્રશ્ન કર્યો: " બાઇ સાહેબ ! આ વીશીના માલિક કયાં છે ? મારે તેમને મળવું છે. "

" શું કામ છે ? હું જ તેની માલિક છું. " તે સ્ત્રીએ જવાબ આપ્યો.

" એમ ! વારૂ, મારો એક મિત્ર ફિટર છે. વઢવાણ કેમ્પ તરફથી આવવાનો હતો. આજ સુધી તે મને મળ્યો નથી. એટલે કદાચ તે અહીં ઉતર્યો હોય એમ ધારીને હું તપાસ કરવા આવ્યો છું. તેનું નામ ફાલ્ગન છે. "

" ફાલ્ગુન ! " વિચારપૂર્ણ સ્વરે માલિકણ બોલીઃ "ફાલ્ગુન!"

" તે ગયા રવિવારે સ્હાંજની ટ્રેનમાં આવવાનો હતો. "

" હા હા, યાદ આવ્યું. " તે સ્ત્રી બોલીઃ " તમારો મિત્ર પ્રૌઢ ઉમરનો, મધ્યમ કદનો, ઘઉંવર્ણો છે ? તે દાઢી રાખે છે અને તેનાં નેત્રો વિશાળ તથા તેજસ્વી છે. "

શરતચંદ્ર આશ્ચર્યચકિત બન્યો. આ વર્ણન ખૂનીને આબાદ મળતું આવતું હતું. " હા, તે જ માણસ હોવો જોઇએ. " તેણે કહ્યું.

" ત્યારે તો તે માણસ ગયા રવિવારે સ્હાંજે અહીં આવ્યો હતો. તેણે એક ઓરડીની માગણી કરી હતી. મેં તેને ત્રીજા માળ ઉપર ઓરડી આપી હતી. મારો નોકર તે વખતે કાંઈ કામે બહાર ગયો હતો એટલે તે પોતે ટ્રંક ઉપર લઈ ગયો હતો. મેં તેને નાસ્તો કરવાનું કહ્યું. પરંતુ તે ઉતાવળમાં હોવાથી ચહા કે નાસ્તો કશું પણ લેવાની ના કહીને ભાડા પેટે મને પાંચ રૂપીઆ આપીને તે તુરત જ બહાર ગયો હતો. "

" અત્યારે એ કયાં છે ? " ડિટેકિટવે પ્રશ્ન કર્યો.

" તે માણસ બહારથી પાછો ફર્યો જ નથી. " સ્ત્રીએ જવાબ આપ્યોઃ " મને તેને માટે ચિંતા થાય છે. કારણ કે આપણું શહેર અજાણ્યા માણસોને માટે ભયકારક સ્થળ છે. એથી ગઇ કાલે સ્હાંજે મેં મારા નોકરને આ હકીકત પોલીસ કમિશ્નર સાહેબને જણાવવાનું કહ્યું હતું. "

" ગઇ કાલે ? કમિશ્નર સાહેબને ! "

" હા, પણ પછી તેણે શું કર્યું એ મારા જાણવામાં નથી. હું તો એ વાત ભૂલી જ ગઇ હતી. ઊભા રહો, હું તેને બોલાવીને પૂછી જોઉં. "

તે નોકરને બોલાવવાને માટે બહાર ગઇ. એ દંડીના વખતમાં શરતચંદ્રના શરીર ઉપર ઠંડા પાણીનું માટલું ઉંધું વળ્યું હોત તો પણ,

આ સ્ત્રીએ જણાવેલી હકીકતની જેવી અસર થઈ હતી, તેવી ઠંડા પાણીથી થઇ હોત નહિ. ત્યારે શું ખૂની સાચું બોલ્યો હશે? એ સંભવિત છે? ગજાનન અને જેલરનું અનુમાન સાચું હશે? તે પોતે તથા શાંતિપ્રસાદ મૂર્ખાની માફક કાલ્પનિક વ્યક્તિને પકડવાને શું હવામાં બાચકા ભરે છે?

આ બધા વિચારો વિજળીની માફક ડિટેક્ટિવના મગજમાંથી પસાર થઈ ગયા. પરંતુ વિશેષ વિચાર કરવાનો અવકાશ ન હતો. વીશીની માલિકણુ તેના નોકર સાથે આવી. તેણે નોકરને પૂછ્યું: " તું ગઈ કાલે કમિશ્નર સાહેબ પાસે ગયો હતો ને? "

" હા જી. "

" તેમણે શું કહ્યું? "

" તે ઓફિસમાં ન હતા. પણ મેં તેમના સેક્રેટરીને વાત કરી હતી. તેમણે મને કહ્યું કે 'તમારે તેની ચિંતા ન કરવી. તે માણસ પોતાની મેળે જ પાછો આવશે."

" પણ તે પાછો આવ્યો નથી. "

" તેમાં આપણે શું કરીએ?" એવો ભાવ નોકરે તેના ચ્હેરા પર પ્રકટ કર્યો.

" સાંભળ્યું ને, સાહેબ! " માલિકણુ શરતચંદ્રને ઉદ્દેશીને બોલી. તેની ઇચ્છા એવી હતી કે આ માણસ હવે અહીંથી જાય તો સારૂં.

પરંતુ શરતચંદ્રની તેવી ઇચ્છા ન હતી. તે બોલ્યો: " પણ આથી તો મારી ચિંતામાં ઉલટો ઉમેરો થાય છે. કેમ કે હું જે માણસને મળવા માગું છું તે આ જ કે બીજો એ ચોક્કસ થઇ શકતું નથી."

" પણ ત્યારે હું આથી બીજો શો વિશેષ ખુલાસો કરી શકું? "

" બાઈ સાહેબ! આ માણસે પોતાનું નામ શું જણાવ્યું હતું? તે નામ ફાલ્ગુન જ હતું? જરીક બરાબર યાદ કરીને કહો—તે ફાલ્ગુન

કે બીજું કાંઇ હતું ? ”

“ મારે ત્યાં ઘણા માણસો જાય આવે છે. કેટલાકનાં નામ મને યાદ રહે ? ”

“ મુંબઈ અને પૂના જેવાં મોટાં શહેરોમાં લોજો અને હોટેલોમાં રજીસ્ટર રહે છે. તેમાં દરેક ઉતારૂનાં નામ તથા વિગત નોંધવામાં આવે છે. એવી ગોઠવણ અહીં પણ હોય તો ઘણું સારૂં.” શરતચંદ્રે સૂચવ્યું.

“ હું પણ એવું રજીસ્ટર રાખું છું.” આ સ્ત્રીએ જવાબ આપ્યો: “ તેમાં દરેક ઉતારૂનું નામ, તે જે સ્થળેથી આવતો હોય તે ગામનું નામ તથા બીજી અગત્યની વિગત વગેરે નોંધવામાં આવે છે. હા, હા, હવે મને યાદ આવે છે. તેનું નામ પણ નોંધેલું છે. ઊભા રહો, તે રજીસ્ટર હું કાઢી આપું. પણ મારી ચાવી ક્યાં ગઈ ? મેં ક્યાંક મૂકી હશે ? ”

માલિકણ ચાવી શોધતી હતી તે વખતે શરતચંદ્ર તેનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તે આશરે ચાલીસેક વર્ષની લાગતી હતી. તેના માથાના કોઇ કોઈ વાળ ધોળા થવા આવ્યા હતા. પરંતુ તેના શરીરનો બાંધો સારો હતો. તેનો ચ્હેરો મુલાયમ અને આનંદી લાગતો હતો તથા તે ખૂલ્લા હૃદયની હોય એમ જણાતું હતું. તેનો સ્વર મધુર તથા તેનું વર્તન સભ્યતાપૂર્ણ હતું.

“ આ રહી ચાવી, ગાદીની નીચે ઘુસી ગઇ હતી. ” એમ બોલતી તે ટેબલ ખોલવા લાગી. અંદરથી રજીસ્ટર કાઢી તેનાં પાનાં ફેરવીને છેવટે બોલી: “ તા૦ ૨૦ મી ફેબ્રુઆરી ને રવિવાર: આ સાતમી લીટીમાં જૂઓ: ફાલગુન, બાપનું નામ જાણવામાં નથી. ધંધો સરકસમાં નોકરી કરવાનો—પોરબંદર તરફથી આવે છે—અહીં કોઇની ઓળખાણ નથી—નોકરીની તજવીજ માટે આવેલ છે. ”

“તેનું નામ મને બરાબર યાદ ન રહ્યું તેનું કારણ હવે ખ્યાલમાં આવ્યું. ” શરતચંદ્ર રજીસ્ટરનું અવલોકન કરતો હતો એ વખતે તે બોલી: “ આ મેં પોતે લખેલ નથી. ”

" ત્યારે કોણે લખ્યું છે ? "

" તે માણસે પોતે લખેલ છે. તેણે મને દશ રૂપિયાની નોટ આપી હતી, તેમાં બાકીના પાંચ રૂપિયા પાછા આપવાને માટે હું મારી પેટી ખોલતી હતી એ વખતે તેણે આ લખ્યું હતું. જૂઓ, એ અક્ષર બીજા અક્ષરો કરતાં જુદા પડે છે. "

વાત સાચી હતી. શરતચંદ્ર પણ તે જોઈ શકતો હતો. પરંતુ પ્રસ્તુત અક્ષરો તે માણસના પોતાના છે એ સાંભળીને તે ચિંતાતુર બની ગયો અને તેથી આવેશપૂર્ણ સ્વરે પોતે એક મરાઠો છે એ વાત ભૂલી જઇને બોલવા લાગ્યો:

" તમારી ચોક્કસ ખાત્રી છે કે આ અક્ષરો તેના પોતાના છે ? તમે તે પ્રતિજ્ઞા ઉપર કહી શકશો ?"

અચાનક તેના શબ્દોચ્ચારમાં થયેલા પરિવર્તનથી આ સ્ત્રી ચમકી. અને તે બોલી:

" હું જે બોલું છું તે વિચાર કરીને જ બોલું છું, અને હવે વિશેષ ચર્ચા લંબાવવાની હું જરૂર જોતી નથી. "

શરતચંદ્ર બોલ્યો: " મારે હવે માત્ર એક જ પ્રશ્ન કરવાનો છે. તેની ટ્રંક તમારા કબજામાં છે ? "

" હાસ્તો. "

" જો એ ટ્રંક તમે મને જોવા દ્યો તો તમારો મારા ઉપર મોટો આભાર થશે. "

" તમને જોવા દઉં ! " માલિકણ ગુસ્સા પૂર્વક બોલી: " તમે કોણ છો ? અને કયા અધિકાર પૂર્વક પરકીય માણસની ટ્રંક તમને બતાવવાની મારી પાસે માગણી કરો છો ? "

" અર્ધા કલાકમાં એ તમે જાણી શકશો. " હવે આની સાથે વિશેષ ચર્ચા કરવાનું યોગ્ય નહિ લાગવાથી ડિટેક્ટિવે જવાબ આપ્યો અને ત્યાંથી તે ચાલ્યો ગયો.

પ્રકરણ ૨૫ મું.

સોડાવોટરના સમાચાર.

શરતચંદ્ર બહાર નીકળીને એક ભાડુતી ગાડીમાં ચડી બેઠો. તેણે ગાડીવાનને રીવાજ મુજબના ગાડી ભાડા ઉપરાંત આઠ આના બક્ષિસ આપવાનું જણાવી એકદમ પોલીસ કમિશ્નરની ઓફિસપર ગાડી લેવાનું જણાવ્યું. ગાડીવાન પણ બક્ષિસથી લલચાયો અને ઘોડો તેના ચાબૂકનો ભોગ થવા લાગ્યો.

શરતચંદ્ર ભાગ્યશાળી કે પોલીસ કમિશ્નર ઓફિસમાં જ હતા. તેણે તેમને ટુંકામાં તમામ હકીકત જણાવીને કહ્યું: " હું આશા રાખું છું કે આપ સાહેબ આમાં મને જરૂર મદદ કરશો. "

કમિશ્નરે કહ્યું: " એ વાત સાચી છે. ગૂમ થયેલ માણસના સંબંધમાં ખબર આપવામાં આવી છે. આજે સ્હવારે જ મારા સેક્રેટરીએ એ હકીકત મને જણાવી હતી. "

" શું ! આપને ખબર મળી છે ? " ડિટેક્ટિવને આશ્ચર્ય થયું. કારણ કે તેણે હોટેલની માલિકણ અને તેના નોકરની વાત માની જ ન હતી.

" હા, ગઇ કાલે સ્હાંજે જ તે ખબર આપવામાં આવી હતી."

" સાહેબ ! ત્યારે હવે એક મહેરબાની કરશો ? મારી સાથે તે વીશીમાં આવો અને ટ્રંક આપણને બતાવવાની તે લોકોને ફરજ પાડો. તેને ખોલવાને માટે કોઈ લુહારને પણ બોલાવી મગાવો. જરૂર પડે તો એ સંબંધમાં ઉપયોગમાં લેવાને માટે ન્યાયાધીશ શાંતિપ્રસાદે મને ' સર્ચવોરન્ટ ' પણ આપેલું છે. આ રહ્યું. વખત ખોવાનો નથી. મેં ગાડી બહાર ઊભી રખાવી છે. "

" હું તમારી સાથે ખુશીની સાથે આવીશ. " સર્ચવોરન્ટ જોઈને ન્યાયાધીશે કહ્યું.

બન્ને જણા બહાર નીકળી, ગાડીમાં બેઠા અને ઘોડો દોડવા લાગ્યો. પછી ડિટેક્ટિવે પૂછયું: " સાહેબ ! તમે આ વીશીની માલિકણને ઓળખો છો ? "

"હા, હું તેને ઘણા સમયથી પિછાનું છું. આજથી ૭ વર્ષ પહેલાં એ વિભાગમાં પોલીસ ઇન્સ્પેકટર તરિકે મારી નિમણૂક થઈ હતી, તે વખતે અમુક દિવસો સુધી હું એકલો હોવાથી એ વીશીમાં જમતો હતો. મારો સેક્રેટરી હજી પણ ત્યાં જમે છે."

" એ સ્ત્રી કેવા પ્રકારની છે ? "

"એ રેણુકાબાઈની શાખ સારી છે. તેનો ધણી આ ધંધામાં સારી રકમ પેદા કરીને મૂકી ગયો છે અને તેમાં રેણુકાબાઇએ ઉમેરો કર્યો છે. તેનું ચારિત્ર્ય પ્રશંસાપાત્ર છે. સારા સારા માણસો તેને ત્યાં જમવાને માટે જાય છે. "

" ત્યારે સારી જેવી રકમને માટે અથવા તો કોઇ શ્રીમંત ગુન્હેગારને મદદ કરવાને ખાતર તે— "

" તમે ગાંડા થયા કે શું ? રેણુકાબાઇ પૈસાને ખાતર અસત્યનું અવલંબન કરે ? મારા અનુભવ પ્રમાણે તે પ્રામાણિક સ્ત્રી છે. તેની પાસે પૂરતો પૈસો છે. વળી તેણે ગઈ કાલે જ આ માણસ ગૂમ થવાના ખબર મને આપ્યા હતા. એટલે— "

શરતચંદ્રે કશો જવાબ આપ્યો નહિ. તેઓ વીશી પાસે આવી પહોંચ્યા. શરતચંદ્રને પોલીસ કમિશ્નરની સાથે આવેલો જોઇને રેણુકાબાઈ બધું સમજી ગઇ. તે શરતચંદ્રને ઉદ્દેશીને બોલી: "તમે ડિટેક્ટિવ લાગો છો ? ત્યારે તો કશોક ગુન્હો બન્યો હશે, અને તે ગુન્હેગાર મારી વીશીમાં રહેતો હતો એવું જાહેર થવાથી મારી વીશીની શાખ હલકી પડી જશે—મારે ઘણું જ શોષવું પડશે ! "

પોલીસ કમિશ્નરે તેને આશ્વાસન આપ્યું. તે દરમ્યાન તેણે

મોકલેલો સિપાઈ લુહારને તેડી લાવ્યો. તેઓ ત્રીજે માળે ફાલ્ગુને જે ઓરડી રાખી હતી તેમાં ગયા. તેની ટ્રંક ત્યાં પડી હતી. તે ટ્રંક સાથે 'બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે કંપની' નું એક લેબલ સુતળી વડે બાંધેલું હતું. તેના પર 'વઢવાણ કેમ્પથી ચંદ્રનગર' એમ અંગ્રેજીમાં લખેલું હતું. તે ટ્રંકને ખોલવામાં આવી તો તેમાંથી કેદીના જણાવવા મુજબ તમામ વસ્તુઓ મળી આવી.

શરતચંદ્ર નિરાશ બની ગયો. આ ઘટના કેદીની તરફેણમાં જાય તેવી હતી. શરતચંદ્ર પ્રયાસ કરવામાં બાકી રાખતો નહિ. પરંતુ તેનું નસિબ તેને યારી આપતું ન હતું.

તે પોલીસ કમિશ્નરથી છૂટો પડયો અને એકલો માણસોથી ગજબજતા રાજમાર્ગપર ચાલવા લાગ્યો. તે કયાં જતો હતો ? તેનો ખ્યાલ તેને પોતાને જ ન હતો. એક જુગારીના ગજવામાં છેવટનો એક રૂપિયો રહ્યો હોય, તે રૂપિયો તે દાવમાં મૂકી દે અને હારી જાય, એથી જેટલી નિરાશા તેને થાય એ કરતાં યે વધારે નિરાશ બનેલો આ યુવાન ડિટેકિટવ કશા પણ ઉદ્દેશ વગર આગળ ચાલતો હતો.

તે મનોગત બોલ્યો: "આ પૂરાવો સચોટ છે. મારી કલ્પના અને મેં એકઠા કરેલા પૂરાવા આની સામે ટકી શકે તેવાં નથી. એટલે જો મારે વિશેષ નુકસાની અને મશ્કરીનો ભોગ ન થવું હોય તો અહીંથી જ ખસી જવું જોઇએ."

આ વિચાર કેટલોક સમય તેના મનમાં ઘોળાયો. એવામાં એકાએક નવીન કલ્પના તેના મનમાં સ્ફુરી. તે પુનઃ બડબડયો: "હું કેવો મૂર્ખ ! હું જાણું છું—ન્યાયાધીશ સાહેબ પણ જાણે છે કે આ માણસ અત્યંત અનુભવી, બાહોશ, ચાલાક, લાગવગવાળો અને સર્વ પ્રકારે કુશળ છે. તેણે પોતાના બચાવને માટે કરી રાખેલી તૈયારીમાં છિદ્ર શોધી કાઢવાનું કામ ઓછું કપરૂં નથી. એટલે મારી કલ્પનાની વિરૂદ્ધમાં અને કેદીના શબ્દોની તરફેણમાં જો વધારે બાહ્ય પૂરાવા મળી આવે તો મારી કલ્પના સાચી છે, એમ જ મારે માની લેવું જોઇએ."

તે ખડખડાટ હસી પડયો અને પુનઃ બોલ્યો: "માત્ર અમારી

ઓફિસમાં જઇને જો હું ગજાનનની પાસે મારી આ વિચારસરણી રજુ કરૂં તો તે મને ગાંડાની હોસ્પિટલમાં મોકલી આપવાની જરૂર ભલામણ કરે."

આ પ્રમાણે વિચાર કરતો કરતો તે પોતાના મકાન નજીક આવી પહોંચ્યો. મકાનની અંદર દાખલ થઈને મેડા ઉપર ચડયો. ત્રીજે માળે પહોંચીને પોતાના ખંડનું દ્વાર ખોલવાને માટે ગજવામાંથી ચાવી કાઢતો હતો તે વખતે અંધકારમાંથી કોઇનો અવાજ આવ્યોઃ "કોણ મહાશય શરતચંદ્ર ?"

"હા, હું છું. પણ તમે કોણ?" શરતચંદ્રે આશ્ચર્ય પૂર્વક તેને પ્રશ્ન કર્યો.

"સેવક સોડાવોટર!"

"તમે! તમારો અવાજ પણ ન ઓળખી શકયો! કયારના આવ્યા છો?"

એમ કહેતાં શરતચંદ્રે દ્વાર ખોલ્યું. બન્ને અંદર ગયા. તેણે બત્તી કરી. પછી તેણે પોતાના મિત્ર સામે દૃષ્ટિ કરી. સોડાવોટરનો દેખાવ હાલ હવાલ જેવો લાગતો હતો, તેનાં કપડાં મેલાં હતાં અને આંખો લાલચોળ હતી. ચ્હેરા ઉપર થાક અને કંટાળો બન્ને દેખાતાં હતાં.

શરતચંદ્રે તેના બાહ્યાંગનું અવલોકન કર્યા પછી કહ્યુંઃ "તમે સ્નાનના સમાચાર લાવ્યા લાગો છો."

"તદ્દન સાચી વાત."

"જે લોકોનો તમે પિછો પકડયો હતો, તે પલાયન થઇ ગયા કે શું?"

સોડાવોટરે હકારદર્શક મસ્તક હલાવ્યું.

"એ આપણું દુર્ભાગ્ય છે ખરૂં." શરતચંદ્ર બોલ્યોઃ "પરંતુ ઢોળાઈ ગયેલા દુધને માટે પશ્ચાત્તાપ કરવો નકામો છે. સોડાવોટર! તમારે એટલા બધા નિરાશ થવાની જરૂર નથી. આવતી કાલે આપણે બન્ને મળીને તે નુકસાન ભરપાઇ કરી દઇશું."

આ પ્રમાણેના આશ્વાસનપછી સોડાવોટર વધારે ઉશ્કેરાયો અને તે પોતાને ઉદ્દેશીને બોલ્યોઃ "સોડાવોટર! તું કેટલો નાલાયક! તને એક અગત્યનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. પરંતુ તેં શું કર્યું? તે કાર્ય તરફ લક્ષ આપવાને બદલે દારૂ જ ઢીંચ્યા કર્યો. એટલો બધો ઢીંચ્યો કે તારી શુદ્ધસાન પણ રહી નહિ. પણ એમ હવે નહિ ચાલે. કદાચ મહાશય શરતચંદ્ર તને માફી આપશે તો પણ એક અઠવાડિયા સુધી તને દારૂનું એક ટીપું પણ ચાખવાને મળશે નહિ! તારી બેદરકારીનું ફળ તારે ભોગવવું જ જોઇએ."

"એ બધું પછી, પણ પ્રથમ તમારી હકીકત મને જણાવો."

"મેં તમને ચીઠી લખી હતી કે હું ગંગાદાસને ઓળખનારા માણસોની પાછળ જાઉં છું. એ ચીઠી તો તમને મળી હશે?"

"હા, મળી હતી. પછી શું થયું?"

"તેઓ પેલી હોટેલમાં ગયા હતા. હું પણ તેમની પાછળ ગયો હતો. પ્રથમ તેમણે ચહા મગાવ્યો. એ ચહા પીધાથી તેમની ક્ષુધા ખૂલી હોય એમ લાગ્યું. તેમણે પૂરી, શાક, મિઠાઇ, એવું મંગાવ્યું. મેં પણ તેમનું અનુકરણ કર્યું. તેમાં લગભગ બે કલાક પસાર થઈ ગયા. પછી તેઓ બહાર નીકળ્યા. હું પણ બહાર આવ્યો. મેં ધાર્યું કે હવે તેઓ તેમના મકાન પર જશે. પરંતુ તેમનો એવો વિચાર લાગ્યો નહિ. તેઓ આગળ ને આગળ ચાલ્યા અને અંતે પેલા 'આનંદ ક્રિડામંદિર'માં ગયા. થોડી વારે હું પણ અંદર ગયો. એ વખતે તેઓ બિલિયર્ડની રમતમાં ગુંથાઈ ગયા હતા."

તે બોલતાં બોલતાં અટકી ગયો. આગળની હકીકત કહેવાનું તેને ન ગમતું હોય એમ લાગતું હતું. તથાપિ વાત પૂરી કર્યા સિવાય ચાલે તેમ ન હતું. તેણે ચલાવ્યુંઃ "હું એક ટેબલ પાસે જઇને બેઠો અને મેં વર્તમાનપત્રની માગણી કરી. એક આંખ વડે હું વાંચતો હતો અને બીજી આંખ વડે તેમની હીલચાલ ઉપર નજર રાખતો હતો. તે વખતે એક પ્રૌઢ ઉમરનો દેખાતો. સામાન્ય રીતે ગૃહસ્થ જેવો લાગતો

માણસ અંદર આવ્યો અને મારી બાજુમાં બેઠો. તેણે પેલું વર્તમાન પત્ર હું વાંચી લઉં એટલે પોતાને આપવાનું કહ્યું. મેં ઉપર ઉપરથી જોઇને તેને આપ્યું. પછી અમારી વચ્ચે વાર્તાલાપનો પ્રારંભ થયો. તેણે મને બિઝિક રમવાનું કહ્યું. પ્રથમ તો મેં ના પાડી. પણ છેવટે તેના આગ્રહને હું તાબે થયો. હજી પણ પેલા યુવાનો તો બિલિયર્ડ રમતા જ હતા. અમે રમવા લાગ્યા. દર રમતમાં જે હારે તેણે બ્રાન્ડીનો એક ગ્લાસ જીતનારને આપવાનો ઠરાવ્યું. પહેલી રમતમાં મારા માર્ક વધ્યા. ફરીથી રમત શરૂ થઈ. બીજી બે રમતોમાં પણ હું જીત્યો. તેણે પુનઃ આગ્રહ કર્યો. તેમાં પણ હું જીત્યો અને જીતવાની સાથે બ્રાન્ડીના ગ્લાસ પણ મારા પેટમાં રેડતો ગયો !"

"વારૂ, પછી–પછી શું થયું ?"

"પછી ! પછી મને કશું યાદ રહ્યું નથી. તે ગૃહસ્થ અથવા પેલા જુવાનીઆ ક્યાં ગયા તે મારા ખ્યાલમાં રહ્યું નહિ. મને લાગે છે કે હું ત્યાં ને ત્યાં ઉંઘી ગયો. છેવટે 'આનંદક્રિડા મંદિર'ના એક નોકરે આવીને મને જગાડયો અને જવાનું કહ્યું. એ વખતે રાત્રિના દશ વાગી ગયા હતા. પછી હું રસ્તાપર ફરતો ફરતો સિદ્ધો અહીં આવ્યો. તમારૂં દ્વાર બંધ હતું. બાજુએ પડેલા બાંકડા પર બેઠો અને તમારી રાહ જોવાનો નિશ્ચય કરીને રોકાયો."

સોડાવોટર ધારતો હતો કે પોતાની હકીકત સાંભળીને શરતચંદ્ર ગુસ્સે થશે. તેને બદલે તે વિચારપૂર્ણ બની ગયેલો દેખાયો. થોડી વારે તેણે પૂછ્યું. "તમારા મિત્ર બનેલા આ ગૃહસ્થના સંબંધમાં તમે શું માનો છો ?"

"હું એમ માનું છું કે મેં બીજાઓનો પિછો પકડયો હતો તેવી રીતે તે મારી પાછળ પડયો હતો અને તે આ ક્રિડા મંદિરમાં મને નશામાં ચકચૂર બનાવવાને માટે આવ્યો હતો."

"તેનો દેખાવ કેવો હતો ?"

"તે ઉંચો અને કદાવર હતો. તેનો ચહેરો પહોળો હતો અને

રંગ સ્હેજ શ્યામ હતો. તેનું નાક ચપટું હતું. તેનો સ્વભાવ આનંદી, દંભ વગરનો તથા મળતાવડો હતો."

"ત્યારે તો તે એ જ."

"એ જ ! એટલે ?"

"ખૂનીનો સાગરીત–જેનાં પગલાં આપણે શોધી કાઢયાં હતાં, જેણે છાકટા થવાનો ઢોંગ કર્યો હતો તે–શયતાન પોતે ! હજી પણ આપણે આપણી આંખો ખૂલ્લી નહિ રાખીએ તો તે આપણને બનાવી જશે ! તમે હવે તેને ભૂલશો નહિ અને જો તમને તે ફરીથી મળે તો—"

સોડાવોટર બોલ્યો: "પણ મેં તમને મારી હકીકત પૂરી જણાવી નથી. હું તમારાથી કશું છૂપાવવા માગતો નથી. આ માણસે મારી સાથે ચંદ્રભાગાની હોટેલમાં બનેલા બનાવના સંબંધમાં વાત કરી હતી. તે દરમ્યાન આપણે ત્યાં જે શોધ કરી છે તથા હવે પછી જે કાંઇ કરવાનો આપણો ઇરાદો છે, તે સર્વ મેં તેને જણાવ્યું હતું."

આ સાંભળીને શરતચંદ્ર એટલો બધો ક્રોધાન્વિત બની ગયો કે તેનો દેખાવ જોઇને સોડાવોટર પાછો હઠી ગયો.

"મૂરખના જામ !" શરતચંદ્ર ગર્જ્યો: "આપણી યોજનાઓ આપણા દુશ્મન પાસે ખૂલ્લી કરી !"

પરંતુ તે તુરત જ શાંત થઈ ગયો. એક બીજો જ વિચાર તેના મગજમાં આવ્યો. રેણુકાબાઈની વીશીમાં બનેલી ઘટનાથી તે નિરાશ બની ગયો હતો. પરંતુ સોડાવોટરના કથનથી તેના અંતરમાં આશાનો પુનઃ સંચાર થયો. સોડાવોટરને બેભાન બનાવનાર ગૃહસ્થની હકીકત જાણ્યા પછી ખૂનીના સંબંધમાં પોતાનું અનુમાન સત્ય હોવા બાબત તેને લેશ પણ શંકા રહી નહિ.

તેણે કહ્યું: "અત્યારે હવે એ વિષે વિચાર કરવાનો સમય નથી. હું બહુ જ થાકી ગયો છું. ચાલો આપણે બિછાનાં પાથરીને

નિદ્રા દેવીનું આવાહન કરીએ. આટલી મોડી રાત્રે તમારે મકાન પર જવાની જરૂર નથી."

પ્રકરણ ૨૬ મું

પન્નાલાલની પત્ની

શરતચંદ્રનો ઇરાદો સ્હવારે ૭ વાગે ઉઠવાનો હતો. એટલે તેણે ઘડિયાળમાં એલાર્મનો કાંટો બરાબર ૭ ઉપર મૂકયો હતો. એક વફાદાર સેવક તરીકે નજીકના ટાવરમાં ૭ ના ડંકા થયા કે ઘડિયાળે પોતાનો ઘણુઘણાટ શરૂ કર્યો. પરંતુ આ બેમાંથી એકેની નિદ્રાનો તે ભંગ કરી શકયું નહિ. તેમાં તેનો શો વાંક ?

તેઓ વધારે વખત સૂઇ રહ્યા હોત, પરંતુ બરાબર સાડાસાત વાગે દ્વારની સાંકળ કોઈ જોરથી ખખડાવવા લાગ્યું. બન્ને જણા જાગૃત થઇ ગયા. શરતચંદ્રે બારણું ઉઘાડયું તો પ્રાગજી નજરે પડયો.

" અત્યારમાં કયાંથી ?" શરતચંદ્રે પૂછયું: " કાંઈ જાણવા જેવું છે ?"

" ના, સાહેબ ! પણ પેલી બે સ્ત્રીઓ પાસેથી જે પૈસા મેં લીધા છે તે પેટે એક વખત મેં આપને ગાડીમાં બેસાર્યા છે. આજે ફરીથી તેનો ઉપયોગ કરો. જ્યાં સુધી તે રકમ જેટલું ભાડુ વસૂલ થાય ત્યાં સુધી ગાડી તમારી છે."

" તું ગાંડો થયો કે શું ?"

" હું ગાંડો યે નથી ને ડાહ્યો યે નથી. મેં કરેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત મારે કરવું જ જોઇએ. ત્યાં સુધી મને શાંતિ નહિ થાય."

શરતચંદ્રે પણ આગ્રહ કર્યો નહિ. તેણે પ્રાયમસ ઉપર ચ્હા તૈયાર કર્યો, ત્રણે જણાએ પી લીધો. પછી તેઓ તૈયાર થયા. જતાં જતાં ડિટેકિટવ ગાડીવાનને ઉદ્દેશીને બોલ્યોઃ " અમારે તારા લત્તામાં જવાનું છે. પેલી ચંદ્રભાગાના છોકરા પન્નાલાલની સ્ત્રીને શોધી કાઢવી છે. હું ધારૂં છું કે તેના રહેઠાણની બાતમી એ લત્તાના ઈન્સ્પેકટર પાસેથી મળી શકશે. "

" આપને જ્યાં જવું હોય ત્યાં જાઓ અને જે કરવું હોય તે કરો. હું આપની સેવામાં હાજર છું. "

ત્રણે જણા ગાડી ઉપર ચડી ગયા અને ગાડી ચાલૂ થઇ. સોડાવોટર શરતચંદ્ર સાથે વાત કરતો ન હતો. પોતે ગઇ કાલે કરેલી ભૂલ માટે તેને અત્યંત પશ્ચાત્તાપ થતો હતો. તેણે બધી બાતમી પેલા ગૃહસ્થ જેવા મનુષ્યને આપી ન હોત તો યે સારૂં હતું ! તે સમજતો હતો કે એમ કરવાથી તેણે શરતચંદ્રના કાર્યને બમણું મુશ્કેલ બનાવ્યું હતું.

પ્રથમ તેઓ પોલીસ ચોકીપર જઇને ઇન્સ્પેકટરને મળ્યા. ત્યાં ઈન્સ્પેકટરે તેના માણસ દ્વારા તપાસ કરીને પન્નાલાલની સ્ત્રી જે સ્થળે રહેતી હતી તેનો પત્તો આપ્યો.

પન્નાલાલની સ્ત્રી ગરીબ માબાપની છોકરી હતી. તેનો બાપ ગામડામાં ખેતી કરતો હતો. દુકાળને લીધે નિપજ આવી નહિ અને માથે દેવું હતું. તેથી તેના બાપને ખેતર વેચી નાંખવું પડયું. એવામા કોલેરા ફાટવાથી બાપ તથા મા સાત—સાત દિવસને અંતરે મરણ પામ્યાં. છોકરી એકલી અટુલી બની ગઈ. રહેવાને પોતાનું ઘર કે સીમમાં ખેતર ન હતું. ગામડામાં મજૂરી પણ મળતી ન હતી. એટલે તે ચંદ્રનગરમાં આવી. તે વખતે તેની ઉમર ચૌદ વર્ષની હતી. તેનું લગ્ન તે પાંચ વર્ષની હતી તે વખતે ચાર વર્ષના છોકરા સાથે કરવામાં આવ્યું હતું. તે છોકરો બે વર્ષ પછી મરણ પામ્યો હતો. તેમની જ્ઞાતિમાં પુનર્લગ્ન કરવાનો પ્રતિબંધ ન હતો. પરંતુ તે મોટી

ઉમરની થયા પછી સારૂં ઠેકાણું જોઇને તેને ઘરઘાવવી એવો તેનાં મા–બાપનો વિચાર હોવાથી અત્યાર સુધીમાં કશું બન્યું ન હતું.

અહીં એક મોટા કારખાનામાં તેને નોકરી મળી. ત્યાંલગભગ આઠ વરસ સખ્ત વૈતરૂં કરીને તથા કરકસર કરીને તે પંદરસો રૂપીઆ બચાવી શકી. પરંતુ એ વખતે તેના દુર્ભાગ્યે તેને પન્નાલાલની સાથે પરિચય થયો. તે મુગ્ધ બનીઃ તેના પૈસાને ખાતર પન્નાલાલે તેને ફસાવાઃ તેની સાથે લગ્ન કર્યું.

પેલા પૈસા ચાલ્યા ત્યાં સુધી એટલે લગભગ છ–આઠ માસ તો બધું સારૂં ચાલ્યું. પરંતુ છેલ્લો રૂપિયો ખલાસ થયો કે પન્નાલાલભાઇનો પ્રેમ પણ અદશ્ય થઇ ગયો. તે પુનઃ પોતાનું અગાઉનું જીવન ગુજારવા લાગ્યો. કોઈ કોઇ વાર તે તેની સ્ત્રી પાસે આવી કાલાવાલા કરીને એકાદ દાગીનો લઇ જતો અને ગીરે મૂકી આવતો. દાગીના પણ બે ચાર જે હતા તે થોડા સમયમાં ખલાસ થઈ ગયા. હવે તે તેની સ્ત્રીના શિયળને વેચવાને પણ તૈયાર થયો. તેની દુષ્ટ માતા ચંદ્રભાગા તેમાં તેને ઉત્તેજન આપતી. પરંતુ પન્નાલાલની સ્ત્રી એ વિષયમાં તેમની ઇચ્છાને તાબે થઇ નહિ. એટલે તેઓ તેને દુઃખ દેવા લાગ્યાં. એક દિવસ તે કંટાળીને પહેરેલાં કપડાંભર તેમના મકાનનો–પેલી હોટેલનો ત્યાગ કરીને ચાલી ગઇ. મા દીકરાએ જાણ્યું કે તે ભૂખે મરશે એટલે એની મેળે ઠેકાણે આવશે. પરંતુ તેમની એ ધારણા ફળિભૂત થઈ નહિ.

આ સર્વ હકીકત પોલીસ ઇન્સ્પેકટરે શરતચંદ્રને જણાવી. તેનો આભાર માનીને તે બતાવેલા સ્થળે જવાને માટે સોડાવોટરની સાથે પુનઃ પ્રાગજીની ગાડીમાં બેઠો. સાત મીનિટમાં તેઓ ઇષ્ટ સ્થળે આવી પહોંચ્યા. ગાડી નીચે ઊભી રાખીને તે બે જણા ઉપર ગયા. શરતચંદ્રે આ મકાનના રક્ષક જેવા લાગતા પુરુષને પૂછ્યુંઃ " પેલા પન્નાલાલની પત્ની શાન્તાબાઇ અહીં રહે છે ? "

"હા, જાઓ–ચોથા માળ પર દાદર સામેની ઓરડીમાં રહે છે."

બન્ને જણા બરાબર એ કોટડી પાસે જઇને ઊભા રહ્યા. કોટડીમાં પાછળ એક જાળીયું હતું. થોડાં ઘણાં વાસણ, એક જમીન પર બિછાવેલી તુટેલી સાદડી, વળગણી ઉપર થોડાંક કપડાં અને એક બાજુના ખૂણામાં ચૂલો તથા બીજા ખૂણામાં ઘડમાંચી ઉપર પાણીનાં બે માટલાં, એટલો આ કોટડીનો શણગાર હતો. છતાં પણ ઓરડીની સ્વચ્છતા આ લત્તાના પ્રમાણમાં આકર્ષક હતી.

અત્યારે શાન્તાબાઈ શિવવાનું કામ કરતી હતી. બે અજાણ્યા માણસોને અચાનક આવેલા જોઇને તે ઊભી થઈ ગઈ–સ્હેજ ગભરાયા જેવી બની ગઈ. પણ શરતચંદ્રે માયાળુપણે તેને જણાવ્યું કે "અમે તમારી પાસેથી કેટલીક માહિતી મેળવવાને આવ્યા છીએ. તમારે ગભરાવાનું કશું પણ કરિણ નથી."

તેણે બન્નેને સાદડી પર બેસવાનું કહ્યું. શરતચંદ્રે અલ્પ સમયમાં આ કોટડીનું, શાન્તાબાઈનું તથા તેના ન્હાના છોકરા કીકાનું અવલોકન કરી લીધું. આ સ્ત્રી અગાઉ ખૂબસુરત હશે. પણ દુઃખ, ત્રાસ અને ચિંતાથી અત્યારે તે તેની સાસુના જેટલી વૃદ્ધ લાગતી હતી. તેણે સાદાં અને થીગડાં દીધેલાં વસ્ત્રો પહેર્યાં હતાં, જ્યારે તેના છોકરા કીકાના અંગ પર ગરમ અને સાધારણ રીતે મૂલ્યવાન્ ગણી શકાય એવાં નવાં વસ્ત્રો હતાં.

"બાઇ! તમારી સાસુની હોટેલમાં જે ભયંકર ગુન્હો બન્યો છે તે તમારા જાણવામાં આવ્યો જ હશે?" શરતચંદ્રે શાંતિથી પ્રારંભ કર્યો.

"હા સાહેબ!" તેણે કહ્યું: "પણ મારા ધણી તો કેદમાં છે. એટલે આ ગુન્હામાં તેમનો હાથ હોવાનો સંભવ નથી."

"એ હું જાણું છું. પનાલાલને એક પખવાડિયા થયા કેદમાં નાંખવામાં આવ્યો છે—"

" અને તદ્દન અન્યાયપૂર્વક, સાહેબ ! તે એટલા બધા નબળા મનના છે કે તેમના સોબતીઓ તેમને મદ્યપાન કરાવી, ચડાવીને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તાવે છે. બાકી જો કોઈ તેમની સંભાળ લેનારૂં હોય તો તે બહુ જ સારા સ્વભાવના છે. "

એ શબ્દો બોલતી વખતે તેણે દિવાલપર ટાંગેલી એક છબી તરફ દૃષ્ટિ કરી. એ છબી પન્નાલાલની હતી. શરતચંદ્ર અને સોડા-વોટર પણ તે છબી સામે જોઈ રહ્યા.

તે વખતે આ કોટડીનું દ્વાર ખૂલ્યું અને એક માણસે અંદર ડોકીયું કર્યું. પરંતુ તુરત જ ધીમા ઉદ્દગાર સાથે તેણે દ્વારને બંધ કરી દીધું અને ઉપર સાંકળ ચડાવી દીધી. બીજી જ પળે દાદરપરથી કોઈ ઉતાવળથી નીચે ઉતરતું હોય એવો અવાજ સંભળાયો.

શરતચંદ્રની પીઠ દ્વાર તરફ હોવાથી તે એ વ્યક્તિના ચ્હેરાને જોઇ શકે તેમ ન હતો. પરંતુ અવાજ થતાંની સાથે જ તેણે પોતાનું મુખ ફેરવ્યું હતું, સર્વ દૃશ્ય જોયું હતું અને તે બધું ક્ષણ માત્રમાં સમજી ગયો હતો.

" એ ખૂનીનો સાગરીત જ હોવો જોઇએ. " તે બોલ્યો.

સોડાવોટરનું મુખ દ્વારની સામે હતું. એટલે તેણે આ મનુષ્યને જોયો હતો. તેણે કહ્યું: " હા, તે જ. તેણે જ ગઇ કાલે મને છાકટો બનાવી દીધો હતો. "

બન્ને જણા કૂદ્યા અને દ્વાર પાસે ગયા. પણ બહારથી સાંકળ બંધ હતી. કોઇનો ચાલીમાં જવર અવર પણ ન હતો કે તેને બોલા-વીને સાંકળ ખોલાવે. દ્વાર તોડવું તે ઠીક નહિ. બારણાંને મીજાગરાં હતાં. તેના સ્ક્રૂ ખોલવાથી બારણું ઉઘડી શકે તેમ હતું. શરતચંદ્રે પોતાના ગજવામાંથી ચપ્પુ કાઢયું અને તેની મદદથી સ્ક્રૂ ખોલવા માંડયા. તેમાં થોડો સમય લાગ્યો પણ અંતે ફતેહ મળી અને દ્વાર ખૂલ્યું. તેઓ તુરત બહાર પડયા અને પોતાના હરીફને પકડવાને માટે નીચે જવા લાગ્યા.

નીચે ગયા પછી રસ્તાપર તપાસ કરતાં તેઓ એટલું જાણી શક્યા કે બે માણસોએ તેને આ માળામાં દાખલ થતો અને એક ત્રીજાએ બહાર દોડી જતો જોયો હતો. રસ્તા પર કેટલાક છોકરાઓ રમતા હતા. તેમણે જણાવ્યું કે એ માણસ દોડતો દોડતો પૂર્વ દિશાએ ગયો અને ત્યાંથી ડાબા હાથની પહેલી ગલ્લીમાં પેસી ગયો.

સોડાવોટર બોલ્યો: "આપણે પ્રાગજીને પૂછી જોઇએ. તેણે આ માણસને જોયો હશે."

"પણ એથી લાભ શો? આ માણસે સમયસૂચકતા વાપરીને ઉપરની સાંકળ ચડાવી દીધી; જેને પરિણામે દશ મીનિટનો ખોટીપો થયો. અત્યારે તો તે ક્યાંનો ક્યાંય પહોંચી ગયો હશે. તેની પાછળ પડવામાં કશો સાર નથી."

સોડાવોટર ગુસ્સાથી લાલ-લાલ બની ગયો હતો. તે આ ખૂનીના સાગરીતને પોતાનો અંગત દુશ્મન માનતો હતો. તે બોલ્યો: "આ બદમાશ પણ કેટલો જબરો છે? તે ત્રણ-ત્રણ વાર આપણા હાથમાં આવેલો છટકી ગયો!"

"હા, આ માણસ હિમ્મતવાન અને ચાલાક છે." શરતચંદ્ર બોલ્યો: "અને તે કાંઇ હાથ જોડીને બેસી રહ્યો નથી. તે જ્યાં હોય ત્યાં આપણને નડે છે. જે બાજુએથી હું હલ્લો કરૂં છું ત્યાં તે બચાવમાં ઊભો જ હોય છે. ગંગાદાસને ઓળખનારાઓનો પીછો લેતાં તમને અટકાવનાર તે અને સ્ટેશન પાસે રેણુકાબાઈની વીશીમાં જઇને બધો બંદોબસ્ત કરી આવનાર પણ તે પોતે જ!"

"હવે રાવસાહેબ ગજાનન ભલે કહે કે આપણે કાલ્પનિક વ્યક્તિઓની પાછળ ભટકીએ છીએ!" સોડાવોટર બોલ્યો.

શરતચંદ્રે સ્હેજ સ્મિત કરીને કહ્યું: "અત્યાર સુધી તો આ માણસ દરેક સ્થળે આપણી પહેલો પહોંચી ગયો હતો, અને તેથી મારા બધા પ્રયત્નોમાં મને નિષ્ફળતા મળી છે. પરંતુ આ સ્થળે આપણે તેની પહેલા આવી પહોંચ્યા છીએ. એટલે અહીં આપણને

કદાચ સફળતા મળી શકશે ખરી, ચાલો આપણે પન્નાલાલની સ્ત્રી પાસે જઈએ. ”

બાપડી શાંતાબાઈ આમાનું કશું પણ સમજી શકી ન હતી. તે તો તેના છોકરાને તેડીને બહાર ચાલીમાં ઊભી ઊભી નીચે રસ્તા પર જોતી હતી. આ બે જણા આવ્યા એટલે તેણે પૂછ્યું. “આ બધું શું છે ? કૃપા કરીને મને જણાવો. ”

શરતચંદ્ર તેને કોટડીમાં લઈ ગયો. પછી બોલ્યો: “ ચંદ્રભાગાની હોટેલમાં ખૂન કરનારના મદદગારની પાછળ અમે ગયા હતા. તે અહીં તમને એકલાંને મળવા માટે આવ્યો હતો. પરંતુ અમારી હાજરીથી તે બ્હીનો. ”

“ ખૂનીનો મદદગાર ! ” તે ભયપૂર્વક બોલી: “ મારી પાસે તેને શું કામ હશે ? ”

“ કેમ કહેવાય ? બનવા જોગ છે કે તે તમારા ધણીના મિત્રો માંહેનો એક હોય. ”

“ અરે, સાહેબ ! ”

“ કેમ ! તમે હમણાં જ મને કહ્યું હતું કે પન્નાલાલના કેટલાક સોબતીઓ ઘણા જ ખરાબ છે. પરંતુ તમારે ભયભીત થવાની જરૂર નથી. આ બનાવમાં તેને કશો વાંધો આવે તેમ નથી. વળી જો તમે ધારો તો પન્નાલાલને તમામ શંકામાંથી મુક્ત કરી શકો તેમ છો. ”

“ હું કેવી રીતે ? મને જણાવો. ”

“ જુઓ, તમે ભલા સ્વભાવનાં પ્રામાણિક સ્ત્રી છો. માટે હું પૂછું તેનો સાચેસાચો ખૂલ્લા દિલથી જવાબ આપજો અને ખરા ગુન્હેગારોને પકડી કાઢવામાં મને મદદ કરજો. વારુ, તમારા પતિના જે સ્નેહીઓ છે તેમાં આવું કૃત્ય કરી શકે તેવો કોઇ માણસ તમારા ધ્યાનમાં છે ? તે લોકોનાં નામ મને આપો. ”

પરંતુ શાન્તાબાઈ જવાબ આપતાં અચકાતી હતી. તેને બીતિ હતી કે જો તે તેના ધણી તથા તેના મિત્રોની ભૂતકાલિન ઘટના જાહેર કરી દેશે તો તેને એ લોકો તરફથી ત્રાસ સહન કરવો પડશે.

શરતચંદ્ર આ સ્ત્રીના હૃદયમાં ચાલતી ગડમથલ સમજી ગયો અને ઉત્તેજક સ્વરે બોલ્યો: " તમારે જરી પણ બ્હીવું નહિ. હું તમને વચન આપું છું કે તમે મને એક પણ શબ્દ કહ્યો છે એવું કોઈના જાણવામાં આવશે નહિ. વળી તમારે મને કશું નવીન કહેવાનું નથી. તમારા જીવનને લગતી ઘણી વાત મારા જાણવામાં આવી ગઈ છે. પન્નાલાલ અને તેની ડોસીએ તમારા પ્રત્યે જે નિર્દયતા અને જંગલીપણું દાખવ્યું છે તે હું જાણું છું. "

" સાહેબ ! મારા ધણીએ મારા તરફ કદિ પણ નિર્દયતા વાપરી નથી. "

" અને તમારી સાસુએ ? "

" તે સ્હેજ આકળા સ્વભાવનાં છે ખરાં, પણ તેમનું હૃદય એકંદરે ભલું છે ! "

" જો તમે તેને ત્યાં સુખી હતાં તો તે મકાનનો ત્યાગ કરીને શા માટે ચાલ્યાં આવ્યાં ? "

" ત્યાં હમેશાં દારૂડીઆ માણસો એકઠા થતા હતા. તેઓ જ્યારે હું એકલી હોઉં ત્યારે મારા તરફ કુદષ્ટિ કરતા, મારી મશ્કરી કરતા. પણ તેમને હું ગણગારતી નહિ. કેમ કે મારૂં રક્ષણ કરવાની મારામાં શક્તિ હતી. પરંતુ હું બહાર ગઈ હોઉં તો એ દુષ્ટો મારા કીકાને દારૂ પાતા. કોઇ વખત તો દારૂનો નશો એટલો બધો વધી જતો કે તે બેભાન બની જતો અને ડોકટરોની મદદની જરૂર પડતી. એથી હું—"

તે એકાએક અટકી ગઈ અને તેના છોકરા સામે જોઇને બોલી: " કીકા !—"

શરતચંદ્રે પોતાની પાછળ દૃષ્ટિ કરી તો કીકો તેની બાજુમાં બેસીને તેના કોટનું ગજવું ભંભોળતો હતો. એક રૂમાલ તો તેણે બહાર કાઢી પણ લીધો હતો.

શાન્તાબાઇ બોલી: " જોયું સાહેબ! એ દુષ્ટ લોકોએ મારા પાંચ વરસના છોકરાને ગજવું કાતરવાની તાલીમ આપી છે. મારો છોકરો તેમની સોબતથી ખરાબ જઈ જશે એ બ્હીકથી હું તેમનો ત્યાગ કરીને ચાલી આવી છું."

શરતચંદ્રે હવે આ દૃશ્યને ટુંકાવવાના ઇરાદાથી કહ્યું: " મારે હવે તમને બે સવાલ કરવાના છે. એ હોટેલમાં રોજ આવનારાઓમાં ગંગાદાસ નામનો કોઈ માણસ હતો ?"

" ના, એ નામનો કોઇ માણસ મારા જોવામાં આવ્યો નથી."

" અને હસમુખ! એને તો તમે ઓળખતાં હશો ?"

" હા, તેને હું ઓળખુ છું." '

આ ઉત્તર મળવાથી પોતાને થયેલા આનંદને યુવાન ડિટેક્ટિવ છૂપાવી શક્યો નહિ. તેણે પૂછ્યું. " આ માણસ કોણ છે ?"

" તે કાંઇ બીજા રોજ આવનારા માણસોના જેવો સાધારણ પંક્તિનો ન હતો. મેં તેને એકવાર જોયો છે. છતાં પણ તેનો ચ્હેરો મારા ખ્યાલમાં રહી ગયો છે. તે દિવસે રવિવાર હતો. તે ગાડીમાં બેઠો હતો. અમારી હોટેલ પાસે ગાડી ઊભી રાખીને તેણે મારા ધણી સાથે વાત કરી હતી. તેના ગયા પછી મારા ધણીએ મને કહ્યું કે 'તું આ ગૃહસ્થને ઓળખે છે ? તે આપણને પૈસાદાર બનાવી દેશે.' અને એ માણસના પ્રતિષ્ઠિત દેખાવથી મને તો સદ્ગૃહસ્થ જેવો લાગતો હતો.''

શરતચંદ્રે કહ્યું: " વારૂ, હવે તમે મારી સાથે કોર્ટમાં ચાલો. ત્યાં ન્યાયાધીશ સાહેબના રૂબરૂ આ સર્વ શબ્દો જણાવો. હું ગાડી લાવ્યો છું. માટે તમારા છોકરાને લઇને ચાલો—જલ્દી કરો!"

પ્રકરણ ૨૭ મું.

" હું ચોક્કસ ખૂન કરીશ. "

ન્યાયાધીશ શાન્તિપ્રસાદને આ કેસમાં ઘણો જ રસ પડયો હતો. તે કેસના કાગળીયા પોતાના મકાન પર લઇ ગયો અને રાત્રે જમ્યા પછી કેદીની જુબાની ફરી વાર લક્ષ આપીને વાંચી ગયો હતો. તે જુબાનીમાંથી એકાદો નબળો મુદ્દો નીકળે તો તેને આધારે કેદીને દાબી શકાય એવો ઇરાદો હતો.

રાત્રે લગભગ અગીયાર વાગ્યા સુધી બેસીને તેણે તમામ કાગળો તપાસ્યા. કાયદાનાં પુસ્તકો જોયાં તથા તેના ઉપર વિચાર કર્યો. છેવટે આંખો ઘેરાવા લાગી એટલે તે સુઈ ગયો. તે હમેશ કરતાં મોડો સુતો હતો છતાં સ્હવારે ઉઠયો ને હમેશના સમયે જ દંતધાવન, સ્નાન, ઇત્યાદિ નિત્યકર્મ કરી ચહા નાસ્તો લઇને સ્હાડા સાત વાગ્યામાં પરવારી ગયો. પછી સ્હવારનું આવેલુ વર્તમાન પત્ર વાંચવા લાગ્યો. વર્તમાન પત્રમાં આ બનાવને લગતી થોડીક ટીકા વાંચી, બીજા સમાચાર વાંચ્યા. પણ તેમાં તેને રસ પડયો નહિ. તેનું તમામ લક્ષ આ કેસ ઉપર જ હતું. કેવી રીતે જલ્દીથી ખુનીનું ખરૂં વ્યક્તિત્વ શોધી કઢાય અને ખૂનનો ભેદ ઉકેલી શકાય એ જ વિચારો તેના મનમાં રમ્યા કરતા હતા. એટલે આઠના ટકોરા થયા કે કેસનું દફ્તર તેણે પટાવાળાને આપ્યું અને પોતે કોર્ટમાં જવાને માટે ચાલી નીકળ્યો.

આ કેસને માટે જેટલી ઉતાવળ તેને હતી તેટલી કોર્ટના બીજા કારકુનો, પટાવાળા વગેરેને ન હતી. સામાન્ય રીતે કોર્ટનો સમય અગીયારથી પાંચ વાગ્યાનો હતો. કેટલીક વાર જરૂરી કેસો

હોય તો ન્યાયાધીશ વ્હેલામાં વ્હેલા સાડાનવ વાગે આવતા. એટલે અત્યારે તો કોર્ટમાં માત્ર હમાલો અને બે–ત્રણ પટાવાળા દેખાતા હતા. એક બે કારકુનો નકલો કરવાની હશે તે માટે વહેલા આવેલા હતા. શાન્તિપ્રસાદને આટલો વહેલો આવેલો જોઇને સહુને આશ્ચર્ય થયું. તે કોઇનો તરફ લક્ષ આપ્યા સિવાય પોતાની કોર્ટમાં ગયો. તેનો કલાર્ક ગોકુળદાસ હજી આવ્યો ન હતો. અહીં તેણે પુનઃ કેસના કાગળો તપાસવા માંડયા.

લગભગ સ્હાડાનવ વાગે ગોકુળદાસ આવ્યો. " બહુ વ્હેલા આવ્યા ! " ન્યયાધીશે કટાક્ષ કર્યો. ગોકુળદાસ બાપડો પોતાની ધારણા મુજબ વહેલો આવ્યો હતો. છતાં ન્યાયાધીશ સાહેબનો આ કટાક્ષ સાંભળીને સ્તબ્ધ બની ગયો. તે કશું પણ નહિ બોલતાં પોતાના સ્થળે બેસીને કાગળો તૈયાર કરવા લાગ્યો. ન્યાયાધીશ અવારનવાર પટાવાળાને બોલાવીને પૂછતો કે " મીસ્તર શરતચંદ્ર આવ્યા હતા કે કેમ ? "

દરેક વખત પટાવાળા તરફથી નકારમાં જવાબ મળતો. તે ગુસ્સે થયો અને મનમાં બોલ્યોઃ " એ તે કેવો માણસ છે ? હું તેની રાહ જોતો બેઠો છું અને તેની કશી દરકાર પણ તે રાખતો નથી ! "

છેવટે કંટાળીને તેણે આજ્ઞા કરીઃ " જાઓ, તેની તપાસ કરો. અને તે પોલીસ ચોકી ઉપર અથવા કોઇ સ્થળે હોય ત્યાંથી તેને બોલાવી લાવો. "

પટાવાળો નમન કરીને આજ્ઞા બજાવવાને માટે ચાલ્યો ગયો. પછી તેણે ગોકુળદાસને કહ્યુંઃ " આપણે સમય ગૂમાવવાની જરૂર નથી. શરતચંદ્ર આવે તે દરમ્યાન પેલી ચંદ્રભાગાના છોકરા પન્નાલાલની જુબાની લઇએ. તેને અહીં બોલાવો.

ગોકુળદાસે જેલર ઉપર એક ચીઠ્ઠી લખીને પટાવાળાને મોકલ્યો. લગભગ પા કલાકમાં **પન્નાલાલ** કોર્ટમાં હાજર થયો.

ન્યાયાધીશે પ્રથમ તેને રિવાજ મુજબ કરેલા સવાલના જવાબમાં તેણે જણાવ્યું કે તેની ઉમર ત્રીશ વર્ષની છે અને તે ચંદ્રનગરનો વતની છે. તેણે પોતાનું તથા પોતાના બાપનું નામ આપ્યું.

તેને આગળ સવાલ કરતા પહેલાં ન્યાયાધીશે કહ્યું: "જો અત્યારે તારી જે કામ બાબત જુબાની લેવામાં આવે છે તેમાં તું કોર્ટને સંતોષકારક સાચા જવાબ આપીશ, તો જે આરોપસર તને પકડવામાં આવ્યો છે, તેમાં તારા ઉપર રહેમ બતાવવામાં આવશે."

પન્નાલાલે બેદરકારીપૂર્વક તે સાંભળી લીધું. કારણ કે ન્યાયાધીશો આરોપીઓને આવી લાલચો આપતા હોવાનો તેને અનુભવ થયો હતો.

પછી ન્યાયાધીશ બોલ્યો: "મારી કોર્ટમાં હાજર થયેલા એક કેસમાં આરોપીને ન્યાય મળે તે માટે તારી માની હોટેલમાં કાયમને માટે આવનારા માણસોનાં નામ તું આપીશ?"

"ત્યાં તો ઘણા માણસો આવે છે, સાહેબ!"

"વારૂ, તે માણસોમાં ગંગાદાસ નામનો કોઇ છે?"

"ના, મહેરબાન!"

જો આ માણસ સાચું જ બોલતો હશે, તો એકના એક પ્રશ્ન માટે વધારે દબાણ કરવાથી તેના મનમાં શંકા ઉપજશે, એમ માનીને ન્યાયાધીશે બીજો પ્રશ્ન કર્યો: "ત્યારે તું **હસમુખ** નામના માણસને તો ઓળખતો હોઇશ જ?"

"**હસમુખ**! એ નામ જ હું આજે પહેલ વહેલું સાંભળું છું."

"સંભાળીને બોલજે, ઘણી ગુપ્ત રાખવા ધારેલી વાતોને પણ પોલીસ શોધી કાઢે છે."

"સાહેબ! હું સત્યજ કહું છું." પન્નાલાલ સ્હેજ પણ સંકોચાયા વગર બોલ્યોઃ "આપને છેતરવાથી મને શો લાભ મળવાનો હતો?"

તેજ વખતે એકાએક કોર્ટનું દ્વાર ખૂલ્યું અને તેની સ્ત્રી શાન્તાબાઇ કીકાને કેડમાં તેડીને કોર્ટમાં દાખલ થઈ.

પોતાના ધણીને જોવાથી તેના મ્હોંમાંથી આનંદોદ્ગાર સરી પડયો અને તે તેના તરફ ધસી. પન્નાલાલ દૂર ખસી ગયો અને તેના તરફ ભયંકર દૃષ્ટિથી જોઇ રહ્યો. એથી તે સ્તબ્ધ બની ગઈ.

પન્નાલાલ દૃઢ સ્વરે બોલ્યોઃ "હું હસમુખ નામના માણસને ઓળખું છું એમ કહેનાર મનુષ્ય મારો દુશ્મન હોવો જોઇએ. જે માણસ એવું જુઠાણું ચલાવશે તેનું હું ચોકસ ખૂન કરીશ, તેના ઉપર જરી પણ દયા નહિ કરૂં!"

પ્રકરણ ૨૮ મું.

શાન્તાબાઇની જુબાની

શરતચંદ્રને શોધી કાઢવાની આજ્ઞા મેળવીને ન્યાયાધીશની કોર્ટનો પટાવાળો પ્રથમ પોલીસ ચોકીપર ગયો. પરંતુ ત્યાં તેનો કશો પત્તો મળ્યો નહિ. એટલે ત્યાંથી નીકળીને તે કોર્ટની આસપાસની હોટેલમાં તપાસ કરવાને બ્હાને ફર્યો. ત્યાં તેના પરિચિત મિત્રોની સાથે ચહા કોફી ઉડાવ્યાં, સોડા જીંજરની બાટલીઓ તોડાવી. એ પ્રમાણે લગભગ અર્ધો કલાક ગાળીને તે પાછો ફરતો હતો તે વખતે કોર્ટના પ્રવેશદ્વાર પાસે એક ગાડી આવીને ઊભી રહી. તેમાંથી શરતચંદ્ર, સોડાવોટર તથા શાન્તાબાઇ બહાર નીકળ્યાં. શરતચંદ્રને જોઈને પટાવાળો પોતાની મહેનત બર આવેલી માની આનંદમગ્ન બન્યો અને

બોલ્યો: "સાહેબ ક્યારના તમારી રાહ જૂએ છે. કેટલીયે વાર તમારે માટે પૂછ્યું હશે. આજે ગુસ્સામાં હોય એમ લાગે છે. વખતે તમને ઠપકો આપશે."

શરતચંદ્ર દાદરપર ચડતાં ચડતાં હસ્યો. તેને ઠપકો શા માટે મળે? તેણે કાંઇ નકામો સમય ગૂમાવ્યો ન હતો. છતાં પણ તેને એમ થયું કે ન્યાયાધીશ સાહેબે તેને વધારે વખત યાદ કર્યો અને બોલાવવાને માટે પટાવાળાને મોકલ્યો છે, માટે એકદમ તેમની સન્મુખ હાજર થવું. એટલે તેમને પોતે **શાન્તાબાઇ** સાથે આવ્યાની અગાઉથી ખબર આપ્યા સિવાય એકદમ તેને લઇને અંદર દાખલ થયો.

પરંતુ અંદર જતાની સાથેજ તે ચમકયો. ન્યાયાધીશ એકલો ન હતો. સાક્ષીના પિંજરામાં એક માણસ ઊભો હતો અને તે **શાંતાબાઇ**નો ધણી હતો, એમ તેને જોતાંજ તે જાણી ગયો. કેમકે **શાંતાબાઇ**ના મકાનમાં તેણે **પન્નાલાલ**નો ફોટો જોયો હતો. તે તુરત જ **શાંતાબાઇ** પાસે ગયો અને તેને ખેંચીને પુનઃ બહાર લઇ ગયો.

આ વખતે **ગોકુળદાસે** પૂછ્યું: "સાહેબ! સાક્ષીએ છેવટના જે શબ્દો કહ્યા છે તે હું લખી લઉં?"

"હા, શબ્દે શબ્દની નોંધ કરી લ્યો." ન્યાયાધીશે સંમતી આપી.

થોડી વારે પુનઃ દ્વાર ખુલ્યું અને એક પટાવાળો આવીને ન્યાયાધીશને ચીઠી આપી ગયો. આ ચીઠી **શરતચંદ્રે** **શાન્તાબાઇ** સાથે બહાર ગયા પછી પેન્સીલ વડે એક કાગળ ઉપર લખી હતી. તેમાં **શાંતાબાઈ**નું નામ, તેનો **પન્નાલાલ** સાથેનો સંબંધ તથા તેણે **હસમુખ**ના સંબંધમાં પોતાને જે હકીકત જણાવી હતી અને જે તેની પાસે અહીં કોર્ટમાં બોલાવવાને માટે તેને અહીં લાવ્યો હતો, તે સર્વ ટુંકામાં જણાવ્યું હતું.

"**શરતચંદ્ર** ચોતરફ દૃષ્ટિ પહોંચાડે છે." ન્યાયાધીશે વિચાર્યું.

હવે તે થોડા સમય પહેલાં જે બનાવ બની ગયો હતો તેનો અર્થ સમજી ગયો. **પન્નાલાલ** અને **શાન્તાબાઇ**ની થયેલી આ મુલાકાતથી

તે નારાજ થયો. પણ તે માટે તેણે પોતાનો—પોતાની અધિરાઇનો, પન્નાલાલની જુબાની લેવા માટે દર્શાવેલી ઉતાવળનો દોષ માન્યો.

છતાં પણ જાણે કશું બન્યું જ નથી અને આ બનાવની પોતાના મન ઉપર કશી પણ અસર થઇ નથી તેવા ભાવપૂર્વક તે બોલ્યોઃ "જે સ્ત્રી હમણાં આવી હતી તે તારી પત્ની હતી?"

"હા."

"તે તેને ભેટવા આવતી હતી, પણ તેં તેનો તિરસ્કાર કર્યો?"

"મેં તેનો તિરસ્કાર કર્યો નથી."

"તેં તેને તારાથી દૂર રાખી. જો તારા હૃદયમાં પ્રેમ હોત તો તેણે તારી સામે ધરેલા તારા છોકરા તરફ તેં જરૂર માયાની દૃષ્ટિ કરી હોત."

"આ કાંઇ પ્યાર કરવાનો સમય નથી."

"તું જૂઠું બોલે છે. તારો ઇરાદો તું જે જુબાની આપતો હતો તેના તરફ તારી સ્ત્રીનું ધ્યાન ખેંચવાનો હતો, એટલું જ નહિ પણ તેણે શું કહેવું એનું પણ તેં તેને સૂચન કરી દીધું હતું."

"મેં તેને સૂચન કર્યું? આપનું કહેવું હું સમજી શકતો નથી."

"જો તેમ ન હોય તો તું જે શબ્દો બોલ્યો હતો તેનો કશો અર્થજ થતો નથી."

"કયા શબ્દો?"

ન્યાયાધીશ બોલ્યોઃ "ગોકુળદાસ! તેનાં છેવટના શબ્દો વાંચી સંભળાવો."

"હું હસમુખ નામના માણસને ઓળખું છું એમ કહેનાર માણસ મારો દુશ્મન હોવો જોઇએ. જે માણસ એવું જૂઠાણું ચલાવશે તેનું હું ચોક્કસ ખૂન કરીશ. તેના ઉપર જરી પણ દયા નહિ કરૂં." ગોકળદાસે જુબાનીનો છેવટનો ભાગ વાંચ્યો.

"કહે, આવું તું શા માટે બોલ્યો હતો?" ન્યાયાધીશ બોલ્યો.

"એનો અર્થ સ્પષ્ટ અને સમજી શકાય તેવો છે."

“ તારી ચાલબાજી જવા દે.” ન્યાયાધીશે સ્હેજ ગુસ્સે થઈને કહ્યું: “ તેં તારી સ્ત્રીને મૌન્ય ધારણ કરવાનું સૂચન કર્યું હતું. તેં એ પ્રમાણે શા માટે કર્યું ? અને તે અમને શું કહી શકે તેમ છે ? શું તું એમ માને છે કે હસમુખ સાથેના તારા પરિચયથી પોલીસ અજાણ છે ? તારે તેની સાથે તારી માની હોટેલ પાસે તે ગાડીમાં બેઠેલો હતો એ વખતે એક રવિવારે થયેલી વાત પોલીસ નથી જાણતી ? તેના દ્વારા તને મોટો લાભ મળવાની તેં રાખેલી આશા પોલીસના જાણવામાં નથી આવી ? હજી પણ સમય છે. સાચે સાચું કહીદે. જો તું હજી પણ તારા વર્તનમાં ફેરફાર નહિ કરે તો તેનું પરિણામ ઘણું ગંભીર આવશે. તારા ઉપર પણ ખૂનીના મદદગાર તરીકેનો આરોપ આવશે. ”

આ શબ્દોની પન્નાલાલ ઉપર અસર થયા સિવાય રહી નહિ. તે વિચારગ્રસ્ત બની ગયો અને નીચે જોઈ રહ્યો. છતાં પણ તેણે મૌનનો ત્યાગ કર્યો નહિ. ન્યાયાધીશને પણ લાગ્યું કે આ માણસ પાસેથી હવે કશું વિશેષ કઢાવી શકાય તેમ નથી. એટલે તેણે સિપાઇને બોલાવી તેને તુરંગમાં લઈ જવાની તથા તે પુનઃ તેની સ્ત્રીને ન મળી શકે, એ બાબત સાવચેતી રાખવાની આજ્ઞા કરી.

પન્નાલાલ ગયા પછી શરતચંદ્ર અંદર આવ્યો. તે નિરાશ દેખાતો હતો. તે બોલ્યોઃ “સાહેબ ! મને અત્યંત દિલગીરી થાય છે કે આ સ્ત્રી તેના મકાનપર બધું કહી શકે તેમ હતી એ વખતે મેં તેને વધુ સવાલો કર્યા નહિ. પરંતુ આપની પાસે હાજર થવાની ઉતાવળ હતી. એથી હું એકદમ તેને લઇને અહીં આવ્યો અને આપને અગાઉથી જાહેર કર્યા સિવાય તેને અંદર લાવવામાં હું તો વાજબી જ કરતો હતો એમ મને—”

“ કાંઇ ચિંતા નહિ. એક વખત થઈ ગયેલી ભૂલ સુધારી શકાતી નથી ? ”

“ ના, સાહેબ ! હવે આપણે આ સ્ત્રી પાસેથી કશું પણ જાણી શકવાના નથી. તેનો તેના ધણીના ઉપર અત્યંત પ્રેમ છે. તેના ધણીએ

તેને મૌન રહેવાની આજ્ઞા કરી છે, એટલે હવે તે એક પણ શબ્દ ઉચ્ચારવાની નહિ."

શરતચંદ્રનું અનુમાન સાચુ હતું. શાન્તાબાઈ પુનઃ કોર્ટમાં દાખલ થઈ એટલે ન્યાયાધીશની પણ એ વિષયમાં ખાત્રી થઈ ગઈ.

તે અત્યારે ભગ્ન હૃદયની બનાં ગઈ હતી. પોતાના મકાનમાં જે શબ્દો તેણે ઉચ્ચાર્યા હતા તે શબ્દો પાછા ખેંચી લેવાતા હોય તો એ માટે તે પોતાનો પ્રાણ આપવાને પણ તૈયાર હતી. પન્નાલાલની દૃષ્ટિથી તે અત્યંત ભયપૂર્ણ બની ગઇ હતી. તેનો આ કેસની સાથે શો સંબંધ છે એ તે જાણતી ન હતી. પરંતુ તેને એમ લાગ્યું કે પોતાની જુબાનીથી તેના ધણીને ફાંસીને લાકડે લટકવું પડશે !

એટલે તેને કરવામાં આવેલા સવાલના મોટે ભાગે તે "ના" અથવા તો "હું જાણતી જ નથી" એ સિવાય બીજા જવાબ આપતી ન હતી; અને તેણે વિશેષમાં એમ પણ જણાવ્યું કે તે અગાઉ જે કાંઇ બોલી હોય તેમાં તેણે ભૂલ કરી હશે અથવા તો તેના સમજવામાં બીજાની ભૂલ થઈ હશે. તેણે પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કર્યું કે તેણે અગાઉ કદિપણ હસમુખ નામના માણસનું નામ સાંભળ્યું નથી કિંવા તેને નજરે પણ જોયો નથી.

જ્યારે ન્યાયાધીશે ખરો જવાબ આપવાને માટે તેને વિશેષ દબાણ કર્યું એટલે તે ડુસકાં ભરવા લાગી. તેને રડતી જોઇને તેનો છોકરો પણ રોવા લાગ્યો.

તેના આ દુરાગ્રહ આગળ ન્યાયાધીશ પણ નમી ગયો. છેવટે તે બોલ્યો: "શાન્તાબાઇ ! તને હવે રજા છે. પણ એટલું તો યાદ રાખજે કે તને અત્યારે પૂછવામાં આવેલા સવાલના સંબંધમાં તેં જે વલણ લીધું છે અને મૌન્ય ધારણ કર્યું છે, એથી તારા ધણીને ઘણું જ નુકસાન થશે."

તે એકદમ બહાર ચાલી ગઇ. ન્યાયાધીશ તથા ડિટેક્ટીવ એક બીજાની સામે નિરાશાપૂર્વક જોઇ રહ્યા. ગોકુળદાસ મનોગત

બોલ્યો: "કેદી ફાલ્ગુન ચોતરફ નજર પહોંચાડે છે. હું નથી ધારતો કે ન્યાયાધીશ સાહેબ તેને સેશન્સમાં નોંધી શકે."

પ્રકરણ ૨૯ મું.

ન્યાયાધીશ અને ડિટેક્ટિવની મસલત.

શાંતિપ્રસાદ તથા શરતચંદ્ર બન્ને ગુસ્સે થયા હતા. તેમણે આશા રાખી હતી કે પન્નાલાલ અથવા તેની સ્ત્રી પાસેથી આ ગુંચવાયેલા કોકડાને ઉકેલવાને કામ લાગે તેવી માહિતી મળી શકશે. પરંતુ તે આશા નિરાશામાં પલટાઇ ગઇ અને કેદીને પિછાનવાનું કામ જેવું ને તેવું મુશ્કેલી ભરેલું રહ્યું.

ન્યાયાધીશ બોલ્યો: " મારી ખાત્રી છે કે આ લોકો કાંઇક વિશેષ જાણે છે. જો તેઓ જણાવે તો—"

" એ આશા રાખવી નકામી છે. " શરતચંદ્રે મસ્તક ધૂણાવ્યું.

" એનું કારણ શું ? નહિ બોલવામાં તેમનો હેતુ શો છે ? પન્નાલાલ જેવા ભયંકર બદમાશને મૌન બનાવવાને માટે મોટી લાલચ આપવામાં આવી હશે. પણ તે આપણને કોણ કહી શકે ?"

શરતચંદ્ર બોલ્યો: " સાહેબ ! એક મુદ્દો મારા મનમાં કયારનો ગુંચવાયા કરે છે. જો તેનો ઉકેલ આવે તો આપણે એક પગલું આગળ વધ્યા ગણાઇએ. "

" એ શો મુદ્દો છે ? "

" આપ પૂછો છો કે પન્નાલાલને શી લાલચ આપવામાં આવી હશે ? મારો સવાલ એ છે કે તેને એવી લાલચ આપનાર કોણ ? "

" એનો જવાબ સહેલો છે. ખૂનીના જે મદદગારે આપણો દરેક સ્થળે પરાજય કર્યો છે. તેણે જ આ કાર્ય પણ કર્યું હશે. "

શરતચંદ્રે કહ્યું: " સાહેબ ! હું પણ સમજું છું કે આમાં તેનો

જ હાથ હોવો જોઇએ. પણ તેણે કયો માર્ગ લીધો હશે ? ચંદ્રભાગાને સૂચના આપવાને માટે તેણે વાપરેલી કળા આપણે સમજી શકીએ છીએ. પરંતુ તુરંગમાં પહેરેગીરોની વચ્ચે મોટા જાપતામાં રહેતા પન્નાલાલને પણ પોતાના કાબૂમાં લેવામાં તેને કેવી રીતે ફતેહ મળી હશે.

શાંતિપ્રસાદ તેના કથનમાં રહેલો ગર્ભિત હેતુ સમજી ગયો અને બોલ્યોઃ " શું કોઈ પહેરેગીરને ફોડવામાં આવ્યો હોય એવી તમને શંકા છે ? "

શરતચંદ્રે જવાબ આપ્યોઃ " ના, સાહેબ ! એવો મારો હેતુ નથી, અને કોઇને માટે મને શંકા પણ નથી. હું તો માત્ર એટલો જ વિચાર કરૂં છું કે પન્નાલાલને ચેતવવામાં આવ્યો હશે કે કેમ ? "

" જરૂર ચેતવ્યો હશે. "

" જો એમ હોય તો કાં તો તુરંગમાંહેના કોઈએ તેને બાતમી આપી હોય અથવા તો કોઈ તેની મુલાકાતે આવ્યું હશે. "

શાંતિપ્રસાદે કહ્યું: " આવી શંકામાં રહેવા કરતાં તેનો નિવેડો લાવવાની જરૂર છે. તમે મારી સાથે ચાલો. "

તે બન્ને જણા કોર્ટમાંથી બહાર નીકળીને જે વિભાગમાં તુરંગ હતી ત્યાં ગયા. થોડીવાર પહેલાં જ કેદીઓને નિયમ મુજબ ખોરાક આપવામાં આવ્યો હતો અને તે પતી ગયા પછી જેલર ગજાનનની સાથે કમ્પાઉન્ડમાં વાતો કરતો હતો.

ન્યાયાધીશને જોઈને જેલર તેની પાસે આવ્યો અને બોલ્યોઃ " આપ કેદી ફાલ્ગુનની તપાસને માટે આવ્યા હશો ? "

" હા. "

આ કેદીના સંબંધમાં પૂછગાછ થતી હોવાથી ગજાનન પણ તેમની પાસે ગયો.

જેલરે કહ્યું: " હું હમણાં ગજાનનરાવ સાથે એ કેદીના સંબંધમાં જ વાત કરતો હતો. એ માણસનું વર્તન હવે મને સંતોષકારક લાગે છે. તેના વર્તન અને સ્વભાવમાં મોટો ફેરફાર થઈ ગયો છે.

તેને બરાબર ભૂખ લાગે છે, તે આનંદી રહે છે તથા તેના પહેરેગીરની સાથે ટોળટપ્પા પણ કરે છે."

ન્યાયાધીશે પ્રશ્ન કર્યો: "એકાંત કોટડીમાં રહેતા કેદીઓને બહારની કશી પણ બાતમી મળી શકતી નથી એમ તમે ચોક્કસપણે કહી શકો છો ?"

ન્યાયાધીશનો પ્રસ્તુત પ્રશ્ન જેલરને કારી જખમ સમાન લાગ્યો. પોતાના તાબાના માણસો માટે–કદાચ પોતાને માટે પણ શંકા ! તે દિલગીરી ભરેલા સ્વરે બોલ્યો: "સાહેબ ! જો આપે આ એકાંત કોટડીઓની બારિક તપાસ લીધી હોત તો આવું ન કહેત. જ્યાં સૂર્યનો પ્રકાશ પણ આવી શકતો નથી, જ્યાં કેદીને પહેરેગીર સિવાય બીજાનું મ્હોં જોવાની પણ તક મળતી નથી, જ્યાં એક ચલીયું સરખું પણ ફરકી શકતું નથી અને જ્યાં દિવસને રાત પહેરેગીરો ભરેલી બંધૂકે ચોકી કરે છે ત્યાં બહારથી બાતમી મળવાની આશા ક્યાંથી હોય ?"

"વારૂ, એ વિષયમાં ચિંતા રાખવાનું કશું કારણ નથી." ન્યાયાધીશે કહ્યું: "હવે હું બીજા કેદી પન્નાલાલના સંબંધમાં જાણવા માગું છું."

"હું તેને ઓળખું છું–ભારે ખંધો અને બદમાશ છે,"

"એમ ! ગઇ કાલે તેને કોઈ મળવાને માટે આવ્યું હતું ?"

"તેનો ચોક્કસ જવાબ આપતા પહેલાં હું મારા ક્લાર્કને પૂછી જોઉં." એમ કહીને જેલરે તેના કલાર્કને બોલાવ્યો.

કલાર્ક આવ્યો એટલે તેને પ્રશ્ન કર્યો: "ગઇ કાલે કેદી પન્નાલાલને મળવાને માટે કોઇ આવ્યું હતું ?"

"હા, સાહેબ ! ગઇ કાલે હું પોતે તેને બહારના માણસો સાથે કેદીએ મુલાકાત કરવાના ખંડમાં લઇ ગયો હતો."

"તેને કોણ મળવા આવ્યું હતું ?" શરતચંદ્રે આતુરતાપૂર્વક

પ્રશ્ન કર્યો: " તે માણુસ ઉંચો અને કદાવર તથા ઘઉંવર્ણો અને ચપટા—"

" ના જી, મળવા આવનાર સ્ત્રી હતી. તેની માશી થાય. ચાળીશેક વર્ષની હશે. "

ન્યાયાધીશ તથા ડિટેક્ટિવ બન્નેના મુખમાંથી આશ્ચર્યોદ્‌ગાર સરી પડયો અને તે બન્ને સાથે બોલી ઉઠયા: " તે સ્ત્રી દેખાવે કેવી હતી ? "

" નીચા કદની, ગૌર વર્ણની, ટાપટીપવાળી અને દેખાવમાં ખાનદાન કુટુંબની લાગતી હતી. "

" ચંદ્રભાગાની હોટેલમાંથી જે બે સ્ત્રીઓ પલાયન થઇ ગઇ હતી તેમાંની એક હોવી જોઇએ. " શરતચંદ્રે પોતાનું અનુમાન વ્યક્ત કર્યું.

ગજાનન ખડખડાટ હસી પડયો અને બોલ્યો: " હજી પણ તને તે જાગીરદાર કે સરદારની પુત્રી અથવા પત્નીનું સમણું છે કે ?"

પરંતુ ન્યાયાધીશ આ કટાક્ષ તામોશ કરી શકયો નહિ. તે ગુસ્સા પુર્વક બોલ્યો:

" મીસ્તર ગજાનનરાવ ! તમે કરેલી ટીકા જેટલી તમારા સહચારીને તેટલી જ મને પણ લાગૂ પડે છે, એ તમારે વિસરી જવું ન જોઇએ. "

ગજાનનને પણ લાગ્યું કે પોતે કાચું કાપ્યું છે ખરૂં. એટલે તેણે બોલેલા શબ્દો માટે ન્યાયાધીશની માફી માગી. ન્યાયાધીશે તેના તરફ લક્ષ આપ્યું નહિ. તે ત્યાંથી નીકળ્યો અને ચાલતાં શરતચંદ્રને ઉદ્દેશીને બોલ્યો: " તમે પોલીસ કમિશ્નરની ઓફિસમાં જાઓ અને આ સ્ત્રી કેવી રીતે તથા કયું કારણ દર્શાવીને પન્નાલાલને મળવાની પરવાનગી મેળવી શકી તેની તપાસ કરો. "

પ્રકરણ ૩૦ મું.

એરીંગના માલિકની તપાસ.

તેઓ બન્ને જણા જુદા પડયા. શાંતિપ્રસાદ પોતાની ઓફિસ તરફ જવા લાગ્યો. માર્ગમાં પટાવાળા, કારકુનો કે પોલિસના માણસો તેને નમન કરતા. પરંતુ તે સ્વીકારવાને માટે તેનું લક્ષ તેમના તરફ ન હતું. તે આ કેસના વિચારમાં ઊંડો ઉતરી ગયો હતો. અત્યારસુધી આ કેસમાં દરેક પગલે નિષ્ફળતાનું જ દર્શન થયું હતું. હવે શું કરવું અને કેવી રીતે રીતે સત્ય હકીકત શોધી કાઢવી, તેનો વિચાર તેને મુંઝવતો હતો તે ઓફિસમાં દાખલ થયો અને પુનઃ આ કેસના કાગળો લઇને વાંચવા લાગ્યો તથા વિચારમાં ગરકાવ બની ગયો.

કેટલીક વારે શરતચંદ્ર તેની પાસે આવ્યો અને નમન કરીને ઊભો રહ્યો.

"કેમ ? શી ખબર લાવ્યા ?" ન્યાયાધીશે આતુરતાપૂર્વક પ્રશ્ન કર્યો.

"ખબર આશા આપનારી નથી."

"કેમ ? પન્નાલાલને મળવાની પરવાનગી કોને આપવામાં આવી છે, એ તેઓના જાણવામાં નથી ?"

"અરે સાહેબ ! એ તેમના બરાબર જાણવામાં છે; અને ત્યાં જ ખૂનીના મદદગારે વાપરેલી બુદ્ધિનો ખ્યાલ આપણને આવી શકે છે. આજથી એક અઠવાડિયા પહેલાં પન્નાલાલની મા ચંદ્રભાગાની કાકાની દીકરી આનંદીબાઇએ પોલીસ કમિશ્નરને અરજ કરીને પોતાના ભાણેજને મળવાની મંજુરી માગી હતી. તે માટેની રજાચીઠી તેને આપવામાં આવી હતી. એ રજાચીઠીનો ઉપયોગ ગઈ કાલે થયો છે."

"શું ! ત્યારે આ આનંદીબાઇ પણ કાવતરામાં સામેલ છે ?" ન્યાયાધીશને આશ્ચર્ય થયું.

ડિટેક્ટિવે જવાબ આપ્યોઃ "હું એ માની શકતો નથી. કેમ કે ગઇ કાલે તે તુરંગમાં આવી જ ન હતી. કમિશ્નર સાહેબના સેક્રેટરીને તે સ્ત્રીનો ચ્હેરો બરાબર ખ્યાલમાં રહ્યો છે. તે કહેતો હતો કે આ સ્ત્રી પાંચ ફુટ કરતાં સ્હેજ વિશેષ ઉંચી હતી. તેનો ચ્હેરો કાળાશ ઉપર હતો અને તે લગભગ સાઠ વર્ષની હતી. જ્યારે ગઈ કાલે મુલાકાતે આવનાર સ્ત્રી નીચા ઘાટની, દેખાવડી અને ચાળીશ વર્ષની હતી."

"જો એમ હોય તો પન્નાલાલને મળનારી સ્ત્રી પેલી બે પલાયન થઇ ગયેલી સ્ત્રીઓમાંની એક હોવી જોઈએ." ન્યાયાધીશે જણાવ્યું.

"વિચાર કરતાં એ પણ મને સંભવિત નથી લાગતું."

"ત્યારે આ સ્ત્રી કોણ હશે?"

"મારું માનવું એવું છે કે રેલ્વે સ્ટેશન ઉપરની વીશીની માલિકણ હોવી જોઇએ. પરંતુ કાંઈ ચિંતા નહિ. એ શંકાનું સમાધાન કરવાને માટે રસ્તા છે."

"વારુ, પણ આ આનંદીબાઇએ તેના ભાણેજને મળવાની પરવાનગી મેળવી છે, એવું ખૂનીના મદદગારના જાણવામાં શી રીતે આવ્યું હશે?"

"મારું માનવું એવું છે કે પોલીસ ચોકી ઉપર જ્યારે તેની અને ચંદ્રભાગાની વચ્ચે મસલત થઈ તે વખતે પન્નાલાલને ચેતવવાની પણ તેમને જરૂર લાગી હશે અને તેને કેવી રીતે મળવું એ વિષયમાં વિચાર કર્યો હશે. ચંદ્રભાગાએ ખૂનીના મદદગારને પોતાની બ્હેન આનંદીબાઈએ મેળવેલી રજાચીઠીની હકીકત જણાવી હશે, અને આ બાહોશ માણસે કોઇ અનન્ય યુક્તિવડે તે રજાચીઠી મેળવી હશે."

"બરાબર એમ જ હોવું જોઈએ. પરંતુ તેની ખાત્રી કરવાની જરૂર—"

"આપ ફિકર ન કરો, સાહેબ! એ વિષેની હું તપાસ કરીશ. એટલું જ નહિ પણ બે જાસુસો શાંતાબાઈના મકાન પાસે તથા સ્ટેશન ઉપરની વીશી પાસે રાખીશ. ખૂનીનો મદદગાર એ બેમાંથી

એક પણ સ્થળે જશે તો પરહેજ થયા વગર રહેશે નહિ. ”

પરંતુ અત્યારે ‘હું આમ કરીશ ને તેમ કરીશ’ એવા નિરર્થક શબ્દો ઉચ્ચારવામાં સમય ગૂમાવી શકાય તેમ ન હતું. એક પળ એક લાખ રૂપીઆની હતી. એટલે ડિટેકિટવ બોલ્યોઃ “ સાહેબ? હવે હું રજા લઉં છું. આપને ખાસ જરૂર પડે તો મારો વિશ્વાસુ મદદનીશ સોડાવોટર બહાર છે. હું પેલા હસમુખના કાગળ તથા એરીંગના સંબંધમાં વિશેષ તપાસ કરવા ધારૂં છું. ”

“ હા, એ બરાબર છે. જાઓ ને ફતેહ કરીને આવો. ”

‘ ફતેહ કરીને આવો ’ એમ કહેવું સહેલું હતું અને ડિટેકિટવ પણ ફતેહની જ આશા રાખતો હતો. પરંતુ આપણે રાખેલી ધારણા ફળિભૂત થવી જ જોઇએ એવો નિયમ ન હતો. તે નમન કરીને બહાર નીકળ્યો. સોડાવોટરને તેણે કેટલીક સૂચના કરી. પછી તે કોર્ટમાંથી બહાર પડયો. પહેલાં તેણે એરીંગના માલિકની તપાસ કરવાનો વિચાર કર્યો. પરંતુ તે તપાસને માટે દરેકે દરેક ઝવેરીને ત્યાં જઈ એરીંગનો હીરો બતાવવાનું બની શકે તેમ ન હતું. કારણ કે એમ કરવામાં ઘણો સમય પસાર થઈ જાય. એટલે તે માર્ગ નકામો હતો. સદ્‌ભાગ્યે એક ઝવેરાતનો દલાલ તેના પરિચયવાળો હતો. આ માણસ પૈસાદાર હતો અને ઝવેરાતના સંબંધમાં જરૂર પડતાં પોલીસખાતું તેની મદદ લેતું. કયો ઝવેરી કેવા પ્રકારનું ઝવેરાત વેચે છે તથા તેને ત્યાં શું શું કામ થાય છે તેની તેને સંપૂર્ણ માહિતી હતી. એટલે શરતચંદ્રે તેની સહાય લેવાનો વિચાર કર્યો. તે તેના મકાનપર ગયો. દલાલ પણ થોડો સમય થયા જ બહારથી પોતાને ઘેર આવ્યો હતો.

શરતચંદ્રે તેને એરીંગનો હીરો બતાવીને પૂછ્યુંઃ “ આ હીરો કયા ઝવેરીને ત્યાં બેસાડવામાં આવ્યો હશે ?”

દલાલે લક્ષપૂર્વક હીરાનું તથા તેને બેસારવાની કારીગીરીનું અવલોકન કર્યુંઃ છેવટે તે બોલ્યોઃ “ આ નંગની કીમત ચાર હજાર રૂપીઆની છે અને મારા સમજવા પ્રમાણે તે ઝવેરી દોલતરાય

માધવરાયને ત્યાં બેસારવામાં આવ્યો છે. ત્યાં તમે તપાસ કરશો તો વિશેષ માહિતી મેળવી શકશો."

તેનું અનુમાન ખોટું ન હતું. શરતચંદ્ર એક પળનો પણ વિલંબ નહિ કરતાં દોલતરાયને ત્યાં ગયો. દોલતરાય મોટો ઝવેરી ન હતો. ઝવેરાતનો વેપાર કરવાની સાથે તેને જડવાનું કામ પણ કરતો હતો. તે શરતચંદ્રને પિછાનતો ન હતો છતાં માત્ર તેને એક ગ્રાહક જાણીને આવકાર આપ્યો.

શરતચંદ્રે તેને એરીંગ બતાવીને પૂછયુંઃ "આ એરીંગ તમે તૈયાર કરેલું છે?"

દોલતરાયના હાથમાં એરીંગ આવતાં જ એ પોતાની કારીગીરી હોવાનું સમજવામાં તેને મુશ્કેલી પડી નહિ. તેણે હકારમાં જવાબ આપ્યો.

"વારૂ, ત્યારે આ એરીગ તમારી પાસેથી કોણે વેચાતું રાખ્યું હતું?"

દોલતરાયે જવાબ આપ્યોઃ "તેને લગભગ ચારક વર્ષ થઈ ગયાં છે. એટલે એ હું ચોકકસપણે કહી શકું નહિ. પણ રહો, મારા મુનિમને પૂછી જોઉં. તેની સ્મરણશક્તિ મારા કરતાં વધારે સારી છે."

તેણે પોતાના મુનિમને બોલાવી તેના હાથમાં પેલું એરીંગ આપીને પ્રશ્ન કર્યોઃ "આ એરીંગ આપણે ચારેક વર્ષ ઉપર વેચ્યું છે. તેની જોડી વેચી હતી. પણ તે ખરીદનાર કોણ હતું?"

મુનિમે પણ એરીંગનું બારિક અવલોકન કરી જોયું. તે વિચાર-ગ્રસ્ત બની ગયોઃ થોડી વારે બોલ્યોઃ "હા, સાહેબ! હવે મને યાદ આવે છે. રાવ બહાદુર શ્રીપતિપ્રસાદનાં પત્ની સુલોચનાબાઈએ આપને હીરાજડિત એરીંગની જોડી તૈયાર કરવાનું કહ્યું હતું. આપે આ જોડી તૈયાર કરીને તેમને નવ હજાર રૂપીઆની કીમતથી વેચી હતી. તેમાંથી પાંચ હજાર રૂપીઆ તો તુરત રોકડા ગણી આપ્યા હતા અને ચાર હજારને માટે આપણા માણસને તેમને ત્યાં પુષ્કળ ધક્કા ખાવા પડયા હતા."

"હા, હા, હવે મને પણ યાદ આવે છે." દોલતરાયે કહ્યું: આ એરીંગની જોડી અમે સુલોચનાબાઇને વેચાતી આપેલી છે. પણ તમારે આ તજવીજ શા માટે કરવી પડી ?"

"આ એરીંગ પોલીસના માણસોને હાથ લાગ્યું છે. તેના ખરા માલિકની તપાસને માટે કમિશ્નર સાહેબના હુકમથી હું આપની પાસે આવ્યો હતો અને આપે મને કરેલી મદદ માટે હું આપનો અત્યંત આભાર માનું છું."

"એમાં આભાર શાનો ? પોલીસખાતાને મદદ કરવી તે અમારી ફરજ છે. મારા સરખું કામકાજ મને સુખેથી ફરમાવશો." દોલતરાયે વિવેક કર્યો.

"વારૂ, સાહેબજી !" શરતચંદ્ર ત્યાંથી નીકળ્યો.

"સુલોચનાબાઈનું ઠેકાણું તે જાણતો ન હતો. એટલે એક ગાડી ભાડે કરીને પોલીસ કમિશ્નરની ઓફિસે જવાને માટે ઉપડયો.

પ્રકરણ ૩૧ મું.

નિરાશા ! નિરાશા !

ડિટેક્ટિવ સુલોચના બાઇનું ઠેકાણું જાણતો ન હતો તેનો ધણી શ્રીપતિપ્રસાદ મોટો વેપારી અને કોન્ટ્રાકટર હતો. તેણે પુષ્કળ પૈસો પેદા કર્યો હતો. તે ચારેક વર્ષ પહેલાં સ્વર્ગવાસ પામ્યો હતો. એટલે સુલોચનાબાઇ અત્યારે વૈધવ્ય અવસ્થામાં જીવન ગાળતી હતી.

આપણા ડિટેક્ટિવને રાવ બહાદૂરના કે સુલોચનાના આગલા કિંવા અત્યારના જીવનનો કશો પરિચય ન હતો. એટલે આ સુલોચનાનું ઠેકાણું જાણવાને માટે તે પ્રથમ પોલીસ કમિશ્નરની ઓફિસમાં ગયો. ત્યાં તેને તમામ બાતમી મળી. સુલોચના સાઠ વર્ષની છે તે

ચાર વર્ષથી વિધવા થયેલી છે. તેનો એકનો એક દીકરો તથા તેની સ્ત્રી બન્ને બે વર્ષ પહેલાં પ્લેગને લીધે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને ચાલ્યાં ગયાં છે. અત્યારે તે દીકરાની પંદર વર્ષની એક પુત્રી માત્ર છે. સુલોચનાને જમીનની ઉપજ તથા વ્યાજ મળીને વાર્ષિક રૂપીઆ દશ હજારની આવક છે. પરંતુ તેનું ખર્ચ વિશેષ હોવાથી તે દેવાદાર સ્થિતિમાં રહે છે. લ્હેણદારો તેનું આંગણું ઘસવી નાંખે છે. અને તેને ત્યાં અત્યારે તે, તેની પૌત્રી, બે પુરુષ નોકરો અને એક રસોયણ મળી કુલ પાંચ જણ છે.

આટલી વિગત મેળવીને તે સુલોચનાના મકાનપર ગયો. બહાર ઓશરીમાં એક નોકર હતો. શરતચંદ્રે પૂછયું: "સુલોચનાબાઇ છે ?"

"તે આજે જ બહારગામ ગયાં છે." નોકરે જવાબ આપ્યો.

ડિટેક્ટિવ આવા ઉત્તરથી હારી જાય તેવો ન હતો. તે સમજ્યો કે "આ નોકર મને પણ લ્હેણદારો માંહેનો એક સમજતો હશે અને તેથી અહીંથી જ કાસળ પતાવવાને માટે તેની શેઠાણીની શિખવણી મુજબ આવો જવાબ આપ્યો હશે."

એટલે તેણે કહ્યું: "તમારે મારે માટે શંકા રાખવાની જરૂર નથી. હું કાંઇ લ્હેણું વસૂલ કરવાને માટે અહીં આવ્યો નથી. મારે ખાસ જરૂરી કામ છે અને તમારી શેઠાણીને મળ્યા સિવાય ચાલે તેમ નથી. માટે તેમને ખબર આપો કે એક માણસ તમને મળવા માગે છે."

આ નોકરને સમજાવતાં તેને સ્હેજ મુશ્કેલી પડી ખરી. પરંતુ અંતે નોકર નરમ પડયો અને બોલ્યો: "તમે રોકાઓ, હું તપાસ કરૂં. આજે ગામ જવાનું કહેતાં હતાં. જો નહિ ગયાં હોય તો તમારા ખબર આપીશ."

નોકર અંદર ગયો અને થોડી વારે બહાર આવીને બોલ્યો: "ચાલો, સુલોચનાબા તમને બોલાવે છે."

તે નોકર સાથે અંદર દિવાનખાનામાં ગયો. દિવાનખાનું સુંદર

રીતે શણગારવામાં આવ્યું હતું અને તમામ ફરનિચર અત્યંત મૂલ્યવાન્ હતું. એક મલમલની ગાદીવાળા કોચપર રા. બ. શ્રીપતિપ્રસાદની વૃદ્ધ વિધવા બેઠી હતી. તે સાઠ વર્ષની હતી છતાં તેનો ચ્હેરો ઉમરના પ્રમાણમાં ભરાવદાર હતો. તેણે શ્યામ સાડી ઓઢી હતી. તેના વાળ રૂપેરી રંગના બની ગયા હતા. તેણે ડિટેક્ટિવને એક ખુરસીપર બેસવાની નેત્રસંકેતવડે સૂચના કરી અને પૂછયું: “ તમે કેમ અહીં આવ્યા છો ? ”

શરતચંદ્ર તેના સર્વાંગનું અવલોકન કરી રહ્યો હતો. તેને લાગ્યું કે આ સ્ત્રી ચંદ્રભાગાની હોટેલમાંથી પલાયન થયેલી સ્ત્રીઓ માંહેની નથી. તેને સ્તબ્ધ રહેલો જોઇને સુલોચનાએ સ્હેજ ઉચ્ચ સ્વરે પ્રશ્ન કર્યો: “ કાને બ્હેરાશ તો નથી ને ? તમે કેમ અહીં આવ્યા છો ? ”

તેનો સીધો જવાબ આપવાને બદલે શરતચંદ્રે ગજવામાંથી પેલું મૂલ્યવાન એરીંગ કાઢીને કોચ ઉપર મૂકતાં કહ્યું: “ આ એરીંગ મને જડયું છે અને મને એવું જણાવવામાં આવ્યું છે કે તે આપનું છે. ”

સુલોચનાએ હાથમાં લઇને એરીંગ તપાસ્યું. તે બોલી: “ હા, એક વખત આ એરીંગ મારૂં હતું. મેં મારી પૌત્રીને માટે એરીંગની જોડ ખરીદી હતી. દોલતરાય ઝવેરીને ત્યાંથી ખરીદી કરી હતી અને તેણે તેના મારી પાસેથી નવ હજાર રૂપીઆ લીધા હતા. આજથી ચારેક વર્ષ પર તે લીધેલ. પરંતુ પછી મારા ધણી ગુજરી ગયા એટલે મેં તે બન્ને એરીંગ વેચી નાંખ્યાં. બીજા પણ કેટલાક દાગીના વેચવાની મને ફરજ પડી હતી. ”

“ આ એરીંગ આપે કોને વેચ્યાં હતાં ? ”

“ એટલે । એ જાણવાની તમારે શી જરૂર ? ”

શરતચંદ્રે કહ્યું: “ બાઇ સાહેબ ! એમાં મારો બીજો કશો ઇરાદો નથી. માત્ર આ એરીંગ અત્યંત મૂલ્યવાન્ છે. તે મારે હાથ

આવ્યું છે એટલે તેનો માલિક જો મને મળી આવે તો હું તેને પા
આપી શકું."

"અહો ! તમે બહુ જ પ્રામાણિક લાગો છો. વળી ઇનામની પ
આશા હશે ?"

"બાઈસાહેબ ! હું ગરીબ માણસ—"

"કાંઈ હરકત નહિ. તમારી પ્રામાણિકતાથી હું ખુશ થઇ છું
વારૂ, મેં તે એરીંગની જોડ લતાગૌરી નામની એક સ્ત્રીને વેચાત
આપી હતી."

"લતાગૌરી ! એ કોણ છે અને ક્યાં રહે છે ?"

"લતાગૌરી અહીંની મહિલા વિદ્યાલયમાં લેડી સુપરિન્ટેન્ડ
હતી. તેણે બી. એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને જીવન પર્ય
કુંવારી રહેવાનો નિશ્ચય કર્યો હતો. તેનો પિતા અત્યંત શ્રીમંત હતો
એટલે તેને વારસામાં સારી રકમ મળી હતી. વળી અહીં પણ તેન
રાજ્ય તરફથી દર માસે ચારસો રૂપીઆનો પગાર મળતો હતો. પરંત
તે એક વર્ષ પહેલાં ગુજરી ગઈ છે."

"ત્યારે તેનું કોઇ વારસ હશે ?"

"હા, તેનો એક ભાઇ છે. તેનું નામ ઉછરંગલાલ છે અને ત
લલિતપુર રાજ્યમાં મોટા હોદ્દા ઉપર છે. તેઓ લલિતપુરનાં વતની
છે. લતાગૌરી તો અહીં નોકરીને માટે આવી હતી."

તે સ્હેજ મૌન રહીને પુનઃ બોલીઃ "પણ તેના ભાઇને લતા-
ગૌરીના મૃત્યુના સમાચાર મળતાં તેની તમામ મીલકત હરરાજ કરી
નંખાવી હતી અને તે રોકડ રકમ લઇને ચાલ્યો ગયો હતો."

"ત્યારે હવે મારે શું કરવું ?"

"બીજું વળી શું ? આ એરીંગ તમારી પાસે રાખવું. આશરે
પાંચ હજારનું છે. હું નથી ધારતી કે એના માલિકનો પત્તો લાગ
શકે. હરરાજીમાં આ એરીંગ પણ આવી ગયું હશે અને તે કોણ જાણે
કોણે લીધું હશે." સુલોચનાએ જણાવ્યું.

"એ હરરાજી કરવાનું કામ કોને સોંપવામાં આવ્યું હતું તેની આપને માહિતી છે?"

"ના, હું જાણતી નથી. કોઈ લીલાંઉવાળાને સોંપ્યું હશે. મારે ખરીદવું નહિ ને શા માટે લક્ષ આપવું પડે?"

હવે અહીંથી વિશેષ ખુલાસો મળી શકે એમ નહિ લાગવાથી ડિટેક્ટિવ ઉઠયો અને સુલોચનાબાઇને આપેલા શ્રમ માટે માફી માગી, તેને નમન કરીને બહાર પડયો.

સુલોચના મનમાં બડબડી: "જો બધા આના જેવા પ્રામાણિક હોય તો દુનિયા ચાલે જ નહિ."

હવે શરતચંદ્રે લતાગૌરીની મીલકત હરરાજ કરનાર લીલાંઉવાળાનો પત્તો મેળવવાનો વિચાર કર્યો. તે 'ચંદ્રનગર સમાચાર' નામના વર્તમાનપત્રની ઓફિસમાં ગયો. આ પત્રનો ઉપતંત્રી તેની પિછાનવાળો હતો. ત્યાં જઇને તેણે ઉપતંત્રી પાસે તેના પત્રની એક વર્ષ પહેલાંની ફાઇલ જોવા દેવાની માગણી કરી.

"એક વર્ષ પહેલાંની ફાઇલની શી જરૂર પડી?" ઉપતંત્રીએ પૂછયું.

"એ વખતે બનેલા ગુન્હાઓના સંબંધમાં શી ટીકા કરવામાં આવી હતી એ જાણવાની ઇચ્છા છે."

ઉપતંત્રીએ વિશેષ પૃચ્છા નહિ કરતાં ફાઇલ મંગાવી આપી. શરતચંદ્રે તેનાં પાનાં ઉથલાવતાં લેડી સુપરિન્ટેન્ડન્ટ લતાગૌરીના મૃત્યુના સમાચાર તથા તેના લલિતપુરમાં રહેતા ભાઈ ઉછરંગલાલે તેની મીલકતની કરેલી હરરાજી કરનાર લીલાંઉવાળા દોરાબજી મહેરબાનજી પટેલનું નામ મળી આવ્યું. તે ઉપતંત્રીનો આભાર માનીને ત્યાંથી દોરાબજી પટેલને ત્યાં ઉપડયો.

દોરાબજી પટેલ મળતાવડો અને માયાળુ સ્વભાવનો હતો. તેણે શરતચંદ્રની માગણીથી લતાગૌરીની મીલકતની યાદી બતાવી. તેમાં વાસણ, ફરનિચર, વસ્ત્રો, દાગીના વગેરે તમામ હતું. પરંતુ તેમાં

એરીંગની જોડીની ક્યાંય નોંધ થયેલી ન હતી માત્ર દોરાબજીએ એટલું જણાવ્યું કે લતાગૌરીનો ભાઈ તેની બ્હેનની મીલકતમાંથી કશું પણ પોતાની સાથે લઇ ગયો ન હતો. તમામ મીલકત હરરાજ કરી નાંખવામાં આવી હતી. પરંતુ તો પછી એરિંગ ક્યાં ગયું હશે ? આટલી તપાસને પરિણામે નિરાશા પ્રાપ્ત થઈ અને અહીંથી ગાડું આગળ ચાલી શકે તેમ ન લાગ્યું.

તે ત્યાંથી નીકળ્યો. રસ્તામાં ચાલતાં તેને એક વિચાર થયો. ખૂનીના મદદગારે દોલતરાયને અને સુલોચનાબાઇને પણ પોતાના વિશ્વાસમાં લીધાં નહિ હોય ? તેથી તે પુનઃ દોલતરાયને ત્યાં ગયો. તેણે એરીંગના વેચાણના સંબંધમાં ચોપડામાં કશી નોંધ કરવામાં આવી છે કે કેમ એ જાણવાની ઇચ્છા કરી. દોલતરાયે રોજમેળ તથા ખાતાવહી બન્ને બતાવ્યાં. તેની રકમ સુલોચના બાઈને ખાતે માંડવામાં આવી હતી. જ્યારે પૈસા આવેલા ત્યારે જમા પણ કરવામાં આવ્યા હતા. આજથી ચાર વર્ષ ઉપર લખેલા ચોપડામાં દોલતરાય પાછળથી કશો ફેરફાર કરે એવી શંકા તે લાવી શક્યો નહિ. એટલે અહીં ખૂનીના મદદગારે ચાલાકી ચલાવ્યાની કલ્પનાનો તેને ત્યાગ કરવો પડયો.

હવે તેણે કૃષ્ણકુમાર રોડ ઉપર હસમુખની તપાસ કરવા માંડી ત્યાં હોટેલોમાં, લોજમાં, મકાનોમાં હસમુખને માટે તપાસ કરી પણ કશો પત્તો લાગ્યો નહિ. આજે વખત થઈ જવાથી ઘેર ગયો. બીજે દિવસે સ્હવારથી સ્હાંજ સુધી એ તપાસ જારી રાખી. એમ લગભગ એક પખવાડિયું સુધી તે મંડયો રહ્યો. પણ કશો પત્તો મળ્યો નહિ.

ગંગાદાસ એવું બોલ્યો હતો કે હસમુખ એકટર હતો. એટલે તેણે એ બાતમીને આધારે જુદાં જુદાં થીયેટરોમાં તપાસ કરવા માંડી, પરંતુ દરેક સ્થળે તેને પ્રથમ એ સવાલ કરવામાં આવતો કે "એ કેવા દેખાવનો છે ?" તેનો જવાબ તે શો આપી શકે ? શાન્તાબાઇએ કહ્યું હતું કે 'તે સદ્‌ગૃહસ્થ જેવો લાગતો હતો.' પણ એટલા વર્ણન ઉપરથી કોઇની ભાળ કેવી રીતે લાગે ? કોઈ એવો પણ પ્રશ્ન કરતા

કે 'તે શેનો પાઠ ભજવતો હતો ?' આનો જવાબ આપવાને પણ તે શક્તિમાન્ ન હતો. વળી હસમુખ તેનું ખરૂં નામ હશે કે બનાવટી? અને નાટક કંપનીઓમાં તે બીજા નામથી નોકરી કરતો હશે કે કેમ ? એ પણ મોટો વિચાર થઇ પડયો હતો.

અર્થાત્ અત્યારસુધીના તેના પ્રયત્નમાં તેને બિલકુલ નિરાશા જ મળી હતી; અને આ નિરાશા તેને ઘણી જ સાલતી હતી. કારણ કે ગજાનનનાં માર્મિક વચનો તેને સતત યાદ આવ્યાં કરતાં હતાં. કોઇ વાર આવો ગુંચવણી ભરેલો કેસ હાથમાં લેવાને માટે તેને મનમાં પશ્ચાત્તાપ પણ થતો હતો.

પ્રકરણ ૩૨ મું.

કેદીની બેફીકરાઇ.

જેમ તળાવમાં એક મોટો પત્થર ફેંકતાં શરૂઆતમાં પાણી ઉછળે છે, બડબડીયાં બોલે છે, પાણીપર કુંડાળાં વળે છે અને ધીમે ધીમે પુનઃ શાંતિ પથરાઈ જાય છે, તેવી રીતે ચંદ્રભાગાની હોટેલમાં થયેલાં ત્રણ ખૂનની હકીકત વર્તમાનપત્રો દ્વારા જાહેર થતાં પ્રારંભમાં ચંદ્રનગરના લોકોમાં ઉશ્કેરાટ ફેલાઇ રહ્યો. સર્વત્ર એની એ વાતો થવા લાગી. વર્તમાનપત્રો પોલીસની નબળાઇ અને બેદરકારી વિષે ટીકા કરવા લાગ્યાં. ખૂનીના સંબંધમાં અવનવી કલ્પનાઓ થવા લાગી. પરંતુ વખતના વહેવાની સાથે એ સર્વ શાંત થઇ ગયું. જાણે આ બનાવ બન્યો જ નથી તેવી રીતે ચંદ્રનગરનો વ્યવહાર પૂર્વવત્ શાંતિથી ચાલવા લાગ્યો. માત્ર ન્યાયાધીશની કોર્ટમાં, પોલીસખાતામાં અને તુરંગમાં આ બનાવનું સ્મરણ રહ્યું.

શરતચંદ્રની માફક શાંતિપ્રસાદ પણ શાંત રહ્યો ન હતો. પરંતુ અત્યારસુધીમાં તેના પ્રયત્નમાં પણ ડિટેક્ટિવ કરતાં વિશેષ સફળતા મળી ન હતી. તેણે ચંદ્રભાગા, પન્નાલાલ અને તેની સ્ત્રીની ફરી તપાસ

લીધી. પેલી સ્ટેશનપરની વીશીવાળી રેણુકાબાઈને પણ પુષ્કળ સવાલો કર્યા. પરંતુ એ બધાંની જુબાની ઉપરથી તેઓ ખૂનીના મદદગારની સાથે કાવતરામાં સામેલ હોય એમ લાગ્યું.

જ્યારે પોતાના પ્રયત્નમાં કશી પણ સફળતા ન મળી, એટલે તે ચિડાયો. તેને એમ થયું કે અગાઉ પોલીસના માણસો ગુન્હેગારની પાસેથી સત્ય હકીકત કઢાવવાને માટે તેને મારતા લોઢાનો સળીયો ધખાવીને ડામ દેતા. કૂવામાં ઉંધે માથે લટકાવતા, તથા એવો બીજો ત્રાસ તેના ઉપર ગુજારતા એમાં કશું પણ ગેરવાજબી ન હતું. આવા હઠીલા ગુન્હેગારોને માટે તે સિવાય બીજો એકે માર્ગ નથી.

ખૂની પણ હવે બેફિકરો બની ગયો હતો. જાણે પુષ્કળ વર્ષ તેણે તુરંગમાં ગાળ્યાં હોય તે પ્રમાણે તુરંગનિવાસ તેને સહેવાઈ ગયો હતો. તેને પહેરવાને માટે આપેલાં ખાદીનાં કપડાં તરફ જરી પણ તે અણગમો બતાવતો નહિ. તેને મળતો ખોરાક પણ જાણે અમૃત સમાન સ્વાદિષ્ટ લાગતો હોય એવો દેખાવ તે કરતો હતો.

ન્યાયાધીશ તેને અવારનવાર પોતાની સન્મુખ બોલાવીને નવા નવા પ્રશ્નો કરતો હતો. તેના જવાબ કેદી બેદરકારી પૂર્વક આપતો હતો. તેને પોતાના ઉપર કશો પણ આરોપ સિદ્ધ થઈ શકવાનો નથી એવી ખાત્રી હોય એમ લાગતું હતું.

એક વખત તેની જુબાની માટે તેને કોર્ટમાં લાવવામાં આવ્યો તે વેળાએ તેણે કહ્યું: "ન્યાયાધીશ સાહેબ! તમે આટલા લાંબા સમય સુધી મને એકાંત કોટડીમાં શા માટે ગોંધી રાખ્યો છે? મને મુક્ત પણ નહિ કરો અથવા સેશન્સ કોર્ટમાં નહિ મોકલો? તમારા મગજમાં ગમે તેવી રીતે હું કોઇ મોટો માણસ છું એવી કલ્પના દાખલ થઇ ગઈ છે, તેને ખાતર શું મારે સહન કરવું?"

"જ્યાં સુધી તું કબૂલ કરીશ નહિ ત્યાં સુધી હું તને એકાંત કોટડીમાં રાખીશ." ન્યાયાધીશે જવાબ આપ્યો.

"મારે શું કબૂલ કરવું?"

" એ તું બહુ સારી રીતે જાણે છે. "

કેદી આ સાંભળીને બેદરકારીપૂર્વક ખભા ઉલાળતો બોલ્યોઃ " જો એમ હોય તો આ નરકસ્થાનમાં જ મારે મારૂં જીવન વિતાવવાનું રહ્યું. "

આ બનાવ પછી તેની ખાત્રી થઈ ગઇ હતી કે તેને કેદખાનામાં કાયમને માટે રહેવાનું છે અથવા તો ઘણો લાંબો સમય ગાળવાનો છે. એટલે તે તુરંગ વાસને અનુકૂળ બનતો હતો કિંવા તુરંગવાસને પોતાને અનુકૂળ બનાવતો હતો.

પોતાની ટ્રંક માંહેની કેટલીક વસ્તુઓ પોતાને મળવાને માટે તેણે જેલરને અરજ કરતાં એ તેને આપવામાં આવી હતી; વળી સમય પસાર કરવાને માટે તેણે ' વકતૃત્વ ખીલવવાની કળા ' એ નામના પુસ્તકની માગણી કરી હતી. તેની એક નક્લ તેને લાવી આપવામાં આવી હતી. તેના જે પૈસા તુરંગના ઉપરિએ જમા રાખેલા હતા, તેમાંથી પણ તેને જરૂર જોગા વાપરવાને આપવામાં આવતા હતા. કારણ કે જ્યાં સુધી એક કેદીને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી ન હોય ત્યાં સુધી તેને નિર્દોષ ગણીને તે તુરંગમાં હોવા છતાં અમુક પ્રકારની છૂટછાટ અને સગવડ આપવામાં આવતી હતી. એ સગવડનો લાભ લેવાનું તે ચૂકયો ન હતો.

તે પોતાના પહેરેગીરોની સાથે વાર્તાલાપ કરતો, ગાયનો સંભળાવતો, સરકસમાં મશ્કરાનું કાર્ય કરતો હતો તેવી રીતે અહીં પણ કરીને પહેરેગીરોને ખુશ કરતો, પોતાના પ્રવાસ દરમ્યાન પ્રાપ્ત થયેલા સહાસિક પ્રસંગોનું વર્ણન કરીને તેમની રસવૃત્તિને તૃપ્ત કરતો. વળી એકલો એકલો પણ ગાયનો લલકારતો અને વકતૃત્વ શક્તિ ખિલવવાને માટે પેલા પુસ્તકનો અભ્યાસ કરતો તથા તેમાં કરવામાં આવેલી સૂચના પ્રમાણે એકલો એકલો પહેરેગીર સાંભળે તેમ ભાષણો પણ કરતો.

તુરંગના જેલરને તેનું આ વર્તન વિચિત્ર લાગતું હતું. તેની માનિનતા એવી હતી કે આ માણસને અગાઉ કોઈ ભયંકર ગુન્હા માટે જન્મકેદની સજા કરવામાં આવેલી હોવી જોઈએ અને ત્યાંથી તે પલાયન થઈ ગયો છે: અને એ કારણથી તે પોતાની ખરી ઓળખાણ છૂપાવવાને માટે આ બધા ઢોંગ કરે છે.

આ વિચારથી લગભગ એક પખવાડિયું સુધી તેણે પોલીસ ખાતાના તમામ માણસો, ડિટેક્ટિવો, તુરંગના તમામ વોર્ડરો અને બીજા ખાનગી રીતે કાર્ય કરતા ડિટેક્ટિવોને ખૂનીનું અવલોકન કરવાની તક આપી હતી. પરંતુ તેમાંથી એક પણ માણસ તેને ઓળખી શકયો ન હતો. તેનો ફોટો લઇને તેની નકલો ચંદ્રનગર રાજ્યનાં તમામ કેદખાનાં તથા પોલીસ ખાતાનાં જુદાં જુદાં ગામનાં મથકો પર મોકલવામાં આવી હતી. છતાં એકે માણસે અગાઉ ફાલ્ગુનને જોયો હોય એવો પૂરાવો મળી આવ્યો નહિ.

બીજી રીતે કરવામાં આવેલી તપાસ કેદીની તરફેણમાં જતી હતી. પ્રો. હરનામસિંગ નામનો એક માણસ અંગબળના ખેલો કરતો હતો તે થોડા દિવસ પહેલાં મરણ પામ્યાનું જાણવામાં આવ્યું હતું. પોરબંદરમાં પ્રો. ચિત્રે પોતાનું સરકસ લાવ્યો હતો. અને ત્યાંથી તે કરાચી થઇને આફ્રિકા તરફ ઉપડી ગયાનું પણ તેમના જાણવામાં આવ્યું હતું.

આવા પુરાવાને લીધે તુરંગના જેલરને પણ એમ થયું કે કદાચ તેની માનિનતા ભૂલ ભરેલી હોય. તેણે ન્યાયાધીશને લખ્યું કે " કેદી ફાલ્ગુન પોતાના સંબંધમાં જે હકીકત જણાવે છે તે સાચી છે. તેમાં શંકા લઇ જવાનું કશું કારણ નથી. "

આ તેણે ગજાનનની સૂચનાથી કર્યું હતું.

પણ શાંતિપ્રસાદ અને શરતચંદ્ર એ બે જણા પોતાના અભિપ્રાયમાં મક્કમ રહ્યા. કેટલીક તપાસ ગુપ્ત રીતે ચલાવવામાં આવતી

હતી. તેની માહિતી જેલરને ન હતી. પણ આ બે જણા તે જાણુ-તા હતા. અને એ ઉપરથી તેમનો કેદીના સંબંધમાં દૃઢ નિશ્ચય બંધાયો હતો કે આ માણસ પોતે જણાવે છે તે નથી.

આ બનાવથી પોલીસ ખાતામાં શરતચંદ્રની તેમ ન્યાયખાતામાં શાંતિપ્રસાદની પણ મશ્કરી થતી. તેના સમાન હોદ્દાના અધિકારીઓ તથા બીજા મિત્રો તેને માર્મિક વચનો સંભળાવતા. એથી કોઈ કોઈ વાર શાંતિપ્રસાદ એકાંતમાં ઉદ્‌ગાર કાઢતો કે " જ્યોતિપ્રસાદ શા માટે ગાડીમાંથી જમીનપર પડી ગયો અને તેનો પગ ભાગી ગયો ? જો તેને એ અકસ્માત થયો ન હોત તો મારે આ ઉપાધિ વેઠવી ન પડત. તેને જ તમામ ચિંતા અને મિત્રોની હાંસી સહન કરવી પડત અને બીજાની માફક હું પણ તેની મશ્કરી કરતો હોત."

શરતચંદ્રે તો કોઇ પણ ભોગે આ રહસ્યનો ઉકેલ લાવવાનો નિશ્ચય કર્યો હતો. તેણે શાંતિપ્રસાદને કહ્યું કે " હવે મારો વિચાર કેદીની અંગત હાલચાલ ઉપર નજર રાખવાનો છે. હું એવે સ્થળે રહીશ કે તે મને જોઈ ન શકે પરંતુ તે પોતે એક ક્ષણ વાર પણ મારી દૃષ્ટિ બહાર ન રહે. એમ કરવાથી કશુંક જાણવાનું મળશે."

પ્રકરણ ૩૩ મું.

ગુપ્ત પત્રવ્યવહાર

એક દિવસ બપોરે શરતચંદ્ર જે સ્થળે કેદી ફાલ્ગુનને રાખવામાં આવ્યો હતો તેની ઉપરના ભાગમાં કાતરીયામાં ચડયો. આ કાતરીયાની જમીન અને છાપરા વચ્ચેનું અંતર એટલું ઓછું હતું કે માણસ ઉભો રહી શકે નહિ. અત્યારે કેદીને ફરવા

જવાનો સમય હતો. તે પહેરેગીરોની સાથે બહાર તુરંગના પાછલા ચોગાનમાં ફરવાને માટે ગયો હતો. જેલર તથા ગજાનન બન્ને પણ શરતચંદ્રની સાથે આ સ્થળે આવ્યા હતા.

શરતચંદ્રે મધ્ય ભાગમાં બે ત્રણ પત્થર ઉખેડી નાખીને સારડી વડે પીઢીયામાં કાણું પાડવા માંડયું. આ છિદ્ર ઉપરથી પહોળું અને નીચે જતાં અર્ધા તસુના વ્યાસનું હતું. તે એવા સ્થળે અગાઉથી ગણતરી કરીને પાડવામાં આવ્યું હતું કે નીચેથી કેદીને તે છિદ્રની કશી પણ શંકા આવે નહિ. છિદ્ર પાડી રહ્યા પછી નીચે કોટડીમાં ખરેલો લાકડાનો વ્હેર શરતચંદ્ર સાફ કરી આવ્યો કે જેથી એ વ્હેર જોઇને કેદી શંકાય નહિ.

તે આ તૈયારી કરી રહ્યો એટલે ગજાનન બોલ્યોઃ "તું અહીં રહીને નજર રાખીશ?"

"હા જી."

"રાત્રિને દિવસ?"

"બેશક."

"પણ તારે ખાવા પીવાનું કયારે?"

"સોડાવોટર મારે માટે ખાવાનું અહીં લાવશે, બીજું કામ હશે તે કરશે. અને મારે સ્હવારે શૌચ અર્થે બહાર જવું પડશે તો મારી ગેરહાજરીમાં તે મારી જગ્યા સાચવશે."

"મને તારી દયા આવે છે."

"આવવીજ જોઇએ."

"પણ કેદી ઉપર અહીંથી નજર રાખવામાં તું શું જાણી શકવાનો હતો?"

"આ કેદીના ગુપ્ત ભેદને જાણવાની મેં પ્રતિજ્ઞા કરી છે. એટલે હું તે જરૂર જાણી લઇશ. તે કોટડીમાં એકલો હશે એ દરમ્યાન કોઇ વખત તેના મુખમાંથી એકાદો ઉદ્ગાર સરી પડશે અથવા

એવો કશો બનાવ બનશે કે જેથી સત્ય હકીકતનું જ્ઞાન મને થઇ શકશે. "

જેલરને પણ શરતચંદ્રના આ કથનમાં તથ્ય ભાસ્યું. તે બોલ્યોઃ " શરતચંદ્ર ! મારે કહેવું જોઇએ કે તમારી હિમ્મત અને તમારો ઉત્સાહ અપ્રતિમ છે."

" પરતુ એ બન્ને ખોટે માર્ગે દોરવાયાં છે. " ગજાનને ટીકા કરી.

આ ટીકા શરતચંદ્રને કાતિલ તીર સમાન લાગી. છતાં તે કશું બોલ્યો નહિ. જ્યાં સુધી પોતાના પ્રયત્નમાં સફળતા મળી નથી, ત્યાં સુધી સર્વ સહન કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. તે સમજતો હતો કે પોતે ફતેહ મેળવશે એ વખતે ગજાનનનું મ્હાં આપોઆપ શિવાઇ જવાનું છે.

આ બે જણા ચાલ્યા ગયા પછી શરતચંદ્ર પોતાની સાથે એક જાડો ધુંસો લાવ્યો હતો એ તેણે એવી રીતે બિછાવ્યો કે તેના પર સુવાથી તે અવારનવાર પોતાની આંખ પેલા છિદ્રમાં રાખી શકે. તે નીચેની કોટડીનું પ્રવેશદ્વાર, કેદીનું બિછાનું તથા તેને બેસવાને માટેનું લાકડાનું ઢીમચું જોઇ શકતો હતો. માત્ર પશ્ચિમમાં પડતી બારી તથા તેની પાસેનો થોડો ભાગ તેની દૃષ્ટિએ પડતો ન હતો.

તે આ બધી તૈયારી કરી રહ્યો તે જ વખતે નીચે કોટડીનું દ્વાર ખૂલ્યું અને કેદી અંદર દાખલ થયો. આ વેળાએ કેદી પોતાના અગાઉના સાહસનું રમૂજી ભાષામાં વર્ણન કરતો હતો. પહેરેગીર તે સાંભળતો હતો. એ વર્ણન પૂરૂં થયા પછી પહેરેગીર બહાર નીકળ્યો અને દ્વાર બંધ થયું.

કેદી થોડો સમય કોટડીમાં આમતેમ ફર્યો. પછી 'વકતૃત્વ ખિલવવાની કળા'નું પુસ્તક લીધું અને તે વાંચવા લાગ્યો. તેમાં કરવામાં આવેલી સુચના પ્રમાણે એકલો એકલો ભાષણ કરવા લાગ્યો. એકાદ કલાક એવી રીતે પસાર કરીને તે બિછાનામાં પડયો.

સ્હાંજના ૭ વાગ્યા સુધી તે ત્યાં પડયો રહ્યો. સ્હાંજે તેને માટે ખોરાક આવ્યો. તેણે રૂચીપૂર્વક ભોજન કરી લીધું અને પુનઃ પુસ્તક હાથમાં લીધું. રાત્રે દસ વાગ્યા સુધી વિજળીનો દીવો ચાલૂ હતો ત્યાં સુધી તેણે વાંચ્યા કર્યું. દીવો ઓલવાઈ ગયો એટલે તે પણ પુસ્તક એક બાજુએ મૂકીને બિછાનામાં પડયો—સુઇ રહ્યો.

આખી રાત્રી શરતચંદ્ર જાગતો રહ્યો હતો. તેને એમ લાગતું હતું કે રાત્રિએ કેદી કદાચ જાગતાં કિંવા નિદ્રામાં એકાદો શબ્દ કાઢી નાંખશે અને તે ઉપરથી કશું જાણવાનું મળશે પરંતુ તે આશા ફળિભૂત થઇ નહિ. માત્ર રાત્રિએ કેદી કોઈ વાર દીર્ઘ નિઃશ્વાસ નિ-ખતો હતો.

તે બીજે દિવસે સ્હવારના નવ વાગ્યા સુધી સુઈ રહ્યો. ઉઠીને શૌચ સ્નાનાદિ નિત્યકર્મ આટોપી લીધું. બપોરે અગીયારના ડંકા થશા અને કેદીઓને ખોરાક આપવા માટેનો ઘંટ થયો એટલે તે બિછા-ના પર બેઠો હતો ત્યાંથી કુદ્યો અને આમતેમ ફરવા લાગ્યો તથા ઉચ્ચ સ્વરે નીચેનું ભજન ગાવા લાગ્યોઃ—

"વ્હાલા વેગે આવો રે,
"દયા દિલે લાવો રે—
"બીડું મારી ભાંગવા હો જી—"

પહેરેગીર ખોરાક લઇને તેની કોટડીમાં આવ્યો ત્યાં સુધી આ ભજન ચાલૂ રહ્યું.

ભોજન કર્યા પછી તે ફરવા ગયો અને પુનઃ આગલા દિવસની માફકજ તમામ ક્રમ ચાલૂ રહ્યો ત્રીજા દિવસે તથા તે પછીના દિવ-સોએ પણ તેજ ક્રમ ચાલુ રહ્યો. તેમાં કોઈ પણ જાતનો ફેરફાર થયો નહિ. દિવસ ને રાત્રિ એક સરખી રીતે પસાર થવા લાગ્યાં. લગભગ ૭ દિવસ અને રાત્રિ પસાર થયાં પરંતુ કશું પણ શંકા ઉપ-જાવે તેવું ડિટેકિટવના જોવા કે જાણુવામાં આવ્યું નહિ.

તથાપિ તે હતાશ બન્યો નહિ. એક મુદ્દાએ તેનું લક્ષ ખેંચ્યું હતું. જ્યારે સ્હવારે અગીયાર વાગે કેદીઓને ખોરાક આપવાનો સમય થતો તે વખતે આ કેદી "વ્હાલા વેગે આવો રે' નું ભજન ગાતો હતો. દરરોજ તે એ સમયે આ એકનું એક ભજન ગાતો હતો.

શરતચંદ્રે વિચાર્યું કે "આ ભજન ખાસ ગુપ્ત ઇશારતને માટે ગાવામાં આવતું હોવું જોઇએ. પણ પછિતની બારી પાસે શું ચાલે છે તે હું જોઈ શકતો નથી. આવતી કાલે હું જાણી લઈશ."

બીજે દિવસે તેણે જેલરને મળીને ફાલ્ગુનને સ્હવારે દશ વાગે ખોરાક આપીને સ્હાડા દસ વાગે બહાર ફરવા લઈ જવાનું ઠરાવ્યું. એ પ્રમાણે તેને બહાર લઇ ગયા પછી શરતચંદ્ર જેલરને પોતાની સાથે રાખીને કેદીની કોટડીમાં ગયો.

જેલરે પૂછયું: "તમે અહીં મને શા માટે લાવ્યા છો? અને કેદીના કાર્યક્રમમાં શા માટે ફેરફાર કરાવ્યો?"

"તેનું એક જ કારણ છે કે કાં તો અહીં અત્યારે કશુંક નવીન જાણવાનું આપણને મળી આવશે અથવા તો મારી શંકા મિથ્યા હોવાની ખાત્રી થશે."

અગીયાર વાગ્યા એટલે શરતચંદ્રે કેદીના સ્વરનું અનુકરણ કરીને ગાવા માંડયું:

"વ્હાલા વેગે આવો રે–
"દયા દિલે લાવો રે–
"બીડું મારી—"

દરેક કડી કેદી બબ્બે વાર ગાતો હતો તે પ્રમાણે શરતચંદ્ર પણ બબ્બે વાર ગાવા લાગ્યો. પરંતુ ત્રીજી કડી પૂરી થયા પહેલાં રોટલીનો ગોળ વાળેલો ટુકડો બારીમાંથી કોટડીમાં પડયો.

આ ચમત્કાર જોઇને શરતચંદ્રને વિશેષ આશ્ચર્ય ન થયું. પરંતુ જેલર તો હેબતાઈ જે ગયો. પોતાની દેખરેખ નીચે કેદી આવી ગુપ્ત

રીતે બહારના મનુષ્ય સાથે વ્યવહાર રાખે છે એ જોઇને તેને ક્ષોભ થાય એ સ્વાભાવિક હતું.

શરતચંદ્રે તે ટુકડો ઉપાડયો અને કહ્યું "મેં કહ્યુંઃ હતું કે આ માણુસ તેના મિત્રો સાથે પત્રવ્યવહાર રાખે છે."

"શું મારી તુરંગના કેદીઓ પત્રવ્યવહાર કરી શકે છે ?" જેલર ક્રોધ અને આશ્ચર્ય મિશ્રિત સ્વરે બોલ્યો: "ત્યારે વોર્ડરો બધા શું કરે છે ? આ બાબતની જલ્દી તપાસ કરવી જોઇએ—ગુન્હેગારને સખ્ત સજા થવી જોઇએ."

તે દ્વાર તરફ ધસ્યો પણ શરતચંદ્રે તેને અટકાવીને કહ્યુંઃ "અરે સાહેબ ! તમે આ શું કરો છો ?"

"હું તુરંગના તમામ સિપાઈ અને વોર્ડરોને એકઠા કરીશ, તેમને કહીશ કે તેમનામાં કોઇ માણુસ ફુટેલો છે, માટે તેનું નામ મને આપો. એટલે હું તેને બરાબર બતાવી દઉં. જો અત્યારથી ચોવીશ કલાકની અંદર એ માણુસનો પત્તો નહિ લાગે તો આ તમામ માણુસોને અહીંથી ખસેડીને બીજાઓની ગોઠવણુ કરીશ."

એટલું કહીને જેલર પુનઃ બહાર જવા લાગ્યો. આ વખતે તેને બહાર જતો અટકાવવાને શરતચંદ્રને પોતાના બળનો ઉપયોગ કરવો પડયો. તેણે કહ્યુંઃ "સાહેબ ! શાંત થાઓ."

"નહિ, હું જરૂર શિક્ષા કરીશ—"

"એ તો હું પણ સમજું છું. પરંતુ આકળા થવામાં સારૂં નથી. એમ પણ હોય કે તુરંગમાં કામ કરનારા નોકરોને બદલે કોઇ એકાદો લાંબા વખતનો કેદી કે જેના ઉપર વિશ્વાસ રાખવામાં આવતો હોયે તે ફુટેલો હોય."

"એથી શું થયું ?"

"અરે સાહેબ ! આ કેસ કેટલો ગુંચવણ ભરેલો છે અને આ કેદી ફાલ્ગુન કેટલો ચાલાક છે એ તો તમે જાણો છો. એટલે જો આ હકીકત બહાર પડી ગઇ તો પછી આપણે સત્ય શોધી નહિ

શકીએ. જે માણસ ફુટેલો હશે તે પોતાની મેળે સત્ય હકીકત જણાવી દે એટલો મૂર્ખ નહિ હોય. માટે શાંતિ પકડો અને જોયા કરો. આપણે બારીક નજર રાખીને ફુટેલા માણસને ગુન્હો કરતી વખતે જ પકડવાની જરૂર છે."

જેલરને પણ આ કથન વાજબી લાગ્યું. "હા, તમારો મુદ્દો પણ સાચો છે. પરંતુ આ રોટલીના ટુકડામાં શું છુપાવેલું છે આપણે તપાસ કરવી જોઇએ."

શરતચંદ્રે કહ્યું. "ના, આ ટુકડો આપણે તુરત ન્યાયાધીશ સાહેબ પાસે આ સ્થિતિમાં જ લઇ જવો. ત્યાં તેઓ અંદર શી વસ્તુ છે તેની તપાસ કરશે."

જેલરને શરતચંદ્રની આ સુચના ગમી નહિ. તેની ઇચ્છા આ વાતને અહીં જ દાટી દેવાની હતી. કેમ કે આ વાર્તા શાંતિપ્રસાદના જાણવામાં આવે તો પોતાને કલંક સમાન હતું. પરંતુ તેને જણાવ્યા સિવાય ચાલે એમ પણ ન હતું. એટલે તેણે પણ ન્યાયાધીશ પાસે જવાની સંમતિ આપી.

તેઓ કોર્ટમાં જવાને માટે નીકળ્યા. માર્ગમાં તેમની વચ્ચે કશી પણ વાત થઈ નહિ. કોર્ટમાં દાખલ થતાં ડિટેકિટવના ચ્હેરાપરથી ન્યાયાધીશ પામી ગયો કે કાંઈ ખાસ જાણવા જેગ બન્યું છે ખરૂં.

"કેમ! શું નવીન છે?" તેણે પ્રશ્ન કર્યો.

શરતચંદ્રે રોટલીનો ટુકડો ન્યાયાધીશના ટેબલપર મુકયો. ન્યાયાધીશે તેનું પડ ખોલ્યું તો તેમાંથી એક પાતળો કાગળનો કકડો નીકળ્યો. એ કાગળ પહોળો કરીને તેમાં નજર કરી. તેણે કહ્યું. "આ ચીઠી આંકડાની ભાષામાં લખેલી લાગે છે."

ડિટેકિટવે આ કાગળ લીધો અને તેનું નિરીક્ષણ કર્યું. પછી તેમાં લખેલા આંકડા તે મોટેથી વાંચવા લાગ્યો. તે નીચે મુજબ લખેલા હતા:—

" ૧૩૫:–૧૮–૬–૧૧–૨૮–૫–૧૯–૨૧૧–૮–૩ : ૩–૭–૩૯–૨૨–૧૦–૧૭–૧૨૧–૮૭–૨૬–૧૨–૪૩–૧૪–૧૦૨. "

', આમાં આપણે કશું સમજી શકીએ તેમ નથી." જેલરે નિ-રાશાનો સૂર કાઢયો.

"શા માટે નહિ." ગોકુલદાસ બોલ્યો. "આંકડા દ્વારા પત્ર-વ્યવહાર ચલાવવાની યુક્તિ કાંઈ નવી નથી. જરીક શ્રમ લઇને બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે તો આંકડાને શબ્દના રૂપમાં ફેરવી શકાય છે."

"હા, તમે ખરૂં કહો છો. અને મેં આવી આંકડા દ્વારા પત્ર-વ્યવહાર કરવાની અનેક પ્રકારની યુક્તિનો અભ્યાસ કરેલો છે." શરતચંદ્રએ જણાવ્યું.

"શું ! " ન્યાયાધીશ આશ્ચર્યપૂર્વક બોલ્યો: "તમે આ આંકડાનું સ્પષ્ટિકરણ કરી શકશો ?"

"હાજી, જરીક સમય લાગશે, પણ તેમાં આપણે જરૂર સફળ થઈ શકીશું."

એમ કહીને શરતચંદ્રે પુનઃ તે આંકડાનું અવલોકન કર્યું. થોડી વારે તેનાં નેત્રો ચમકવા લાગ્યાં. તે બોલ્યો. "અરે સાહેબ ! આમાં તો જરીયે મુશ્કેલી નથી."

ન્યાયાધીશ, જેલર તથા ગોકુલદાસ એ ત્રણે તેની સામે દિગ્મૂઢની માફક જોઇ રહ્યા.

શરતચંદ્ર સમજ્યો કે આ લોકોને પોતાના કથન ઉપર વિશ્વાસ બેઠો નથી એટલે તે પુનઃ બોલ્યો: "મારૂં એમ માનવું છે કે કેદી તથા તેનો મદદગાર આ આંકડાદ્વારા પત્રવ્યવહાર કરવામાં એક જ પુસ્તકનો ઉપયોગ કરતા હોવા જોઇએ. આ પત્રવ્યવહારને માટે બે પ્રકાર છે. એક તો એ કે બંને પાસે જુદાં જુદાં પુસ્તક હોય અને બીજો એ કે એક જ પુસ્તક હોય. આ પ્રસંગમાં એક જ પુસ્તક હોવાનો સંભવ છે. કારણ કે કેદી પાસે એક જ પુસ્તક છે. જો આ બન્ને

જણુા છૂટા હોય તો તેમના પત્રવ્યવહારને ઉકેલવાનું કામ તદ્દન મુશ્કેલ અથવા તો અશકય થઈ પડે. કારણ કે તેઓ કયા પુસ્તકનો ઉપયોગ કરે છે તે આપણે જાણી શકીએ નહિ. પણ અહીં એ મુશ્કેલી નથી. કારણ કે કેદીની પાસે એક જ પુસ્તક છે અને તેનું નામ 'વકતૃત્વ ખિલવવાની કળા' છે. એટલે તેનો મદદગાર પણ એ જ પુસ્તકનો ઉપયોગ કરતો હશે."

"પણ તે પત્ર વ્યવહાર કરનાર શરૂઆત કેવી રીતે કરે ?" ન્યાયાધીશે પુછયું.

"એ હું આપને સમજાવીશ. પ્રથમ તો તેમણે કયા પુસ્તકનો ઉપયોગ કરવો છે તે નક્કી કરી રાખવું જોઇએ. પછી પત્ર લખનાર પ્રથમ ગમે તે પાનું ખોલે અને તે પૃષ્ટનો આંક કાગળ ઉપર લખે. ત્યાર બાદ પોતાને જે પહેલો શબ્દ લખવો હોય તે એ પૃષ્ટ ઉપર વીશમો હોય તો પૃષ્ટના આંક પછી તે '૨૦ નો આંકડો લખે. ત્યારપછીના શબ્દોને એક બે ત્રણ એવી રીતે ગણતાં પોતાને બીજો શબ્દ મૂકવો હોય તે મળી આવે ત્યાં સુધી ગણ્યા કરે. આ શબ્દ ૬ ઠો હોય તો ૬ નો આંકડો લખે. વળી તે પછીના શબ્દને એકથી ગણી આગળ ચલાવે. અને એ રીતે પોતાને જે કાંઈ લખવાનું હોય એ લખી શકે.'

"આ તો બહુ જ સ્હેલું અને સ્પષ્ટ છે." ન્યાયાધીશે પ્રશંસા-પુર્વક અભિનંદન આપ્યું.

"હવે આ ભાષાને ઉકેલવાને માટે આપણે ફાલ્ગુનનું 'વકતૃત્વ ખિલવવાની કળા'નું પુસ્તક મેળવવું જોઇએ."

"એ હું લાવી આપું." જેલરે ઉત્સાહથી કહ્યું.

"પણ સમાલજો--આપણે કેદીના પુસ્તકનો ઉપયોગ કર્યો છે એવી તેને શંકા આવવી ન જોઇએ. જો તે કદાચ બહારથી ફરીને આવ્યો હોય તો પુનઃ કાંઈ બ્હાનું કાઢીને તેને બહાર મોકલજો અને

આપણે તેના પુસ્તકનો ઉપયોગ કરી લઈએ ત્યાં સુધી તે પાછો તેની કોટડીમાં ન આવે એવો બંદોબસ્ત કરજો."

"એ બાબત ચિંતા રાખવાની નથી."

એમ કહીને જેલર ચાલ્યો ગયો. તેને આ આંકડાની ભાષા ઉકેલવા માટે એટલી બધી આતુરતા હતી કે માત્ર પા કલાકની અંદર જ તે પેલા પુસ્તકની સાથે પાછો આવ્યો.

શરતચંદ્રે તે પુસ્તકનું ૧૩૫ મું પૃષ્ટ ખોલ્યું અને તેના ઉપરના પ્રથમ શબ્દથી તે ગણવા લાગ્યો. તેમાં ૧૮ મો શબ્દ મેં હતો. તે પછીનો ૬ ઠો તેને હતો. ત્યાર બાદ આઠમો આપની, પચીસમો ઇચ્છા અને પાંચમો જણાવી શબ્દ હતો. એટલે આ છ આંકડાનો અર્થ "મેં તેને આપની ઇચ્છા જણાવી." એવો થયો.

શરતચંદ્રની આ ચતુરાઇ જોનારા ત્રણે જણા તેની પ્રશંસા કર્યા સિવાય રહી શકયા નહિ. ન્યાયાધીશેં અભિનંદનસૂચક ઉદ્દગાર પણ કાઢયો. પરંતુ એ તરફ લક્ષ નહિ આપતાં શરતચંદ્ર બીજા આંકડાના શબ્દો શોધી કાઢવામાં ગુંથાયો હતો. થોડા સમયમાં આ ગણતરીનું કંટાળા ભરેલું કામ પૂરૂં કરી રહ્યો. પછી તેણે આખી ચીઠી મોટેથી વાંચી—"

"મેં તેને આપની ઇચ્છા જણાવી. તે કબુલ થઇ. આપણી સલામતી ચોક્કસ છે. આપના હુકમની રાહ જોઇએ છીએ. આશા અને હિમ્મત રાખો."

પ્રકરણ ૩૪ મું.

ફાલ્ગુનનું અદ્દભુત ચાતુર્ય

પણ કેટલી નિરાશા? આટ આટલા શ્રમનું પરિણામ શું? આ ટુંકી ચીઠીમાં જે હકીકત જણાવવામાં આવી હતી, તેમાંથી કશી

પણ માહિતી મળી શકતી ન હતી. એક પળ પહેલાં મારાથી ચમકતાં શાન્તિપ્રસાદનાં નેત્રો નિસ્તેજ બની ગયાં.

જેલર બોલ્યો: "આ તો ડુંગર ખોદીને ઉંદર કાઢવા જેવું થયું."

શરતચંદ્રે કહ્યું: "હું આપના મતથી જૂદો પડું છું. આ કાગળના કટકા ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે આ કેદી કોણ હોવો જોઈએ, એ વિષેની કલ્પનામાં મારી ભૂલ થતી નથી."

"બરોબર છે, મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. તે રીતે તેના સંબંધી મારી તથા ગજાનનની કલ્પના ભૂલ ભરેલી છે." જેલર બોલ્યો: "પણ તમે જે કાંઈ જાણતા હતા તે કરતાં કશું વિશેષ આ કાગળ ઉપરથી જાણી શકાય? તમે કશી પ્રગતિ કરી શકયા?

"હા આ કાગળ પરથી તમે તથા બીજા પણ જોઈ શકશો કે કેદી પોતાને જેવો બનાવવાનો પ્રયત્ન કરે છે તેવો તે નથી. એટલે હવે મારા કાર્યમાં જેઓ વિઘ્ન નાંખે છે તેઓ તેનું ખરૂં નામ ઠામ શોધી કાઢવામાં મને સહાય કરશે."

"તમે સત્ય કહો છો." જેલરે કહ્યું: "આ ફાલ્ગુન કોઈ મોટો માણસ હોવો જોઇએ, પરન્તુ એવો મોટો માણસ આટલા દિવસ સુધી અદૃશ્ય રહેવા છતાં પોલિસને તેની જાણ પણ ન થાય એ કેટલું આશ્ચર્ય? તમે ધારો છો તેવો આ કેદી મોટો માણસ હોય તો તેને બહોળુ કુટુમ્બ, સગાસંબંધી, મિત્ર આશ્રિતો, નોકરો વગેરે સારી સંખ્યામાં હોવા જોઈએ. બીજા પણ ઘણા માણસોની સાથે તેનો સમ્બન્ધ હોવો જોઈએ. છતાં ફાલ્ગુન છેલ્લાં ત્રણ અઠવાડીયાં થયા મારા કબજામાં છે તે દરમ્યાન એક પણ માણસ તરફથી એ મોટા માણસની ગેરહાજરીના સંબંધમાં ઉચ્ચાર સરખો પણ સાંભળવામાં આવ્યો નથી. કબૂલ કરો કે તમે આ બાબતનો વિચાર નથી કર્યો."

જેલરે આ ગંભીર પ્રશ્ન રજુ કર્યો હતો. પરન્તુ આ વિચાર શરતચંદ્રને આવ્યો જ ન હતો તેમ નહિ. તેણે કહ્યું: "કદાચ તે બહાર દૂર દેશાવર ગયો છે એમ તેનો મદદગાર સર્વને જણાવતો હોય તો

કોઇને કશી શંકા આવવાનું કારણ પણ ન હોય અથવા તો તેની તબિયત નરમ હોવાના બ્હાના તળે કોઇને મળવા દેવાની તેનો મદદગાર ના કહેતો હોય અને કેદીની પત્ની તથા એકાદ બે માણસો તેના કાવતરામાં જોડાયાં હોય તો એ પણ અસંભવિત નથી."

ન્યાયાધીશે કહ્યું: "આવી ચર્ચામાં ઉતરવાથી આપણે બિલકુલ પ્રગતિ કરી શકવાના નથી. એ કરતાં તો અત્યારના સંયોગોમાં હવે શો માર્ગ લેવો તે નક્કી કરીએ તો સારું."

શરતચંદ્રે વિનયપૂર્વક કહ્યું: "સાહેબ મને એક માર્ગ સુજે છે. તે જેટલો સહેલો છે તેટલો જ તે સફળ થવાની આશા છે. આ પત્રને બદલે આપણે એક પત્ર તૈયાર કરવો. હું આંકડાની ભાષા જાણી ગયો છું એટલે તેમાં મુશ્કેલી નડવાની નથી. માત્ર 'વક્તૃત્વ ખિલવવાની કળા'ની એક નક્કલ મારે ખરીદવી પડશે. પછી તેનો જવાબ ફાલ્ગુન તરફથી મળશે. કારણ કે તે તો પોતાના મદદગારને જ જવાબ આપે છે એમ સમજવાનો. એ પ્રત્યુત્તર ઉપરથી આપણને કશુંક જાણવાનું મળી શકશે."

"એનો જવાબ તમે કેવી રીતે મેળવી શકશો?" જેલરે પૂછ્યું.

"તેને કેવી રીતે પત્રો મળે છે એ હું જાણી શકયો છું. હવે તે કેવી રીતે જવાબ મોકલે છે એ પણ હું શોધી કાઢીશ." શરતચંદ્રે કહ્યું. એકાદ–બે પળ વિચાર કરીને તે પુનઃ બોલ્યો: "આવતી કાલે હું પત્ર તૈયાર કરીને એક આવી જ રોટલીના ટુકડામાં નાખી મારા સહચારી સોડાવોટરને આપીશ આવતી કાલે અગીઆર વાગે કેદી તેનું ભજન ગાશે એટલે તે બારીમાંથી એ ટુકડો ફેંકશો. તેની કેદી ઉપર શી અસર થાય છે તે હું ઉપરથી જોયા કરીશ."

આટલી મસલત થયા પછી ત્રણે જણા છૂટા પડયા. જેલર પેલું પુસ્તક પોતાની સાથે લેતો ગયો. શરતચંદ્રે બજારમાંથી પાતળા

કાગળ તથા એ પુસ્તકની એક નક્કલ ખરીદ્યાં. પોતાના મકાનપર આવીને તેણે એક પત્ર તૈયાર કર્યો. તે તૈયાર કરવામાં તેને પા કલાક કરતાં વધુ વખત લાગ્યો નહિ. તે પત્રમાં આ પ્રમાણે લખ્યું હતું:–

"મેં તેને આપની ઇચ્છા જણાવી; તે નાકબૂલ થઇ: આપણી સલામતી ભયમાં છે. આપના હુકમની રાહ જોઉં છું. મને ભીતિ છે."

એ પત્ર તૈયાર કરીને તે તુરંગમાં ગયો. કેદીની કોટડીના ઉપરના ભાગમાં પોતાના સ્થાને પહોંચી ગયો. બીજે દિવસે સ્હવારે તેણે સોડાવોટરને જરૂરી સૂચના આપી દીધી.

કેદી પણ અત્યારે ઉઠીને નિત્યકર્મથી પરવારી ગયો હતો. આજે તે અશાંત લાગતો હતો અને અસ્પષ્ટ શબ્દોમાં કાંઇક ગણગણ્યા કરતો હતો. "આ શું ?––કેટલો ત્રા—હાય !––" એવા છૂટક છૂટક શબ્દો શરતચંદ્રના સાંભળવામાં આવ્યા. તે મનમાં બોલ્યો: "ગઈ કાલે તું પત્ર મેળવી શક્યો નથી એટલે તને ચિંતા થાય છે ! પરંતુ ધીરજ ધર, સેવકે તૈયાર કરેલો પત્ર હમણાં જ તને મળશે."

અગીયારના ડંકા થયા. કેદીઓને ખાણું આપવાની શરૂઆત થઈ. નીચે પહેરેગીરો આમથી તેમ જવા આવવા લાગ્યા. તે વખતે કેદીએ પ્રારંભ કર્યો:—

"વ્હાલા વેગે આવો રે,
"દયા દિલે લાવો રે;
"ભીડું મારી ભાંગવા હો જી—"

આ ત્રીજી લીટી પૂરી ન થઇ તે પહેલાં જ જમીન પર કશીક વસ્તુ પડવાથી કેદી અત્યન્ત ચમક્યો !

ઉપર રહીને છિદ્રમાંથી શરતચંદ્ર કેદીની હીલચાલ ઉપર નજર રાખ્યા કરતો હતો. પ્રથમ ફાલ્ગુને બારી તરફ દૃષ્ટિ કરી. પછી પોતાની આસપાસ ચોતરફ નજર કરી.

જાણે આ બનેલો ચમત્કાર તે સમજી શક્યો ન હોય એવો ભાવ તેના ચ્હેરાપર પ્રકટ થયો હતો. તેના એ સમયના દેખાવપરથી

કોઈ પણ માણસ એમ માને કે આ માણસ તદ્દન નિર્દોષ છે અને આ કાવતરામાં તેનો કશો પણ ભાગ નથી !

તુરત તેના ઓષ્ટપર સ્મિત ફરકયું. તુરત જ એ રોટલીનો ટુકડો ઉખાળ્યો તો અંદરથી કાગળ જોવામાં આવ્યો. આ કાગળ જોઇને તેને અત્યંત નવાઇ ઉપજી હોય એમ જણાયું.

"આનો અર્થ શો? આ આમ શા માટે કરે છે?" શરત-ચંદ્રને વિચાર થયો.

કેદીએ કાગળ પહોળો કર્યો અને તેનું અવલોકન કર્યું. તેમાં લખેલા આંકડાનો કશો પણ અર્થ પોતે સમજી શકતો નથી એમ તેણે બતાવ્યું. પછી એકાએક તે ઊભો થયો અને કોટડીના દ્વાર પાસે ગયો. તે દ્વારપર અવાજ :કરીને બોલ્યોઃ "પહેરેગીર! અહીં આવો."

એ દ્વારમાં એક ન્હાની બારી હતી. તેમાં જોઈને પહેરેગીરે પૂછ્યુંઃ "શું કામ છે?"

"મારે ન્યાયાધીશ સાહેબને એક વાત કહેવાની છે."

"વારૂ, તેમને ખબર આપવામાં આવશે."

"હમણાં ને હમણાં જ ખબર આપો. હું ખાસ જરૂરી બાબત તેમને કહેવા ઇચ્છું છું."

"વારૂ, તેમને હમણાં જ ખબર પહોંચાડીએ છીએ."

શરતચંદ્ર તુરત ઉઠયો અને ત્વરાથી ન્યાયાધીશ પાસે ગયો. તે જતાં જતાં વિચારવા લાગ્યોઃ "શું કેદી સત્ય બીના જણાવી દેશે? જો કે મારા પત્રથી તે છેતરાયો નથી એ વાત તો ચોક્કસ છે. તે તેના પુસ્તકની સહાય વગર માત્ર આંકડા ઉપરથી તેનો અર્થ સમજી શકે તેમ નથી. એ પુસ્તકને તો તે અડકયો પણ નથી. એટલે પત્રમાં લખેલી હકીકત તે સમજ્યો નથી."

તેણે ન્યાયાધીશને વાત કરી. ન્યાયાધીશને પણ તેના જેટલું જ આશ્ચર્ય થયું. તેઓ તુરત તુરંગ તરફ જવા લાગ્યા. રસ્તામાં તેમને

જેલર મળ્યો. તેણે કહ્યું: "કેદી આપને જરૂરી બાબત કહેવા ઇચ્છે છે."

"હું એ જાણું છું અને તેટલા માટે જ ત્યાં આવું છું."

તેઓ તુરંગમાં પહોંચ્યા. શરતચંદ્ર ત્વરિત ગતિએ આગળ ચાલવા લાગ્યો. તેની ઇચ્છા એવી હતી કે અચાનક તેણે એકલાએ જઇને દ્વારની બારીમાંથી અંદર જોવું. એટલે જો કદાચ કેદી પેલા પત્રને ફેંકેલવાનો પ્રયત્ન કરતો હોય તો જાણી શકાય.

પરંતુ ફાલ્ગુન બિછાનાપર બેઠો હતો. તે વિચારગ્રસ્ત સ્થિતિમાં જણાતો હતો. દ્વારનું તાળું ખોલવાનો અવાજ થયો એટલે તે ઊભો થયો અને એક બાજુએ વિનયપૂર્વક ઊભો રહ્યો.

ન્યાયાધીશે અંદર પ્રવેશ કરીને પૂછ્યું: "તેં મને બોલાવ્યો હતો?"

"હા, સાહેબ!"

"મને એમ જણાવવામાં આવ્યું છે કે તું મને કશીક જરૂરી વાત કહેવા ઇચ્છે છે."

"હાજી, મારે આપને ખાસ અગત્યની હકીકત કહેવાની છે."

"વારૂ, આ બીજા ગૃહસ્થોને બહાર મોકલી આપું?" ન્યાયાધીશ બોલ્યો.

તેણે શરતચંદ્ર અને જેલર તરફ ફરીને નેત્રસંકેતથી બહાર જવાની સૂચના પણ કરી. પરંતુ તુરત જ ફાલ્ગુન બોલ્યો: "ના, સાહેબ! એમને બહાર મોકલવાની જરૂર નથી. કારણ કે તેમની રૂબરૂમાં જ હું બોલવા ઇચ્છું છું."

"ઠીક, તારે શું કહેવાનું છે?"

"મહેરબાન ન્યાયાધીશ સાહેબ તથા સદ્‌ગૃહસ્થો! મેં સરકસ કંપનીમાં ઘણાં વર્ષો સુધી નોકરી કરી છે. કદાચ સમાજની દૃષ્ટિએ તે ધંધો હલકો ગણાતો હશે. પરંતુ આપ પોતે જ કબૂલ કરશો કે હું પ્રામાણિક માણસ છું. એક માણસ સરકસમાં મસ્કરાનું કામ કરતો હોય અને છતાં પણ તે પ્રામા—"

" તારે ભાષણ આપવાની કે ચર્ચા કરવાની જરૂર નથી." ન્યાયાધીશે સુચવ્યું.

"વારુ સાહેબ! ટુંકામાં જ જણાવીશ કે આ ન્હાનો કાગળનો કકડો થોડા સમય પહેલાં આ બારીમાંથી ફેંકવામાં આવ્યો છે. તેના ઉપર આંકડા લખવામાં આવ્યા છે. તેનો ગમે તે અર્થ થતો હશે, પરંતુ મારી દૃષ્ટિએ તો તે ધોળા ઉપર કાળા લીટા સમાન છે."

એ કાગળ ન્યાયાધીશને આપતાં તેણે ઉમેર્યું: " આ કાગળ રોટલીના ટુકડામાં બે પડની વચ્ચે નાંખવામાં આવ્યો છે."

આ ત્રણ જણા તો કેદીના પ્રસ્તુત કથનથી સ્તબ્ધ જ બની ગયા હતા. પરંતુ પોતાના શબ્દોની થયેલી અસર તરફ લક્ષ આપ્યા વગર કેદીએ આગળ ચલાવ્યું: "હું ધારૂં છું કે બહારથી આ કાગળ ફેંકનારો માણસ બારી ભૂલ્યો હશે. તે બીજા કેદીને માટે લખાયેલો હશે. હું જાણું છું કે એક કેદીએ બીજા કેદીના ગુપ્ત રહસ્યનો સ્ફોટ કરવો જોઈએ નહિ. કારણ કે કેદીઓએ પરસ્પર દિલસોજી દર્શાવવી એ તેમની કેદીબંધુ તરીકે ફરજ છે. પરંતુ મારા જેવા માણસ ઉપર ખૂનનો ભયંકર આરોપ મૂકાયો હોય ત્યારે મારે મારી પોતાની સ્થિતિનો પણ વિચાર કરવો જોઈએ. કેમ કે આ કાવતરામાં મારો હિસ્સો હોવાની શંકા આવે તો હું તદ્દન નિર્દોષ હોવા છતાં મારે સહન કરવું પડે."

કેદીની આ ધૃષ્ટતાથી ન્યાયાધીશનો ગુસ્સો વધતો જતો હતો. તેણે કહ્યું: " તું જૂઠું બોલે છે. આ ચીઠી તને ઉદ્દેશીને જ લખવામાં આવી છે."

" મને ઉદ્દેશીને? જો એમ હોય તો તમને તે બતાવવાની મૂર્ખતા હું શા માટે કરૂં? હું પોતે જ શા માટે ન રાખું? એ ચીઠી મને મળી છે એમ મારા કહ્યા સિવાય કોણ જાણવાનું હતું?"

" પણ તું આ બધું જૂઠું બોલે છે એમ હું અત્યારે અને આ જ સ્થળે સાબિત કરી આપું તો?" ન્યાયાધીશ કરડાકીપૂર્વક બોલ્યો.

"સાહેબ! મને માફ કરજો, પણ મારે કહેવું જોઈએ કે તો હું આપને જૂઠા માનું." ફાલ્ગુને ધડાકો કર્યો.

ન્યાયાધીશે કેદીએ પોતાના માટે ઉચ્ચારેલા અપમાનસૂચક શબ્દો તરફ લક્ષ નહિ આપતાં શરતચંદ્રને ઉદ્દેશીને કહ્યું: "કેદી જે ગુપ્ત રીતે પત્રવ્યવહાર કરે છે તે તમે કેવી રીતે શોધી કાઢયું એ તેને સમજાવો."

કેદી વચ્ચે બોલ્યો: "ઓહો! જે ડિટેક્ટિવ સાહેબ મને મોટો માણસ માને છે તેમણે આ શોધી કાઢયું છે? જો એમ જ હોય તો મારે માટે કશી પણ આશા રહી જ નથી. જો પોલીસે એક માણસને ગુન્હેગાર ઠરાવવાનો નિશ્ચય કર્યો હોય તો તે ગમે તેવી રીતે ગુન્હેગાર તરીકે સાબિત કરે છે. પોલીસની એ કળા સહુ કોઈ જાણે છે. એટલે જો કેદીને કશા પત્રો ન મળતા હોય તો કેદી ગુપ્ત રીતે પત્રવ્યવહાર કરે છે એમ જે ડિટેક્ટિવ સાબિત કરવા માગતો હોય, તે કેદીની કોટડીમાં એવા પત્રો મોકલવાની યુક્તિ શોધી કાઢે છે."

આ શબ્દો બોલતી વખતે કેદી ડિટેક્ટિવ તરફ અત્યંત તિરસ્કારની દૃષ્ટિથી જોતો હતો. એથી શરતચંદ્ર તેને ગુસ્સાપૂર્વક જવાબ આપવા જતો હતો. પરંતુ ન્યાયાધીશની સૂચનાથી પોતાની એ ઈચ્છા દબાવીને તેણે કેદીનું પેલું પુસ્તક કાઢીને કહ્યું: "આ ચોપડીમાં જે આંકડા છે તેમાંનો પહેલો આંકડો આ પુસ્તકના પૃષ્ટનો છે અને તે પછી તે પૃષ્ટ ઉપરના તથા તે પછીના પૃષ્ટ માંહેના શબ્દોની ગણતરી પ્રમાણેના આંકડા લખવામાં આવ્યા છે. એ પ્રમાણે કરીને આ બીજાથી ન સમજી શકાય તેવી ચીઠી તૈયાર કરવામાં આવી છે."

ફાલ્ગુન ઉપર આ પૂરાવાની કશી પણ અસર થઇ નહિ. જાણે આ આંકડાની ભાષા પહેલવહેલી જ તેના જાણવામાં આવી હોય અને તેથી તેને અત્યંત આનંદ થયો હોય એવા ભાવપૂર્વક તે બોલ્યો: "પોલીસ એટલી બધી ચબરાક હોય છે કે તેની કળાને કોઇ પણ પહોંચી શકે નહિ."

તેનો આવો દુરાગ્રહ જોઇને તેની સાથે ચર્ચામાં નહિ ઉતરતાં ન્યાયાધીશ જેલર અને **શરતચંદ્ર**ની સાથે ત્યાંથી ચાલ્યો ગયો.

તેઓ જેલરની ઓફિસમાં ગયા ત્યાં સુધી તેણે એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યો નહિ. પછી તે એક ખુરસીપર બેસીને બોલ્યો: " આપણો પરાજય થયો છે એમ આપણે કબૂલ કરવું જ જોઇએ. હું નથી ધારતો કે આ માણસ કોણ છે તે આપણે જાણી શકીએ."

" પણ તેણે અત્યારે આ ફારસ ભજવ્યું તેનો અર્થ શો ? હું કશું પણ સમજી શકયો નથી." જેલર બોલ્યો.

શરતચંદ્રે જવાબ આપ્યો: " આપ જોઈ શકયા હશો કે મારો મુદ્દો સિદ્ધ કરવા માટે પહેલી ચીઠી પણ મેં જ લખેલી છે એવું તે ન્યાયાધીશ સાહેબને સમજાવવા માગતો હતો. જો એ પ્રયત્નમાં તેને ફતેહ મળી હોત—ન્યાયાધીશ સાહેબના ગળે તેની વાત ઉતરી હોત તો મારો પતીયાર જાત અને તે જગતની દૃષ્ટિમાં સાદોમાદો ફાલ્ગુન જ રહેત. પરંતુ મેં તેના ગુપ્ત પત્રવ્યવહારનો ભેદ શોધી કાઢયો છે તથા ઉપરથી હું તેની હીલચાલ પર નજર રાખતો હતો એ તેના જાણવામાં કેવી રીતે આવ્યું ?"

જેલર અને ડિટેક્ટિવ બન્નેના મનમાં એક બીજાને માટે શંકા ઉત્પન્ન થઈ હતી. જેલરે વિચાર્યું કે " ગઈ કાલે બારીમાંથી પડેલી ચીઠી પણ આ ચાલાક ડિટેક્ટિવે નહિ ફેંકાવી હોય તેની ખાત્રી શી ? જેમ આજે **સોડા**વોટરે તેનું કામ કર્યું તેમ ગઈ કાલે પણ કર્યું હોય તે બનવા જોગ છે."

શરતચંદ્રના મનમાં એવો વિચાર ચાલતો હતો કે " આ જેલર ભલો માણસ છે. પરંતુ જો તેણે સર્વ હકીકત ગજાનનને જણાવી હોય તો ઈર્ષ્યાને ખાતર મને બનાવવાને માટે ગજાનને પહેલી ચીઠી ફેંકાવી હોય તો તેમાં કશું આશ્ચર્ય નથી. એટલું નહિ પણ તે આગળ વધીને—"

પણ તેનો વિચાર આગળ વધ્યો નહિ. ન્યાયાધીશ બોલ્યો: " આવું શરમ ભરેલું ફારસ ક્યાં સુધી ચાલશે ? હું સત્ય શોધી કાઢ-

વાને માટે દિવાનો બન્યો છું, નહિ તો ખરી રીતે ન્યાયાધીશ તરીકે મારાથી આવી યુક્તિપ્રયુક્તિમાં ભાગ લઈ શકાય નહિ."

આ શબ્દો સાંભળીને શરતચંદ્ર ક્ષોભ પામી ગયો. એક કલાકની અંદર આ તેનું બીજી વારનું અપમાન હતું—આ પહેલાં કેદીએ અને અત્યારે ન્યાયાધીશે કર્યું હતું. તે મનોગત બોલ્યો: "જ્યાં ત્યાં મારૂં દુર્ભાગ્ય જ મારી આડે આવે છે. એટલે મારો પરાજય મારે કબૂલ કરવો જ જોઇએ."

નિરાશાને લીધે હમણાં ન્યાયાધીશના મુખમાંથી પ્રસ્તુત ઉદ્ગાર નીકળ્યો હતો. જો કે તુરત જ તેને લાગ્યું કે તેણે એવા શબ્દો ઉચ્ચારવામાં અન્યાય કર્યો હતો. એ બાબત તેણે શરતચંદ્રના મનનું સમાધાન પણ કર્યું.

આ બનાવ બન્યા પછી તેઓ બન્ને હમેશાં સ્હવારે મળતા અને આ વિષયમાં પુષ્કળ મસલત ચાલતી. શરતચંદ્રે નિરાશ બનીને આ કેસને છોડી દીધો ન હતો. માત્ર તેઓ એક પગલું પણ આગળ વધ્યા ન હતા.

ન્યાયાધીશ હવે હિમ્મત હારી ગયો હતો. એક દિવસ તેણે કહ્યું: "આપણે આ પ્રયત્ન તજી જ દઇએ તો સારૂં. આપણી પાસે જેટલાં હથિયાર હતાં તેટલાં ખલાસ થઇ ગયાં છે. એટલે હવે હું તેના ઉપર તહોમતનામું ફરમાવીને તેને સેશન્સમાં મોકલી આપીશ. ત્યાં જડજ અને જ્યુરી તેને ફાલ્ગુન તરીકે ખૂની ગણીને સજા કરે કે નિર્દોષ માનીને છોડી મૂકે. હવે આમાં હું વધારે મહેનત લેવા નથી ઇચ્છતો."

"જેવી આપ સાહેબની મરજી." શરતચંદ્રે પણ અનિચ્છાપૂર્વક નાઉમેદીનો સૂર કાઢ્યો.

તે દિવસે ન્યાયાધીશ સ્હાંજે પોતાના મકાન પર ગયો. તે જ રાત્રીથી તેને સખ્ત તાવ આવ્યો અને તે બીજે દિવસે કોર્ટમાં આવી શક્યો નહિ.

પ્રકરણ ૩૫ મું.

છેલ્લો પાસો.

લગભગ આઠેક દિવસ તેની માંદગીને થઇ ગયા. આઠમે દિવસે શરતચંદ્ર તેની તબીયત જોવાને માટે તેના મકાન પર ગયો. સામાન્ય ખબરઅંતર પૂછાયા પછી ન્યાયાધીશે કહ્યું: "જો ખરૂં કહું તો આ કેસની ચિંતાને લીધે જ મારી તબિયત બગડી હતી. હવે ઠીક છે. માત્ર અશક્તિ છે."

શરતચંદ્રે જણાવ્યું: "સાહેબ ! હવે તો માત્ર એક જ માર્ગ રહ્યો છે. કેદીને તુરંગમાંથી મુક્ત કરી છૂટો મૂકી દેવો અને પછી તેની પાછળ પાછળ જવું. એટલે તેના ગુપ્ત રહસ્યનો ભેદ આપોઆપ ખૂલી જશે."

આ છેલ્લો પાસો ફેંકવાનો હતો. જો કે આ યુક્તિ કાંઈ નવી જ ન હતી. અગાઉ અનેક વાર જ્યારે કેદીના ખરાજ નામઠામની માહિતી કોઈપણ રીતે ન મળે ત્યારે આવો માર્ગ અખત્યાર કરવામાં આવતો હતો.

કેટલીક વાર બદમાશ લૂટારાઓની ટોળી માંહેનો એકાદ માણસ પકડાતો અને તે પોતાના બીજા સહચારીઓનાં નામ આપવાનો સ્પષ્ટ ઇનકાર કરતો ત્યારે આ રસ્તો લેવામાં આવતો હતો. તે માણસ બેફામ બનીને ચાલ્યો જતો. કારણ કે તેને ઇરાદાપૂર્વક ન્હાસી જવા દીધો છે એવો ખ્યાલ તેને આવતો નહિ. જો કે તેની પાછળ ડિટેક્ટિવો તો છદ્મવેશમાં લાગુજ રહેતા. પછી તે માણસ પોતાના સહચારીઓને મળતાં પોતાના સદ્ભાગ્યની વાતો કરતો હોય તે જ વખતે તેને તથા તેના સાથીઓને પરહેજ કરવામાં આવતા હતા.

આવા પ્રસંગો **શાંતિપ્રસાદના** જાણવામાં પણ આવ્યા હતા. છતાં ડિટેક્ટિવની સૂચના સાંભળીને તે આવેશપૂર્વક બોલ્યો: " તમે દિવાના થયા કે શું ? "

" ના, સાહેબ ! મારૂં મગજ ઠેકાણે રાખીને હું કહું છું. "

" આ યુક્તિ તદ્દન મૂર્ખતા ભરેલી છે. "

" સાહેબ ! ઘણા કેસોમાં આ માર્ગ અખત્યાર કરવાથી ફતેહ મળી છે અને સાચા ગુન્હેગારોને સજા થઇ શકી છે. "

" નહિ, હવે આ વિષયમાં તમે મને કશું પણ કહેશો નહિ. "

આ છેવટની આજ્ઞા સાંભળીને ડિટેક્ટિવ મૌન રહ્યો. થોડી વારે ન્યાયાધીશ પુનઃ બોલ્યો: " વારૂ, એમ માનો કે આ માણસને તુરંગમાંથી છૂટો કરવામાં આવ્યો. પછી તમે શું કરવાના ? "

" તે જ્યાં જાય ત્યાં તેની પાછળ પાછળ હું જવાનો. તેને એક ક્ષણભર પણ મારી દૃષ્ટિથી દૂર થવા દેવાનો નહિ. "

" પરંતુ પોતાનો પિછો પકડવામાં આવ્યો છે એવું તે નહિ જાણી શકે એમ તમે માનો છો ? "

" એ માટે હું પૂરતી સાવચેતી રાખીશ. "

" તે તમને ઓળખી કાઢયા સિવાય રહેશે નહિ. "

" ના, સાહેબ ! હું છદ્મવેશ ધારણ કરીશ. મને મારો દેખાવ તથા વેશ બદલવાનો સારો અનુભવ છે એમ હું લેશ પણ અભિમાન વગર કહી શકું છું. હું ધારૂં તો સાઠ વર્ષનો બુઢો બની જાઉં, એક યુરોપીયન જેવો દેખાઊં કે પછી આફ્રિકાના સીદીનો સ્વાંગ પણ ધારણ કરી શકું. એક મોટા અમીર જેવો અથવા તો બદમાશ લૂટારા જેવો દેખાવ પણ કરી શકું છું. હું નથી ધારતો કે નાટક કંપનીમાં કામ કરતો એક પણ એકટર એ કાર્યમાં મારા કરતાં ચઢી જાય. "

" આ શકિત તમારામાં હશે એવું મારા જાણવામાં ન હતું. "

" સાહેબ ! હું હિમ્મત પૂર્વક કહું છું કે આજથી ત્રણ દિવસ ાદ હું આપની પાસે આવીને આપની સાથે વાત કરીશ. તે વખતે ાપ મને બિલકુલ ઓળખી શકશો નહિ."

ન્યાયાધીશે એક નવીન પ્રશ્ન રજૂ કર્યો. " આ કેદીની ચતુરાઈ, ર્ઘદર્શીતા અને ચારે બાજુનો વિચાર કરી રાખવાની શકિતનો ાપણને અનુભવ થયો છે. તમે એમ માનો છો કે તેને આપણે ણી જોઇને પલાયન થવાની તક આપીશું તો તે આપણો હેતુ મજી નહિ જાય ?"

" સાહેબ ! હું સારી પેઠે સમજું છું કે તે ભોટ નથી અને ાપણો હેતુ સમજી ગયા વગર રહેશે નહિ."

" તો પછી તમારી સૂચનાને અમલમાં મુકવાથી શો લાભ ાનો છે ?"

" એ વિષયમાં મેં વિચાર કર્યો છે અને પછીજ આ નિર્ણય પર ાવ્યો છું. તે જ્યારે છુટો થશે એ વખતે તેની પાસે એક પાઈ ણ નહિ હોય. વળી તે મજૂરી કરી પેદા કરી શકે એ સંભવિત ી. થોડો વખત તે કદાચ એ સ્થિતિ ચલાવી લેશે. પરંતુ છેવટે ારે તેને ભૂખે મરવાનો વખત આવશે ત્યારે તે પૈસા મેળવવાનો ત્ન કરશે, એટલે તે પોતાના મિત્રોની પાસે જશે. શરૂઆતમાં તેને મ રહેશે કે તેના ઉપર પોલીસ ખાતાના ડિટેકિટવોની નજર છે. રંતુ છેવટે જ્યારે એવું કશું જોવામાં નહિ આવે ત્યારે એ શંકા મૂદ થઇ જશે. કદાચ તે પોતાના મકાન પર અથવા તો તેના ત્રના મકાન પર જશે. એ પ્રસંગે હું તેને તુરત જ પરહેજ કરી શ."

" તે ચન્દ્રનગર છોડીને કોઇ પરરાજ્યની હદમાં ચાલ્યો જાય વારૂ ?"

" તે જ્યાં જશે ત્યાં તેની પાછળ પાછળ હું ભટકીશ. પણ ે છોડીશ નહિ. તેણે મને હેરાન કરવામાં બાકી રાખી નથી. ટલે હું પણ તેનો બદલો આપવામાં પાછો પડીશ નહિ."

"પણ તે તમારા હાથમાંથી છટકી ગયો તો ?"

"તો હું તેને બદલે ફાંસીના માંચડાપર ચડવાને માટે તૈયાર છું." શરતચંદ્ર આવેશપૂર્વક બોલ્યો.

ન્યાયાધીશ શાંતપણે અને વિચારપૂર્ણ રીતે બોલ્યો. "તમારી આ કલ્પના મને પણ પસંદ પડે છે. પરંતુ તમે જાણો છો કે આ એક જાતનું કાવતરૂં કહેવાય. તેમાં ન્યાયાધીશ તરીકે મારાથી ભાગ લઇ શકાય નહિ. માટે તમે આ બાબત સારૂ તમારા ડિટેક્ટિવ ખાતાના સુપરિન્ટેન્ડન્ટને મળો."

શરતચંદ્રે હતાશ બનેલા મનુષ્યની માફક દીન મુદ્રાથી જણાવ્યું: "ત્યાં જઇને આ સલાહ આપવાથી શો લાભ મળવાનો હતો ? તેઓ મારી આ દરખાસ્તને તરછોડી કાઢવાના, એટલું જ નહિ પણ જો તેમણે અમારા ખાતાના રજીસ્ટરમાંથી મારૂં નામ છેકી નાંખ્યું નહિ હોય તો આ સાંભળીને મને તુરત જ ગરગડીયું આપવાના."

"શું ! તમે આટઆટલી મહેનત અને ચાલાકી બતાવ્યા છતાં તમારૂં નામ રજીસ્ટરમાંથી છેકી નાંખે ? તમને ડિસમિસ કરે ?"

"સાહેબ ! બધા આપના જેવા અભિપ્રાયના ન હોય. આપની એક અઠવાડીઆની માંદગી દરમ્યાન અમારા ખાતામાં મારા સંબંધી કેવી કેવી વાતો થાય છે એ જો આપ સાંભળો તો છક્ક થઇ જાઓ. તેઓ એવી વાત કરે છે કે આ કેદી જે કહે છે તે સર્વ સાચું છે. માત્ર મેં પદવી અને પગારમાં વધારો મેળવવાની આશાથી કેદીના વિરૂદ્ધમાં પહેલેથી છેલ્લે સુધી તરકટ ઊભું કર્યું છે. કેદીની કોટડીમાં બન્ને ચીઠીઓ મેં જ સોડાવોટર પાસે ફેંકાવી છે !"

"ત્યારે તેઓ મારે માટે શું કહેતા હશે ?" ન્યાયાધીશે ઉદ્‌ગાર કાઢ્યો.

"આપના સંબંધમાં પણ તેઓ પોતાની જીભને કાબૂમાં રાખી શક્યા નથી. તેઓ છચોક બોલે છે કે આપે આ કેસમાં પૂરતી તપાસ

કરી નથી અને આપ મારા ઉપર જોઇએ તે કરતાં વધારે વિશ્વાસ રાખીને ઉંધે માર્ગે દોરવાયા છો."

"ટુંકામાં એમ કહો ને કે તેઓ મને મૂર્ખો ધારે છે!" ન્યાયાધીશ ક્રોધપૂર્વક બોલ્યોઃ "બહુ સારૂ હરકત નહિ. હું તમને મદદ કરીશ. તમારા વિરોધીઓ ઉપર તમે વિજય મેળવો એવી મારી અંતઃકરણની ઇચ્છા છે. હું પોતે તમારા સુપરિન્ટેન્ડન્ટને મળીશ અને તમારી યોજના પ્રત્યે તેની પસંદગી મેળવીશ."

આ સાંભળી શરતચંદ્રના ઉમંગનો પાર રહ્યો નહિ. તથાપિ પોતાના હૃદયમાં પ્રકટેલા આનંદને તેણે પ્રકાશમાં આવવા દીધો નહિ.

ન્યાયાધીશ પુનઃ બોલ્યોઃ "વારૂ, હવે કહો, આપણે આ કાર્યનો આરંભ કેવી રીતે કરવો ?"

"સાહેબ ! આપ અમારા સુપરિન્ટેન્ડન્ટને મળો અને તેને પલાયન થવા દેવાની અનુકૂળતા આપવાનું નક્કી કરો, ત્યારબાદ પ્રથમ તો કેદીને આ તુરંગમાંથી ખસેડીને બીજી તુરંગમાં લઇ જવો."

"શા માટે ?"

"કારણ કે તે છૂટો થાય તેના થોડા દિવસ અગાઉથી તેના બહારના મિત્રો સાથે તેનો કોઇ પણ પ્રકારનો સંબંધ રહેવો જોઈએ નહિ. એટલે તે પોતાના મદદગારને કશું પણ સૂચવી શકે નહિ."

ન્યાયાધીશે પૂછ્યુંઃ "શું તમે એમ માનો છો કે આ તુરંગમાં તેના ઉપર બરાબર જાપતો રાખવામાં નથી આવતો ?"

"એવું નથી. સાહેબ ! જ્યારથી પેલી ચોઠીવાળો બનાવ બન્યો છે ત્યારથી આ તુરંગના જેલર સાહેબે બહુ જ સખ્ત જાપતો મૂકયો છે. પરન્તુ આ સ્થળે તેને બહારથી બાતમી મળવાનો સંભવ છે, અને તે ઉપરાંત—"

"તે ઉપરાંત શું ?"

"સાહેબ ! હું આપની પાસે મારૂં દિલ ખુલ્લું કરવાનો વાંધો જોતો નથી. હું જોઇ શકયો છું કે અમારા ઈન્સ્પેકટર ગજાનનરાવ

આ તુરંગમાં ગમે તે સમયે આવી જઇ શકે છે. જેલરની સાથે તેમને મિત્રતા છે. એટલે કોઇ તેમની પાસે પરવાનો માગતું નથી. જેલરનો તેમના ઉપર એટલો બધો વિશ્વાસ છે કે બપોરના બાર વાગે આકાશમાં તારા ચમકે છે એમ જો ગજાનનરાવ કહે તો પણ જેલર તે વાત સાચી માને; અને મને ગજાનનરાવ ઉપર વિશ્વાસ નથી. ”

“ આ તમે શું બોલો છો ?”

“સાહેબ ! હું કબૂલ કરૂં છું કે મારે આવું ન બોલવું જોઈએ. પરન્તુ મારી મનઃસ્થિતિ હું આપની પાસે લેશ પણ સંકોચ વગર પ્રકટ કરૂં છું. મને તેમના ઉપર બિલકુલ વિશ્વાસ નથી. હું કેદીની કોટડી ઉપરથી તેની હીલચાલ પર નજર રાખતો હતો અને તેના ગુપ્ત પત્રવ્યવહારને મેં પકડી પાડયો હતો, એવું કેદીના જાણવામાં આવ્યું હતું કે નહિ ? બેશક એ તેના જાણવામાં આવ્યું હતું એવી આપની પણ છેલ્લી મુલાકાત ઉપરથી ખાત્રી થઈ હશે. ”

“ હા, એ વાત તો સાચી છે. ”

“ પણ તો પછી પ્રશ્ન એ છે કે તે કેવી રીતે એ વાત જાણી શકયો ? મેં ઘણો વિચાર કર્યો છે અને મારૂં મન મને એમ કહે છે કે તે જાણવામાં તેને કોઇ પણ પ્રકારે ગજાનનરાવની મદદ મળેલી હોવી જોઇએ. ”

“ પણ તેની તમારી પાસે કશી સાબીતી છે ?”

“ સાહેબ ! મારી પાસે સાબિતી નથી, અને હોય તો પણ તે હું કદિ પ્રકટ કરૂં નહિ. કારણ કે એક જ ખાતામાં કામ કરનારા એક માણસે આવી રીતે બીજા માણસને ઉતારી પાડવો ન જોઈએ. તેમ આવું બને તેમાં મને કશું આશ્ચર્ય પણ થતું નથી. હરિફાઇથી ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે અને તેનું પરિણામ પ્રતિસ્પર્ધીને કોઈ પણ રીતે હેરાન કરવામાં આવે છે. દરેક ધંધામાં એવું જ બન્યા કરે છે. હું સાથે સાથે એટલું જ સ્પષ્ટપણે જણાવું છું કે ગજાનનરાવની પ્રામાણિકતામાં મને લેશ પણ શંકા નથી. તેને એક લાખ રૂપીઆની લાંચ

આપવામાં આવે તો પણ તે કેદીને પૈસાની ખાતર નિર્દોષ ઠરાવવાનો પ્રયત્ન કરવાનો નહિ. માત્ર મારા ઉપર આ કેસના પ્રારંભથી જ તેને ઈર્ષ્યા ઉત્પન્ન થયેલી હોવાથી જો મને નુકસાન પહોંચાડવાની તેની આશા ફળિભૂત થઇ શકતી હોય તો તે એક નહિ પણ વીશ કેદી-ઓને પણ ન્યાયના પંજામાંથી છટકવાના કાર્યમાં સહાય કરવાનો."

ન્યાયાધીશને પણ શરતચંદ્રના આ ખુલાસા પછી સંતોષ થયેલો લાગ્યો. તેણે કહ્યું: "હું હમણાં કપડાં પહેરીને તૈયાર થઇ જાઉં છું. પટાવાળાને કહીને ગાડી મગાવું છું. કારણ કે હજી મારામાં ચાલવાની શકિત નથી."

તે દશ મીનિટમાં તૈયાર થઈને દીવાનખાનામાં આવ્યો. પાંચ મીનિટ પછી પટાવાળે ગાડી આવી ગયાનું જણાવ્યું. બન્ને જણા ઉઠ્યા ને મકાનની બહાર આવ્યા. તેઓ ગાડીમાં બેસવા જતા હતા ત્યાં એક નોકર જેવો દેખાતો માણસ શાંતિપ્રસાદની પાસે આવ્યો અને સલામ કરીને ઊભો રહ્યો.

"જુવાનસિંહ! તમારા સાહેબને કેમ છે?" શાંતિપ્રસાદે પુછ્યું.

"અગાઉ કરતાં સારૂં છે. તેમણે આપની તબીયતના સમાચાર પૂછવા તથા પેલો કેસ કેટલો આગળ વધ્યો તે જાણવાને માટે મને આપની પાસે મોકલ્યો છે."

"મેં તેમને છેલ્લાં જણાવ્યું હતું તેમાં કશો વધારો થયો નથી. તેમને મારા સલામ કહેજો અને જણાવજો કે મારી તબીયત હવે તદ્દન સુધરી ગઈ છે."

જુવાનસિંહ નમન કરીને ચાલ્યો ગયો. બન્ને જણા ગાડીમાં બેઠા અને ગાડી ચાલૂ થઇ. શાંતિપ્રસાદ બોલ્યો: "પેલો જુવાનસિંહ જ્યોતિપ્રસાદની પાસે પટાવાળા તરીકે નોકરી કરે છે."

"જેમણે આ કેસના પ્રારંભ—"

"હા, તે જ. બે–ત્રણ દિવસ પહેલાં પણ તેમણે માણસ મોક-લીને ફાલ્ગુનને લગતા કેસની માહિતી પૂછાવી હતી."

"ત્યારે એમને પણ આ કેસમાં રસ પડયો લાગે છે."

"પડયો હોવો જ જોઈએ. કારણ કે આ કેસમાં સઉથી પહેલી તપાસ તેમણે જ કરી હતી. આવો અગત્યનો કેસ તેમના હાથમાંથી જવા માટે તેમને દિલગીરી પણ થતી હશે અને મારૂં માનવું એવું છે કે તે આ કેસ વધારે સારી રીતે ચલાવી શકત. હજી પણ મને એમ થાય છે કે જો મારી જગ્યા તે લ્યે તો ઘણું સારૂં."

પરન્તુ એ વાત **શ**રતચંદ્રને રૂચે તેવી ન હતી. કારણ કે જ્યોતિપ્રસાદના કરડા અને ગંભીર સ્વભાવનો તેને થોડા સમયમાં જ પરિચય થઇ ગયો હતો.

શાન્તિપ્રસાદ ડિટેકટીવ ખાતાના સુપરિન્ટેન્ડન્ટને મળ્યો. તેને **શ**રતચંદ્રની યોજના સમજાવી અને તેનો અમલ કરવાની કબૂલાત લીધી. ત્યારબાદ કેદીને જે તુરંગમાં તે હતો ત્યાંથી બીજી તુરંગમાં ખસેડવામાં આવ્યો. **ચં**દ્રભાગાને જામીનપર છોડવામાં આવી. અને **પ**ન્નાલાલને ચોરીના ગુન્હા માટે તેર માસની સખ્ત કેદની સજા ફરમાવવામાં આવી.

બીજા દિવસથી હુતાશણીના તહેવારો હતા. તેની પાંચ દિવસની રજાઓ પડતી હતી. ન્યાયાધીશને પણ વિશેષ આરામની જરૂર હતી.

ફાગણ સુદી એકમને દિવસે સ્હાંજે ચાર વાગે **શાં**તિપ્રસાદ દિવાનખાનામાં બેઠો બેઠો કાયદાને લગતું એક પુસ્તક વાંચતો હતો. તે સમયે એક માણસ તેમની પાસે આવ્યો.

આ માણસ દેખાવમાં હિન્દુસ્તાની જેવો લાગતો હતો. તેના વાળમાં ધોળા પળીયાં આવ્યાં હતાં. તે દેખાવમાં પીસ્તાલીસ વર્ષનો લાગતો હતો. શરીરે તગડો અને રંગે ભીનેવાન હતો.

તે સલામ કરીને ઊભો રહ્યો. ન્યાયાધીશે પૂછયું: "તમે કોણ છો? અને કેમ આવ્યા છો?"

"સાહેબ! મને નોકરો પૂરા પાડનારી કંપનીએ આપની પાસે મોકલ્યો છે. મેં ઘણા શેઠીઆને ત્યાં નોકરી કરેલી છે. આપનું કામ

વફાદારીપૂર્વક બજાવીશ. પગાર પણ દશ રૂપીઆથી વધારે માગતો નથી.”

“હું બતાવીશ તે દરેક કામ તમારે કરવું પડશે.” નોકરો પૂરા પાડનારી કંપનીના મેનેજરે લખી આપેલ ભલામણનો કાગળ વાંચી રહ્યા પછી ન્યાયાધીશે કહ્યું. તેને આ માણસ પસંદ પડી ગયો.

“સાહેબ! સેવકને એક વખત રાખી જોશો એટલે ખાત્રી થઈ જશે.”

“વારૂ, ત્યારે આવતી કાલે સ્હવારે આઠ વાગે હાજર થઈ જજો. તે વખતે બધી સુચના કરીશ.”

“કેમ સાહેબ! હવે મને ફાલ્ગુન ઓળખી શકશે ખરો?”

“કોણ! **શરતચંદ્ર?**”

“આપનો તાબેદાર સેવક. મેં મારી બધી તૈયારી કરી નાંખી છે. એટલે હવે યોગ્ય લાગે ત્યારે કેદીને પલાયન થવા દેવાની અનુકૂળતા કરી આપવામાં હરકત નથીઃ”

પ્રકરણ ૩૭ મું.

કેદી નાઠો.

ચંદ્રનગર રાજ્યમાં એવો નિયમ હતો કે એક કેદીને તુરંગમાંથી કોર્ટમાં મોકલવો હોય અથવા તો એક તુરંગમાંથી બીજી તુરંગમાં મોકલવો હોય તે વખતે જેલર તેને ન્યાયાધીશ કીંવા પોલીસ ખાતાના અધિકારીના લેખિત હુકમને આધારે પોલીસને સોંપે અને ત્યારપછી પુનઃ તે કેદીને તુરંગમાં લાવવામાં આવે ત્યાંસુધીને માટે જેલર તે કેદીના સંબંધમાં તમામ જવાબદારીથી મુક્ત ગણાતો એટલે પોલીસ તેનાપર મજબૂત પહેરો રાખતી હતી. જ્યારે કોઇ ભયંકર ગણાતા કેદીને એક સ્થળેથી બીજે દૂરને સ્થળે લઇ જવો હોય ત્યારે તેને ખાસ ગાડીમાં લઈ જવામાં આવતો. તે ગાડી મજબૂત અને તેની બારીઓ લોખંડના સળીઆવાળી રહેતી તથા તેના દ્વારને બંધ કરીને એક ચાવી સિવાય બીજી કોઈ પણ ચાવીથી ન

ખુલે તેવું તાળું વાસવામાં આવતું, સશસ્ત્ર સિપાઇઓ ગાડીવાનની સાથે બેસતા એટલે બનતાં સુધી તેમાંથી કેદી પલાયન થઈ શકતો નહિ.

છતાં પણ તેવો પ્રયત્ન થતો જ નહિ એવું ન હતું. દર વર્ષે સરેરાશ વીશ કેદીઓ આવી રીતે ન્હાસવાનો પ્રયત્ન કરતા. તેમાંથી ચૌદ–પંદર જણા તો પ્રયત્ન કરતા જ પકડાઈ જતા. ત્રણ–ચાર જણાને પકડતાં સ્હેજ શ્રમ લેવો પડતો અને એકાદ–બે જણા પોલીસને હંફાવતા ખરા, પણ છેવટે પકડાયા સિવાય રહેતા નહિ.

આ વિચારથી ફાલ્ગુનને ન્હાસવાની અનુકુળતા આપવા છતાં તે નહિ જ પકડાય એવી ભીતિ શરદ્ચંદ્રને હતી જ નહિ.

આજે તેને ન્હાસવા દેવાની તૈયારી કરવામાં આવી હતી. તેને કેટલાક દિવસ પહેલાં કોર્ટની અંદરની તુરંગમાંથી ગામ બહાર મજબૂત તુરંગમાં ફેરવવામાં આવ્યો હતો. તેના જેલર ઉપર તેને કોર્ટમાં મોકલવાનો હુકમ લખીને ન્યાયાધીશે પોલીસ કમિશ્નરને મોકલાવ્યો હતો, જે પોલીસ કમિશ્નરે એક જમાદારની સાથે જેલરપર મોકલાવ્યો હતો. જમાદાર બે સિપાઇની સાથે કેદીને લેવાને માટે એક ગાડી લઇને તુરંગ ઉપર ગયો હતો. ત્યાંથી કેદીને બેસારીને કોર્ટમાં લાવવાને હતો. પોલીસે તે ગાડીને તાળું વાસવાનું ભૂલી જવું અને જ્યારે ગાડી કોર્ટની નજીક આવી પહોંચે એટલે કેદી સાંભળે તેવી રીતે ગાડીવાનને ગાડી ઊભી રાખવાનું કહી નજીકની હોટેલમાં ચહા પીવાને માટે જવું. તે કયે સ્થળે ઊભી રાખવી એ અગાઉથી નક્કી કરવામાં આવ્યું હતું. ત્યાં પોતાના પહેરીગીરોની ગફલતનો લાભ કેદી લેશે એવી આશા રાખવામાં આવી હતી.

જે સ્થળે ગાડી ઊભી રાખવાની હતી ત્યાં આગળ બે લફંગા જેવા દેખાતા મનુષ્યો એક બીજાની સાથે કાંઈ મસલહત કરતા હતા. વચ્ચે વચ્ચે તેમાંનો એક માણસ છૂપી પોલીસ ખાતાના કોઇ ડિટેક્ટિવને જોતો કે તેની પાસે જતો અને તેને અમુક સવાલો કરી જવાબ મેળવતો. લગભગ જુદા જુદા દસ–પંદર માણસોને તેણે સવાલ

કર્યાં હશે. એ પછી તે પોતાના મિત્ર પાસે જઈને બોલતોઃ " કેમ દોસ્ત ! કોઈ આપણને ઓળખી શકતું નથી ! "

આ બે જણા કોણ ! શરતચંદ્ર અને સોડાવોટર. તેઓ આ સ્થળે કેદી ગાડીમાંથી પલાયન થાય કે તેનો પિછો લેવાને માટે તૈયાર થઈને ઊભા હતા.

આ બે જણા ચોર બજારના દલાલો જેવા લાગતા હતા. સોડાવોટર તો મનમાં ને મનમાં હસ્યા કરતો અને કહેતોઃ " બચ્ચા શરતચંદ્ર ! તું પણ જબરો ખરો. હું પોતે જ મને ઓળખી શકતો નથી તો બીજું મને કોણ ઓળખવાનું છે ? પણ તું આ બધું શીખ્યો ક્યાંથી ? "

" એ હું તમને પછી કહીશ. જૂઓ કેદીની ગાડી દૂરથી આવતી જણાય છે. તૈયાર થઈ જાઓ. " શરતચંદ્રે સૂચના કરી.

તે બન્ને જણા રસ્તાની બે બાજુપર બે દુકાનોની સામે જોઇ રસ્તા તરફ પીઠ કરીને ઊભા રહ્યા. તે પાનબીડીની દુકાનો હતી. તેમાં વચ્ચે મોટા અરીસા હતા. તે અરીસામાં રસ્તાપર બનતી તમામ ઘટના દેખાતી હતી. ગાડી આવી અને ત્યાં આગળ જ ઊભી રહી. પોલીસના જમાદારે મોટેથી ગાડીવાનને કહ્યુંઃ " અમે ચહા પીવાને જઈએ છીએ. તારે માટે એક કપ આવે છે. "

" કેટલો વખત લાગશે ? "

" પાંચ–સાત મિનિટ. "

એમ કહીને જમાદાર તથા બે સિપાહીઓ હોટેલમાં ગયા. ગાડીવાન પણ ગાડીપરથી નીચે ઉતરીને બીડીઓ લેવાને માટે સામેની એક દુકાન આગળ ગયો. ફાલ્ગુન આ બધું જોતો હતો. તે બહાર નિકળ્યો નહિ. એથી તેને અંદર જ બેસી રહેલો જોઈને શરતચંદ્રને ચિંતા થઈ કે મહેનત પાણીમાં જશે કે શું ? પણ તે ચિંતા વધુ વખત ટકી નહિ. ફાલ્ગુને બારણું હચમચાવ્યું. તે ખૂલી ગયું. એટલે કેદી તેમાંથી બહાર નિકળ્યો. તેણે આસપાસ દૃષ્ટિ કરી. સિપાઇઓ

હોટેલમાં હતા. ગાડીવાનનું લક્ષ દુકાન તરફ હતું. એટલે કેદી આસપાસ ચોતરફ દષ્ટિ કરીને આગળ ચાલવા લાગ્યો.

થોડી વારે જમાદાર તથા સિપાઇઓ આવ્યા; બારણું ઉઘાડેલું જોયું. ગાડીવાનને બૂમ મારી. કેદી ગાડીમાં ન હતો. એટલે તેમણે ચોતરફ દૃષ્ટિ કરી. કેદી જણાયો નહિ. તેથી તેમને ફાળ પડી હોય તેવા ભાવપૂર્વક આ બાબત ન્યાયાધીશને જાહેર કરવાને માટે તેઓ કોર્ટમાં ગયા.

પ્રકરણ ૩૭ મું.

રેણુકાબાઈ.

શરતચંદ્રની મદદમાં તો "સોડાવોટર હતો. પરંતુ આ ફાલ્ગુનનું મદદગાર કોણ ? જેને મજબૂત દિવાલોથી ઘેરાયેલી તુરંગમાં સહાય મળી શકતી હતી તે મુક્ત રહ્યા પછી અસહાય કેમ રહે ? તેના પેલા અદ્‌ભુત સહાયકની ચાલાકીનો વાચકોને અવારનવાર પણ પરિચય થયેલો છે.

વારૂ, હવે આપણે પણ ફાલ્ગુનની પાછળ પડેલા આ બે ડિટેક્ટિવોનો સાથ કરીએ. ફાલ્ગુન શું કરતો હતો ? તે કાંઈ દોડતો ન હતો. જાણે કશુંજ બન્યુજ ન હોય તે પ્રમાણે ધીમે ધીમે રાજમાર્ગપર એક શાંત અને નિર્દોષ શહેરીની માફક ચાલતો હતો. ગાડીના બારણાને તાળું વાસવામાં કરેલી ભૂલ, હોટેલ પાસે ગેરકાયદેસર ઊભી રાખેલી ગાડી, ચહા પીવાને ગાડી છોડીને ગયેલા પોલીસના માણસો, એ સર્વપરથી કેદી સમજી ગયો હતો કે તેને પલાયન થવાની અનુકૂળતા મળે તે માટે આ બધી યુકિત ઇરાદાપૂર્વક ગોઠવવામાં આવી છે. એટલે એ લોકો કાંઈ પોતાને પકડવાના નથી, એ વિચારથી તે ધીમે ધીમે ચાલતાં આગળ એક રસ્તો ફંટાતો હતો એ રસ્તાપર વળ્યો.

તેનાં વસ્ત્રો પણ કાંઈ કેદીના જેવાં ન હતાં. કોટ, પાટલૂન, ટોપી, મોજાં, બૂટ વગેરે પહેર્યું હતું. એટલે રસ્તાપર કોઇને શંકા આવે તેવું ન હતું.

બીજા રસ્તા પર વળ્યા પછી તે હવે ત્વરાથી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે આજુબાજુની દુકાનો તરફ દૃષ્ટિ કરતો હતો શરતચંદ્રે ધાર્યું કે આ માણસ કોઈની શોધમાં છે. તેની એ ધારણા સાચી ઠરી. એક તૈયાર કરેલાં નવા તથા જૂનાં કપડાં વેચનારની દુકાનમાં ફાલ્ગુન દાખલ થયો. શરતચંદ્ર તેની સામેની બાજાના ફૂટપાથ પર ઊભો રહીને ધૂમ્રપાન કરવા લાગ્યો. સોડાવોટર ધીમે ધીમે આવતો હતો. આ બન્ને જાણે જૂના દોસ્ત હોય અને હમણાં પહેલવહેલા જ મળ્યા હોય એવા ભાવપૂર્વક સાહેબ–સલામ થયા પછી સોડાવોટર બોલ્યો:—

" આ માણસ પાસે દોઢીયાં લાગતાં નથી. એટલે તે પોતાનાં કપડાં વેચી તેના બદલામાં જૂનાં વસ્ત્રો અને ઉપર થોડા પૈસા મેળવવા એ દુકાનમાં ગયો લાગે છે. "

" પણ ત્યાંથી તેને પૈસા મળશે જ એમ માનવાનું કારણ નથી. જોઈએ, શું થાય છે ? "

થોડી વારે ફાલ્ગુન જેવી સ્થિતિમાં દુકાનમાં દાખલ થયો હતો તેવી જ સ્થિતિમાં પાછો નીકળ્યો. તેનો ચ્હેરો ઉતરી ગયો હતો. તે ચિંતાતુર લાગતો હતો. તે હતાશ બનેલા મનુષ્યની માફક લથડતે પગલે આગળ ચાલવા લાગ્યો.

શરતચંદ્રે સોડાવોટરને કહ્યું: " હું પેલા દુકાનદાર પાસે જાઉં છું. તમે આની પાછળ જ રહેજો. છટકવા દેશો નહિ. "

" એમાં મને કહેવું ન પડે. " સોડાવોટર ફાલ્ગુનની પાછળ ચાલવા લાગ્યો.

શરતચંદ્રે નવાં–જૂનાં વસ્ત્રો વેચનાર દુકાનદારની પાસે જઈ, તેને પોતાનો બિલ્લો બતાવીને પૂછ્યું: " તમારી પાસે હમણાં પેલો માણસ શા સારૂ આવ્યો હતો ? "

"એ વાત બહુ લાંબી છે," દુકાનદારે ગભરાટપૂર્વક તેને જવાબ આપ્યો.

"પણ તે જાણવાની મારે ખાસ જરૂર છે."

"સાહેબ! વાતમાં ખાસ માલ નથી. આજથી દશ–બાર દિવસ દિવસ પહેલાં એક માણુસ મારે ત્યાં આવેલો. તેની પાસે ન્હાની પોટકી હતી. તેણે મને કહ્યું કે 'આ પોટકી તમે રાખો અને મારા મામાનો દીકરો આવે અને પોતાનું નામ ફાલ્ગુન છે એમ જણાવે એટલે આ પોટકી તેને આપજો." પરંતુ મેં એ વાતનો સ્વીકાર કર્યો નહિ. અગાઉ પણ એક માણુસ એવી રીતે ચોરીનો માલ મારે ત્યાં મૂકી ગયેલો હોવાથી મારે શોષવું પડયું છે. મેં ના પાડી એટલે તેણે મને મારી મહેનત બદલ પાંચસો રૂપીઆ આપવાનું જણાવ્યું. હું વધુ શંકાયો અને મેં તેને મારે ત્યાંથી ચાલ્યા જવાનું કહ્યું."

"ટુંકામાં પતાવો. મારો સમય કીમતી છે." શરતચંદ્રે પણ તેને જરી દમ દીધો.

"એ બનાવનું મને તો વિસ્મરણ થઇ ગયું હતું. પરંતુ આજે આ માણુસે આવીને તેની ફોઈના દીકરાએ અહીં રાખેલી પોટકીની માગણી કરી. પોતાનું નામ જણાવ્યું. મેં કહ્યું: 'પોટકી મારી પાસે નથી.' એટલે તે ઉદાસ બની ગયો. તેણે પોતાનાં કપડાંના બદલામાં જૂનાં વસ્ત્રો અને ઉપર થોડા પૈસા આપવાનું કહ્યું. પરંતુ મને પ્રથમથી જ શક આવેલો એટલે એ સોદો મેં કર્યો નહિ."

શરતચંદ્ર બોલ્યો: "દશ–બાર દિવસ ઉપર આવેલો માણુસ દેખાવે કેવો હતો?"

દુકાનદારે તેનું જે વર્ણન કર્યું તે સોડાવોટરે પોતાને ખૂબ દારૂ પાઇને બેભાન બનાવનાર ગૃહસ્થનું વર્ણન આપેલું તેને મળતું હતું. એટલે "ઓહો! એ તો ખૂનીનો મદદગાર!" એ શબ્દો શરતચંદ્રના મુખમાંથી નિકળી ગયા.

"ખૂન! એ વળી શું છે?" દુકાનદાર પણ ગભરાયો.

"કાંઇ નહિ. હું તમને પછી મળીશ." એટલો જવાબ આપીને ડિટેક્ટિવ ચાલ્યો ગયો.

તેણે દુકાનદાર સાથે પાંચ–સાત મીનિટ વાત કરી હશે. તે દરમ્યાન ફાલ્ગુન અને સોડાવોટર આગળ નિકળી ગયા હતા. પણ તેમણે અગાઉથી જ બધી યોજના કરી રાખી હતી. જો બેમાંથી એક જણ પાછળ રોકાય તો આગળ જનારે રસ્તા પર સ્થળે સ્થળે ચાકનું નિશાન કરવું અને જે ગલ્લીમાં જવાનું હોય તેના નાકા પર જમણી બાજુએ તો તે નિશાન અવશ્ય કરવું એવી ગોઠવણ કરી હતી.

એટલે શરતચંદ્રે તે ચાકના નિશાનપરથી સોડાવોટરના રસ્તાનો પત્તો મેળવ્યો. દુકાનદાર સાથેના સંભાષણથી તે વિચારમાં પડી ગયો હતો. ખૂનીના મદદગારે બધી તજવીજ કરી રાખી હતી. તે જે પોટકી દુકાનદારને આપવાનો હતો તેમાં પૈસા તથા વસ્ત્રો હોવાં જોઇએ. દુકાનદારે એ પોટકી રાખી નહિ એટલે તેણે શું કર્યું હશે? તેણે બીજો કોઇ માર્ગ લીધો હશે. તેણે આ દુકાનદારને પોતે પોટકી આપશે એવું ફાલ્ગુનને જણાવ્યું હશે. પરંતુ તે પોટકી દુકાનદારે રાખી નથી એવું તે જણાવી શકયો નહિ હોય. અર્થાત્ ફાલ્ગુનને બીજી તુરંગમ બદલાવ્યા બાદ તેનો મદદગાર આ દુકાનદાર પાસે ગયો હશે. જો તે વખતે ફાલ્ગુન પ્રથમની જ તુરંગમાં હોત તો તેનો સહાયક બીજો કોઈ રસ્તો કાઢીને તેની બાતમી પણ ફાલ્ગુનને આપત. આ ઉપરથી એક બીજો મુદ્દો સ્પષ્ટ થાય છે કે છેવટે ફાલ્ગુનને છોડી મૂકવામાં આવશે કે પલાયન થવાની તક આપવામાં આવશે એવું તે તથા તેને મદદગાર પ્રથમથી જ જાણતા હોવા જોઇએ.

ઉપર મુજબ વિચાર કરતો અને ચાકનાં નિશાનો જોતો જોતે શરતચંદ્ર આગળ ચાલ્યો. ત્યાં એક ચિત્રો વેચનાર અને છબીએ મઢનારની દુકાન સામે ચિત્રો જોવામાં મશ્ગુલ બની ગયો હોય એવી રીતે સોડાવોટર ઊભેલો જણાયો.

શરતચંદ્રે તેની પાસે જઇને પ્રશ્ન કર્યો: "મહેરબાન કયાં છે?"

સોડાવોટરે આંગળી કિંવા દૃષ્ટિ કર્યા વગર કહ્યું; “અહીંથી પાંચમા મકાનના ઓટલા પર બેઠો છે.”

વાત સાચી હતી. કેદી લમણે હાથ દઇને બેઠો હતો. તેની પાસે એક પાઈ પણ ન હતી. વળી પોતાની પાછળ ડિટેક્ટિવો પડેલા હોવાની પણ તેની ખાત્રી હતી. એટલે તેના મદદગારને મળવાથી બન્ને પકડાઇ જાય તો તમામ વાત ઉઘાડી થવાની બીતિ હતી. એથી ભવિષ્યનો વિચાર કરતો તે બેઠો હતો.

“તે સીધો અહીં જ આવ્યો કે રસ્તામાં કયાંય રોકાયો હતો?”

“તે ત્રણ–ચાર જરી પુરાણાં વસ્ત્રો વેચનારાની દુકાને ગયો હતો. રસ્તામાં એક માણસ સાથે વાત કરી હતી.” સોડાવોટરે કહ્યું.

“તે માણસ કોણ હતો?”

“મને તો કોઈ ભામટા જેવો લાગતો હતો.”

આ વાતચીત દરમ્યાન્ શરતચંદ્ર આડી નજરે ફાલ્ગુન તરફ જોતો હતો. એકાએક ફાલ્ગુનના ચ્હેરાપરની ચિંતા ઉડી ગઇ, તે સ્વસ્થ બન્યો અને દૃઢ નિશ્ચયપૂર્વક ઉઠીને આગળ ચાલવા લાગ્યો.

“એ હવે કયાં જવાનો?” સોડાવોટરે પૂછયું.

“તેના દેખાવપરથી તે કયાં જવાનો છે તેનું અનુમાન હું કરી શકું છું. એટલે તે સ્થળે તેની આગળ જઇને બધી વ્યવસ્થા કરૂં છું. તમે તેની પાછળના પાછળ રહી ચાકનાં નિશાન કરતા રહેજો. તે પેલી સ્ટેશનપરની વીશીવાળી રેણુકાબાઇને ત્યાં જાય છે. જો ત્યાં નહિ જાય તો ચાકના નિશાનને આધારે હું તમારા ભેગો થઈ જઈશ.”

શરતચંદ્ર એક ખાલી જતી ભાડુતી ગાડીમાં ચડી બેઠો અને ગાડીવાળાને ટુંકા રસ્તે સ્ટેશન તરફ લેવાનું કહ્યું. ગાડી થોડા સમયમાં સ્ટેશન પાસે આવી પહોંચી. ભાડું ચૂકવીને ડિટેક્ટિવ પેલી વીશીમાં ગયો. રેણુકાબાઈ તેના પાળેલા પોપટને બોલતાં શિખવતી હતી.

આ વખતે શરતચંદ્રનો દેખાવ એક મવાલીના જેવો હતો. તેને જોઇને રેણુકાબાઈ બોલી: “તું અહીં શા માટે આવ્યો છે?”

ડિટેક્ટિવે અગાઉથી જ વિચાર કરીને બધી તૈયારી કરી રાખી હતી. તેણે ગજવામાંથી એક કાગળ કાઢીને કહ્યું: "મારા કાકા ન્યાયાધીશ શાંતિપ્રસાદની કોર્ટમાં પટાવાળા છે. તે આ પત્ર તમને પહોંચાડવા આવતા હતા. એટલામાં રસ્તામાં તેમને ચક્કર આવવાથી પડી ગયા. એટલે તેમને ઘેર લાવ્યા. ત્યાં હું હતો. તેમણે પોતાનાથી આવી શકાય તેમ નહિ હોવાથી આ પત્ર તમને જલ્દી પહોંચાડવાનું કહેવાથી હું આવ્યો છું."

રેણુકાબાઇએ પત્ર વાંચ્યો. શાંતિપ્રસાદે તેને તુરત કોર્ટમાં હાજર થવા લખ્યું હતું. "ઠીક, હું હમણાં જ જાઉં છું." એટલું બોલીને તે વસ્ત્રો બદલાવવા ઉઠી. શરતચંદ્ર બહાર ચાલ્યો જઈ એક દુકાન પાસે ઊભો રહ્યો.

રેણુકાબાઇને વસ્ત્રો બદલતાં વાર લાગી. શરતચંદ્રને ચિંતા થઈ કે જો ફાલ્ગુન આવી પહોંચે અને તેની, આ સ્ત્રી સાથે મુલાકાત થાય તો ઠીક નહિ. પણ દશેક મીનિટ પછી રેણુકાબાઈ બહાર નીકળી અને જવા લાગી. પછી ડિટેક્ટિવ પુનઃ વીશીમાં દાખલ થયો. તેમાં કામ કરનારો માણુસ બેઠો હતો. શરતચંદ્ર દમામપૂર્વક બોલ્યો: "જો, હું ડિટેક્ટિવ છું. આ મારો બિલ્લો. જો તારે કેદમાં ન જવું હોય તો અહીં એક માણુસ આવે તેને હું કહું એટલું જ કહેજે. લાંબી ટુંકી વાત કરીશ નહિ. તેને દાઢી છે અને કાળો કોટ તથા ટોપી પહેર્યા છે."

"તમે કહેશો તેમ કરીશ." માણુસ ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો.

શરતચંદ્રે તેને શું કહેવું એ વિષે સમજણ પાડીને કહ્યું: "હું તમારા બે જણા વચ્ચેની વાતચીત છૂપાઇને સાંભળવા માગું છું."

"તો આ બારણા પાછળ છૂપાઈ જાઓ. ત્યાંથી તમે તેને જોઈ શકશો અને અમે બોલીશું તે સાંભળી પણ શકશો."

શરતચંદ્રને એ ઠીક લાગ્યું. તેણે ઓરડામાં જઇ બારણું વાસી દીધું. બે ત્રણ મીનિટમાં જ કોઇનો અવાજ દાદરપર સંભળાયો. તે

ફાલ્ગુન પોતેજ હતો. તેણે કહ્યું: " આ વીશીની માલિકણ બાઈ ક્યાં છે ? "

" કઈ બાઈ ? "

" દોઢેક માસ પહેલાં હું અહીં આવેલો તે વખતે જે રેણુકા-બાઇ હતાં તે. "

" સમજ્યો ! એમણે તો વીશી વેચી નાંખી છે. " માણસે જવાબ આપ્યો.

" ત્યારે મારૂં તેની પાસે લ્હેણું છે તે કોણ આપે છે ? " ફાલ્ગુન ગુસ્સાપૂર્વક બોલ્યો.

" તે આપે, બીજું વળી કોણ ? "

આ જવાબથી ફાલ્ગુન ચિડાઈ ગયો. શરતચંદ્ર આ માણસની પ્રશંસા કરવા લાગ્યો.

" પણ મારૂં લ્હેણું આ વીશીને અંગે છે. મેં એક ઓરડી ભાડે રાખી હતી. તેનું ભાડું આપ્યું હતું. પણ તે ઓરડીનો મેં ઉપયોગ કરેલો નહિ હોવાથી એ પૈસા મને પાછા મળવા જોઇએ. "

" એવા પૈસા પાછા ન મળે. તમે ઓરડીનો ઉપયોગ ન કર્યો તેમાં બીજું કોઈ શું કરે ? તમારૂં કશું પણ વળે તેમ નથી. માટે રસ્તો પકડો. "

ફાલ્ગુન બડબડતો નીચે ઉતર્યો. શરતચંદ્રે બહાર નીકળી પેલા માણસને શાબાસી આપીને બક્ષિસ તરીકે આઠ આના આપ્યા.

પરંતુ શરતચંદ્રને એક શંકા ઉપજી હતી. આ માણસના જવાબથી ફાલ્ગુન ગુસ્સે થયો હતો ખરો, પણ તેને કશું આશ્ચર્ય થયું ન હતું. એટલે પોતાની ધારણા મુજબનો જવાબ અહીં તેને નહિ મળે એમ તેણે જાણેલું હોવું જોઇએ. તો એ તેને કોણે જણાવ્યું હશે ?

તેણે સોડાવોટરને મળતાં પહેલો પ્રશ્ન એ કર્યો કે " રસ્તામાં એને કોઇ મળ્યું હતું ? "

"હા, એક બાઈ મળી હતી. તે દેખાવડી હતી અને કાળી સાડી તથા સફેદ ચોળી પહેર્યા હતાં."

"હેં! ત્યારે આપણું પ્રારબ્ધ જ અવળું છે. મેં યુક્તિ કરીને રેણુકાબાઇને વિશિમાંથી કાઢી તો એ લોકોની રસ્તામાં મુલાકાત થઇ!"

"એમાં મારો શો વાંક?" શરતચંદ્રને ઉશ્કેરાયેલો જોઇને તેનો સાથી બોલ્યોઃ "જો તમે મને કહ્યું હોત તો હું કોઇની સાથે વાત કરવા ન દેત."

"હશે, હું તમારો દોષ નથી કાઢતો. પણ હવે સાવચેત રહેવું."

હવે ફાલ્ગુન પુષ્કળ મેદનીવાળા લત્તામાં આવી પહોંચ્યો હતો. તે ઈરાદાપૂર્વક માણસોના ટોળાની વચ્ચે ચાલતો હોવાથી બન્ને ડિટેક્ટિવોને તેની વધારે તકેદારી રાખવી પડતી હતી.

ચાલતાં ચાલતાં શરતચંદ્રે તેના સહચારીને પ્રશ્ન કર્યોઃ "આ બે જણાંનો ભેટો કયે સ્થળે થયો હતો?"

"વીશીથી આશરે બસો વારના અંતરપર થયો હશે." સોડાવોટરે જવાબ આપ્યો.

"પહેલાં કોનું લક્ષ ગયું હતું?" શરતચંદ્રે પૂછ્યું.

ફાલ્ગુનની દૃષ્ટિ વીશીવાળી રેણુકાબાઇ તરફ જવાથી તે તેની પાસે ગયો હતો."

"તેને જોવાથી વીશીવાળીને કશું આશ્ચર્ય થયેલું લાગતું હતું?"

"હું તેમનાથી દૂર હતો એટલે તેમની વાતચીત સાંભળી શકયો નહતો. પણ રેણુકાબાઇ ગભરાઈ ગયેલી દેખાતી હતી."

"અહા! જો હું ત્યાં હોત તો દૂરથી પણ એ બન્નેના ચ્હેરાના ભાવ ઉપરથી ઘણું જાણી લેત. વારૂ, તેમણે કેટલો સમય સંભાષણ કર્યું?"

"આશરે દસેક મીનિટ."

"રેણુકાબાઇએ ફાલ્ગુનને કાંઇ પૈસાટકા આપ્યા હતા ખરા?"

" એ તો કેમ કહી શકાય? પણ તે બન્ને જણાં ચડભડતાં હોય એમ દેખાતું હતું."

" સમજ્યો! તે બન્નેને એવી ખાત્રી હતી કે પોલીસે તેમનો પિછો લીધો છે. એટલે દેખાવ કરવાને ખાતર તેઓ બાઝયાં હશે."

" આપણે રેણુકાબાઇને સવાલ કરીએ તો ભેદ જણાય ખરો." સોડાવોટરે સલાહ આપી.

શરતચંદ્રે ડોકું ધૂણાવ્યું અને કહ્યું: " મને આશા નથી. જો આપણે તેને પૂછીએ તો તે એમ કહેવાની કે ' એ ફાલ્ગુન મને મળ્યો હતો અને મારી પાસે ઓરડીના ભાડાના પૈસા પાછા માગતો હતો.' "

" ત્યારે હવે આપણે શું કરવું? "

" આપણે ફાલ્ગુનનો તેના મદદગારની સાથે મેળાપ થવા ન દેવો." શરતચંદ્રે સૂચના કરી.

" મને તો એમ લાગે છે કે આ કેદીને પકડીને પુનઃ તુરંગમાં પૂરી દેવો. કારણ કે એ બહુ જ ચાલાક છે. એટલે આપણને હાથતાળી આપીને છટકી જશે." સોડાવોટરે ભીતિ દર્શાવી.

" એટલામાં હિમ્મત હારી ગયા? ધીરજ રાખો, ફરીફરીથી પ્રયત્ન કરનાર કરોળીઆના દૃષ્ટાંતને સ્મરણમાં રાખો. આપણે ગમે તેમ કરીને તેનો ગુપ્ત ભેદ જાણ્યા વગર નહિ રહીએ. મને લાગે છે કે રેણુકાબાઈ પાસેથી તેણે પૈસા મેળવ્યા હોવા જોઇએ. માટે હવે તેની હીલચાલ ઉપર બારિક નજર રાખવી જોઇએ."

શરતચંદ્રનું અનુમાન સાચું હતું. કારણ કે આગળ ચાલતાં ફાલ્ગુન એક દુકાનમાં ગયો અને ત્યાંથી તે બહાર પડયો એ વખતે તેના મ્હોંમાં એક મોટી સીગાર હતી. આ સીગાર ખરીદવાને તેણે પૈસા ક્યાંથી મેળવ્યા? રેણુકાબાઇ પાસેથી.

પ્રકરણ ૩૮ મું

કેદી અને તેના મદદગાર.

કેદીને રેણુકાબાઈ પાસેથી પૈસા મળ્યાનું નક્કી થયું. પરંતુ એ બે જણાં વચ્ચે થયેલા સંભાષણ પછીથી કેદીના વર્તનમાં ફેર પડી ગયો હતો. અગાઉ તે નિશ્ચિતની માફક ચાલતો હતો. અત્યારે તેના મનમાં ભીતિ ઉત્પન્ન થઇ હતી. રેણુકાબાઇએ તેને કશું જણાવેલું હોવું જોઇએ અને તેથી પોતાની પાછળ પોલીસ હોવાની તેની ખાત્રી થવાને લીધે તે તેમની નજરમાંથી છટકવાનો પ્રયત્ન કરતો હતો.

તે એક દુકાનમાં દાખલ થયો. એ જોઇને શરતચંદ્ર બોલ્યો: તેનો ઇરાદો પોતાનાં વસ્ત્રો બદલી નાંખવાનો હોવો જોઇએ. જ્યાંસુધી આ વસ્ત્રો તેના અંગ ઉપર છે ત્યાં સુધી મોટું જોખમ છે.”

થોડી વારે ફાલ્ગુન બહાર નીકળ્યો ને તદ્દન બદલાઈ ગયો હતો. તે મવાલીના જેવો દેખાતો હતો. તેનાં કપડાં જૂનાં અને મેલાં હતાં. ગળે રૂમાલ બાંધ્યો હતો. તે બહાર નીકળીને કોઇ પોતાની પાછળ તો લાગ્યું નથી એવી આશંકાથી આમતેમ દૃષ્ટિ કરતો હતો.

તે એવી રીતે ચાલતો, ગલ્લીકુંચીઓમાં વળતો અને કોઈ હોટેલ કે સ્ટોરના એક બારણામાં દાખલ થઇ બીજા બારણામાં બહાર પડતો, કે એ પરથી આ માણસને ચંદ્રનગરના તમામ રસ્તાઓની માહિતી છે એવી શરતચંદ્રની ખાત્રી થઈ ગઇ. એક–બે વખત તો તે છટકી પણ ગયો હોત. કારણ કે અંધકાર થઇ ગયો હતો. મ્યુનિસિપાલિટીના દીવા ઝાંખા બળતા હતા, અને રસ્તાપર ભીડ વધારે હતી. પરંતુ શરતચંદ્ર તેને ક્ષણવાર પણ પોતાની નજરેથી અદૃશ્ય થવા દેતો નહિ.

આગળ ચાલતાં એક ખાલી વિકટોરિયા જતી હતી. તેના ગાડીવાન સાથે વાત કરી, તેમાં એક બાજુએથી દાખલ થઇને ફાલ્ગુન

બીજી બાજુએથી નીચે ઉતરી ગયો. આ યુક્તિ તેણે પોતાની પાછળ પડેલાઓને છેતરવાને માટે અજમાવી હતી. પછી બીજી બે ગાડીઓમાં પણ તે જ પ્રમાણે કરીને તે એક ત્રીજી ગાડીમાં દાખલ થયો અને ગાડી ચાલવા લાગી. તેને લાગ્યું કે પેલા ડિટેક્ટિવો આગલી ગાડી પછવાડે ગયા હોવાથી હવે કશી બીતિ નથી. પરંતુ એ ધારણા ખોટી હતી. શરતચંદ્ર આ ગાડીની પાછળના પાટીઆપર ભરાઈ રહ્યો હતો. સોડાવોટર સાહેબ પાછળ દોડતા હતા. ગાડી જે લત્તામાં આવીને ઊભી રહી તે લત્તો હલકા વર્ગના માણસોથી વસાયેલો હતો. ત્યાં ગાડીમાંથી નીચે ઉતરીને ફાલ્ગુને ચોતરફ નજર ફેરવી. કોઇ તેના જોવામાં આવ્યું નહિ. તે નિશ્ચિત બન્યો. પરંતુ તેમાં તેણે થાપ ખાધી. ગાડી ઊભી રહી કે તુરત જ શરતચંદ્ર ગાડી નીચે સરકીને સૂઇ ગયો. એટલે તે ફાલ્ગુનની દષ્ટિએ પડયો નહિ. કેદી આગળ ચાલ્યો કે શરતચંદ્ર ઉઠીને તેની પાછળ પાછળ જવા લાગ્યો. થોડી વારે એક સીટી સંભળાઈ. શરતચંદ્રને આશ્ચર્ય થયું કે સોડાવોટર એટલી વારમાં ચાલતો કેવી રીતે આવી પહોંચ્યો ?

સોડાવોટર નજીક આવ્યો એટલે શરતચંદ્ર બોલ્યોઃ " બહુ દોડયા ! "

" ના, મેં પણ તમારી માફક કર્યું. એક બીજી ગાડીમાં હું ચડી ગયો. "

" વારૂ, બરાબર લક્ષ રાખજો, નહિ તો કેદી પસાર થઇ જશે."

ફાલ્ગુન ત્વરાથી પણ બેદરકારપણે ગાતો ગાતો રસ્તાપર ચાલતો હતો. થોડી વારે તે એક ઇસ્લામી રેસ્ટોરાંમાં દાખલ થયો. ત્યાં એક ટેબલ પાસે એક માણુસ બેઠો હતો તેની પાસે જઇને બેઠો.

" આ તો કેદીનો મદદગાર ! " સોડાવોટરે ઉદ્‌ગાર કાઢયો.

" એમ ! " શરતચંદ્રે આશ્ચર્યોદ્‌ગાર કાઢયો. સોડાવોટરે ખૂનીના મદદગારને અગાઉ બરાબર જોયેલો હોવાથી તેના વચન ઉપર શંકા લાવવાનું કારણુ ન હતું. પરંતુ તેઓ આ સ્થળે જ એકઠા શી રીતે

થઈ ગયા ? તેનો ખુલાસો મળી શકે છે. ફાલ્ગુન અને રેણુકાબાઇની મુલાકાત વખતે થયેલી ગોઠવણુ મુજબ રેણુકાબાઇએ ખૂનીના મદદગારને ફાલ્ગુન મુક્ત થવાનું જણાવી આ રેસ્ટોરાંમાં તેની રાહ જોવાનું કહ્યું હશે. "એમ જ હોવું જોઈએ." શરતચંદ્ર બબડયો.

પ્રથમ તો ફાલ્ગુને પોતાને માટે ખાવાનું તથા ચહા મગાવ્યો. આ રેસ્ટોરાંમાં મોટે ભાગે હલકા વર્ગના માણુસો આવતા હતા. તેમાં મળતી વસ્તુઓ પણુ હલકા પ્રકારની હતી. છતાં ફાલ્ગુને સ્વાદપૂર્વક પ્રાશન કર્યું. પછી તેણે જાણે પોતે પહેલવહેલો જ જોયો હોય તેવી રીતે પોતાની નજીક બેઠેલા માણુસની સાથે વાત કરવાનો પ્રારંભ કર્યો.

શરતચંદ્ર તથા સોડાવોટર બહાર ઊભા હતા. તેમને આ લોકોની મસલત સાંભળવાની ઈચ્છા થઇ. શરતચંદ્ર અંદર દાખલ થવા લાગ્યો. તેને અટકાવીને સોડાવોટર બોલ્યોઃ "આ રેસ્ટોરાંમાં બધા બદમાશો એકઠા થયેલા છે. જો તેમને ખબર પડશે કે આપણે ડિટેક્ટિવો છીએ તો તેઓ આપણને પૂરા કરી નાંખશે."

શરતચંદ્ર મૃત્યુના ભયથી પાછો હઠે તેવો ન હતો. તે સોડાવોટરને બહાર ઊભો રાખીને પોતે એકલો અંદર ગયો અને પેલા લોકો બેઠા હતા તેમના તરફ પીઠ રાખીને તેમની નજીકમાં એક બીજા ટેબલ પાસેની ખુરસીપર બેઠો. તેણે અવાજ બદલાવીને આઇસક્રીમની એક પ્લેટ મગાવી.

આ લોકો જાણે એક બીજાથી અપરિચિત હોય એવી રીતે એલારપેલારની અર્થ વગરની વાતો કરતા હતા. એ સાંભળીને શરતચંદ્ર હસ્યો અને મનોગત બોલ્યોઃ "બન્ને જણા ભારે ખંધા છે ! પણુ હું કાંઈ તેમનાથી ગાંઝ્યો જાઉં તેવો નથી."

તેણે આઇસક્રીમ પૂરો કર્યો. નવરા બેસી રહેવાથી શંકા ઉપજશે એમ માની સોડાનો એક ગ્લાસ મગાવ્યો. તે ધીમે ધીમે પીવા લાગ્યો.

ફાલ્ગુને પોતાના સંબંધમાં જે વાત કરી હતી તે જ વાત આ માણસને કરી અને પછી કહ્યું: "મારે મુંબઇ જવું છે. પણ મારી પાસે પૈસા નથી. આ એક વીંટી છે. હું આ ગામથી અજાણ્યો છું, એટલે તમે તે વેચાવી આપશો?"

"હા, મારો એક ઓળખીતો મારવાડી છે. તેની પાસે ચાલો."

બન્ને જણા ઉઠયા. શરતચંદ્ર પણ તેમની પાછળ ગયો. સોડાવોટર તેની સાથે જ હતો તેઓ એક મારવાડીની દુકાને ગયા. ત્યાંથી આગળ ચાલતાં ફાલ્ગુન રૂપીઆ ગણતો હતો તે ઉપરથી સમજી શકાતું હતું કે વીંટીનો ફડચો થઈ ગયો હતો. આ વીંટી તેને પેલી રેણુકાબાઇ પાસેથી મળી હોય એમ લાગતું હતું. હવે ફાલ્ગુન પોતાને પૈસા મેળવી આપવામાં કરેલી મદદનો બદલો વાળવાના હેતુથી પોતાના સહચારીને એક પીઠામાં લઈ ગયો. ત્યાં તેઓ કંટ્રી દારૂ ઢીંચવા લાગ્યા. ફાલ્ગુન કરતાં તેનો સાથી વધારે ગ્લાસ ચડાવતો હતો. તેઓ વચ્ચે વચ્ચે વાતો પણ કરતા હતા.

કેટલીક વારે પીઠામાંથી તેઓ બહાર પડચા અને ચાલવા લાગ્યા. અત્યારે તેઓ મોટા અવાજે વાતો કરતા હતા. શરતચંદ્ર દૂર ચાલતો હતો છતાં પણ "એક વાર દાવ અજમાવવો" "ન્હાની સૂની રકમ નથી, મોટો તડાકો—" એમ છૂટક છૂટક શબ્દો તેના કાનપર પડચા.

"આનું પરિણામ શું આવશે?" સોડાવોટર બોલ્યો.

"ચિંતા ન કરો. બન્ને જણા એકબીજાને માથે પછાડીએ તેવા છે. પણ તે બન્ને છટકી શકશે નહિ. એક જશે તો યે બીજો હાથમાં આવશે." શરતચંદ્રે ધીરજ આપી.

પેલા બે જણ અત્યારે શહેર બહાર આવી લાગ્યા હતા. આ સ્થળે છૂટક છૂટક બંગલા હતા. તેમાંના એક રસ્તાના નાકા ઉપરના બંગલાની દિવાલ પાસે તેઓ આવ્યા. આ બંગલાના ફરતો સુંદર બગીચો હતો અને તેના ફરતી પત્થરની પાંચ ફુટ ઉંચી દિવાલ હતી. કોઇને એમ લાગે કે આ લોકોનો ઈરાદો ચોરી કરવાનો હશે.

"સમાલજે દોસ્ત!" એમ કહી, ફાલ્ગુન તેના મદદગારના ખભા ઉપર ચડીને પેલી દિવાલપર પહોંચ્યો અને બીજી ક્ષણે પેલા બંગલાના બગીચામાં અદસ્ય થઈ ગયો. તેનો સાથી બહાર ઊભો રહ્યો.

પ્રકરણ ૩૯ મું.

સુરેન્દ્રસિંહનો બંગલો.

શરતચંદ્ર દૂર ઊભો હતો. હવે શું કરવું એ બાબતનો તેને વિચાર થયો હતો. આ બંગલાને બે–ત્રણ દરવાજા હશે. તેમાંના એકાદમાંથી કેદી પલાયન થઈ જશે તો? માટે તેને એકદમ પકડવો. પણ ત્યારે તેના આ મદદગારનું શું કરવું? છેવટે પ્રથમ આ મદદગારને ગિરફતાર કર્યા પછી ફાલ્ગુન તરફ લક્ષ આપવાનો વિચાર કરીને તેણે એકાએક બહાર ઊભેલા માણસ ઉપર છાપો માર્યો. સામો માણસ કાંઈ કાચોપોચો ન હતો. બન્ને જણા વચ્ચે દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. પરંતુ છેવટે શરતચંદ્રનો વિજય થયો અને તેણે પ્રતિસ્પર્ધિને જમીનદોસ્ત બનાવ્યો તથા તુરત જ તેના ફેંટાવડે તેને મજબૂત બાંધી, મ્હોંમાં એક રૂમાલનો ડુચો નાંખી બીજા વડે મ્હોં પણ કસકસાવીને બાંધી લીધું.

"આજે જ આપણે આને પરહેજ કરીશું એવી મને આશા ન હતી. સારૂં થયું કે રખડપટ્ટી મટી." સોડાવોટરે આનંદોદ્દગાર કાઢ્યો.

"એ બધું પછી. હું જાઉં છું બંગલામાં. ખૂની બહાર આવે તો તમે તેને પકડજો." શરતચંદ્રે સૂચના કરી.

"પણ આનું શું કરવું છે?"

"એની ચિંતા નથી. તે છૂટે તેમ નથી. હમણાં પહેરેગીર આવશે એટલે તેને સુપ્રત કરી દઈશું."

એ જ વખતે દૂરથી બે પહેરેગીરો આવતા જણાયા. તેમણે શરતચંદ્ર અને સોડાવોટરને ખૂણામાં લપાઈને ઊભેલા જોવાથી તેઓ

શકદાર માણસો હોવાની કલ્પના કરી હતી. પરંતુ ત્યાં આવતાં તુરત જ શરતચંદ્રે તેમને પોતાની ઓળખાણ આપીને ટુંકામાં હકીકત જણાવી તથા એક જણાને પેલો માણસ સુપ્રત કરી, બીજાને સોડાવોટરની મદદમાં રહેવા માટે સુચવ્યું.

પછી તે બોલ્યો "હું આ બંગલામાં જાઉં છું. પણ આ બંગલો કોનો છે ?"

" શું ? અંજનપુરના તાલુકદાર સુરેન્દ્રસિંહને તમે નથી ઓળખતા ? તેમનો આ બંગલો છે. આ તાલુકદાર આપણા મહારાજાના ભાયાત છે. "

" એમ ! એમને નામથી હું જાણું છું. " શરતચંદ્રે કહ્યું.

" જો ચોર અંદર પેઠો હશે તો પકડાયા વગર રહ્યો નહિ હોય. કારણ કે આજે ત્યાં મીજલસ હતી. દર રવિવારે ત્યાં મીજલસ થાય છે. હજી તો મિજબાનો વિદાય પણ નહિ થયા હોય. " એક પહેરેગીરે ખુલાસો કર્યો.

ફાલ્ગુનનો આ બગીચામાં કૂદી પડવાનો ઇરાદો હવે શરતચંદ્રના સમજવામાં આવ્યો. તે ચોરી કરવા માટે નહિ પણ બંગલામાં પુષ્કળ માણસો હોય તેમાં ભેળાઇને પલાયન થવાના ઈરાદાથી અંદર ગયેલો હોવો જોઇએ.

તે બંગલાના મુખ્ય દ્વાર પાસે ગયો તે સમયે દરવાન તે દ્વાર બંધ કરતો હતો.

"આ બંગલો રાજા બહાદૂર સુરેન્દ્રસિંહજીનો છે ?"

દરવાન આ જુગારી જેવા દેખાતા માણસ સામે જોઇ રહ્યો. છેવટે બોલ્યો: " અહીંથી રસ્તો પકડ ! નહિ તો સાંભળીશ. "

શરતચંદ્ર સમજી ગયો કે પોતાના દેખાવપરથી આ માણસ આમ બોલે છે. એટલે તેણે કહ્યું: " હું તમે ધારો છો તેવો નથી. હું ડિટેક્ટિવ ખાતાનો માણસ છું. મારૂં નામ શરતચંદ્ર છે. આ મારો

બિલ્લો અને આ મારા નામનું કાર્ડ. એક ન્હાસેલો કેદી દિવાલપરથી કૂદીને આ બગીચામાં પેઠો છે."

"શું ? કેદી ! દિવાલપરથી કૂદીને ?"

"હા, તે કેદી તુરંગમાંથી પલાયન થઇ ગયો છે, અને તે પણ સામાન્ય કેદી નથી. તેણે ત્રણ તો ખૂન કર્યા છે. તેના સાથીની મદદથી તે આ બગીચામાં દાખલ થયો છે. તેના સાથીને અમે સપડાવ્યો છે."

આ સાંભળીને દરવાન ભયભીત બની ગયો. ત્રણ માણસનું ખૂન કરનાર કેદીની તેને બહુ બ્હીક લાગી હતી. તેણે કહ્યું: "રહો, હું બધા માણસોને એકઠા કરૂં." તે બંગલા તરફ જવા લાગ્યો. શરતચંદ્રે તેને રોકીને પૂછ્યું: "પણ તે આ દરવાજામાંથી બહાર તો જતો રહ્યો નહિ હોય ?"

"ના, આ દરવાજા પર હું કયારનો ઊભો છું. એક પણ શકદાર કે અજાણ્યા માણસને મેં બહાર નીકળતો કિંવા અંદર દાખલ થતો જોયો નથી."

"બીજો દરવાજો છે ?"

"હા, પણ તે રાત્રિના આઠ વાગે બંધ કરી દેવામાં આવે છે."

"ત્યારે તો વાંધો નથી. માણસોને બોલાવો. પણ વિશેષ ગરબડ ન થાય, નહિ તો કેદી ચેતી જશે."

દરવાન ગયો. થોડી વારમાં પચીશ–ત્રીસ માણસો એકઠા થયા. ઘણાના હાથમાં ફાનસ હતાં. એ જોઇને શરતચંદ્રને લાગ્યું કે જો કેદી અહીં ભરાયો હશે તો તે હવે છટકી શકવાનો નથી. તેઓ આખા બગીચામાં ફરી ફરીને થાકયા પણ ત્યાં તેનો બિલકુલ પત્તો લાગ્યો નહિ. વૃક્ષો ઉપર ચડીને તપાસ કરી, પણ કોઈ જોવામાં આવ્યું નહિ.

"કદાચ બહાર ચાલ્યો ગયો હશે તો ?" એક જણાએ સૂચવ્યું.

શરતચંદ્રે બહાર ઉભેલા સોડાવોટર તથા પહેરેગીરને પૂછી જોયું. બહાર કેદી નીકળ્યો ન હતો.

અત્યાર સુધી ગમે તેમ તપાસ ચાલતી હતી. પણ હવે શરતચંદ્રે પદ્ધતિસર તપાસનો પ્રારંભ કર્યો. તેણે જે સ્થળેથી ખૂની દિવાલ કૂદીને અંદર પડયો હતો ત્યાં જઇને તેનાં પગલાં તપાસ્યાં. તે પગલાંનાં નિશાન બગીચામાં આગળ વધવા લાગ્યાં. આમ તેમ ચકરાવો લેતાં એક વૃક્ષ પાસે આવી પહોંચ્યા. અહીંથી તે નિશાન ગૂમ થઈ ગયાં. તે વૃક્ષ ઉપર તપાસ કરી. ત્યાં કેદી ન હતો. તે વૃક્ષની ચોતરફ દૂર દૂર સુધી તપાસ કરી. પણ ગૂમ થયેલાં પગલાંનાં નિશાન પુનઃ જોવામાં આવ્યાં નહિ. શરતચંદ્રે અનુમાન કર્યું કે બધા માણસો બગીચામાં ચોતરફ ફરવાને લીધે તેમનાં પગલાંથી કેદીનાં પગલાંનાં નિશાન ભુંસાઈ ગયાં હશે.

આ પ્રમાણે તપાસ ચાલતી હતી તે વખતે સુરેન્દ્રસિંહનો પ્રાઇવેટ સેક્રેટરી ત્યાં આવી પહોંચ્યો. આ માણસ ત્રાસ–પાંત્રીસ વર્ષનો હતો. તેણે ચશ્માં પહેર્યાં હતાં. બહાર ચાલી રહેલી ગરબડ સાંભળીને સુરેન્દ્રસિંહે તેને તપાસ કરવાને માટે મોકલ્યો હતો. તેના પૂછવાથી શરતચંદ્રે તેને સર્વ હકીકત જણાવી. તે બોલ્યોઃ " ત્યારે તો બંગલાની અંદર પણ તપાસ કરવી જોઇએ. બંગલો મોટો છે અને ઉપર નીચે પુષ્કળ ઓરડા છે. તે તમામ તપાસવું જોઇએ. નહિ તો રાણી સાહેબને બ્હીક લાગશે અને શાંતિથી નિદ્રા આવશે નહિ. "

શરતચંદ્રને પણ એ ઠીક લાગ્યું. તે બોલ્યોઃ " રહો, હું મારી સાથેના ડિટેકિટવને બોલાવું. "

તે સોડાવોટરને બોલાવી લાવ્યો. બન્ને જણા બીજા માણસોની સાથે બંગલામાં તપાસ કરવા લાગ્યા. દરેકે દરેક ઓરડાની તપાસ શરતચંદ્ર બારિકાઈથી કરતો હતો. સોડાવોટર તો તેનું મૂલ્યવાન્ ફરનિચર જોવામાં જ ગુલતાન બની જતો હતો. લગભગ તમામ ઓરડા તપાસી લીધા. પણ કયાંય કેદીનો પત્તો લાગ્યો નહિ.

" હવે એક પણ ઓરડો તપાસવાનો રહ્યો નથી. " એક નોકરે કહ્યું.

"નથી કેમ? હજી રાજા બહાદૂરનો અને રાણી સાહેબનો ઓરડો જોવાના રહ્યા." દરવાને જણાવ્યું.

"એ ઓરડામાં કાંઈ તે કેદી ન હોય." શરતચંદ્ર નિરાશાપૂર્વક બોલ્યો.

"તો પછી કયાં જાય? તમે તેને દિવાલપરથી કૂદીને અંદર આવતો જોયો છે. હું કહું છું કે દરવાજામાંથી તે બહાર નીકળ્યો નથી. બગીચામાં છે નહિ. તો બંગલામાં જ હોવો જોઇએ. બીજા એકે ઓરડામાં નથી, એટલે આ બેમાંથી એક ઓરડામાં તેનો પત્તો લાગશે."

પ્રાઇવેટ સેક્રેટરી બોલ્યોઃ "પણ રાજા બહાદૂર અત્યારે સૂતા હશે. તેમની નિદ્રામાં ખલેલ પહોંચાડવી તે ઠીક નહિ."

એ વખતે ઓરડામાંથી કોઇનો અવાજ આવ્યોઃ "કોણ છે? ગરબડ શાની થાય છે?"

"બાપુ! ડિટેક્ટિવો ન્હાસી ગયેલા કેદીની તપાસ કરવાને અહીં આવ્યા છે. તે આપણા બંગલામાં ભરાયેલો હોવાની શંકાથી બંગલાના તમામ ઓરડા જોયા. હવે આપના શયનગૃહને તપાસવા માગે છે." પ્રાઇવેટ સેક્રેટરીએ જણાવ્યું.

"તેમને અંદર આવવા દે." સુરેન્દ્રસિંહે કહ્યું અને દ્વાર ખોલ્યું.

શરતચંદ્ર તેને નમન કરીને અંદર દાખલ થયો. સુરેન્દ્રસિંહ બોલ્યોઃ "તમારો ચોર અહીં હોવા સંભવ નથી. પરંતુ કદાચ હું બહાર હતો તે દરમ્યાન કબાટ પાછળ ભરાઈ રહ્યો હોય તો તપાસો."

પણ શું તપાસે? કેદી ત્યાં શાનો હોય? તે તો ક્યાંય પલાયન થઈ ગયો હતો. શરતચંદ્ર પોતે આપેલી તસ્દી માટે રાજા બહાદૂરની ક્ષમા માગીને બહાર નીકળ્યો.

તેઓ નીચે આવ્યા એટલે પ્રાઇવેટ સેક્રેટરીએ તેમને રોકાવાનો તથા નાસ્તો કરવાનો ઘણો આગ્રહ કર્યો. રાજા બહાદૂરને ત્યાં ઉંચા પ્રકારના મદ્યનું પાન કરવામાં આવશે એ વિચારથી થાકી ગયેલા

સોડાવોટરને અહીં રોકાવાની ઘણી ઇચ્છા થઈ. પણ શરતચંદ્રે આભાર માનીને પ્રાઇવેટ સેક્રેટરીની વિનતિનો અસ્વીકાર કર્યો.

શરતચંદ્રને અત્યારે નાસ્તો કરવાનું શાનું ગમે ? ફાલ્ગુન ગૂમ થઈ જવાથી તે જેટલો નિરાશ થયો હતો તેટલો જ તેને ગુસ્સો ચડયો હતો. તેણે ફાલ્ગુનની પાછળનો પાછળ રહેવાનો, તેને એક ક્ષણવાર પણ દૃષ્ટિ બહાર નહિ કરવાનો નિશ્ચય કર્યો હતો. પોતાનો એ નિશ્ચય શાંતિપ્રસાદને જાહેર પણ કર્યો હતો. હવે તે શાંતિપ્રસાદને શું મ્હોં બતાવે ?

તે રસ્તે ચાલતાં બોલ્યોઃ "કેમ દોસ્ત ! હવે શું કરીશું?"

"રાવસાહેબનાં ટોણાં સાંભળીશું અથવા નોકરી છોડી ઘેર બેસીશું."

"નહિ, હજી નિરાશ થવાનું કારણ નથી. ગજાનનરાવે હજી હરખાઈ જવાનું નથી. કેદી ગૂમ થયો છે પણ તેનો મદદગાર આપણા કબજામાં છે. તેણે પોતાના મિત્રનો બચાવ કર્યો પણ પોતાનો બચાવ કેવી રીતે કરે છે તે જોવાનું છે."

"હા, એ વાત સાચી."

"ત્યારે ચાલો, આપણે આ વિભાગના સુપરિન્ટેન્ડન્ટ સાહેબની ઓફિસમાં જઈએ. ત્યાં હું ફાલ્ગુનના મદદગારને કેટલાક પ્રશ્નો કરવા ઇચ્છું છું."

પ્રકરણ ૪૦ મું.

આ તો કોઈ બીજો !

આ બન્ને જણા પોલીસ સુપરિન્ટેન્ડન્ટની ઓફિસમાં ગયા ત્યારે સ્હવારના છ વાગી ગયા હતા. સુપરિન્ટેન્ડન્ટ તેની ઓફિસમાં બેઠો બેઠો લખતો હતો. તે પ્રથમ આ બે જણાને પિછાની શક્યો

નહિ. પણ પછી ઓળખાણ પડતાં તે બોલ્યો: શરતચંદ્ર ! તમે કાલે રાત્રે કરેલી ધરપકડ માટે હું તમને અભિનંદન આપું છું."

શરતચંદ્ર અને સોડાવોટર એક બીજા સામે જોઈ રહ્યા. ખૂનીના મદદગારને પકડવા માટે સુપરિન્ટેન્ડન્ટે અભિનંદન આપવાનું કારણ શું ?

"અમે કોની ધરપકડ કરી છે ?" શરતચંદ્રે સવાલ કર્યો.

"જેને કાલે રાત્રે બાંધીને તમે મોકલ્યો છે તેને પકડવાને સારૂ મોટું ઇનામ કાઢેલું છે, જે તમને મળશે."

"અમે જેને પકડયો છે તેને આપ ઓળખો છો ? તો—" શરતચંદ્રે પૂછ્યું.

"હું તે લૂચ્ચાના પીરને સારી રીતે ઓળખું છું. ત્રણ મહિના થયા તેની તપાસ થાય છે. પોલીસ ગેઝેટમાં તેનું વર્ણન પણ આપેલું છે. હવે તો ઓળખ્યો ને—મદારસિંગ !"

"હેં !" શરતચંદ્ર તદ્દન નિસ્તેજ બની ગયો. તે એક ખુરસી પર બેસી ગયો અને બોલ્યો: "મદારસિંગ ! પેલો તુરંગમાંથી નાઠો છે તે ?"

સોડાવોટર પણ ક્ષોભ પામી ગયો હતો. પરંતુ તેનું સાચું કારણ સુપરિન્ટેન્ડન્ટ જાણી ન શકયો. તેણે કહ્યું: "વર્તમાન પત્રોમાં તમારાં નામ આવશે, તમને શાહબાશી મળશે, રાજ્ય તરફથી ઇનામ મળશે અને તમારા ઇન્સ્પેક્ટર ગજાનનરાવનું મ્હોં જોયા જેવું થશે. ગઈ કાલે જ તે કહેતો હતો કે તેના સિવાય બીજો કોઇ મદારસિંગને પકડી શકે તેમ નથી."

સુપરિન્ટેન્ડન્ટે કરેલી આ પ્રશંસા શરતચંદ્રનું હૃદય ભેદી નાંખતી હતી. તેને ઈનામની દરકાર ન હતી; તેમ મદારસિંગ પકડાય યા નહિ, તેની પણ વિશેષ પરવા ન હતી. તે તો આ માણસને ખૂનીનો મદદગાર જ ધારતો હતો. એથી તેણે કહ્યું: "સાહેબ ! આપની ભૂલ થતી હશે. એ માણસ મદારસિંગ નહિ હોય."

"અરે મારી ચોક્કસ ખાત્રી છે. તે કાંઇ આ પહેલી જ વાર મારી પાસે આવ્યો નથી. અનેક વાર તુરંગમાં જઈ આવેલો હોવાથી હું તેને ઓળખું છું. રાત્રે તે અહીં આવતાં અમે બન્ને એક બીજાને ઓળખી ગયા. વિશેષ પૂરાવો જોઈતો હોય તો તેના ડાબા હાથની ટચલી આંગળી કપાયેલી છે."

"એથી વિશેષ પૂરાવાની જરૂર નથી." સોડાવોટરે નિઃશ્વાસ મૂક્યો.

શરતચંદ્રે કહ્યું: "જો તમને હરકત ન હોય તો એ મદારસિંગને થોડાક સવાલો પૂછવાની મારી ઇચ્છા છે."

"ઘણી જ ખુશીથી. પરંતુ જરીક સમાલજો. જો તેને સ્હેજ પણ તક મળી તો તે પલાયન થવાને માટે તમારૂં ખૂન કરતાં પણ ડરવાનો નથી. આજ સુધીમાં તેણે ચાર-પાંચ ખૂન કર્યા હશે. સુપરિન્ટેન્ડન્ટે સૂચના કરી.

શરતચંદ્ર મદારસીંગને જે કોટડીમાં પૂરવામાં આવ્યો હતો ત્યાં ગયો. આ માણસે શરતચંદ્રને જોતાં જ ઓળખી કાઢયો અને તે બોલ્યો: "તેં કાલે રાત્રે મને સપડાવ્યો! તું છે ન્હાનો ઉંદરડા જેવો પણ જબરો ભારે. જો કાલે તેં મને અચાનક દબાવ્યો ન હોત તો તું આજે યમરાજની કોર્ટમાં તારો ઈન્સાફ ચૂકવવાને પહોંચ્યો ગયો હોત."

"એ બધું ઠીક. પણ તું મારા સવાલના મને જવાબ આપીશ?"

"ઘણી જ ખૂશીથી. તારા ઉપર મને જરી પણ વેર નથી; બલકે તારી હિમ્મત, શક્તિ અને સાહસથી હું તારા ઉપર આફરીન થયો છું."

"ત્યારે બોલ, કાલે રાત્રે તારી સાથે બીજો કોણ હતો?"

"એ હું તમને કહી શકું તેમ નથી."

"કેમ વારૂ?"

"હું તેનું નામ પણ જાણતો નથી. કેમ કે ગઈ કાલે જ મેં તેને પહેલો જોયો."

"એ મનાતું નથી. જો તું તેને ઓળખતો ન હતો તો તેની સાથે ચોરી કરવાને માટે કેમ ગયો હતો? તારા જેવો ચાલાક માણસ અપરિચિતની સાથે આવું કામ કરે?"

"મારી ભૂલનો હું સ્વીકાર કરૂં છું. હું સમજી શકું છું કે તે પોલીસ ખાતાનો ડિટેકટિવ હતો. તેણે બિછાવેલી જાળમાં હું સપડાઇ ગયો એ મારૂં કમનસીબ નહિ તો બીજું શું?"

"તારી એ સમજ ખોટી છે." શરતચંદ્રે ખુલાસો કર્યો: "તારો સહચારી ડિટેકટિવ નથી એમ હું તને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું."

"તમારા શબ્દો પર અણવિશ્વાસ લાવવાની જરૂર નથી. તે ગમે તે હોય, પણ ગઈ કાલે હું એક હોટેલમાં બેઠો હતો ત્યાં આવ્યો. તેની વાત ઉપરથી તે મને સારો માણસ લાગ્યો. તેને પૈસાની જરૂર હતી. આ ગામથી અજાણ્યો હોવાને લીધે પોતાની વીંટી વેચાવી આપવાની તેણે માગણી કરી. મેં તેનું એ કામ કરાવી આપ્યું. પછી અમે દારૂના પીઠામાં ગયા. બન્ને જણાએ પુષ્કળ દારૂ પીધો. એ પ્રમાણે મને નિશામાં ચકચૂર બનાવીને તેણે પોતાનો સ્વાર્થ સાધી લીધો. તે પેલા બંગલા પાસે મને લઇ ગયો. તેણે મને બહાર નજર રાખવાનું કહ્યું અને જણાવ્યું કે 'હું અંદર જઈને હાથ મારી આવું. મોટો ડલ્લો મળે તેમ છે.' મને તેણે અર્ધો ભાગ આપવાનું કબૂલ કર્યું હતું. મને બ્હીક લાગતી હતી કે તે બંગલામાં પકડાઇ જશે અને વિશેષ તપાસ થતાં હું બહાર ઊભો હોઇશ તો હું પણ પકડાઈ જઇશ. મેં તેને મારી ભીતિ જણાવી. પણ તેણે કહ્યું: 'તું ચિંતા ન કર. હું બંગલાનો બધો ભેદ જાણું છું. દર રવિવારે ત્યાં મોટી મીજલસ હોવાથી પુષ્કળ માણસો આવ્યા હશે. બધા બેફામ હશે. એટલે મને જરી પણ હરકત નહિ આવે."

"શું! એ માણસ એમ બોલ્યો કે દર રવિવારે ત્યાં મીજલસ થાય છે?" એ શરતચંદ્રે આશ્ચર્યપૂર્વક પ્રશ્ન કર્યો.

"હાસ્તો, જો તેણે ન કહ્યું હોત તો એ મારા જાણવામાં ક્યાંથી આવત?"

આ શબ્દોથી **શરતચંદ્ર**ના મનમાં એક ચમત્કારિક શંકા ઉદ્ભવી. 'ત્યારે એ કેદી રાજા બહાદુર **સુરેન્દ્રસિંહ** પોતે તો નહિ હોય ?'

પરંતુ એ વિચારને તેણે તુરત જ દૂર કરી દીધો. તેણે પોતાના મનનું સમાધાન કર્યું કે '**ફાલ્ગુન** જેવો ફરંદો માણસ **સુરેન્દ્રસિંહ**ને ત્યાં દર રવિવારે મીજલસ થાય છે એ જાણી લ્યે તેમાં નવાઈ નથી.'

હવે તેણે **મદારસીંગ**ને વિશેષ પ્રશ્નો નહિ કરતાં સુપરિન્ટેન્ડન્ટની રજા લીધી. તે તથા **સોડાવોટર** જવા લાગ્યા. **શરતચંદ્ર** તદ્દન હતાશ બની ગયો હતો. તે **સોડાવોટર**ના ખભા પર હાથ ટેકાવીને ચાલતો હતો. આટઆટલા શ્રમનું પરિણામ આવું વિલક્ષણ આવેલું જોઈને તેના મન ઉપર જબરી અસર થઈ હતી. તેને પોતાની શક્તિ માટે અભિમાન હતું. એ અભિમાન આજે **ફાલ્ગુને** ઉતારી દીધું.

ચાલતાં ચાલતાં **સોડાવોટરે** પૂછ્યું: "હવે ક્યાં જઈશું ? કોર્ટમાં કે આપણી ઓફિસમાં ?"

આ પ્રશ્ન સામાન્ય હતો. પરંતુ તેનો ઉત્તર આપતાં **શરતચંદ્ર**ને મોટો વિચાર થઇ પડ્યો. છેવટે તે બોલ્યો: "આપણી ઓફિસમાં જઈને ગજાનનરાવના માર્મિક કટાક્ષ સાંભળવા ? ના, ત્યાં આવવાની મારી ઇચ્છા નથી અને કોર્ટમાં ન્યાયાધીશ સાહેબ પાસે શું મ્હોં લઇને જવું ? **સોડાવોટર** ! તમારી મારે માટે અત્યંત લાગણી છે, અને તેથી અત્યારે હું તમારી પાસે એક વાતનો સ્વીકાર કરૂં છું કે મારા જેવો મૂર્ખ અને મિથ્યાભિમાની મનુષ્ય જગતમાં બીજો કોઇ પણ નહિ હોય."

"પણ ત્યારે હવે શું કરવાનો તમારો વિચાર છે ?"

"મારે માટે બે માર્ગ ખૂલ્લા છે. કાં તો **આફ્રિકા** તરફ પલાયન થવું અથવા તો નર્મદા નદીને મારો ભોગ આપવો."

સોડાવોટર બોલ્યો: "એવો વિચાર કરવાની જરૂર નથી. જગતમાં નિરાશા, પરાજય અને પડતી તો દરેક મનુષ્યને માટે એક વખત લખાયેલાં જ છે."

શરતચંદ્રે કશો જવાબ આપ્યો નહિ. તેના મનમાં આનો આ વિચાર ઘોળાયા કરતો હતો. તેઓ થોડાક આગળ ચાલ્યા હશે ત્યાં તેના મનમાં એકાએક આશાનું કિરણ પ્રકટયું હોય એવા ભાવપૂર્વક તે બોલ્યો: "હજી, એક આશા છે. જે જોવાની આપણામાં શક્તિ નથી તે એક વ્યક્તિ આપણને બતાવશે. માટે તેને ત્યાં ચાલો. તેની સલાહ આપણને માર્ગદર્શક થઇ પડશે."

પ્રકરણ ૪૧ મું.

ફિરોજશાહ.

બન્ને જણા ગઇ કાલ સ્હવારના ઊભા પગે હતા. વચ્ચે નાસ્તો કરવાનો થોડો સમય મળ્યો હતો. તે સિવાય તેમણે કશું પણ ખાધું ન હતું. આખી રાત્રિનો તેમને ઉજાગરો હતો. ઉપરાંત તેમના પ્રયત્નમાં નિરાશા મળી હતી. એટલે ભૂખ, થાક, નિરાશા અને ત્રાસનું દુ:ખ એકઠું થયું હતું. ચાલવાની પણ તેમનામાં શક્તિ રહી ન હતી. છતાં પણ તેઓ ઘસડાતા ઘસડાતા ચાલવા લાગ્યા. એક મકાન પાસે આવીને તેમણે પ્રશ્ન કર્યો: "ફિરોજશાહ શેઠ છે?"

"હા, છે તો ખરા પણ સંધીવાથી પીડાય છે. ડોકટર તબિયત જોવાને આવ્યા છે. જો ખાસ જરૂરી કામ હોય તો રોકાઓ. હું તેમને ખબર આપું છું. તમારૂં નામ શું?" બહાર ઓટલાપર બેઠેલો નોકર જેવો લાગતો માણસ બોલ્યો.

"શેઠ સાહેબને કહે કે શરતચંદ્ર આપને મળવા આવ્યો છે."

"બહુ સારૂ, હું હમણાં આવું છું." નોકર અંદર ગયો.

આ ફિરોજશાહ પ્રખ્યાત ડિટેક્ટિવ હતો. તેણે રાજ્યના ડિટેક્ટિવ ખાતામાં લગભગ ચાળીશ વર્ષ સુધી નોકરી કરી હતી. તે સાઠ વર્ષનો થયો એટલે પેન્શન લઇને છૂટો થયો હતો. અત્યારે તેને પાંસઠ

વર્ષ થયાં હતાં. હવે તે માત્ર ખાનગી રીતે કોઈ મુશ્કેલીમાં આવી પડેલા માણસને સલાહ આપતો અને તેનું કામ કરતો.

નોકર બહાર આવ્યો અને બોલ્યોઃ " આ ખંડમાં બેસો. ડોક્ટર જાય એટલે આપને બોલાવશે."

બન્ને જણા દિવાનખાનામાં બેઠા. થોડી વારે ડોકટર ચાલ્યો ગયો. ઘંટડી વાગી. નોકર અંદર ગયો અને પુનઃ દિવાનખાનામાં આવીને બોલ્યોઃ "ચાલો, તમને સાહેબ બોલાવે છે."

તેઓ ફિરોજશાહના સૂવાના ઓરડામાં ગયા. તે બિછાના પર અઢેલીને પડયો હતો. તેણે આ બન્નેએ વેશપરિવર્તન કરેલું હોવા છતાં તેમને ઓળખી લીધા હતા. તે બોલ્યોઃ " **શરતચંદ્ર** ! તમે અને **સો**ડાવોટર કયાંથી ભૂલા પડયા ? આજ ઘણા દિવસે મારી સંભાળ લીધી."

" શેઠ સાહેબ ! આજે આપની ગરજ પડી છે એટલે આપની પાસે આવ્યા છીએ." **શરતચંદ્ર** નિખાલસપણે બોલ્યો.

" મારી ગરજ ! કહો, આ માંદો માણસ આપની શી સેવા બજાવી શકે તેમ છે ?"

" સાહેબ ! અમે બરાબર બની ગયા છીએ. તેમાં આપની સલાહની જરૂર છે."

"તમને બનાવનાર કોઈ સાધારણ મનુષ્ય તો નહિ જ હોય."

" અરે લુચ્ચાનો પીર—બદમાશોનો સરદાર !" **સો**ડાવોટરે કહ્યું.

" એમ ! વારૂ, તેણે શું કર્યું હતું ?"

" ત્રણ ખૂન." **શરતચંદ્રે** જવાબ આપ્યો.

" ત્રણ ખૂન ! કયે સ્થળે અને કયારે ?"

" પેલી **ચંદ્ર**ભાગાની હોટેલમાં-આજથી દોઢ બે માસ પહેલાં."

" અહો, એ ખૂની તો ફાલ્ગુન નામનો કોઈ માણસ હતો. વર્તમાનપત્રમાં મારા વાંચવામાં આવ્યું હતું. વળી એક વખત તમારો

સહચારી પેલો ફ્ણુસે પણ મને મળવા આવેલો તેણે વાત કરી હ૮
કે આ ફાલ્ગુનના ખરા નામ ઠામનો પત્તો લાગતો નથી. વારૂ, તે
સંબંધમાં શી હકીકત છે? તે—"

ફિરોજશાહ બોલતો બોલતો અટકી ગયો. તે મંદ સ્વરે બોલ્યે
"શરતચંદ્ર! તમે અવાજ ન થાય તેવી રીતે બારણા પાસે જઇ
ઊભા રહો અને હું કહું ત્યારે બારણું ખોલી નાંખજો. બહાર મારા નોક
રનું ખમીશ બારણા સાથે ઘસાવાથી થયેલો અવાજ હું સાંભળ
શકયો છું. હા-ખોલી નાંખો."

શરતચંદ્રે દ્વાર ખોલ્યું અને પેલો નોકર ત્યાં ઊભેલો જોવા
આવ્યો. તે શરમાઈ ગયો હતો અને ત્યાંથી જતો રહેતો હતો, પ
તેને ઊભો રાખીને કહ્યું: "હરમજાદા! અમારી છૂપી વાતો સાંભળ
વાનો તને શોખ છે? પણ તું નથી જાણતો કે મારી પાસે તારૂં કપ
ટીનું રહેવાનું નથી?"

શરતચંદ્ર અને સોડાવોટર આ ફિરોજશાહ કરતાં દ્વારન
વિશેષ નજીક હોવા છતાં તેઓ બારણા સાથે પ્હેરણ ઘસાવાન
અવાજ સાંભળી શકયા ન હતા. એથી તેઓ ફિરોજશાહની તીવ્ર શ્રવણ
શક્તિ જોઇને આશ્ચર્યચકિત બન્યા.

"વારૂ, એ છોકરો હવે અહીં નહિ આવે. તમારે જે કહેવું હો
તે કહો." ફિરોજશાહે હકીકત સાંભળવાની આતુરતા દર્શાવી.

શરતચંદ્રે ધીમે ધીમે ટુંકામાં પહેલેથી છેલ્લે સુધીની તમા
હકીકત તેને જણાવી. અર્થાત્ ગજાનનરાવે ચંદ્રભાગાની હેટેલનું દ્વા
ખોલ્યું ત્યારથી તે ફાલ્ગુન દિવાલપરથી કૂદીને ગૂમ થઇ ગયો ત્યાં સુધીન
કથા કહી સંભળાવી.

આ વાર્તા શ્રવણ કરતી વખતે ફિરોજશાહને પોતાની વેદના
વિસ્મરણ થઈ ગયું હતું. વચ્ચે વચ્ચે કોઈ વાર ધન્યવાદનો તો કો

વાર દિલગીરીનો ઉદ્ગાર કાઢતો હતો. અવારનવાર એમ બોલતો કે "તે વખતે મારી જરૂર હતી"—"હું હોત તો એમ ન બનત."

શરતચંદ્રનો વૃતાંત પૂર્ણ થયો. પછી તે બોલ્યો: "તારી બાહોશી માટે હું તને શાહબાસી આપું છું. ખૂની 'પૃશીયન આવ્યા' એવી મતલબનું જે બોલેલો તેના ઉપરથી તેં દોડાવેલો તર્ક તદ્દન સાચો હતો. તારી ઉમરના પ્રમાણમાં તારી આ શક્તિ અસાધારણ કહેવાય."

"ના, શેઠ સાહેબ! આપ મને ચડાવો છો. જો હું બાહોષ હોત, જો મારી શક્તિ અસાધારણ હોત તો મને આ પ્રમાણે નિષ્ફ-ળતા ન મળત. હું મૂર્ખ છું, બેવકુફ છું."

"નહિ, હું તને ચડાવતો નથી. હું ખરૂં જ કહું છું અને એમ માનું છું કે મારા મૃત્યુ પછી તું મારી ગેરહાજરી નહિ જણાવા દે. તારા કાર્યમાં ગજાનનને અવરોધ કર્યાનું તું જણાવે છે તે સાચું છે. એ તારો ઉપરિ છે પરંતુ તે તારા જોડા પાસે પણ ઊભો રહેવાને યોગ્ય નથી."

"આપના આશ્વાસન માટે હું આભાર માનું છું. પરંતુ ખૂની ન્હાસી ગયો છે અને પરિણામે મારૂં નામ થવાને બદલે હાંસી થવાનો પ્રસંગ આવ્યો છે."

"હિમ્મત હારવાની જરૂર નથી. હું કોઇને ખોટી આશા આપતો નથી. હું માનું છું કે આ કેસમાં તપાસ કરવાની અને આગળ વધ-વાની તારી શક્તિ પ્રશંસવા યોગ્ય છે. પરંતુ અનુભવની ખામી છે. કોઈ વખત ફતેહ મળતાં તું ફુલાઇ જતો હશે અને નિષ્ફળતાથી ગભ-રાઈ જતો હશે. છતાં પણ ફાલ્ગુન કોઈ મોટો છે એ વિચારને તું મક્કમપણે વળગી રહ્યો છે અને તે તારી માનિનતા સાચી છે. હવે એક મુદ્દો હું કહું છું કે તેં આ કેસમાં જેમ ચાલાકી બતાવી છે તેમ અનુ-ભવના અભાવે ભૂલો પણ કરી છે."

શરતચંદ્રે પોતાના બચાવમાં કશી પણ દલીલ કરી નહિ. ગુરુ જે કહે તે શિષ્ય શાંતપણે સાંભળી રહે તેવી રીતે તે સાંભળતો હતો.

"જો હવે હું તને તારી ભૂલો બતાવું." ફિરોજશાહે કહ્યું:

"ફાલ્ગુન કોણ છે એ જાણવાનો લાભ તેં ત્રણ વાર ગૂમાવ્યો."

"અરે–શેઠ સાહેબ! પણ—"

પરંતુ શરતચંદ્રને બોલતો અટકાવીને ફિરોજશાહે કહ્યું: "પ્રથમ મારી વાત સાંભળ. તારી તપાસમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે બાહ્યતઃ જે દેખાય તેના ઉપર વિશ્વાસ ન રાખવો; અર્થાત્ જે કાંઈ દેખીતી રીતે લાગે તેનાથી ઉલટું જ સાચું છે એમ માનવું."

"હા, એ સિદ્ધાંત મારો છે ખરો."

"અને તે સિદ્ધાંત ડહાપણવાળો છે. જો તું તેને છેવટ સુધી સ્વીકારી રહ્યો હોત તો જરૂર ફતેહ પામત. પરંતુ અમુક તપાસમાં સ્હેજ ફતેહ થઈ કે તું તે સિદ્ધાંતને બાજુએ મૂકી દે છે. કારણ કે તું ચાલાક હોવા છતાં અનુભવી નહિ હોવાથી એવા પ્રસંગમાં શાંત રહેવાને બદલે ઉતાવળો બની જાય છે."

શરતચંદ્ર બોલ્યો: "પણ હું કાંઇ એટલો બધો મૂર્ખ નથી."

"જો મૂર્ખ નહિ તો જ્યોતિપ્રસાદના પગને ઇજા થઇ એ વાત તેં સાચી માની કે નહિ?"

"હા, તે વાત મેં સાચી માની. કેમ કે—"

એ જવાબ સાંભળીને ફિરોજશાહ ખૂબ હસવા લાગ્યો. તે બોલ્યો: "એ વાત તેં માની લીધી કેમ કે તે માની શકાય તેવી હતી."

"ત્યારે મારે બદલે તમે હોત તો શું તે ન માનત?" શરતચંદ્રે સવાલ કર્યો.

"તારા સ્થળે હું હોત તો મારા સિદ્ધાંતની વિરૂદ્ધ નહિ જતાં તને જે પ્રમાણે જણાવવામાં આવ્યું તે પ્રમાણે મને જણાવવામાં આવ્યું હોત તો તેનાથી ઉલટું જ માનત." ફિરોજશાહે જવાબ આપ્યો.

શરતચંદ્ર દિલગીરી પૂર્વક બોલ્યો: "ત્યારે શું જ્યોતિપ્રસાદના પગને ઇજા થયાની વાતને આપ ખોટી માનો છો."

"બિલકુલ ગલત. હું માનું છું કે તેમાં કશો ભેદ છે." ફિરોજશાહે પોતાની માનિનતા જણાવી.

પ્રકરણ ૪૨ મું.

ફિરોજશાહ ભૂલો બતાવે છે.

ફિરોજશાહની તર્કશક્તિ માટે શરતચંદ્રનો ઘણો જ ઉંચો અભિપ્રાય હતો. પરંતુ જ્યોતિપ્રસાદે પોતાનો પગ જખમાયાનો ખાલી ઢોંગ કરેલો હોવાનું તેણે જણાવ્યું, એ શરતચંદ્રને જરીક વધારે પડતું લાગ્યું. તે પુનઃ બોલ્યોઃ " આ તમે ચોક્કસ અને દઢતાપૂર્વક કહો છો ?"

"જો તને વિશ્વાસ ન આવતો હોય તો તારી સાથે શરત લગાવવા તૈયાર છું."

"પરંતુ તો પછી એ પ્રમાણે ઢોંગ કરવામાં તેનો શો હેતુ હશે ?"

આ પ્રશ્નથી ફિરોજશાહ અકળાઇને બોલ્યોઃ "હમણાં હું એમ કહેતો હતો કે મારા મરણ પછી તું મારી ગેરહાજરી નહિ જણાવા દે; જ્યારે તું મને એવો પ્રશ્ન કરે છે કે જ્યોતિપ્રસાદે આમ શા માટે કર્યું ? જરીક વિચાર કર્યો હોત તો તને ખ્યાલ આવી શકત. વારૂ, એમ માન કે તું ન્યાયાધીશ છે. તારી પાસે એક કેસ આવ્યો. તેમાં આરોપીએ પોતાનું ખરૂં નામ છૂપાવ્યું છે. તું તેની પાસે જાય અને તેને જોવાથી એ તારો મિત્ર યા શત્રુ છે એવું તારા જાણવામાં આવે તો તું શું કરે ?"

"આવા પ્રસંગમાં જો હું હોઉં તો કેસ બીજાને સોંપવાની ગોઠવણ કરૂં." શરતચંદ્રે જવાબ આપ્યો.

"ઠીક છે, પરંતુ આરોપીને તું ઓળખતો હોય અને તારા સિવાય બીજું કોઇ ઓળખે તેમ ન હોય તો તું તેને સપડાવી દે કે નહિ ?"

શરતચંદ્ર આ પ્રશ્નનો ઉત્તર એકદમ આપી શક્યો નહિ. તેને વિચારમાં પડેલો જોઇને સોડાવોટર બોલ્યોઃ "આપણે તો સસેકા

તીન પાંઉ કરી જઇએ. મારો એ શત્રુ કે મિત્ર હોય તો હું તેની તપાસ જ ન કરૂં બીજો કોઈ ભલે કરે."

"હું પણ તેમ જ કરૂં. પરંતુ એક ન્યાયાધીશ તરીકેની ફરજ પણ બજાવવી જોઇએ. એટલે સંગીન કારણ આપ્યા સિવાય તે કેસ છોડી દેવાય નહિ." **શરતચંદ્રે** અભિપ્રાય વ્યક્ત કર્યો.

"હવે સમજ્યો તે બરાબર. હવે એમ માન કે તું જ ન્યાયાધીશ છે. તો એવું શું કારણ આપે?" ફિરોજશાહે પૂછ્યું.

"અત્યારે તે કહી શકતો નથી. પણ કોઇ મજબૂત કારણ શોધી કાઢું." **શરતચંદ્રે** જણાવ્યું.

"જો કશું કારણ ન મળે તો પછી જ્યોતિપ્રસાદની માફક પગ જખમાયાનું બહાનું આગળ કરે કે નહિ? બુદ્ધિમાન્ મનુષ્ય હોય તો પગને બદલે હાથે ઇજા થવાનું બહાનું કરે. કેમ કે પગ જખમાયાથી મકાનની બહાર નીકળી શકાય નહિ, જ્યારે હાથે ઇજા થઇ હોય તો તેને ઝોળીમાં રાખીને બહાર ફરી શકાય."

"આ ઉપરથી તમારી માનિનતા એવી છે કે જ્યોતિપ્રસાદ ફાલ્ગુનને ઓળખે છે?" **શરતચંદ્રે** પુનઃ પ્રશ્ન કર્યો.

આ પ્રશ્ન સાંભળીને ફિરોજશાહ પોતાનું દુઃખ ભૂલી ગયો અને ગુંસ્સાપૂર્વક બોલ્યો: "અરે એટલો તો વિચાર કર કે જ્યારે ન્યાયાધીશનો પગ ભાંગ્યો તે જ વખતે ખૂની આપઘાત કરે છે! તેનું કારણ શું? હું ત્યાં હાજર ન હતો. પરંતુ તારા કહેવા પરથી આ પ્રમાણે તર્ક કરૂં છું: જ્યોતિપ્રસાદ ચંદ્રભાગાની હોટેલમાં તપાસ કરીને કોર્ટમાં આવી આરોપી પાસે ગયો. બન્ને પરસ્પર ઓળખી ગયા. જો એકલા હોત તો કાંઇક સમાધાન થાત. પણ જ્યોતિપ્રસાદનો કલાર્ક સાથે હતો. એટલે તેમની વચ્ચે કશી વાત થઈ શકી નહિ. ન્યાયાધીશે સામાન્ય સવાલ કર્યા. તેના આરોપીએ અર્થ વગરના જવાબ આપ્યા. જ્યોતિપ્રસાદ બહાર નીકળ્યો. તેણે વિચાર કર્યો કે આ કેસ પોતે ચલાવવો નહિ. તેણે બહાર નીકળીને તારી સાથે પણ વાત નહિ કરતાં બીજે દિવસે

મળવાનું જણાવ્યું. ઘેર પહોંચ્યા પછી પડી જવાને લીધે પગ ભાંગ્યાની વાત ફેલાવી."

"તમારૂં એમ માનવું છે કે જ્યોતિપ્રસાદ અને ફાલ્ગુન મિત્ર નહિ પણ શત્રુ છે?" શરતચંદ્રે પૂછયું.

"એટલું પણ ન સમજ્યો? જો તેઓ મિત્રો હોત તો ન્યાયાધીશના જવા પછી આરોપી આત્મહત્યા કરવા પ્રયત્ન કરત ખરો? પરંતુ તું અચાનક ત્યાં જવાથી તેનો પ્રાણ બચ્યો. આખી રાત્રિ તેણે ચિંતામાં ગાળી હશે. બીજે દિવસે સ્હવારે તેને કોર્ટમાં લાવવામાં આવ્યો તે સમયે તે દિવાનાની માફક, કોર્ટમાં જ્યોતિપ્રસાદ હોવાની તેની માનિનતા હતી અને તેથી 'તું મને પિછાને છે—મેં ખૂનો કર્યા છે—માટે મને ફાંસીની ટીપ માર—માત્ર આપણી વચ્ચે શત્રુતા હોવાથી તું મને હેરાન કરતો નહિ.' એ પ્રમાણે કહેવાને માટે ધસી આવ્યો હતો. પરંતુ ત્યાં તો તેણે ન્યાયાધીશની ખુરશીપર શાંતિપ્રસાદને જોયો; અને જ્યોતિપ્રસાદના પગે ઇજા થયેલી હોવાથી પોતાની પાસે કેસ આવ્યાનું શાંતિપ્રસાદે તેને જણાવ્યું. આરોપી એપરથી જ્યોતિપ્રસાદની ખાનદાની અને તેના દિલની ઉદારતા પામી ગયો. એટલે તે નિશ્ચિંત બન્યો. તે જોઇ શકયો કે જ્યોતિપ્રસાદ સિવાય બીજું કોઈ તેને પિછાનતું નથી. એથી પોતાનું નામ ફાલ્ગુન કાયમ રાખીને છેવટ સુધી પોતાનો બચાવ કરવાનો તેણે નિશ્ચય કર્યો.

બન્ને શ્રોતાઓને ફિરોજશાહના કથનમાં અત્યંત રસ પડયો હતો.

સોડાવોટર તો ઊભો થઈને બોલી ઊઠયો: "શેઠ સાહેબ! આપનો તર્ક તદ્દન ખરો છે—બોલેબોલ સાચો છે."

"હજી પણ તારી ખાત્રી થઈ ન હોય તો વિશેષ પૂરાવો આપું." ફિરોજશાહે શરતચંદ્રને ઉદ્દેશીને કહ્યું: "જો જ્યોતિપ્રસાદ બિછાનામાં પડયો પડયો પણ અવારનવાર આ કેસના સંબંધમાં શાંતિપ્રસાદને પૂછાવતો હતો. જો તે ફાલ્ગુનને પિછાનતો ન હોય, ફાલ્ગુન કોઇ અજાણ્યો માણસ હોય તો તેને શી પડી હોય? તેનો ભાંગેલો પગ છે, તે

બિછાનાવશ છે, છતાં આ કેસમાં આટલો બધો રસ શા માટે લ્યે એવો વિચાર તને ન આવ્યો ?"

ચંદ્રભાગાની હોટેલમાં પોતાની તર્કશક્તિથી સોડાવોટરને આશ્ચ ચકિત કરી દેનાર શરતચંદ્ર અત્યારે ફિરોજશાહ સામે નીચું કરીને જોઈ રહ્યો. કેટલાક માણસો જ્યારે પોતાનો દોષ કોઇ બત ત્યારે તેની સામે પોતાના બચાવને અર્થે દલીલો કરવા લાગી જાય પરંતુ શરતચંદ્ર તેમ નહિ કરતાં શાંતપણે શ્રવણ કરી રહ્યો હતો.

ફિરોજશાહે થોડુંક જળપાન કરીને કહ્યું: "જો હવે હું ત બીજી મહત્ત્વની ભૂલ દર્શાવું. આપણામાં એક કહેવત છે કે લોઢું પ ગરમ થયું હોય તે જ વખતે તેને ટીપવું જોઇએ. ઠંડું પડવા ન બીજી પણ એક કહેવત છે કે રૂપીઆના વાયદા કરતાં રોકડો તાંબ સારો. એ કહેવત કદિ પણ ભૂલવી નહિ. જો તેનું તને સ્મરણ હોત તો પન્નાલાલની સ્ત્રી શાંતાબાઈને તેના મકાન ઉપર મ ત્યારે જ તેં તેને જે કાંઈ પૂછવું હતું તે પૂછી લીધું હોત. તો પ તે કોર્ટમાં તેના ધણીને જોઇને ઇન્કાર ગઇ અને તેની પાસેથી જા વાની હકીકત પ્રકટ ન થઈ એમ ન બનત."

"હા, એ મારી ભૂલ થઇ છે અને તેનો મને એ જ વ ખ્યાલ આવ્યો હતો." શરતચંદ્રે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો.

"તેં એ સિવાય બીજી પણ ભૂલો નથી કરી એમ સમજવાનું નથી."

"ના, એમ હું માનતો હોત તો આપની પાસે આવત જ નહિ

શરતચંદ્રનું આ સરલપણું જોઈને ફિરોજશાહ ખુશ થયો. જણાવ્યું: "પેલા એરિંગના માલિકને શોધી કાઢવામાં તેં બુદ્ધિ જરી પણ ઉપયોગ કર્યો નથી એમ કહું તો ચાલે."

"મેં મારાથી બની શકયું તેટલું તમામ કર્યું હતું."

"તેં મહેનત પુષ્કળ કરી છે, તેની હું ના કહેતો નથી. પ તારાથી બની શકે તેટલું તમામ તેં કર્યું નથી. જો, ઉછરંગલાલની

લતાગૌરી મૃત્યુ પામી છે અને તેની તમામ મિલકત વેચી નાંખવામાં આવી છે, એમ તારા જાણવામાં આવ્યા પછી તેં શો માર્ગ લીધો?"

"હું તુરત જ લીલામ કરનારને ત્યાં ગયો હતો."

"બરાબર, પછી તેં શું કર્યું?"

"મેં લતાગૌરીની મીલકતની યાદી તપાસી જોઈ. તેમાં બીજી વસ્તુઓની સાથે દાગીના પણ હતા. પરંતુ એરિંગ જોવામાં આવ્યું નહિ. એટલે મને લાગ્યું કે હવે એરિંગનો માલિક અત્યારે કોણ હતો તેનો પત્તો લાગી શકે તેમ નથી."

"એમ સમજવામાં જ તારી ભૂલ થઈ હતી. એટલું તો તું જાણે છે કે તે એરિંગની જોડી સુલોચનાબાઈએ લતાગૌરીને વેચાની આપી હતી. પરંતુ તેની નોંધ તેની મીલકતની યાદીમાં તારા જોવામાં આવી નહિ. તો પછી લતાગૌરીએ પોતાના મૃત્યુ પહેલાં કાં તો તે એરિંગ વેચી નાંખ્યું હોય કિંવા કોઈને ભેટ આપ્યું હોય. એમાંથી ગમે તે કર્યું હોય તો પણ તેનો નિકાલ લતાગૌરીએ પોતાની મૈત્રિણીઓમાં કરેલો હોવો જોઈએ: અને એવી મૂલ્યવાન એરિંગની જોડી ખરીદનારી મૈત્રીણીઓ પણ કાંઈ સામાન્ય સ્થિતિની ન હોય. જો લતાગૌરીની મૈત્રિણીઓ કોણ કોણ છે તેની બાતમી મેળવી હોત અને પછી દરેકને ત્યાં જઈ તેના નોકર મારફત તપાસ કરી હોત તો પત્તો લાગત. એ એરિંગ દરેક સ્થળે બતાવતાં એકાદ સ્થળેથી તે કોનું છે તેનો તને ખ્યાલ આવી જાત."

"અહો! એ વિચાર તો મને સૂઝ્યો જ નહિ."

"અને તેથી જ તું ફતેહ ન પામ્યો. રહે, હજી બાકી છે. તું પેલી વીશીવાળી રેણુકાબાઈને ત્યાં ગયો. ત્યાં ફાલ્ગુનની ટ્રંક તારા જોવામાં આવી. તેમાં કપડાં જોવામાં આવ્યાં. તને એવો વિચાર આવ્યો જ હશે કે આ વ્યવસ્થા ખૂનીના મદદગારે કરી છે અને તેથી તે તમામ કપડાં તેને તૈયાર વેચાતાં લેવાં પડયાં હશે. તુરત ને

તુરત કોઇ દરજી બધાં કપડાં શીવી આપે તે સંભવિત ન હતું. કેમ ખરૂં કે નહિ?"

"હા, કામ ખૂનીના મદદગારનું છે એમ તો હું પણ સમજ્યો હતો. પરંતુ એથી શો લાભ?"

"લાભ! અરે મૂર્ખા! હું બૂઢ્ઢો થયો છું, પણ જો તારા સ્થાન પર હોઉં તો ચંદ્રનગરના તમામ તૈયાર શિવેલાં કપડાં વેચનારને એકઠા કરૂં. તેમાંથી કોઇ ને કોઈ કહી શકત કે એ કપડાં તેણે એક મનુષ્યને વેચાતાં આપ્યાં છે. એ પરથી ફાલ્ગુન એ કપડાંથી ભરેલા ટ્રંક સાથે રવિવારને દિવસે બહારગામથી આવેલો હોવાની વાત ખોટી ઠરત. અને જો કદાચ કપડાં વેચનારો તેના મદદગારને ઓળખતો હોત તો તે સપડાઈ જાત અને પછી આ કેસનો નિકાલ વગર વિલંબે આવી જાત."

"અફસોસ! શેઠ સાહેબ! આ કેટલું સહેલું! કેટલું નજીવું! મારા જેવો ગધેડો બીજો કોણ હશે?" શરતચંદ્રને પોતાની બુદ્ધિહીનતા પ્રત્યે તિરસ્કાર ઉપજ્યો.

ફિરોજશાહે તેને આશ્વાસન આપતાં કહ્યું: "શાંત થા. તું ગધેડાની પદવીને લાયક નથી. એવું તેં કશું કર્યું નથી, એટલું જ નહિ પણ તારી અવસ્થા તથા અનુભવ તરફ લક્ષ આપતાં તેં જેટલું કર્યું છે તે પણ કંઇ ઓછું નથી. માત્ર જો તેં જરીક વિચાર કર્યો હોત તો આવી ગફલત ન થાત. હવે એક મુદ્દાનો વિચાર કરીએ. એમાં તેં માફ ન થઇ શકે એવી ભૂલ કરેલી છે."

"એવી ભુલ મેં શી કરી છે?" શરતચંદ્રે એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો."

"એ ભૂલ જો તેં ન કરી હોત તો અત્યારે તું જુદું જ પરિણામ જોતો હોત. ફાલ્ગુનનને પલાયન થવાની તક આપ્યા બાદ તારે ઠેઠ સુધી તેનો પાછળના પાછળ રહેવું જોઇતું ન હતું."

ફિરોજશાહની પ્રસ્તુત સૂચના શરતચંદ્રને રૂચી નહિ. તે બોલ્યોઃ “ શેઠ સાહેબ ! જો મેં તેનો પિછો નહિ પકડતાં તેને એકલો રહેવા દીધો હોત તો પછી તે અમારા હાથમાંથી છટકી જાત અને પછી અમે તેને પકડી શકત નહિ. ”

“ અહિં જ તારી ભૂલ થાય છે. જો હું તને સમજાવું. ફાલ્ગુન પેલા મકાનના ઓટલા પરથી ઉઠીને ચાલવા લાગ્યો એટલે તારી માફક હું પણ માની લેત કે તે વીશીવાળી રેણુકાબાઈની પાસે જાય છે. એટલે હું તારી પેઠે અગાઉથી વીશીમાં ન જતાં તેને વીશીવાળી રેણુકાબાઇની મુલાકાત થવા દેત. પછી તે બે જણાં જુદાં પડત. એટલે ફાલ્ગુનને પડતો મૂકીને રેણુકાબાઈની પાછળ લાગત. કારણ કે તે સ્ત્રી ફાલ્ગુન મુકત થયાની બાતમી તેના મદદગારને આપવાને માટે જાત. એટલે તેની પાછળ લાગવાથી મદદગાર કોણ છે એ જાણી શકાત અને તેથી ફાલ્ગુનને ઓળખવાનું કાર્ય ઘણુંજ સહેલું થઇ પડત. એટલું જ નહિ પણ તે મદદગાર ફાલ્ગુનને મળવાને માટે જાત તો એ બન્નેને એકી સાથે પરહેજ કરી શકાત. ”

શરતચંદ્ર પોતાનો કાન પકડીને બોલ્યોઃ “ એ મારી ખરેખરી ભૂલ થઈ છે. ”

“ પરંતુ તે પ્રમાણે નહિ કરતાં તું એકદમ વીશીમાં દોડયો અને રેણુકાબાઈને ત્યાંથી નિકળવાની તેં ફરજ પાડી તથા તેના નોકરને દમ દઇને ગાભરો બનાવ્યો. જ્યારે કોઈની પાસેથી કામ લેવાનું હોય ત્યારે તેને ગભરાવવાને બદલે શાંતિ પૂર્વક તેને ચડાવવો જોઈએ. નહિ તો આપણું કામ વણસી જાય. ”

આ પ્રમાણે ફિરોજશાહે શરતચંદ્રની એક પછી એક પુષ્કળ ભૂલો દર્શાવી. શરતચંદ્રે આ કેસમાં પોતાની બુદ્ધિ અને શક્તિનો ઓછો ઉપયોગ કર્યો ન હતો. પરંતુ જે સંભવિત લાગે તેને અસંભવિત ગણવું અને બાહ્યતઃ દેખાવપરથી સાચું લાગે તેને ખોટું માનવું એ સિદ્ધાંતને દરેક પ્રકરણમાં તે વળગી ન રહ્યો એથી તેને નિષ્ફળતા મળી હતી.

જો કે અત્યારે તેની નિરાશા ઉડી ગઈ હતી. તે ઉત્સાહ પૂર્ણ વદને બોલ્યોઃ “ શેઠ સાહેબ ? તમે મારા અંતરમાં આશાનો પુનઃ

પ્રચાર કર્યો છે. હજી બાજી હાથથી ગઇ નથી. પેલું એરિંગ તથા કેદીનાં કપડાં અમારા કબજામાં છે. વળી રેણુકાબાઇની વીશી ઉપર પણ હું નજર રાખ્યા કરીશ. ”

“ એમ કરવાથી તું શો લાભ મેળવવા ઇચ્છે છે ?” ફિરોજશાહે પૂછ્યું.

“ તે વીશીમાં કોઇ વાર ફાલ્ગુન કિંવા તેનો મદદગાર આવ્યા સિવાય રહેશે નહિ. ” શરતચંદ્રે જણાવ્યું.

ફિરોજશાહ ખડખડાટ હસી પડયો. તે બોલ્યો: “ હજી પણ તું ફાલ્ગુન કોણ છે એ જાણી ન શકયો ?”

“ ના, એ ચોક્કસપણે શી રીતે કહી શકાય ?”

“ કાં તો તું તદ્દન મૂર્ખો છે અથવા તો મારી પાસે ખૂલ્લા દિલથી બોલતો નથી. મારૂં માનવું એવું છે કે ફાલ્ગુન અને રાજા બહાદૂર સુરેન્દ્રસિંહ બન્ને એક જ હોવા જોઇએ. ”

તેની એ શંકા સાભળીને સોડાવોટરને હસવું આવ્યું. તેણે કહ્યું: “ શેઠ સાહેબ ! તમારી મશ્કરી કરવાની ટેવ ગઇ નહિ. ”

પરંતુ શરતચંદ્ર વિચારમાં પડી ગયો અને પછી બોલ્યો: “ હા, એક વાર મને પણ એવી શંકા આવી હતી. પરંતુ મેં એ શંકાને મારા મનમાં સ્થાન આપ્યું નહિ. ”

“ શા માટે ? ” ફિરોજશાહે પૂછ્યું.

“ મને એવો વિચાર આવ્યો કે રાજા બહાદૂર સુરેન્દ્રસિંહ અને ફાલ્ગુન બન્ને એક ન હોઇ શકે. ”

અહો ! આ સ્થળે પાછો તેં તારા સિદ્ધાંતનો વિરોધ કર્યો. જે માની ન શકાય તે માનવું અને માની શકાય તે ન માનવું. સુરેન્દ્રસિંહ જેવો મોટો માણસ ચંદ્રભાગાની હોટેલ જેવા હલકા સ્થળમાં જાય એ માની શકાય તેવું નથી. માટે જ એ વાત માની લેવી. તેથી જ હું તને કહું છું કે તારો ખૂની ફાલ્ગુન રાજા બહાદૂર સુરેન્દ્રસિંહ પોતે જ હોવો જોઇએ. જો એ અનુમાન ખોટું ઠરે તો

મારી તર્કશક્તિ અને અનુમાન તદ્દન નકામાં સમજજે. તું કહે તો હું તારી સાથે શરત લગાવવાને પણ તૈયાર છું કે એ બન્ને એક જ હોવા જોઈએ."

પ્રકરણ ૪૩ મું.

એ શી રીતે ?

પેલા મદારસિંગના શબ્દો ઉપરથી શરતચંદ્રને ફાલ્ગુન તથા સુરેન્દ્રસહિં બન્ને એક હોવાની શંકા આવી હતી. પરંતુ તે શંકાનો મગજમાં પ્રવેશ થતાની સાથે જ તેણે હાંકી કાઢી હતી. જ્યારે તે જ શંકા ફિરોજશાહને આવી, એટલું જ નહિ પણ એ તો તે માટે શરત લગાવવાને પણ તૈયાર થઇ ગયો. એથી શરતચંદ્ર વિચારમાં પડી ગયો.

તેને વિચારગ્રસ્ત બનેલો જોઈને ફિરોજશાહ બોલ્યો: "શરતચંદ્ર! મારા કથનથી તને ઉત્પન્ન થયેલું આશ્ચર્ય હું જોઇ શકયો છું. તેમાં મને કશી નવાઈ લાગતી નથી. કારણ કે એક ડિટેકિટવે કઈ કઇ બાબતનો અભ્યાસ કરવો જોઈએ તેનું હજી તને ગ્રાન નથી. એક ડિટેકિટવ તરીકે આગળ વધવાની ઇચ્છા રાખનાર માણસે પોતાના દેશના રાજકીય અને સામાજિક, જૂના અને અત્યારના ઇતિહાસથી પૂર્ણપણે માહિતગાર રહેવું જોઈએ. હા, જો આ સોડાવોટરની માફક તારે પણ સામાન્ય ડિટેકિટવ તરીકે જ જીવન ગુજારવું હોય તો મારે તને કશું કહેવાનું નથી."

"શેઠ સાહેબ! હું આપના કથનમાં શંકા લાવતો નથી. ફાલ્ગુન અને સુરેન્દ્રસિંહ બન્ને એક જ છે એ વાતનો સ્વીકાર કરી લઉં છું. છતાં પણ તમે આટલા મક્કમપણે એ બન્ને એક હોવાનું શી રીતે કહો છો, તે મને સમજાવવા કૃપા કરો." શરતચંદ્રે વિનતિ કરી.

" જો, આ બાજુના ઓરડામાં મારું પુસ્તકાલય છે. ત્યાં તું જા અને તે ઓરડામાં પેસતાં ડાબા હાથ પર ત્રણ કબાટ છે. તેમાં વચલા કબાટના ઉપરથી ગણુતા ત્રીજા ખાનામાં ' ચંદ્રનગરની ચરિત્ર ચંદ્રિકા ' એ નામના પુસ્તકોના ચાર ભાગ છે. ચારે ભાગ અહીં લઈ આવ. " ફિરોજશાહે આજ્ઞા કરી.

શરતચંદ્ર જતો હતો પણ તેને રોકી સોડાવોટર ઉઠયો અને પુસ્તકાલયમાં જઈ ફિરોજશાહે કહેલાં પુસ્તકો લઈ આવ્યો. પછી ફિરોજશાહ અનુક્રમણિકા તપાસીને તેમાં કકાવારી પ્રમાણે ગોઠવેલાં નામો બબડતો ' પ્રમોદરાય ' નામ ઉપર આવીને અટકી ગયો. પછી તેણે એ નામવાળું પૃષ્ટ કાઢ્યું.

તે વાંચવા લાગ્યો: " પ્રમોદરાય દિનાનાથ–જ્ઞાતે કાયસ્થ. જન્મ સંવત ૧૮— વતન અંજનપુર. તેમણે પોતાના જમાનાના પ્રમાણુમાં સારો અભ્યાસ કર્યો હતો. ચંદ્રનગરના મહારાજા રણજીતસીંહજીના વખતમાં તે પ્રથમ વસુલાતી ખાતામાં તલાટી તરીકે દાખલ થઇ, ધીમે ધીમે પોતાની બાહોષી અને કાર્યકુશળતાથી આગળ વધીને નાયબ દિવાનના પદ સુધી ચડયા હતા. રણજીતસિંહજીનો તેમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. એટલું જ નહિ પરંતુ ચંદ્રનગર રાજ્યના પ્રજાજનોનો પણ તેમણે સારો ચાહ અને વિશ્વાસ સંપાદન કર્યો હતો. આમ રાજા પ્રજા ઉભ-યના પ્રેમને પાત્ર થઈ પડેલ પ્રમોદરાય ઉપર રાજ્યના કેટલાક ભાયાતો અને જાગીરદારો ઇર્ષ્યા ભોગવતા હતા. જ્યારે રાજ્યવિપ્લવ થયો અને આમ વર્ગે બળવો જગાવી રણજીતસિંહને પદભ્રષ્ટ કરી, દેશત્યાગ કર-વાની ફરજ પાડી તે વખતે પ્રમોદરાયને રાજ્યમંડળીના મંત્રીની જગ્યો સ્વીકારવા કહેવામાં આવ્યું હતું. પરંતુ તેમણે તે પદનો સ્વીકાર નહિ કરતાં પોતાના વતન અંજનપુરમાં જઇને નિવૃત્તિપરાયણ જીવન ગાળવાનું પસંદ કર્યું. ત્યાં પાછળથી બળવાના આગેવાન તરીકે તેમના ઉપર આરોપ મૂકીને તેમને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી હતી. પરંતુ ત્યાંના પરમહંસ સચ્ચિદાનંદ સરસ્વતીના પ્રયત્નથી

તે બચી જવા પામ્યા હતા. તે સંવત ૧૯—માં મૃત્યુ પામ્યા હતા. તેમનો એકનો એક પુત્ર જ્યોતિપ્રસાદ ચંદ્રનગરમાં ન્યાયાધીશના પદ ઉપર છે."

શરતચંદ્ર બોલ્યોઃ "આ તો આપણા ન્યાયાધીશ જ્યોતિપ્રસાદના પિતા પ્રમોદરાયનું ટુંકું ચરિત્ર. તે ઉપરથી આપણને શું જાણવાનું મળી શકે તેમ હતું?"

"આ ઉપરથી એટલું આપણે જાણી શકીએ છીએ કે જ્યોતિપ્રસાદના પિતાને દેહાંતદંડની સજા થઇ હતી. વારૂ, હવે હું તને બીજું બતાવું છું." એ પ્રમાણે કહીને ફિરોજશાહે પુનઃ અનુક્રમણિકા તપાસી 'રત્નસિંહ' શબ્દ શોધી કાઢ્યો. તે નામવાળું પૃષ્ટ ખોલીને તે વાંચવા લાગ્યોઃ—

"રત્નસિંહ અજીતસિંહ સોલંકી–જન્મ સંવત ૧૮—ચંદ્રનગર રાજ્યના ભાયાત અને અંજનૂપુરના તાલુકદાર. તેમના વડવાના સમયથી તેમને વંશપરંપરાનો 'રાજા બહાદૂર'નો ઇલિકાબ મળ્યો છે. રણજીતસિંહજીના સમયમાં તેમનું માન સારૂં હતું અને લાંબો સમય તેમણે સેનાનાયક તરીકે પણ રાજ્યની સેવા બજાવી હતી. પરંતુ રાજ્યવિપ્લવ થતાં તેમને પોતાની સર્વસંપત્તિ અને સત્તાનો ત્યાગ કરીને ન્હાસી જવું પડ્યું હતું. જ્યારે પુનઃ શાંતિ પથરાઇ અને સાંપ્રત મહારાજા વીરેન્દ્રસિંહજીએ પુનઃ રાજસત્તા પોતાના કબજામાં લીધી તે વખતે રત્નસિંહ પુનઃ દેશમાં આવ્યા. મહારાજાએ તેમને તેમનો અંજનપુર તાલુકો પાછો સોંપ્યો અને અગાઉ જે દિવાની ફોજદારી હકુમત પોતાના તાલુકામાં તેમને હતી તેમાં પણ વધારો કરી આપ્યો. ત્યારબાદ અંજનપુર તાલુકાની તથા તેની આસપાસનાં ગામોની પ્રજાએ કરેલા બળવાને રત્નસિંહે તારીફ કરવા લાયક કુશળતાથી દબાવી દીધો હતો. વળી મહારાજાની સંમતિથી તેમાં ભાગ લેનારા ઘણા બળવાખોર આગેવાનોની કડક તપાસ કરીને તેમાંથી ઘણાને યમસદન પહોંચાડયા હતા."

" સમજ્યો ! સમજ્યો ! " શરતચંદ્ર કૂદવા અને તાળીઓ પાડવા લાગ્યો:

" અંજનપુરના સાંપ્રત તાલુકદાર સુરેન્દ્રસિંહના પિતા રત્નસિંહે જ્યોતિપ્રસાદના પિતા પ્રમોદરાયને દેહાંતદંડની શિક્ષા કરી હતી. "

" જો ઇતિહાસનું જ્ઞાન આપણને કેટલું બધું ઉપયોગી થઈ પડે છે. આ તું પ્રથમથી જ જાણતો હોત તો તારી કેટલી મુશ્કેલી ઓછી થઇ ગઇ હોત. હવે અંજનપુરના સાંપ્રત તાલુકદાર સુરેન્દ્રસિંહ વિષે થોડું સાંભળી લે. " એમ કહીને ફિરોજશાહ આગળ વાંચવા લાગ્યો:—

" સુરેન્દ્રસિંહ રત્નસિંહ સોલંકી—જ્યારે રાજા બહાદૂર રત્નસિંહ ચંદ્રનગર રાજ્યનો ત્યાગ કરીને પોતાના કુટુંબ સાથે મુંબઈ જઇને રહ્યા હતા તે વખતે ત્યાં સંવત ૧૯—માં સુરેન્દ્રસિંહનો જન્મ થયો હતો. તેમણે કેળવણી પણ ત્યાં જ મેળવી હતી. તે યોગ્ય ઉમરના થયા એટલે મણિપૂર રાજ્યના સૈન્યમાં જોડાયા હતા અને ત્યાં સારૂં નામ કાઢ્યું હતું. તે પોતાના પિતાની સાથે પુન: અંજનપુરમાં આવ્યા હતા. સામાન્ય રીતે તેમનો સ્વભાવ સૌજન્યપૂર્ણ હોવા છતાં કેટલીક વાર ઉતાવળને લીધે અથવા બેપરવાઇને લીધે ગંભીર ભૂલો તેમને હાથે થવા પામી છે. એથી તેમણે પોતાના તાલુકામાં તેમ જ ચંદ્રનગર રાજ્યના રાજ્યદ્વારી ખાતાના અમાત્ય તરીકે પણ કાર્ય કર્યું હતું. હાલમાં તે પોતાના તાલુકાની વ્યવસ્થા પોતાના મંત્રીને સોંપીને અંજનપુર અને ચંદ્રનગરમાં પોતાનું જીવન ગુજારે છે. "

પુસ્તક બંધ કરીને ફિરોજશાહે પ્રશ્ન કર્યો: " શરતચંદ્ર ! હવે તને કશી શંકા રહે છે ખરી ? "

" હાજી, બે મુદ્દાનો ખુલાસો થઇ શકતો નથી. એક તો એ કે સુરેન્દ્રસિંહ જો ફાલ્ગુન હોય તો પોલીસ ખાતામાં અથવા કોર્ટમાં ઓળખાયા સિવાય ન રહે. ઘણા પોલીસ અને ડિટેક્ટિવોએ તેને જોયેલો હોવા છતાં કોઈ તેને ઓળખી શક્યું ન હતું; અને બીજો મુદ્દો—"

" રહે, આ પહેલા મુદ્દાનો હું તને જવાબ આપી દઉં. અગાઉ તે દાઢી નહોતો રખાવતો. હવે તેણે દાઢી રાખી હતી. વળી તેણે કુશળતા પૂર્વક પોતાના વેશમાં પરિવર્તન કર્યું હશે. તે ઉપરાંત ઘણા લાંબા સમયથી તે એકાંતવાસમાં જીવન ગુજારતો હોવાથી બહુ માણસોના પરિચયમાં આવતો નહિ. તેમ જ તેના સંબંધમાં કોઈને શંકા આવવાનું કારણ પણ ન હોય. એટલે તે એકદમ ઓળખાઈ ન જાય એમાં કશું આશ્ચર્ય નથી. "

" બીજો મુદ્દો એ છે કે જો તે બે મહિના સુધી તેના બંગલામાંથી અદશ્ય બની જાય તો એ વાત છૂપી ન રહે. "

" એનો જવાબ સહેલો છે. જો તું તપાસ કરીશ તો તને માલૂમ પડશે કે આજ બે માસ થયા સુરેન્દ્રસિંહજી માંદા હોવાથી કોઇને મળતા નહતા. આ કારસ્થાન અમલમાં લાવવામાં પણ મુશ્કેલી પડે તેવું ન હતું. કેમકે ચંદ્રભાગાની હોટેલમાંથી પલાયન થયેલી બે સ્ત્રીઓ માંહેની એક તેની રાણી જ હશે; અને તેનો મદદગાર તેનો પ્રાઇવેટ સેક્રેટરી હોવો જોઇએ. તેમણે કદાચ એકાદા ડોકટરને વિશ્વાસમાં લીધો હોય એ બનવા જોગ છે. એટલે તે બંગલાના નોકરોને પણ કશી શંકા આવી શકે તેમ ન હતું. તો બહારના માણસોને તો ખબર પણ શાની પડે ? "

આ બન્ને મુદ્દાના ફિરોજશાહે કરેલા ખુલાસા શરતચંદ્રને સંતોષકારક લાગ્યા. છતાં હજી તેના મનને પૂરતો સંતોષ થયો ન હતો. તેણે બીજો સવાલ કર્યો: " તમારી વાત કબૂલ રાખીએ તો સુરેન્દ્રસિંહ પોતે પોતાનું સાચું નામ જણાવી, પોતાના બચાવમાં પ્રતિસ્પર્ધીઓનો નાશ કર્યો છે એમ કહે તો કોઇ તેનો વાળ પણ વાંકો કરી શકે તેમ ન હતું. તે કયારનો યે મુક્ત થઈ ગયો હોત. તેને બદલે તેણે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. "

" તારી વાત સાચી છે. તે જરૂર મુક્ત થઇ શકયો હોત. પરંતુ પોતાની પ્રતિષ્ઠાનો તેને મોટો ભોગ આપવો પડયો હોત. આ કેસમાં

તેની પત્ની સંડોવાયેલી હતી. એ વાત તેને કરવી પડત. તે એ સ્થળે શા માટે ગઇ હતી તેના કારણની તપાસ થાત. એ હકીકત વર્તમાન પત્રોમાં પ્રકટ થવા સાથે તે વિષે ચર્ચા થાત. એથી તેના નામને કેટલું લાંચ્છન લાગત ? એક તો લોકોનો તેના ઉપર સદ્‌ભાવ નથી, તેમાં આવો બનાવ બને, પછી બાકી શું રહે ? તેને તથા તેની રાણી બન્નેને નીચું જોવા જેવું થાય. સુરેન્દ્રસિંહ જેવો આત્માભિમાની પુરુષ એવી સ્થિતિ કરતાં તો મૃત્યુને જ વધારે પસંદ કરે."

હવે શરતચંદ્રને કશી શંકા રહી ન હતી. કશું પૂછવાનું પણ બાકી રહ્યું ન હતું. તેને પોતાની ભૂલ સ્પષ્ટ રીતે માલૂમ પડી હતી. સોડાવોટરની પણ એટલી તો ખાત્રી થઈ ગઈ હતી કે ખૂની ફાલ્ગુન અને સુરેન્દ્રસિંહ બન્ને એક જ છે. તેઓ બન્ને ફિરોજશાહનો આભાર માનીને ઉઠયા. જતાં પહેલાં શરતચંદ્ર બોલ્યો: "શેઠ સાહેબ ! આપની પાસે આવવાથી મને ઘણો લાભ થયો છે. ભવિષ્યમાં આપની સલાહ મને ઘણી જ કીમતી થઇ પડશે. નિરાશાના સાગરમાં ડૂબી ગયેલા મનુષ્યને તમે બચાવ્યો છે, મને આશા આપી છે. હવે આ કેસમાં મારે શું કરવાનું છે તે હું સમજી શકયો છું."

"શું !" ફિરોજશાહ તેની સામે આશ્ચર્યપૂર્વક જોઇ રહ્યો: "તું સુરેન્દ્રસિંહને પકડવા માગે છે ? એવી ભૂલ કદિ પણ ન કરતો. તે અત્યારે સ્વતંત્ર હોઇ શક્તિમાન્ છે. જો તું તેને ઓળખી ગયો છે એવી તેને શંકા પણ આવશે તો તે નિમિશ માત્રમાં તને મસળી નાંખશે. માટે ઉતાવળ કરીશ નહિ, સંભાળીને ચાલજે."

"ચિંતા ન કરો, શેઠ સાહેબ ! આપ મારા ગુરૂદેવ છો. આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે. હવે આ જગતમાંથી શરતચંદ્ર અદશ્ય થઇ જશે અને કોઈ જુદા જ વેશમાં, જુદા જ નામથી તે પરિભ્રમણ કરશે અને જ્યારે સુરેન્દ્રસિંહનું ગુપ્ત રહસ્ય તેના જાણવામાં આવશે એટલે તે અચાનક તેને ફટકો લગાવી, પોતાના વૈરની તૃપ્તિ કરશે."

પ્રકરણ ૪૪ મું.

આગલો ઇતિહાસ.

આપણો ડિટેક્ટિવ શરતચંદ્ર પોતાના વચનને પાળ્યા સિવાય રહ્યો નહિ. તે જુદા જ પ્રકારનો છદ્મવેશ ધારણ કરીને અંજનપુર ગયો. ત્યાં જઇને તેણે જ્યોતિપ્રસાદ, સુરેન્દ્રસિંહ અને તેની રાણીના સંબંધમાં તથા તેમના વડવાઓના સંબંધમાં બાતમી મેળવવા માંડી. તેને માલૂમ પડયું કે પેલી બુઢ્ઢી ચંદ્રભાગાનો ધણી પણ આ ગામનો જ વતની હતો.

આ પ્રયત્નમાં અંતે તેને કેટલી સફળતા મળી તે જણાવતાં પહેલાં અત્ર કેટલોક આગલો ઇતિહાસ રજુ કરવાની જરૂર છે. શરતચંદ્રે પોતાની નોંધ પોથીમાં આ ઇતિહાસ લખી રાખ્યો છે. તેનું જ્ઞાન થતાં વાચકોને આ પુસ્તકના પ્રારંભમાં રજૂ થયેલી ઘટનાના સંબંધમાં કશી પણ શંકા રહેશે નહિ.

ચંદ્રનગરનું રાજ્ય ઘણું જૂનું અને પૂરાતન છે. એમ કહેવાય છે કે ચંદ્રવંશી પાંડવોના વંશજ પરિક્ષિત રાજાએ પોતાના પૂર્વજ ચંદ્રદેવના સંસ્મરણ અર્થે આ નગરની સ્થાપના કરી હતી. આ નગરે અનેક વારા પલટા અનુભવ્યા છે. ક્ષત્રિયો, બૌદ્ધો, ઇસ્લામીઓ અને પુનઃ ક્ષત્રિયોએ આ રાજ્ય પર આક્રમણ કરીને પોતાની સત્તા તેના ઉપર અમુક અમુક કાળ પર્યંત જમાવી હતી. અત્યારે ત્યાં ક્ષત્રિય રાજા છે. સાંપ્રત મહારાજા વીરેન્દ્રસિંહના પિતા રણજીતસિંહના સમયમાં કેટલાક સત્તાલોભી અધિકારીઓની ઉશ્કેરણીથી આખા રાજ્યમાં પ્રજાજનોએ બળવો ઉઠાવ્યો હતો. રણજીતસિંહ તથા તેના ભાયાતો અને તેના વફાદાર જાગીરદારો વગેરેએ કેટલોક સમય પ્રજાની ટક્કર ઝીલી. પરંતુ રાજ્યનું સૈન્ય જ જ્યાં મોટે ભાગે પ્રજાજનોની સાથે ભળેલું હોય ત્યાં પછી બીજો ઉપાય જ ન હતો. છેવટે ઉત્તરોત્તર થતા જતા પરાજયને પરિણામે ચંદ્રનગરના મહારાજા રણજીતસિંહ તથા

તેમના પક્ષમાં જેઓ હતા તેમને પોતાની સર્વ સંપત્તિ અને સત્તાનો ત્યાગ કરી, પલાયન થઇ જવું પડયું. આ સમયે યુવરાજ **વીરેન્દ્ર-સિંહ** બે વર્ષની ઉમરનો હતો.

ત્યારપછી **ચંદ્રનગર** રાજ્યમાં પ્રજાસત્તાનો પ્રારંભ થયો. લોકોએ પોતાની પસંદગીના સભ્યોનું ઊભું કરેલું પ્રજામંડળ રાજ્યવ્યવસ્થા કરવા લાગ્યું. રાજમહેલ તથા રાજ્યમાં એવાં બીજાં ભવ્ય મકાનો વેચી નાંખવામાં આવ્યાં. તે જ પ્રમાણે **અંજનપુર**, વિશાળપુર આદિ તાલુકાઓમાં પણ ત્યાંના તાલુકદાર અને જમીનદારોની જે કાંઈ સ્થાવર જંગમ મીલકત હતી તે સર્વ જાહેર લીલામથી વેચી નાંખવામાં આવી. **અંજનપુરના** તાલુકદાર **રત્નસિંહ સોલંકીનો** રાજમહેલ તથા કેટલીક જમીન **સત્યપ્રસાદ** નામના એક કાયસ્થે ખરીદી લીધી. **સત્ય-પ્રસાદ** મૂળ સાધારણ સ્થિતિનો હતો પરંતુ પોતાના જાતબળથી આગળ વધ્યો હતો અને બળવામાં **અંજનપુરના** આગેવાન તરીકે તેણે ભાગ લીધેલો હોવાથી આ લાભ તેને મળી ગયો હતો.

આ સ્થળે એક ખુલાસો કરવાની જરૂર છે કે **પ્રમોદરાય** રણ-જીતસિંહનો નાયબ દિવાન હતો. પરંતુ તેણે રાજા અને પ્રજા ઉભયનો પ્રેમ સંપાદન કર્યો હતો. એથી તેને મહારાજાના બીજા પક્ષકારોની માફક દેશત્યાગ કરવાની ફરજ પડી નહિ. કેમકે પ્રજાજનોનો તેના ઉપર અભાવ ન હતો. કેટલાકોએ તેના ઘરબાર તથા બીજી મીલકત લૂટી લેવાની પ્રજામંડળમાં સૂચના રજૂ કરેલી પરંતુ તે સૂચના પ્રજા-મંડળના મોટા ભાગે તિરસ્કારી કાઢી અને **પ્રમોદરાય** નિવૃત્તિપરાયણ સ્થિતિમાં પોતાના વતન **અંજનપુરમાં** રહેવા લાગ્યો. અહીં તેને **સત્યપ્રસાદની** સાથે સારો સ્નેહ બંધાયો.

કેટલોક સમય પછી **સચ્ચિદાનંદ** નામના પરમહંસ **અંજન-પુરમાં** આવી ચડયા. આ પરમહંસ અત્યંત વિદ્વાન્ હતા અને વેદાંતનો તેમણે સારો અભ્યાસ કર્યો હતો. એટલે ગામના લોકોનો તેમના ઉપર સારો ભાવ બંધાયો. બધાયે તેમને આગ્રહ કરીને ત્યાં

એક શિવાલયના મંદિરમાં રાખ્યા. તે રોજ વેદાંત અને ધર્મનું પ્રવચન કરતા હતા, વળી વૈદ્યક વિદ્યાનો તેમણે સારો અભ્યાસ કરેલો હોવાથી એ રીતે પણ લોકોને અત્યંત ઉપયોગી થઇ પડયા હતા.

સત્યપ્રસાદને હસમુખ નામનો પુત્ર અને ઉષા નામની પુત્રી એમ બે સંતાન થયાં હતાં. હસમુખ પંદર વર્ષનો અને ઉષા દશ વર્ષની હશે તે વખતે તેમની માતા સ્વર્ગવાસ પામી હતી. પાછળથી સત્યપ્રસાદે હસમુખને વિશેષ અભ્યાસ માટે ચંદ્રનગર મોકલ્યો હતો. તે પોતાની પુત્રી ઉષાની સાથે અંજનપુરમાં રહેતો હતો. તેનો ઇરાદો ઉષાનું લગ્ન પ્રમોદરાયના પુત્ર જ્યોતિપ્રસાદની સાથે કરવાનો હતો.

આટલો ઇતિહાસ જણાવ્યા પછી હવે આપણે આગળ વધીએ.

પ્રકરણ ૪૫ મું.

ઉષા.

રણજીતસિંહના રાજ્યત્યાગને આજે વીશ–એકવીશ વર્ષ થઇ ગયા છે. હમણાં થોડા દિવસથી રાજ્યમાં અનેક પ્રકારના ફેરફાર થઈ ગયા છે. રણજીતસિંહ પોતાના સાળાને ત્યાં જઇને રહ્યો હતો. ત્યાં તે પાંચેક વર્ષ બાદ મૃત્યુ પામ્યો હતો. મામાએ ભાણેજ વીરેન્દ્રસિંહને ઉછેર્યો અને તે યોગ્ય ઉમરનો થતાં પોતાના મિત્ર રાજકર્તાઓનાં સૈન્યોની સહાયથી ચંદ્રનગરના પ્રજામંડળનો ઉચ્છેદ કરીને વીરેન્દ્રસિંહને પુનઃ ચંદ્રનગરના સિંહાસન પર સ્થાપિત કર્યો. પ્રજામંડળ અદશ્ય થઈ ગયું. પરંતુ વીરેન્દ્રસીંહે પ્રજાજનોમાંથી તેમની પસંદગીના સભ્યોનું એક સલાહકાર મંડળ રાખ્યું હતું કે જેથી પ્રજાજનોને અસંતોષ રહે નહિ. જેઓ રાજકુટુંબના વિરોધી હતા તેમને યોગ્ય શાસન કરવામાં આવ્યું હતું અને રાજકુટુંબ પ્રત્યે વફાદાર રહી તેમની સાથે દેશત્યાગી થનારા તેમના પક્ષકારો તથા તેમના વારસોને તેમની સર્વ સંપત્તિ અને સત્તા પુનઃ સુપ્રત કરવામાં આવી હતી.

તેને અનુસરીને આજે અંજનપુરમાં ત્યાંના તાલુકદાર રત્નસિંહ પોતાના વીશ વર્ષના યુવાન પુત્ર સુરેન્દ્રસિંહ સાથે પોતાનો તાલુકો પાછો સંભાળવાને માટે આવ્યા હતા. તેમની સાથે રાજ્યનો એક અધિકારી તથા ન્હાનું સન્ય પણ હતું કે જેના ભયથી તેમની મીલકત પાછી સોંપવામાં કોઈ આનાકાની કરે નહિ.

રત્નસિંહને તેની મીલકત મળી ગઇ. સત્યપ્રસાદને પોતાની દીકરી ઉષાની સાથે રાજમહેલનો ત્યાગ કરીને નિકળી જવું પડયું. તેઓ એક સાધારણ મકાનમાં જઈને રહેવા લાગ્યાં. પ્રમોદરાયે સત્યપ્રસાદ ઉપર આવેલી આફતમાં તેને આશ્વાસન આપ્યું અને પોતાનાથી બની શકતી સહાય આપવાની પણ ઇચ્છા દર્શાવી. પરંતુ સત્યપ્રસાદે ઉપકાર સાથે તેની માગણીનો અસ્વીકાર કર્યો.

જ્યોતિપ્રસાદે પોતાના પિતાની સંમતિ મેળવીને સત્યપ્રસાદ પાસે ઉષાના હસ્તની માગણી કરી. સત્યપ્રસાદે માત્ર એટલો જ જવાબ આપ્યો કે “ જો મારી પૂર્વની સ્થિતિમાં હું હોત તો હું તારા હસ્તમાં મારી પુત્રીનો હાથ આપત. પરંતુ હવે નહિ. તું તેની બિલકુલ આશા રાખીશ નહિ. એટલું જ નહિ પણ હવે પુનઃ તું તેના વિષે મારી પાસે ઉચ્ચાર કરીશ તો હું મારૂં અપમાન થયેલું સમજીશ. ”

આ ઉત્તરથી જ્યોતિપ્રસાદ નિરાશ બની ગયો. કારણ કે તેનો ઉષા ઉપર ખરા અંતરનો પ્રેમ હતો. બન્ને એકબીજાંને ન્હાનપણથી ચાહતાં શિખ્યાં હતાં. બન્નેનાં વડિલોએ અત્યારસુધી આડકતરી રીતે આ પ્રેમને વધવા દીધો હતો. એક વખત ગુપ્ત રીતે જ્યોતિપ્રસાદ ઉષાને મળ્યો. તેણે ઉષા પાસે પોતાનું હૃદય પ્રકટ કર્યું. પરંતુ પિતૃભક્ત બાલા જ્યોતિપ્રસાદને પોતાના આત્મારૂપ સમજતી હોવા છતાં પણ નિશ્ચયપૂર્વક બોલી: “ જ્યોતિ ! મારો આત્મા તારો છે પણ મારો દેહ મારા પિતાનો છે. તેમની આજ્ઞા એ જ મારી ઇચ્છા.”

હવે જ્યોતિપ્રસાદ નિરાશ બની ગયો. આ નિરાશાની તેના શરીર ઉપર પણ અસર થઇ અને તે પથારીવશ બની ગયો. સચ્ચિદાનંદ તેને ઉપચાર કરતા હતા. તેના દરદનું ખરૂં કારણ તેનાં માતાપિતા સમજી ગયાં હતાં. તેમણે એ કારણ સ્વામીજી પાસે જાહેર કર્યું હતું. પરંતુ તેનો કોઇથી ઉપાય થઇ શકે તેવું ન હતું. કારણ કે સત્યપ્રસાદ જેવા આગ્રહી સ્વભાવના મનુષ્યને સમજાવવાની કોઇની તાકાદ ન હતી.

* * * *

રત્નસિંહે તમામ રાજ્યવ્યવસ્થા સંભાળી લીધી. સુરેન્દ્રસિંહ તેનો એકનો એક કુમાર હતો. તેની રાણી આ એક જ બાળકને જન્મ આપીને તુરત મરણ પામી હતી. સુરેન્દ્રસિંહને તેની માતા તરફથી વીશ લાખ રૂપીઆનો વારસો મળ્યો હતો. તેનો તે સ્વતંત્ર માલિક હતો. રત્નસિંહને પોતાનો તાલુકો મળ્યો હતો. પરંતુ અત્યારે તેની પાસે મૂડીમાં કશું ન હતું. એટલે તેની દૃષ્ટિ સુરેન્દ્રના વીશ લાખ ઉપર હતી. તેનો વિચાર એવો હતો કે સુરેન્દ્રને કોઈ સુયોગ્ય કન્યા જોઈને તેની સાથે પરણાવી દેવો અને પછી તેનું મન રાજ-કાયમાં પરોવાયેલું રાખવું કે જેથી તેને બીજા ઉધામા સૂજે નહિ. તે સુયોગ્ય કન્યાનો અર્થ એવો કરતો હતો કે તે તેના પિતાની એકની એક પુત્રી હોય અને તેના પિતાના મૃત્યુ પછી તેની બધી મીલકતનો માલિક તેનો સ્વામી બને.

આવી કન્યાની તપાસ કરતાં તેના ગામથી ચાર માઇલ દૂર વિશાળપુરના જાગીરદાર શૂરસીંહની પુત્રી કંચનકુમારી ઉપર તેનું લક્ષ ગયું. વિશાળપુરના જાગીરદાર સાથે રત્નસીંહને ખાસ મૈત્રી ન હતી; પરંતુ બન્ને જણા એકબીજાનું માન જાળવતા અને વળી બન્ને મહારાજાના પક્ષકાર હતા.

રત્નસિંહ એક–બે વખત પોતાના કુમારને વિશાળપુર લઇ ગયો. શૂરસિંહ તથા કંચનકુમારીને પણ પોતાને ત્યાં આમંત્રણ કર્યું. તેનો હેતુ એવો હતો કે આમ કરવાથી સુરેન્દ્ર અને કંચન વચ્ચે પરિચય વધતાં પરસ્પર પ્રત્યે પ્રેમોદ્દ્ભવ થાય.

પરંતુ સુરેન્દ્રનું લક્ષ બીજે જ હતું. જ્યારથી તેણે ઉષાને જોઇ હતી ત્યારથી તે તેની પાછળ દિવાનો બન્યો હતો. તે ઉષાને પોતાની પ્રિયતમા બનાવવાને માટે મથી રહ્યો હતો. એથી તે સત્યપ્રસાદને આર્થિક સહાય કરતો, સત્યપ્રસાદ તે સહાયને સ્વીકારતો પણ ખરો. તે મનમાં સુરેન્દ્રનો હેતુ સમજતો હતો. પરંતુ પોતાની પુત્રીના નિષ્કલંક ચારિત્ર્યને માટે તેને ખાત્રી હતી. વળી ઉષાનો પ્રેમ જ્યોતિ-પ્રસાદ ઉપર હોવાનું તે જાણતો હતો. એટલે ઉષા કલંકિની થશે એવી તેને ચિંતા ન હતી.

બીજી બાજુએથી તેણે મહેન્દ્ર નામના પોતાની જ્ઞાતિના એક યુવકને પોતાની પુત્રીનું લગ્ન તેની સાથે કરવાની લાલચ આપી હતી. આ લાલચ સાચી હતી કે કેમ તે કહી શકાતું નથી. પરંતુ એટલું ખરૂં કે જાહેરમાં પણ તે પોતાની પુત્રીનું લગ્ન મહેન્દ્ર સાથે કરવાનો છે એમ જણાવતો હતો. અર્થાત્ ઉષા ઉપર ત્રણ યુવકોની દૃષ્ટિ હતી. તેમાંથી જ્યોતિપ્રસાદ બિછાનાવશ હતો, જ્યારે સુરેન્દ્ર અને મહેન્દ્ર સત્યપ્રસાદના હાથમાં રમકડા રૂપ બન્યા હતા.

એકવાર સુરેન્દ્ર ઉષા પાછળ ઘેલો બન્યો છે એ વાર્તા કંચન-કુમારીના જાણવામાં આવી. અત્યારસુધી તેણે સુરેન્દ્ર તરફ ખાસ વિશેષ લક્ષ આપ્યું ન હતું. તે તેના પિતાની એકની એક પુત્રી હતી અને તેના પિતાની સ્થાવર મીલકત કરતાં યે રોકડ રકમ અને ઝવાહીર પુષ્કળ હતું. તેથી અનેક જાગીરદારો અને તાલુકદારોએ કંચનના હસ્તની માગણી કરી હતી. પરંતુ લાડઘેલી અને સ્વતંત્રતાના વાતા-વરણમાં ઉછરેલી કંચને લગ્નના વિષયમાં પોતાની સંમતી દર્શાવી હતી. તેનો પિતા પણ તેને વિશેષ દબાણ કરી શકતો નહિ. વારૂ હવે સ્ત્રીઓમાં રહેલી સ્વાભાવિક ઇર્ષ્યાને વશ થઇને તે સુરેન્દ્ર તરફ વિશેષ લક્ષ આપવા લાગી. એટલું જ નહિ પણ સત્યપ્રસાદ જેવ

એક ભિખાગડાની છોકરી પોતાના પ્રિયતમ સુરેન્દ્રને વશ કરી લ્યે એ તેનાથી તામોશ થઈ શકયું નહિ. તે અદેખાઇના અગ્નિથી સળગવા લાગી.

સુરેન્દ્ર પણ વિશેષ પરિચયથી જોઈ શકયો કે ઉષાનો તેના ઉપર પ્રેમ નથી. એટલે તેણે ઉષાની આશાનો ત્યાગ કરી દીધો. માત્ર ઉષા ઉપરનો તેનો પ્રેમ ઓછો થઇ શકયો નહિ. તેણે પોતાના પિતાના આગ્રહને વશ થઇને કંચનકુમારી સાથે પોતાનું સગપણ કરવામાં અનુમતિ આપી. છતાં તેઓ કદિ એકાંતમાં મળતાં નહિ કે તેમની વચ્ચે પ્રેમવાર્તા થતી નહિ.

પ્રકરણ ૪૬ મું.

બળવો.

સત્યપ્રસાદનો ઇરાદો અંજનપુર અને તેની આસપાસના ગામડાંઓમાં એકી સાથે બળવો જગાડવાનો હતો. તે સમજતો હતો કે આ બળવાથી કશો લાભ થઇ શકવાનો નથી. તેમ જ પુનઃ પ્રજાસત્તા સ્થાપિત થાય એવી સંભાવના પણ ન હતી. પરંતુ તેના અંતરમાં વૈરની જવાળા પ્રદીપ્ત થઇ રહી હતી. રત્નસિંહના આગમનથી પોતાને રાજસાહેબી તજીને ભિખારી થવું પડયું એ તેને બહુ જ સાલતું હતું. એથી કોઈ પણ રીતે રત્નસિંહ અને તેના છોકરાનો નાશ કરવો એવા વિચારથી તેણે આ કારસ્થાન રચ્યું હતું. તે એમ માનતો હતો કે એકાએક બળવો જાગવાથી રત્નસિંહ અને તેનો છોકરો ગફલતમાં રહેશે. એટલે એકદમ તેમના મહેલમાં દાખલ થઈને બન્નેનો સ્હેલાઇથી નાશ કરી શકાશે.

પોતાના આ હેતુને પાર પાડવાને માટે તેણે એક ગુપ્ત મંડળ ઊભું કર્યું હતું. આ મંડળમાં તેણે પોતાના દીકરા હસમુખ તથા મહેન્દ્રને પણ ભેળવ્યા હતા. ગુપ્ત મંડળમાં દાખલ થનારાઓને તેણે

અનેક પ્રકારની આશા આપી હતી. મોટે ભાગે તેમાં અજ્ઞાન ગામડીયા ખેડૂતો અને મજૂરો દાખલ થયા હતા.

સત્યપ્રસાદ સમજતો હતો કે **પ્ર**મોદરાય તથા સ્વામી **સચ્ચિ**દાનંદ પોતાના ઇરાદાનો વિરોધ કરશે. એટલે તેમને તેણે કશી પણ હકીકત જણાવી ન હતી. **જ્યોતિ**પ્રસાદની તબીયત હવે સુધરતી જતી હતી. તેને બહાર શું બની રહ્યું છે તે બાબતની કશી પણ માહિતી ન હતી. તેનામાં વિશેષ શક્તિ આવી એટલે એક દિવસ તે ફરવાને બ્હાને બહાર નીકળ્યો અને સીધો **સત્ય**પ્રસાદના મકાનપર ગયો. તે ત્યાં ગયો એ વખતે **સત્ય**પ્રસાદ તથા તેનો દીકરો **હ**સમુખ રસાયણ ક્રિયા વડે સ્ફેટિક પદાર્થના ગોળા તૈયાર કરતા હતા. તેઓ અચાનક તેને આવેલો જોઇને ચમક્યા. **સત્ય**પ્રસાદ તેના આગમનથી ગુસ્સે થયો હોય એવા ભાવપૂર્વક બોલ્યોઃ " મેં તને મારે ત્યાં આવવાની ના કહી છે છતાં પણ તું શા માટે અહીં આવ્યો ?"

" હું કબૂલ કરૂં છું કે તમારી ના ઉપરવટ હું અહીં આવ્યો છું. પરંતુ મારૂં હૃદય મારા હાથમાં નથી. **સત્ય**પ્રસાદ ! મારા ઉપર દયા કરો—મને ન તરછોડો. મારો ઉષા ઉપર પ્રેમ છે, તેનો પ્રેમ મારા પ્રત્યે છે. અમને એને જુદાઇગીરીના જખમથી ન રીબાવો, જૂઓ, મારૂં શરીર કેટલું બધું કૃષ બની ગયું છે. એ સર્વ તમે ઉત્પન્ન કરેલી નિરાશાનું પરિણામ છે. હું એક વખત છેવટનો પ્રયત્ન કરી જોવાને માટે આવ્યો છું. હું આશા રાખું છું કે તમે મારો અંત જોવાને માટે રાજી નહિ હો. "

જ્યોતિપ્રસાદના પ્રસ્તુત શબ્દોથી **સત્ય**પ્રસાદનું હૃદય પીગળ્યું. તે બોલ્યોઃ " **જ્યોતિ** ! તું જાણે છે કે મારા મકાનમાં આવવાથી તારે સોસવું પડશે. અમે શું કરીએ છીએ એ તું જૂએ છે. એ ઉપરથી તું અમારો હેતુ પણ થોડે ઘણે અંશે પામી ગયો હોઇશ. તારા પિતા મારા મિત્ર છે. એટલા માટે હું કહું છું કે મિત્રપુત્રને હું ફસાવવા માગતો નથી. "

તેના આ શબ્દો પરથી તથા પેલા સ્ફોટક પદાર્થોના ગોળા પરથી જ્યોતિપ્રસાદ સમજી ગયો કે કોઇ પણ ભયંકર કારસ્થાન ચાલી રહ્યું છે. છતાં તે હિમ્મત પૂર્વક બોલ્યોઃ "જો મારી ઉષા આ કારસ્થાનમાં સામેલ હોય તો હું પણ તેમાં દાખલ થઇશ. જો તમે મને ના કહેશો તો હું અહીંથી સીધો જઈને આ વાર્તા ગામમાં જાહેર કરી દઇશ; અને હા કહેશો તો હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે છેવટ સુધી હું તમારી સાથેનો સાથે રહીશ."

સત્યપ્રસાદે જાણ્યું કે **જ્યોતિને** નિરાશ કરવાથી પોતાની તમામ મહેનત રદ થશે. એટલે તેણે **જ્યોતિને** આશ્વાસન આપ્યું અને પોતાની પુત્રીનું લગ્ન તેની સાથે કરવાની કબૂલાત આપી. માત્ર તે વાર્તા હમણાં જાહેર ન કરવાની સૂચના કરી. અર્થાત્ **જ્યોતિપ્રસાદની** આશા ફળિભૂત થઈ, જે અમૃતનું પાન કરવાને માટે તે આતુર હતો તે અમૃત તેને મળ્યું. આજથી રોજ રાત્રે છૂપી રીતે તે આ મકાનપર આવવા લાગ્યો.

કેટલાક દિવસ તૈયારીમાં વિતી ગયા. એક દિવસ **સુરેન્દ્ર** આ મકાનમાં આવ્યો હતો તે વખતે **મહેન્દ્ર** એકલો જ ત્યાં હતો. **હસમુખ** તથા તેનો પિતા કાંઇ કામ પ્રસંગે બહાર ગયા હતા. ઉષા અહીં હતી. હજી પણ **સુરેન્દ્રને** આશા હતી કે જો ઉષાની ઇચ્છા હોય તો તેને પોતાની પત્ની બનાવવી, રાણીપદ ઉપર સ્થાપવી. તે એ આશામાં ને આશામાં અહીં આવ્યા કરતો હતો અને **સત્યપ્રસાદને** મદદ કર્યા કરતો હતો. તેની સહાયથી જ તેનો અને તેના પિતાનો નાશ કરવાનું **સત્યપ્રસાદ** કારસ્થાન રચતો હતો, તેની તો તેને કલ્પના પણ ન હતી.

મહેન્દ્રે તેને કહ્યું: "હું આજે ઘોડાપરથી પડી ગયો હતો તેથી મારો જમણો હાથ દબાયો છે અને તે બહુ જ કળે છે. મારે એક અગત્યનો કાગળ લખવો છે તે હું જાતે લખી શકું તેમ નથી. તો હું લખાવું તેમ લખશો?"

નિષ્કપટ સુરેન્દ્રે કશી શંકા વગર હકારમાં જવાબ આપ્યો. એટલે મહેન્દ્રે તેની પાસે નીચેનો પત્ર લખાવ્યો:—

"**પ્રિય બંધુ,**

"તમામ તૈયારી થઈ ગઈ છે. તમે પણ તૈયાર જ હશો. તા. ૨૮ મી એપ્રિલની રાત્રે ફુલેકું ચડવાનું છે. તે વખતે તમે તમારા સ્નેહી મિત્રો સહિત ચોકમાં આવી મળશો. રાત્રીના દશ વાગે બરાબર—ઢીલ થાય નહિ.

"લી. મને તો તમે જાણો છો."

પાછળથી આ પત્રની નકલો કરાવીને જુદે જુદે સ્થળે મોકલી આપવામાં આવી. આ સુરેન્દ્રના હસ્તાક્ષરવાળો પત્ર મહેન્દ્રે પોતાની પાસે સંભાળીને જાળવી રાખ્યો હતો.

તા. ૨૮ મી એપ્રિલનો દિવસ આવ્યો. તે દિવસે સ્હવારથી સત્યપ્રસાદ, તેનો દીકરો હસમુખ, ઉષા અને મહેન્દ્ર તૈયારીમાં મચી રહ્યાં હતાં. આજે રાત્રે દસ વાગે હુલ્લડ જગાડવાનો નિશ્ચય કરવામાં આવ્યો હતો. રાત્રે નવ વાગે છેવટની ઇશારત આપવાની હતી. સત્યપ્રસાદનું મકાન ઉંચાણમાં હોવાથી ત્યાં રાત્રે આગ સળગાવવામાં આવે તો આસપાસનાં ગામડાંમાં તે જોઈ શકાય તેમ હતું. જો ઇશારત થતાં જ બધાએ નિકળીને અંજનપુરના ચોકમાં આવવું તથા રાજમહેલ ઉપર હલ્લો કરીને શરૂઆત કરવી એવો વિચાર ગોઠવવામાં આવ્યો હતો. જયોતિપ્રસાદ આજે બપોરનો અહીં આવ્યો હતો. તે સ્હાંજના છ વાગ્યા છતાં પાછો નહિ આવવાથી તેના પિતાને ચિંતા થવા લાગી. સાત વાગ્યા સુધી તેણે રાહ જોઇ, તથાપિ જયોતિપ્રસાદના કશા પણ સમાચાર મળ્યા નહિ. તેને સત્યપ્રસાદનો વિચાર હુલ્લડ જગાવવાનો છે એવી ગંધ આવી હતી. પરંતુ એ વાત તેણે માની ન હતી. તથાપિ આજે જયોતિ નહિ આવવાથી તેને ચિંતા પેઠી. એટલે તે સચ્ચિદાનંદ સ્વામી પાસે ગયો. તેણે પોતાની શંકા સ્વામીજીને જણાવી અને બન્ને જણા જયોતિપ્રસાદને શોધવા

તથા જો પોતાની શંકા સાચી ઠરે તો સત્યપ્રસાદને આવું આત્મઘાતક પગલું ભરતો અટકાવવાને માટે તેના મકાનપર ગયા.

આ સમયે તેના મકાનમાં પચાશેક માણસો એકઠા થયા હશે. તેમણે મકાનના બંધ દ્વારપર અવાજ કર્યો અને અંદરથી 'કોણ છે?' એવા પ્રશ્નના જવાબમાં પ્રમોદરાયે પોતાનું નામ આપ્યું. સત્યપ્રસાદે દ્વાર ખોલ્યું. અંદર પચાશેક માણસો સશસ્ત્ર હતા. એ જોઇને પ્રમોદરાય અને સચ્ચિદાનંદે પરસ્પર નેત્ર સંકેત કર્યો.

પછી પ્રમોદરાય બોલ્યોઃ "સત્યપ્રસાદ! આપણે મિત્રો છીએ આજના દેખાવપરથી હું જોઇ શક્યો છું કે મને જે બાતમી મળી હતી તે સાચી છે; અને તેથી મિત્રધર્મ બજાવવાને-તમને આ પગલું ભરતા અટકાવવાને માટે હું તથા સ્વામીજી આવ્યા છીએ આ કાર્યમાં તમે સફળતા મેળવી શકશો નહિ. એક વાર એમ માનો કે સફળ થયા; તો પણ ચંદ્રનગરથી સહાય આવતાં વાર થશે નહિ. નાહક બન્ને પક્ષના બસો-પાંચસો માણસોની ખુહારી થશે. હું આશા રાખું છું કે તમે આવી હુજતાઇ નહિ કરો. અને વિશેષમાં મારે તમને એટલું જ કહેવાનું છે કે તમે મારા મિત્ર હોવા છતાં મારા એકના એક દીકરા જ્યોતિને આ કાર્યમાં ખેંચવાથી હું નિર્વંશ બની જઇશ એટલો પણ વિચાર તમને ન આવ્યો?"

અત્યારસુધી સત્યપ્રસાદ શાંતપણે સાંભળતો હતો. તે પ્રમોદરાયનો છેવટનો આક્ષેપ સાંભળીને બોલ્યોઃ "પ્રમોદરાયજી! આપણે મિત્રો છીએ એ વાત સાચી છે અને તે માટે તમારા પુત્રને અહીં આવતો અટકાવવાને સારૂ મેં મારાથી બનતું કર્યું હતું. પરંતુ જ્યારે અમારી ગુપ્ત યંત્રણાની બાતમી ફોડી દેવાની તેણે ધમકી આપી એટલે મારે નામરજીથી તેને અમારા ષડ્યંત્રમાં મેળવવો પડયો છે. બાકી તમારો અથવા સ્વામીજીનો બીજો ઉપદેશ નકામો છે. બધી તૈયારી થઇ ગઈ છે. એટલે હવે મારા હાથમાં કશું રહ્યું નથી."

" વારૂ, જ્યોતિ ! તું ચાલ મારી સાથે. તારી માતા તને ન જોવાથી કલ્પાંત કરી રહી છે. " પ્રમોદરાયે પુત્રને આજ્ઞા કરી.

જ્યોતિપ્રસાદ દ્દઢતાપૂર્વક બોલ્યો: "પિતાજી ! આપની આજ્ઞા શિરસાવંદ્ય માનું છું પણ હું મારી પ્રતિજ્ઞાનો ભંગ નહિ કરૂં. હું નથી ધારતો કે વચનભ્રષ્ટ બનેલા પુત્રના પિતા તરીકે ગણાવાનું આપ પસંદ કરો. મારાં માતુશ્રીનું સાંત્વન કરશો. કૃપા કરીને મને પ્રતિજ્ઞા ભંગ કરવાનો આગ્રહ નહિ કરતાં વિજયપ્રાપ્તિનો આશીર્વાદ આપો."

પ્રમોદરાય અને સચ્ચિદાનંદ સમજ્યા કે અહીં તેમનું કશું પણ વળે તેમ નથી. એટલે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. તેઓ ગામમાં આવ્યા ત્યારે ચોકમાં પુષ્કળ માણસો એકઠા થયેલા જોવામાં આવ્યાની આ લોકો હુલ્લડની વાતો કરતા હતા અને તેઓ હથિયારબંધ હતા. દસનો સમય થવા આવ્યો હતો છતાં સત્યપ્રસાદ ને તેની ટોળીને ન જોવાથી આ માણસો અધીરા બન્યા હતા. તેઓ એવી શંકા કરતા હતા કે સત્યપ્રસાદ છેલ્લી ઘડીએ ફરી ગયો હશે.

આ લોકોને પણ સમજાવવાનો પ્રમોદરાય અને સ્વામીજીએ પ્રયત્ન કર્યો. પરંતુ કશું ફળ નિષ્પન્ન થયું નહિ. એ જ વખતે રાજ-મહેલમાંથી કેટલાક સનિકો રાજા બહાદૂર રત્નસિંહની આગેવાની નીચે બહાર પડયા. તેમણે અચાનક ચોકમાં ઊભેલા લોકો ઉપર ગોળીબહાર શરૂ કર્યો. આ લોકોએ પણ સામો મારો ચલાવ્યો; અને અહીં તુમુલ યુદ્ધ મચી રહ્યું. આ ધમસાણમાં પ્રમોદરાય તથા સચ્ચિદાનંદ એક બીજાથી જુદા પડી ગયા.

અહીં એક ખુલાસો કરવાની જરૂર છે. અંજનપુરમાં સુખસા-ગર નામનો એક ખવાસ રહેતો હતો. તેના જેવો વિશ્વાસઘાતક અને દગાખોર મનુષ્ય બીજો એકે ન હતો. તે માણસ સત્યપ્રસાદના કાર્ય-સ્થાનમાં જોડાયો હતો. છતાં પણ રત્નસિંહના વ્હાલા થવા અને પોતાનો સ્વાર્થ સાધવાના હેતુથી આજે નવ વાગે આ હકીકતની બાતમી તેણેઆપી હતી. એથી રત્નસિંહે દીર્ઘ દૃષ્ટિ પહોંચાડીને બળવાખોરો હુમલો

કરે તે પહેલાં તેમને દબાવી દેવાને માટે પોતાના સૈન્યને એકઠું કરીને હલ્લો કર્યો હતો.

થોડીવારમાં જ સત્યપ્રસાદ અને તેની સાથેના માણસો આવી પહોંચ્યા. આસપાસથી બીજાઓ પણ આવવા લાગ્યા. પરંતુ મામલો બદલાઇ ગયો હતો રત્નસિંહે એક માણસને મારતે ઘોડે વિશાળપુર મોકલ્યો હતો. ત્યાંથી પણ શૂરસિંહ પોતાના સૈનિકો લઈને આવી પહોંચ્યો. રાત્રિના બે વાગતા પહેલાં હુલ્લડનો અંત આવી ગયો. કેટલાક બળવાખોરો પકડાયા. મહેન્દ્ર પકડાઈ ગયો હતો જ્યારે સત્યપ્રસાદ, હસમુખ, જ્યોતિપ્રસાદ વગેરે કેટલાક આગેવાનો છટકી ગયા હતા. પ્રમોદરાય તો શરૂઆતમાં જ પકડાઇ ગયો હતો.

બીજે દિવસે બીજા કેટલાકોને પણ પકડવામાં આવ્યા અને તેમની તપાસ ચલાવવાને માટે રત્નસિંહે પોતાના પક્ષના પાંચ માણસોની સભા નીમી તેનું પ્રમુખપદ પોતે લીધું. સત્યપ્રસાદને જીવતો યા મૂએલો પકડી આપે તેને દશ હજાર રૂપીઆનું ઈનામ આપવાનું જાહેર કર્યું: જ્યોતિપ્રસાદ તથા હસમુખ મુક્ત જ હતા. તેમના ઉપર કોઇને કશી ખાસ શંકા આવી નહિ. ઉષાને પણ પકડવામાં આવી ન હતી. હસમુખ પોતાના એક મિત્રના મકાનમાં છૂપાયો હતો. જ્યોતિપ્રસાદ ઉષાને લઈને પોતાના મકાન ઉપર ગયો હતો. ત્યાં તેના પિતાને નહિ જોવાથી તેણે સ્વામીજીને ત્યાં તપાસ કરી તો સ્વામીજીએ જણાવ્યું કે “ અમે બન્ને રાત્રે દશ વાગે જુદા પડયા ત્યારપછી તેમની કશી માહિતી મને મળી નથી. ”

બીજે દિવસે સવારે તપાસ કરતાં માલૂમ પડયું કે પ્રમોદરાયને પણ પરહેજ કરવામાં આવેલ છે.

પ્રકરણ ૪૭ મું.

બળવાખોરોનો અંત.

બળવાખોરોની તપાસ તા. ૧ લી મેના રોજ થવાની હતી. તેને માટે રત્નસિંહ, શૂરસિંહ અને બીજા જાગીરદારોની સભા મળી હતી. આ તપાસ નામની જ હતી. કોઈ પણ રીતે લોકો ઉપર પોતાનો ધાક બેસારવાને માટે બળવાખોરોને ફાંસીએ લટકાવવાના હતા.

તા. ૧ લીના રોજ ચોકમાં એક મોટો મંડપ નાંખવામાં આવ્યો. તેમાં તપાસ થવાની હતી. હથિયારબંધ પોલીસ ચોતરફ ગોઠવાઈ ગઇ હતી. ગામના લોકો પણ પુષ્કળ એકઠા થયા હતા. બળવાખોરોને ન્યાય આપવાનો દાવો કરનારા રત્નસિંહ, શૂરસિંહ વગેરે સભ્યો આવી પહોંચ્યા. બળવાખોરોને બોલાવવામાં આવ્યા. તેમને રસી વડે બાંધ્યા હતા, હાથકડી નાંખી હતી, અને પોલીસ ભરેલી બંધૂકે તેમની સાથે હતી. તેમને માટે એક બાજુએ બનાવેલા પાંજરામાં તેમને ઊભા કરવામાં આવ્યા.

તપાસની શરૂઆત થઇ. બળવાખોરોનો બચાવ કરવાને માટે કેટલાક વકીલોએ ઇચ્છા બતાવી અને તેમણે કેસ તૈયાર કરવાને માટે મુદતની માગણી કરી. પરંતુ મુદત આપવામાં આવી નહિ. સાક્ષી પૂરાવા લેવામાં આવ્યા. પેલો સુખસાગર ખવાસ તથા તેના જેવા સાક્ષીઓ મળી આવ્યા. તપાસનું નાટક ભજવીને સર્વને ફાંસીના લાકડા પર લટકાવવાનો ચૂકાદો આપવામાં આવ્યો.

તે વખતે મહેન્દ્ર માત્ર એટલું બોલ્યો: " બળવાખોરોનો ખરો આગેવાન રહી જાય છે. માટે તેને પણ અમારી સાથે સજા થવી જોઈએ. "

" તે આગેવાન કોણ છે ? " શૂરસિંહે પ્રશ્ન કર્યો.

" તમારો જમાઇ અને રત્નસિંહજીનો કુમાર સુરેન્દ્ર–"

" નહિ, એ બને જ નહિ. તદ્દન ખોટું. " રત્નસિંહ તાડુકયો.

" તદ્દન સત્ય છે. તેણે જ બધાને તા. ૧૮ મીની એપ્રિલની રાત્રે દશ વાગે ચોકમાં એકત્ર થવાનો પત્ર લખ્યો. તે પત્રોની નકલો તમે રજુ કરી છે તેની અસલ નકલ એક સ્થળે છે જો તમે સુરેન્દ્રના સંબંધમાં કશાં પગલાં નહિ લ્યો તો એ પત્ર મહારાજા શ્રી વીરેન્દ્રસિંહજી પાસે રજુ કરવામાં આવશે. " મહેન્દ્ર શાંતપણે બોલ્યો.

રત્નસિંહ અને શૂરસિંહ ગભરાયા. પરંતુ તેમણે મહેન્દ્રની ધમકીની વિશેષ પરવા કરી નહિ કારણ કે સુરેન્દ્ર આ કારસ્થાનમાં હોય એવું તેઓ માની શકયા નહિ. છેવટે તા. ૫ મેના રોજ કેદીઓને ફાંસીએ ચડાવવાનું ઠર્યું. બધાને તુરંગમાં લઈ જવામાં આવ્યા. તે વખતે મહેન્દ્ર સ્વામીજીને નેત્રસંકેત કરીને પોતાની નજીક બોલાવી પોતાને તુરંગમાં મળવાનું કહ્યું.

સ્વામીજી બીજે દિવસે તેને તુરંગમાં મળ્યા. તેણે કહ્યું: " ચિંતા કરશો નહિ. પ્રમોદરાયજીને બચાવી શકાશે આ સુરેન્દ્ર લખેલો કાગળ. તે સુરેન્દ્રને બતાવી પ્રમોદરાયજીને મુક્ત કરવા માગણી કરજો. મારી બીજી વિનતિ છે. મેં મારૂં વસીયતનામું કરીને મારા વકીલ સુંદરલાલને સોંપ્યું છે. મારા મૃત્યુ પછી તેમાં જણાવેલી મારી ઇચ્છાને પૂર્ણ કરાવવાની વ્યવસ્થા કરશો. "

સ્વામીજીએ એ વિષયમાં નિશ્ચિત રહેવા કહી, તેને હવે પ્રભુના ચરણમાં ચિત્ત ચોડવાનો ઉપદેશ આપ્યો અને તેનો આત્મા પરલોકમાં અનંત શાંતિને પ્રાપ્ત કરો એવો આશીર્વાદ આપ્યો.

* * * *

અમે આ ઇતિહાસને બહુ લંબાવવા ઇચ્છતા નથી. કારણ કે વાચકોને કદાચ આ ભાગ કંટાળા રૂપ લાગશે. એટલે બને તેટલો ટુંકામાં સર્વ વૃતાંત આપી જઇશું.

સુરેન્દ્રના હસ્તાક્ષરવાળો પત્ર લઈ સ્વામીજી તેની પાસે ગયા અને તે પત્રના બદલામાં પ્રમોદરાયને મુક્ત કરવાની માગણી કરી. સુરેન્દ્રે તે કબૂલ કરી તેમને પલાયન કરાવવામાં સહાય આપવા કબૂલ કર્યું. તેણે સ્વામીજીને આવશ્યક સૂચના કરી. પેલો કાગળ સ્વામીજીએ સુરેન્દ્રના વચન ઉપર વિશ્વાસ રાખી તેને સુપ્રત કરી દીધો. સુરેન્દ્ર તે જ સ્હાંજે તુરંગમાં ગયો. તેણે એક પહેરેગીરને ફોડયો અને તુરંગમાંથી પ્રમોદરાયને ન્હસાડવામાં તેની સહાય માગી, તેને પણ તેમની સાથે જ પલાયન થવા તથા તેના કુટુંબના ગુજરાનને માટે તમામ ખર્ચ આપવાનું કબૂલ્યું. પ્રમોદરાયને જે કોટડીમાં પૂરવામાં આવ્યો હતો તેની પછીતમાં એક સળીયાવાળી બારી હતી. તેના સળીયા કાનસ વડે કાપી નાંખ્યા. સુરેન્દ્રે બારીમાંથી નીચે જમીનપર ઉતરવા સો હાથ જેટલી રસી આપી હતી. કેમકે તુરંગ એક ટેકરી ઉપર હતી અને તે ટેકરી લગભગ સો હાથ ઉંચી હતી.

પહેરેગીરે બારી સાથે રસી બાંધીને પ્રમોદરાયને નીચે ઉતાર્યો. તે પણ તેમની પાછળ નીચે આવ્યો. નીચે લગભગ જમીનથી દશ હાથ ઉંચી રસી રહી. કૂદકો મારતાં પ્રમોદરાયના પગ તથા કેડમાં ઈજા થઇ. પહેરેગીરને કશી હરકત આવી નહિ. નીચે સ્વામીજી, જ્યોતિપ્રસાદ, ઉષા વગેરે હતાં. તેઓ પ્રમોદરાયને એક ખેડૂતના મકાનમાં લઈ ગયા. કેમ કે તેમના પોતાના મકાનમાં લઇ જવાનું સલાહ ભરેલું ન હતું.

બીજે દિવસે પહેરેગીર તથા પ્રમોદરાય પલાયન થયાની હકીકત બહાર આવી. ચો તરફ તપાસ કરી પણ પત્તો ખાધો નહિ.

ખવાસ સુખસાગરે પલાયન થયેલા સત્યપ્રસાદની બાતમી આપીને તેને પકડાવ્યો અને તેને પણ બીજા બળવાખોરોની સાથે ફાંસીને લાકડે લટકાવવામાં આવ્યો.

તે જ દિવસે સુરેન્દ્ર અને કંચનકુમારીનાં લગ્નની ધામધૂમ થઇ. સુખસાગરને દશ હજાર રૂપીઆનું ઈનામ આપવામાં આવ્યું. પરંતુ

એ તેણે પોતાની સ્ત્રી કે છોકરાને નહિ બતાવતાં કોઇ સ્થળે દાટી દીધા.

સુરેન્દ્રે લગ્ન કર્યું ખરૂં પણ તેનો કંચન ઉપર પ્રેમ ન હતો. તેનો પ્રેમ ઉષા ઉપર હતો. તે સમજતો હતો કે ઉષા પોતાની ઇચ્છાને તૃપ્ત કરે તેમ નથી છતાં તે તેને ભૂલી શકતો નહિ.

ઉષા અને જ્યોતિપ્રસાદનાં લગ્ન થયાં. પરંતુ તે લગ્ન અત્યંત ગુપ્ત રાખવામાં આવ્યાં. માત્ર સ્વામીજી તથા આચાર્ય બે જણાની જ રૂબરૂ તે લગ્ન થયાં હતાં. તેમણે એક પત્ર પર આ બે પ્રેમીઓનાં લગ્ન શાસ્ત્રોક્ત વિધિપુરઃસર થયાં છે એવું લખીને સહી કરી આપી.

સ્વામીજીએ જ્યોતિપ્રસાદને કોઇ દૂરના સ્થળે ચાલ્યા જવાનું કહ્યું. કેમ કે તે અહીં રહેવાથી પ્રમોદરાય પણ અત્ર હોવાની શંકા આવવાનો સંભવ હતો. વળી પ્રમોદરાયને અત્યારની સ્થિતિમાં ક્યાંય લઇ જઇ શકાય તેમ હતું નહિ. સ્વામીજીની સલાહથી લગ્ન બાદ એક અઠવાડિયે જ્યોતિપ્રસાદ પેલા પહેરેગીરની સાથે ત્યાંથી બહારગામ ચાલ્યો ગયો.

સ્વામીજીએ મહેન્દ્રનું વસિયતનામું મેળવ્યું. તેમાં તેણે પોતાની તમામ મીલકતના વારસ તરીકે ઉષાનું નામ લખીને તેને પોતાના મકાનમાં રહેવા અત્યંત આગ્રહ કર્યો હતો. સ્વામીજીએ ઉષાને મહેન્દ્રની સર્વ મીલકત સ્વીકારવા તથા તેના મકાનમાં રહેવા સલાહ આપી. કેમ કે તે પ્રમોદરાયની સાથે રહે એ સલાહ ભરેલું ન હતું.

ઉષાને એ ઠીક લાગ્યું નહિ. કેમકે મહેન્દ્રની સાથે તેનું સગપણ થયેલું હોવાની વાત અગાઉ બહાર આવેલી હોવાથી જો અત્યારે તે મહેન્દ્રની મીલકત સ્વીકારે અને તેના મકાનમાં જઈને રહે તો લોકોમાં તેને માટે ખરાબ વાતો થવાની ભીતિ હતી. છતાં સ્વામીજીના અત્યાગ્રહથી તે મહેન્દ્રના મકાનમાં રહેવાને માટે ગઇ.

સુરેન્દ્ર કંચનકુમારી સાથે લગ્નગ્રંથીથી જોડાયો હતો ખરો, છતાં તેઓ બન્ને એક રાત્રિ પણ એકઠાં રહ્યાં ન હતાં. કંચનકુમારી એમ માનતી હતી કે સુરેન્દ્રનો ઉષાની સાથે આડો વ્યવહાર છે. એથી તે

છદ્મવેશ ધારણ કરીને અવાર નવાર પોતાની વિધવા માશી જે ગરીબ સ્થિતિની હોવાથી તેની માતાના મૃત્યુ બાદ તેને ઉછેરવાને માટે તેની સાથે જ રહેતી હતી તેને લઈને ઉષાના મકાનની આસપાસ ભટકતી.

એક દિવસ તેણે ઉષાને ત્યાં સુરેન્દ્રને આવતો જોયો. સુરેન્દ્ર ચંદ્રનગર જઇને પ્રમોદરાયને માટે મહારાજાના હસ્તાક્ષરનું ક્ષમાપત્ર મેળવી આવેલો તે આપવાને માટે આવ્યો હતો. તેનો ઉષા ઉપર પ્રેમ હતો પરંતુ તે નિર્દોષ હતો. તેણે એક પણ દિવસ ઉષા પ્રત્યે અસભ્ય વર્તન દાખવ્યું ન હતું. એ પત્ર ઉષાને આપીને તે ચાલ્યો ગયો.

પરંતુ કંચનકુમારીએ તેનો અવળો અર્થ કર્યો. તે પોતાની માશીને બહાર રાખી પોતે ઉષાના મકાનમાં ગઇ. ચોતરફ ફરતાં રસોડા તરફ ગઈ. ઉષા જમવાની તૈયારી કરતી હતી. અત્યારે તે કાંઈ કામ માટે મેડાપર ગઇ હતી. પાણીનો કળશીયો ભરેલો હતો. કંચનકુમારીના અંતરમાં ક્રોધાગ્નિ સળગી રહ્યો હતો. પોતાના પતિને પોતાનાથી અળગો રાખનારી ઉષા છે એ માનિનનાથી તે ઉષાને મૃત્યુ પામેલી જોવા ઇચ્છતી હતી. તેણે પોતાના ગજવામાંથી વિષની એક શીશી કાઢી અને તેમાંથી થોડુંક પ્રવાહી પાણીના કળશીયામાં રેડયું. તે પાણીની સાથે મળી ગયું. તેનો કશો સ્વાદ ન હતો અને વિષ અત્યંત તીવ્ર હતું. તેજ વખતે રસોડાની બહાર કોઇનાં પગલાં સંભળાયાં. બહાર નીકળવાનો રસ્તો ન હતો. એટલે પડખે કોઠારનો ઓરડો હતો તેમાં કંચનકુમારી ભરાઈ ગઈ.

ઉષા રસોડામાં આવી જમવાને માટે બેઠી. જમતાં જમતાં પેલા કળશીયામાંથી જળપાન કર્યું. બે મીનિટમાં તેનું માથું ભમવા લાગ્યું અને તે પાટલાપર પડી. તે મૂર્છિત થઇ ગઇ ન હતી. પરંતુ તેને આખાય અંગમાં અત્યંત દાહ અને વેદના થતાં હતાં. તેના મુખમાંથી દુ:ખોદ્દગાર નીકળી જતા હતા. આ દૃશ્ય કંચનકુમારી સહન કરી શકી નહિ. તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. તે બહાર આવી. ઉષા તેને જોતાં જ બધું કળી ગઇ. તે બોલી: " કંચનકુમારી ! તમે મને વિષ આપ્યું ?

મારો નાશ કર્યો ! સમજી ! આજે સુરેન્દ્રસિંહજી મારે ત્યાં હમણાં આવ્યા હતા. તે તમારા જાણવામાં આવ્યાથી તમે ઈર્ષ્યાગ્નિથી ઉશ્કેરાઇને આ કૃત્ય કર્યું છે. પ્રભુ તમારા પાપની તમને ક્ષમા આપો. હું પણ તમને ક્ષમા આપું છું. પરંતુ અત્યારે જણાવું છું કે મારૂં લગ્ન જ્યોતિપ્રસાદની સાથે થયું છે. તમારા પતિ મારે મન ભ્રાતા સમાન છે. તે લગ્નના પૂરાવા રૂપ આ પત્ર. જાઓ, તમે અહીંથી ચાલ્યા જાઓ. જો કોઇના જાણવામાં આવશે તો તમારા ઉપર આરોપ આવશે અને તમે મુશ્કેલીમાં આવશો. તેણે પોતાની ચોળીના ગજવામાંથી સ્વામીજી અને પેલા આચાર્યની સહીવાળો પત્ર કંચનને આપ્યો.

કંચનકુમારી ગભરાઈ ગઇ અને પોતાનું રક્ષણ કરવાને માટે બહાર નીકળી ગઇ. તે દૂર ઊભેલી તેની માસીની સાથે પોતાના બંગલા તરફ ચાલી ગઈ. થોડી વારે અહીં ઉષાનો અંત આવી ગયો.

આ વખતે એક મનુષ્યે ઉષાના મકાનમાં પ્રવેશ કર્યો. તેણે કંચનને આ મકાનમાંથી બહાર પડતી જોઈ હતી. તે રસોડામાં આવતાં ઉષાને મૃત્યુ પામેલી જોઇ સમજી ગયો કે તેને મૃત્યુના પ્રયોગથી મારી નાંખવામાં આવી છે. તેને મારનાર કંચનકુમારી જ હોવી જોઇએ. એવું તેણે અનુમાન કર્યું ને તુરત પોતાના ઉપર કદાચ આફત આવશે એમ માની એ ત્યાંથી ભહાર નીકળી ગયો આ માણસ સુખસાગર હતો.

તેને બહાર નીકળતી વખતે એક બીજી વ્યક્તિએ જોયો હતો અને તે બીજી વ્યક્તિ હસમુખ હતી. હસમુખ બહારગામ ચાલ્યો ગયો હતો. તે આજે જ ગામમાં આવ્યો હતો અને અહીં તેની બ્હેનને મળવા માટે આવ્યો હતો. ઉષાને મૃત્યુ પામેલી જોવાથી તેને શંકા આવી કે પેલા સુખસાગરે જ ઉષાનો નાશ કરેલો હોવો જોઈએ અને એ સુખસાગર રત્નસિંહજીના માણસ તરીકે ગણાતો હતો. એટલે રત્નસિંહજીએ અથવા તો સુરેન્દ્રસિં ઉષાનું ખૂન કરવા તેને પ્રેર્યો હોય એવી કલ્પના તેણે કરી લીધી.

તેણે ઉષાના શબ પાસે પ્રતિજ્ઞા કરી કે "હું મારા પિતાનો સર્વનાશ કરનાર રત્નસિંહ તથા તેની પ્રેરણાથી મારી બ્હેનનું ખૂન કરનાર સુખસાગરનો નાશ કરીશ અને સુરેન્દ્રસિંહ તથા તેના કુટુંબને બેઆબરૂ બનાવીશ ત્યારપછી જ અન્ન લઇશ. ત્યાં સુધી અનાજ સિવાય બીજી વસ્તુથી મારો નિર્વાહ કરીશ."

તે તુરત સ્વામીજી પાસે ગયો. તેણે પોતાની બ્હેનના મૃત્યુના સમાચાર સ્વામીજીને જણાવ્યા. માત્ર તેનું સુખસાગરે ખૂન કર્યું છે એ વાર્તા જણાવી નહિ.

સ્વામીજી તેની સાથે ત્યાં આવ્યા. તેમણે ઉષાની તપાસ કરી. તેમને પણ લાગ્યું કે તેનું મૃત્યુ વિષપ્રયોગથી થયેલું છે. તેમણે પોતાની એ શંકા હસમુખ પાસે જાહેર કરી. પરંતુ હસમુખે પોતાના મનમાં ઘોળાતા વિચારો પ્રકટ કર્યા નહિ. ઉષાના દેહને દહન કરવાની વ્યવસ્થા કરી. ત્યારબાદ તેના ઓરડામાં તપાસ કરતાં પ્રમોદરાય માટેનું ક્ષમાપત્ર મળી આવ્યું. હવે પ્રમોદરાયને છૂપાઈ રહેવાની જરૂર ન હતી. તે પોતાના મકાનમાં રહેવાને માટે આવ્યો. તેમણે જ્યોતિપ્રસાદને બોલાવ્યો. તે પિતા પાસે આવી પહોંચ્યો. ઉષાના મૃત્યુના સમાચાર તેના જાણવામાં આવ્યા. એ સમાચાર તેને વજ્રઘાત સમાન લાગ્યા. તેનું મન અત્યંત ઉદ્વિગ્ન બની ગયું. એ ઉદ્વિગ્નતાને ટાળવાને માટે તે ઇંગ્લાંડ ઉપડી ગયો. ત્યાંથી બારિસ્ટરની પરીક્ષા પસાર કરીને દેશમાં આવ્યો અને ચંદ્રનગર જઈને રાજ્યની નોકરી સ્વીકારી ન્યાયાધીશ તરીકે દાખલ થઇ ગયો.

પ્રકરણ ૪૮ મું.

ડંખતું હૃદય.

કુંચનકુમારી તેની માશીની સાથે બંગલામાં આવી. પરંતુ તે રાત્રે તેને નિદ્રા આવી નહિ. અર્ધ નિદ્રિત અવસ્થામાં ઉષા તેની સન્મુખ ખડી થતી અને તે ઝબકીને જાગી જતી હતી.

બીજે દિવસે પેલો સુખસાગર તેની પાસે આવ્યો. તેણે કુંચનકુમારી પાસે પોતાની ગરીબાઇ જાહેર કરીને સહાયને માટે માગણી કરી. કુંચનકુમારીએ તેને દસ રૂપીઆની નોટ આપી. પણ સુખસાગર કાંઇ દસ રૂપીઆ લેવાને આવ્યો ન હતો. તે બોલ્યો: "બાઇ સાહેબ! આપે મને સહાય કરી તે માટે હું આપનો આભાર માનું છું. હવે આપ નિશ્ચિત રહેજો. ગઇ કાલે રાત્રે આપ ઉષાના મકાનમાં ગયાં હતાં તે વાત હું કોઇને પણ જણાવીશ નહિ. લોકોમાં વાત ઉડી છે કે કાલે રાત્રે કોઇએ તેને ઝેર આપવાથી તે મરણ પામી છે. પણ હું તો એમ જ કહું છું કે તેણે પોતે જ ઝેર ખાઇને આપઘાત કર્યો છે. હું આપના જેવા ઉપકારકનું નામ કદિ પણ આપવાનો નહિ."

સુખસાગરના પ્રસ્તુત શબ્દો સાંભળીને ઉષા ચમકી. તે જોઈ શકી કે આ માણસ ગઈ રાત્રિની ગુપ્ત વાર્તા જાણતો હોવાથી પોતે સજ્જડ તેના કબજામાં આવી ગઇ છે. તેણે તેને સો રૂપીઆની નોટ આપી અને વળી જરૂર પડે તો પુનઃ પોતાની પાસે આવવા જણાવ્યું. સુખસાગર પણ અમુક અમુક સમયને અંતરે તેની પાસે આવીને વધુ ને વધુ પૈસા પડાવવા લાગ્યો.

હવે સુરેન્દ્રસિંહ કુંચનકુમારી તરફ વિશેષ ભાવ દર્શાવવા લાગ્યો. તેને પણ એમ થતું હતું કે ગમે તેમ તોયે કુંચનકુમારી તેની પત્ની છે. એટલે એક પતિએ પોતાની પત્ની તરફની જે ફરજ બજાવવી જોઇએ તે પૂર્ણ કરવાનો તે પ્રયત્ન કરવા લાગ્યો. બન્નેનાં હૃદય તો

એક થયાં નહિ પણ લોકદષ્ટિએ પતિપત્ની વચ્ચે સારો એખલાસ હોય એમ જણાવા લાગ્યું.

એવામાં એક દિવસ કંચનકુમારીના સાંભળવામાં આવ્યું કે સુખસાગરનું કોઈએ ખૂન કર્યું છે અને તેનો છોકરો પોતાની સ્ત્રી સાથે ચંદ્રનગર ચાલ્યો ગયો છે. આ હકીકત સાંભળતાં તેને શાંતિ થઇ. કેમ કે હવે સુખસાગર તરફની ઉપાધિ રહી નહિ.

થોડા દિવસ પછી શૂરસિંહ માંદો પડયો અને તે માંદગીને પરિણામે યમદેવને આધીન થઈ ગયો. તેની સર્વે જાગીર સુરેન્દ્રસિંહને મળી તે તથા કંચનકુમારી ચંદ્રનગરમાં રહેવાને માટે આવ્યાં.

ત્યાં આવ્યા પછી કેટલાક દિવસે રત્નસિંહજીનું પણ કોઇએ ખૂન કર્યાના સમાચાર સુરેન્દ્રસિંહના જાણવામાં આવ્યા. તે એકદમ અંજનપુર ગયો, પિતાના ખૂનીની તપાસ કરી, પણ પત્તો લાગ્યો નહિ. જો કે તેના મનમાં ચોક્કસ શંકા હતી કે તેનો ખૂની સત્યપ્રસાદનો છોકરો હસમુખ હોવો જોઇએ. તેણે હસમુખની તપાસ કરી. પણ તે અદૃશ્ય બની ગયો હતો. તે રાજ્યની વ્યવસ્થા પોતાના કારભારીને સોંપી ચંદ્રનગર આવ્યો. હવે તે ચંદ્રનગર અને અંજનપુર વચ્ચે પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસ સુખસાગરનો છોકરો પ્રેમસાગર કંચનકુમારી પાસે આવ્યો અને બોલ્યોઃ "બાઈ સાહેબ ! મારો બાપ મરતી વખતે આપની સેવા બજાવવાનું મને કહી ગયો છે. માટે આપ જે કાંઈ હુકમ હોય તે મને ફરમાવશો. હું આપના વફાદાર સેવક તરીકે આપની નોકરી બજાવીશ."

કંચનકુમારી બુદ્ધિમાન્ હતી. તે પ્રેમસાગરના આ શબ્દોથી સમજી ગઇ કે સુખસાગર તેને પોતાની ગુપ્ત વાર્તા જણાવી ગયો છે. એટલે તે પ્રેમસાગરને પણ તેના બાપની માફક પૈસા આપીને રાજી રાખવા લાગી. પણ પ્રેમસાગર દારૂડીઓ અને જુગારી હતો. તેની પૈસાની માગણી વધવા લાગી. છેવટે તે અસહ્ય થઈ પડી. કંચનકુમારી ઘણી

વાર કંટાળતી પરંતુ ઉપાય ન હતો એટલે સર્વ સહન કરવું પડતું. તેનું હૃદય કાયમ ડંખ્યા કરતું હતું. પોતાની વૃદ્ધ માશી પણ આ ગુપ્ત વાર્તા જાણતી હોવાથી તેને પણ રાજી રાખવાનો પ્રયત્ન કરવો પડતો હતો.

આવી ચિંતાતુર સ્થિતિમાં તેનું શરીર ઘસાવા લાગ્યું. એક વખત જુગારમાં પ્રેમસાગર મારામારી થવાને પરિણામે એક જુગારીના છરાથી ઘાયલ થઇને મૃત્યુ પામ્યાના સમાચાર તેના જાણવામાં આવ્યા. થોડા દિવસ પછી તેની માશી માંદી પડીને તુરત મરણ પામી. કુંચનકુમારીને લાગ્યું કે હવે તેના સુખનો સૂર્ય ઉગ્યો. પરંતુ તેને માટે શાંતિ લખાયેલી ન હતી. પ્રેમસાગરની સ્ત્રી ચંદ્રભાગા એક દિવસ તેની પાસે આવી અને આંખોમાં આંસુ સાથે બોલવા લાગી: “ બાઈ સાહેબ ! મારો પતિ મરણ પામ્યા પછી હું તથા મારો છોકરો અત્યંત દુઃખી થઈ ગયાં છીએ. મારા પતિએ હોટેલ શરૂ કરી હતી. પણ તે બરાબર ચાલતી નથી. અમે દેવામાં આવી પડયાં છીએ. અમારા લેણદારો અમને અત્યંત ત્રાસ આપે છે. માટે આપ અમારો બચાવ કરો. મારો ધણી આપની ઉદારતાની બહુ જ પ્રશંસા કરતો હતો. આપે તેને અનેક વાર મદદ કરી હતી. તેની વિધવા સ્ત્રી તથા નિરાધાર છોકરા તરફ પણ દયા રાખશો એવી વિનતિ છે. ”

તે વખતે તેણે આ વિધવાને પચાસ રૂપીઆ આપ્યા. અમુક સમય પછી તે બીજી વખત પણ મદદ માટે માગણી કરવા આવી. કુંચનકુમારીએ આ સ્ત્રી પોતાની ગુપ્ત વાર્તા જાણે છે કે નહિ તે જાણી લેવાનો વિચાર કર્યો. તે બોલી: “ જો, બાઇ ! એમ વારંવાર તું મારી પાસે મદદને માટે આવે તે મારાથી બની શકે નહિ. ”

ચંદ્રભાગા ગળગળી થઇને બોલી: “ બાઈ સાહેબ શું કરૂં ? મારો ધણી અમને એવી દુર્દશામાં મૂકી ગયો છે કે આપના જેવાં સખાવતી બાઈ સાહેબ પાસે આવવાની ફરજ પડે છે. એક વખત સહાય કરો. પછી હું આપને તસ્દી આપીશ નહિ. ”

કુંચનકુમારી કશા ચોક્કસ નિર્ણય પર આવી શકે નહિ. તો પણ તેને એટલું લાગ્યું કે પ્રેમસાગર તેની સ્ત્રીને પોતાની ગુપ્ત વાર્તા કહી ગયો નથી. છતાં તેણે આ વખતે તેને પુનઃ પચાસ રૂપીઆ આપ્યા.

ત્યારપછી ત્રીજી વાર ચંદ્રભાગાએ તેના છોકરા પન્નાલાલને મોકલ્યો. તેને કુંચનકુમારીએ સ્પષ્ટ ના કહી. એટલે તે કશું પણ બોલ્યા વગર ચાલ્યો ગયો. એથી કુંચનકુમારી સમજી ગઇ કે પોતાની ગુપ્ત વાર્તા પ્રેમસાગર તેની સાથે જ લેતો ગયો છે.

હવે તેને શાંતિ થઇ. તેના મન ઉપરથી મોટો ભાર ઉતરી ગયો. તે પ્રફુલ્લતાપૂર્વક રહેવા લાગી. અને પોતાના પતિનો પ્રેમ સંપાદન કરવાનો પ્રયત્ન કરવા લાગી. સુરેન્દ્રસિંહ કેટલોક સમય થયાં પૃથ્વીપર્યટનનો વિચાર કર્યા કરતો હતો. તેણે પોતાનો એ વિચાર કુંચનકુમારી પાસે પ્રગટ કર્યો. કુંચનકુમારીએ પણ તેમાં સંમતિ આપી. કેમ કે દૂર દેશમાં પ્રવાસ કરવાથી અહીંની ઘટનાઓની વિસ્મૃતિ થઈ જશે એમ તે માનતી હતી.

થોડા દિવસ પછી બન્ને જણાં રસાલા સાથે પ્રવાસે ઉપડી ગયાં. પ્રથમ તેઓ આખા ભારતવર્ષમાં ફર્યાં. ભારતવર્ષનો પ્રવાસ પૂર્ણ કર્યા પછી કલકત્તાથી પીનાંગ, સીંગાપોર આદિ ગામોની મુલાકાત લઈ ચીન, જાપાન અને અને અમેરિકા તરફ જવાને માટે નીકળ્યાં.

પ્રકરણ ૪૯ મું.

હસમુખની હીલચાલ.

હવે આપણે હસમુખની હીલચાલ તરફ લક્ષ આપીએઃ હસમુખ સુખસાગર અને રત્નસિંહનું ખૂન કરીને એકદમ અદૃશ્ય બની

ગયો હતો. તે ચંદ્રનગરથી મુંબઇ ગયો હતો અને ત્યાં પોતાનું નામ બદલાવી એક ઉર્દુ નાટક મંડળીમાં દાખલ થઈ તેની સાથે હિન્દુસ્તાન અને બ્રહ્માની મુસાફરીમાં ઉપડી ગયો હતો. આ નાટક મંડળીની સાથે તેણે ઘણાં વર્ષો પસાર કર્યાં. છેવટે નાટક મંડળી પુનઃ મુંબઈમાં આવી, એટલે તેનાથી છૂટો થઇને અંજનપુરમાં આવ્યો.

અંજનપુરમાં વૃદ્ધ સ્વામી સચ્ચિદાનંદ જીવન્ત હતા. તે પોતાના મઠમાં નિવૃત્તિપરાયણ જીવન ગાળતા હતા. પ્રમોદરાય તથા તેની પત્ની થોડા થોડા સમયને અંતરે પરલોકવાસ પામી ગયાં હતાં. જ્યોતિપ્રસાદ ચંદ્રનગરમાં ન્યાયાધીશના પદ ઉપર હતો. સુરેન્દ્રસિંહ એ વખત ઈંગ્લાંડ, અમેરિકા આદિ દેશોનો પ્રવાસ કરી આવ્યો હતો. હમણાં જ તે દેશમાં પાછો આવ્યો હતો અને ચંદ્રનગરમાં રહેતો હતો. તેનો કારભારી અત્યંત પ્રજાપીડક હતો અને સુરેન્દ્રસિંહે તેના ઉપર અંધ શ્રદ્ધા રાખી તેને સંપૂર્ણ સત્તા આપી દીધી હતી. તેથી સુરેન્દ્રસિંહને નામે તેનો કારભારી અંજનપુરની પ્રજાને ત્રાસ આપી પોતાનું ઘર ભરતો હતો. એથી પ્રજાવર્ગમાં કારભારીની સાથે રાજા પણ હીણાતો હતો. ચંદ્રનગરનાં વર્તમાનપત્રોમાં પણ આ વિષયમાં પુષ્કળ ટીકા થતી અને તેથી ચંદ્રનગરનો લોકમત પણ સુરેન્દ્રસિંહની વિરૂદ્ધ હતો છતાં કારભારી સુરેન્દ્રસિંહને સમજાવી લેતો અને સુરેન્દ્રસિંહ પોતાની પ્રજા તરફ બેદરકાર રહેતો. તે ચંદ્રનગરમાં પણ કોઈની સાથે ભેળાતો નહિ. માત્ર પોતાની કોટીના સરદાર જાગીરદારોને દર રવિવારે પોતાને ત્યાં નિમંત્રણ કરતો.

આ સર્વ હકીકતથી સ્વામીજીએ હસમુખને માહિતગાર કરીને જણાવ્યુંઃ " જો તું તારૂં કલ્યાણ ઇચ્છતો હોય તો તારે માટે અહીં રહેવું સલામત નથી. સુખસાગરના ખૂનની કોઈએ વિશેષ દરકાર કરી નથી. પરંતુ રત્નસિંહજીના ખૂન માટે તજવીજ થઇ હતી અને તારા ઉપર શક હોવાની વાત લોકોમાં ચર્ચાતી હતી. બનવા જોગ

છે કે તે કદાચ પૂરવાર ન પણ થાય. તથાપિ અહીંનો કારભારી સુરેન્દ્રસિંહની સૂચનાથી એક નહિ તો બીજી રીતે તને હેરાન કર્યા સિવાય રહેશે નહિ. માટે તું પુનઃ મુંબઇ અથવા કોઇ દૂરના પ્રદેશમાં ચાલ્યો જા. ”

હસમુખને પણ સ્વામીજીની સલાહ વાજબી લાગી. તેણે પૂછયું: “ સ્વામીજી ! સુખસાગરનો છોકરો પ્રેમસાગર કયાં છે ? ”

“ પોતાનો બાપ મરી ગયા બાદ પ્રેમસાગર તેની સ્ત્રી તથા છોકરાને લઇને ચંદ્રનગર ગયો હતો. ત્યાં તેને કંચનકુમારી તરફથી સારી મદદ મળતી હતી. પરંતુ તે જુગાર રમતાં કોઇની સાથે લડી પડયો અને તેમાં તેનો અંત આવી ગયો. તેની સ્ત્રી ચંદ્રભાગા તથા તેનો છોકરો પન્નાલાલ ત્યાં જ છે. તેઓ હોટેલ ચલાવે છે. ”

“ વારૂ, હવે હું આપની રજા લઇશ. આપની સલાહ પ્રમાણે આ ગામનો ત્યાગ કરીને દૂર દેશમાં ચાલ્યો જઇશ. ” એમ કહીને હસમુખ ઉઠયો અને તે જ સમયે ચંદ્રનગર ચાલ્યો ગયો. ત્યાં જઇને તેણે એક હોટેલમાં રહેવાનું રાખ્યું. તેને હવે પોતાની એક પ્રતિજ્ઞા પૂર્ણ કરવાની હતી. તે સુરેન્દ્રસિંહ તથા તેના કુટુંબને બેઆબરૂ કરવાની—લોકોમાં તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની. એ કામ પૂરૂં થતાં સુધી અહીં રોકાઇ, ત્યારપછી મુંબઇ ઉપડી જવાનો તેણે નિશ્ચય કર્યો.

આ કામ કેવી રીતે પૂરૂં કરવું એ વિષે તે યુક્તિ ગોઠવવા લાગ્યો. એક પણ અસરકારક માર્ગ તેને સુજતો ન હતો. છેવટે તેણે પ્રેમસાગરની વિધવા ચંદ્રભાગા અને તેના છોકરા પન્નાલાલની મુલાકાત લેવાનો વિચાર કર્યો. તે એ લોકોની હોટેલનો પત્તો મેળવીને તેમના મકાનપર પહોંચ્યો. તેણે અંજનપુરની ઓળખાણ કાઢીને આ બન્નેની સાથે વાર્તાલાપ આરંભ્યો. પ્રથમ તો આ લોકોએ દાદ દીધી નહિ. પરંતુ તેણે સંભાષણ દરમ્યાન ત્રણ ચાર રૂપિયાનો વકરો કરાવી, પોતાની મીઠી વાણીથી તેમનો વિશ્વાસ મેળવી લીધો.

એટલે ચંદ્રભાગા ખીલી અને બોલી: "પ્રથમ અમને પૈસાની બિલકુલ તાણ પડતી નહિ. આ છોકરાનો બાપ જીવતો હતો ત્યારે તે આપણાં રાણી સાહેબ કંચનકુમારી બાસાહેબ પાસે જતો અને તે તેને સારી મદદ આપતાં હતાં. તેમની મદદથી અમને પૈસાની કશી પણ તાણ રહેતી નહિ. મારા સાસરાને પણ રાણી સાહેબની મદદ ઘણી જ સારી હતી."

આ શબ્દોથી હસમુખને અજબ શંકા ઉદ્ભવી. પ્રેમસાગર અને સુખસાગરને કંચનકુમારીએ અવારનવાર સારી મદદ કરવાનું કારણ શું? તેને એમ લાગ્યું કે કદાચ કંચનકુમારીએ ઉષાનું ખૂન કર્યું હોય કિંવા સુખસાગરને તે કાર્ય કરવાને પ્રેર્યો હોય તો? તે એટલું તો ચોક્કસ માની શકયો કે કંચનકુમારીની સહાયથી સુખસાગરે ઉષાનું ખૂન કરેલું હોવું જોઇએ. આથી તેનો ક્રોધ વિશેષ ઉછળ્યો. એક તો સુરેન્દ્રસિંહ પ્રત્યે તેના અંતરમાં તિરસ્કાર હતો જ. તેમાં કંચનકુમારી પ્રત્યેના તિરસ્કારનો ઉમેરો થયો અને વેરની જ્વાળા વિશેષ પ્રદીપ્ત થઈ. છતાં આ વિષયમાં ચોક્કસ ખાત્રી કરવાનો વિચાર કરીને તે આ મા–દીકરાને ઉદ્દેશીને બોલ્યો: "જો તમે મને સહાય કરશો અને હું તમને કહું તેમ કરશો તો હું તમને સારી મદદ કરીશ." એમ કહીને તે જ વખતે તેણે ગજવામાંથી દશ દશ રૂપિયાની બે નોટો કાઢીને ચંદ્રભાગા તરફ ફેંકી.

આવા મીઠા ગૃહસ્થને ચંદ્રભાગા હાથમાંથી જવા દે તેવી ન હતી. તેણે હસમુખ જેમ કહે તેમ કરવાનું કબુલ કર્યું.

"વારૂ, ત્યારે તમને લખતાં આવડે છે?" હસમુખે તેને પૂછ્યું.

"હા, મેં ચાર ચોપડીનો અભ્યાસ કરેલો હોવાથી હું સાધારણ વાંચી લખી શકું છું."

"તો હું લખાવું તેમ એક કાગળ તમે લખો." હસમુખે જણાવ્યું. ચંદ્રભાગાએ કબૂલ કર્યું અને તે જ વખતે હસમુખની સૂચના પ્રમાણે નીચેનો કાગળ તેણે લખ્યો:—

"માનવંતા અ. સૌ. રાણીસાહેબ શ્રી. કંચનકુમારી બા,

"આવતી કાલે બપોરે હું મારી હોટેલમાં ત્રણ ચાર વાગ્યા સુધી તમારી રાહ જોઇશ. મારે આપની સાથે ઉષાકુમારી વિષે કેટલીક વાત કરવાની છે. ચાર વાગ્યા સુધીમાં પણ જો આપશ્રી નહિ આવો તો રાજા બહાદુર સુરેન્દ્રસિંહજી ઉપર એક પત્ર લખીને તૈયાર રાખેલ છે તે હું રવાના કરીશ.

"લી. આપની તાબેદાર દાસી ચંદ્રભાગા"

કાગળ પૂરો થયા પછી ચંદ્રભાગાએ પ્રશ્ન કર્યો: "જો તે અહીં આવે તો અમારે તેમને શું કહેવું?"

"કશું પણ કહેવાની જરૂર નથી. હું આ ઓરડામાં છૂપાઈ રહીશ. તે આવે એ વખતે તમારે તેની પાસે પાંચસો રૂપિયા માગવા. જો તે તમારી માગણી પ્રમાણે તમને પૈસા આપે તો મારી શંકા સાચી છે એમ હું માનીશ." એમ કહીને હસમુખ પેલો કાગળ લઇને ઉઠયો. એ કાગળ તેણે ટપાલમાં નાંખ્યો.

બીજે દિવસે બે વાગે તે આ હોટેલમાં આવ્યો. બરાબર ત્રણ થયા કે કંચનકુમારી પોતાની એક પરિચારિકા સાથે ત્યાં આવી. તે ઓરડામાં છૂપાઈ રહ્યો હતો. ચંદ્રભાગાએ હસમુખની શીખવણી પ્રમાણે પાંચસો રૂપિયાની માગણી કરી. કંચનકુમારી પેલા કાગળ ઉપરથી જ આ લોકો પોતાની પાસે પૈસાની માગણી કરશે એમ સમજી ગયેલી હોવાથી સો સો રૂપીઆની વીશ નોટો સાથે લેતી આવી હતી. તેમાંથી તેણે પાંચ નોટો ગણી આપી. તે તુરત ત્યાંથી ચાલી ગઈ. તેણે ઉષાના સંબંધમાં તેમને પ્રશ્ન પણ કર્યો નહિ.

આ દશ્ય જોઇને હસમુખની ખાત્રી થઈ કે ઉષાના ખૂનમાં કંચનકુમારીનો હાથ છે. એટલે કંચનકુમારી માટે સુરેન્દ્રસિંહના મનમાં વ્હેમ ઉત્પન્ન કરી, તેની જ પાસે તેની સ્ત્રીનું ખૂન કરાવવાનો તેણે મનમાં ઠરાવ કર્યો.

પ્રકરણ ૫૦ મું

સુરેન્દ્રની શંકા.

ચાર દિવસ પછી સુરેન્દ્રસિંહને એક લીફાફો મળ્યો. તેમાં એક અત્યંત ટુંકો પત્ર હતો. નીચે કોઈની સહી ન હતી. તેમાં આ પ્રમાણે લખેલ હતું:–

" **રાજા બહાદુર સાહેબ !**

" એક રાજકર્તા પોતાની પત્નીની હીલચાલ ઉપર પણ નજર ન રાખી શકે તો તે પોતાની પ્રજાની સંભાળ શી રીતે લઇ શકે ? "

આ કાગળ નનામો હતો, તથાપિ તે માંહેનું લખાણ સુરેન્દ્રસિંહને ઉશ્કેરવાને માટે પૂરતું હતું. કંચનનો કોઈ વ્યકિતની સાથે અનિષ્ટ સંબંધ હશે કે શું? એવી તેના મનમાં શંકા ઉત્પન્ન થઈ. તે મનોગત બોલ્યો: " એમ માનો કે કદાચ એવો સંબંધ હોય, તો પણ તે માટે તેને દોષ દેવો ઘટતો નથી. કારણ કે અમારાં હૃદય એક નથી, અમારાં અંતરમાં પરસ્પર પ્રેમ નથી. તેનું પરિણામ આવું આવે તેમાં નવાઈ નહિ. "

આ વિચારથી તેણે પેલા નનામા કાગળ ઉપર વિશેષ લક્ષ આપ્યું નહિ. તેને એમ પણ લાગ્યું હતું કે કદાચ કોઇએ ઈર્ષ્યા પૂર્વક આ નનામો કાગળ લખી પોતાના બાહ્યતઃ સુખી અને શાંત દેખાતા જીવનમાં વિષ રેડવા પ્રયત્ન કર્યો હોય તો એ પણ બનવા જોગ છે.

પરંતુ આ વિષયમાં તેની બેદરકારી લાંબો સમય ટકી નહિ. એક વખત તે સ્હવારે ઘોડેસ્વાર થઇને ફરવાને માટે ગયો હતો. ત્યાંથી દશ વાગે પાછો ફરતો હતો તે વખતે તેની સ્ત્રી પોતાની દાસી સાથે સામાન્ય સ્ત્રીના જેવો પોશાક પહેરીને એક ગલીમાં દાખલ થતી તેના જોવામાં આવી. સુરેન્દ્ર આ ઉપરથી શંકાયો અને તેમની

પાછળ પાછળ જવા લાગ્યો. થોડી વારે કંચન તથા તેની દાસી એક ભાડુતી ગાડીમાં બેસી ગયાં અને ગાડી આગળ ચાલવા લાગી. સુરેન્દ્રે તે ગાડીની પાછળ જવા માંડયું. છેવટે હલકા મનુષ્યોથી વસાયેલા લત્તામાં ગાડી આવી પહોંચી. ગાડી ઉભી રહી એટલે સુરેન્દ્ર પણ અટકી ગયો. કંચન દાસી સાથે ગાડીમાંથી ઉતરીને પગે ચાલતી આગળ વધી. સુરેન્દ્ર નજીકમાં એક નાળાપર બેઠેલા માણુસને પોતાનો ઘોડો સાચવવાનું કહીને આ બે સ્ત્રીઓની પાછળ પાછળ ગયો.

આ માણુસ કોણ હતો? હુસમુખ છદ્મ વેશ ધારણ કરીને અહીં બેઠો હતો. તે અવારનવાર ચન્દ્રભાગા પાસે ચીઠીઓ લખાવીને કંચનકુમારીને તેની હોટેલમાં બોલાવતો. તેણે જ સુરેન્દ્ર ઉપર પેલો નનામો કાગળ લખ્યો હતો. તેની ખાત્રી હતી કે જ્યારે ત્યારે સુરેન્દ્ર પોતાની સ્ત્રીની પાછળ અહીં આવ્યા સિવાય રહેવાનો નથી.

હુસમુખે સુરેન્દ્ર અને કંચનકુમારીને કેવી રીતે બેઆબરૂ બનાવવાં એ સંબંધમાં પુષ્કળ વિચાર કર્યો હતો. છેવટે તેણે એક એવી યુક્તિ યોજી કે કંચનને હલકા મનુષ્યો પાસે બેઆબરૂ બનાવીને સુરેન્દ્રને તે લોકોના કબજામાં લાવવો. ચંદ્રભાગાની હોટેલમાં તેમની વચ્ચે લડાઇ કરાવવી અને પોતે પોલીસને બાતમી આપી તેને અહિં લાવી બધાંને પકડાવવાં. પછી કોર્ટમાં તપાસ ચાલે તે સમયે પોતાની બહેન ઉષાના ખૂનના સંબંધમાં એનું ખૂન કોણે કર્યું, કેવી રીતે થયું તે વિષે પ્રકાશ નાંખવો. આ પ્રમાણે કરવાથી રાજા બહાદુર સુરેન્દ્રસિંહ અને કંચનકુમારી બન્ને બેઆબરૂ થાય અને પોતાની ઘણા લાંબા સમયની ઇચ્છા પાર પડે.

આ યુક્તિ પાર પાડવાને માટે તેણે ત્રણ માણસોને મોટી લાલચ આપીને તૈયાર પણ કર્યાં હતા. પરન્તુ તે દરેક કાય ધીમે ધીમે કરવા માગતો હતો. ઉતાવળ કરવાથી કદાચ વણુસી જાય એવી ભીતિ હતી. ચંદ્રભાગા અને પનાલાલ તો તેના હાથમાં જ હતાં. કારણ કે તેમને તેના તરફથી સારી મદદ મળતી. વળી તેને લીધે જ કંચનકુમારી તર-

ફથી મદદ મળતી હોવાનું તેઓ જાણતાં હતાં. એટલે તેઓ જેમ કહે તેમ કરવાને માટે તૈયાર હતાં.

કંચન તથા તેની દાસી ચંદ્રભાગાની હોટેલમાં ગયાં. સુરેન્દ્રે તે જોયું. પરંતુ તે અંદર દાખલ નહિ થતાં તુરત પાછો ફર્યો અને ઘોડે-સ્વાર થઇને પોતાના બંગલા પર ગયો. તેણે તેના પ્રાઇવેટ સેક્રેટરી રજનીકાન્તને આ હોટેલનું શરનામું આપીને તેની તપાસ કરવાને માટે મોકલ્યો.

રજનીકાન્ત તપાસ કરીને આવ્યો. તે વખતે તેના ચ્હેરા ઉપ-રથી સુરેન્દ્ર સમજી ગયો કે પોતાની પત્નીની હિલચાલમાં કાંઇ ઊંડો ભેદ છે.

" કેમ, શું સમાચાર લાવ્યો ? " તેણે પ્રશ્ન કર્યો.

" બાપુ ! એ હોટેલ કોની છે તે આપ જાણો છો ? પેલા ખવાસ સુખસાગરના છોકરા પ્રેમસાગરની વિધવા ચંદ્રભાગા અને તેનો છોકરો પન્નાલાલ તે હોટેલ ચલાવે છે. " રજનીકાન્તે જણાવ્યું.

એ સાંભળીને સુરેન્દ્રનો ચ્હેરો ઉજળી પુણી જેવો બની ગયો. કંચન સ્વમાન જાળવવાને અત્યંત આતુર અને અભિમાની સ્વભાવની સ્ત્રી હતી. તે જ્યારે આવાં હલકાં મનુષ્યોના સંસર્ગમાં આવવાને તત્પર બને ત્યારે તેમાં કશું ઊંડું રહસ્ય હોવું જોઇએ એમ તેને લાગ્યું. તે સમજી શકયો કે કંચન પોતાનું ગુપ્ત રહસ્ય પ્રકટ ન થવા દેવા માટે આ લોકોને ખુશ રાખતી હોવી જોઇએ. એથી આ ગુપ્ત રહસ્ય શું છે એ જાણવાને માટે તે આતુર બન્યો અને તુરત જ તેની પત્નીના ખંડમાં ગયો.

ત્યાં તેની પરિચારિકા હતી. કંચન હમણાં જ બહારથી આવી હતી. સુરેન્દ્રે પરિચારિકાને પૂછ્યું: " રાણી સાહેબ કયાં છે ? "

" રાણી સાહેબ દિવાન બહાદુર ચંદ્રશેખરનાં પત્ની સાથે દિવાન ખાનામાં બેઠાં છે. "

" વારૂ. હું અહીં બેઠો છું. તે નવરાં થાય એટલે તેમને અહીં આવવા કહેજે. " તે ત્યાં રહ્યો અને પરિચારિકા ચાલી ગઇ.

કંચનકુમારી બહારથી આવી. તે જ વખતે દિવાન બહાદૂર ચંદ્રશેખરનાં પત્ની તેને મળવાને માટે આવેલ હોવાથી તે ઉતાવળી ઉતાવળી કપડાં કાઢીને બીજાં વસ્ત્રો બદલાવી દિવાનખાનામાં ગઈ હતી. એટલે તેનાં કપડાં એક કોચ ઉપર પડયાં હતાં. ઘડીઆળ તથા ચાવીઓનો ઝુમખો ટેબલ ઉપર પડયો હતો. સુરેન્દ્ર એક ખુરસીપર બેઠો. તેની દૃષ્ટિ એક ન્હાની પેટી તરફ ગઇ. કંચન પોતાના અગત્યના કાગળો આ પેટીમાં રાખતી હતી એમ સુરેન્દ્ર જાણતો હતો. તેણે ઝુમખો લઈને પેટીને ચાવી લાગુ કરી. પેટી ખૂલ્લી ગઈ. તેમાં પુષ્કળ કાગળ હતા. આ કાગળ તેણે તપાસવા માંડયા.

તેમાં સુખસાગરના છોકરા પ્રેમસાગરે લખેલા બે ત્રણ પત્રો તેના જોવામાં આવ્યા. એક પત્રમાં નીચે મુજબ લખ્યું હતું:—

રાણી સાહેબ કંચનકુમારીબા !

" આજ સ્હાંજ સુધીમાં મને એક હજાર રૂપિયા મળવા જોઈએ. નહિં તો રાજા બહાદૂર પાસે ઉષાકુમારી વિષેનું રહસ્ય ખૂલ્લું કરી દઇશ.

" લી. પ્રેમસાગર."

બીજા પત્રોમાં તે જ મતલબની પૈસાની માગણી હતી. તે ઉપરાંત જે પત્ર ચંદ્રભાગા પાસે હસમુખે લખાવ્યો હતો તે પણ તેના જોવામાં આવ્યો. છેવટે જ્યોતિપ્રસાદ સાથે ઉષાકુમારીનું લગ્ન થયેલું તે સંબંધમાં સ્વામીજી અને આચાર્યનું પ્રમાણપત્ર પણ તેણે જોયું.

આટલું જોયા પછી તેના જેવો ચતુર અને બુદ્ધિમાન્ મનુષ્ય ન સમજી શકે તેમ બને જ નહિ. તેણે તુરત કાગળો પેટીમાં નાંખીને પેટી બંધ કરી દીધી. તે સમજી ગયો કે ઉષાને તેની સ્રીએ જ વિષ આપેલું હોવું જોઈએ. તેને અત્યંત ક્રોધ ચડયો. પરન્તુ પોતાના મગજને સંપૂર્ણ કાબુમાં લઈ તે શાંત રહ્યો. હવે પોતાની સ્રીની તમામ હીલચાલ ઉપર નજર રાખવાનો તેણે નિશ્ચય કર્યો.

થોડી વારે તેની પત્ની ત્યાં આવી એટલે તેમની સાથે સામાન્ય વાતચીત કરીને તે ત્યાંથી ઉઠી ગયો. તેણે રજનીકાન્તને સામાન્ય સ્થિતિના મનુષ્યોને યોગ્ય પોષાક તૈયાર કરાવવાની સૂચના કરી અને કંચનપર ટપાલમાં આવતો એક પણ પત્ર પોતાના જોયા સિવાય તેને ન મળે તેવી વ્યવસ્થા કરી. તે પોતાની તબીયત નરમ હોવાનું બ્હાનું કાઢીને કોઈને મળતો નહિ. રવિવારે તેને ત્યાં થતી મીજલસમાં પણ તબીયતનું બ્હાનું બતાવી હાજરી આપતો નહિ. કુંચનકુમારીને પણ પોતાની પાસે આવવા દેતો નહિ. માત્ર રજનીકાન્તે તથા એક વફાદાર સેવક બે જણા જ તેની પાસે જઇ શકતા હતા.

કંચનકુમારી ઉપર પત્રો આવતા એ તે તપાસતો. પરન્તુ તેમાં ખાસ જાણવા જેવું મળતું નહિ. કારણ કે હસમુખને પોતાની યુક્તિ અમલમાં મૂકવાની તક મળી ન હતી. પન્નાલાલ ચોરીના આરોપ માટે સપડાયો હતો. છેવટે તા. ૨૦ મી ફેબ્રુઆરીને દિવસે રવિવાર હતો. તે દિવસે પોતાનું કારસ્થાન અમલમાં મૂકવાનો વિચાર કરીને હસમુખે આગલે દિવસે ચંદ્રભાગા પાસે કંચનકુમારી ઉપર કાગળ લખાવ્યો. એ પત્રમાં ચંદ્રભાગાએ કંચનકુમારીને જરૂરી કામસર રાત્રે દશ અને અગીયારની વચ્ચે પોતાની હોટલમાં બોલાવી હતી. હસમુખે ત્રણ માણસોને અગાઉથી તાલીમ આપીને તૈયાર કરી રાખ્યા હતા. એ પ્રમાણે બધી તૈયારી કરીને હસમુખ યથા સમયે આ હોટલની પાસે એક ગુપ્ત સ્થળે ભરાઈ ગયો.

પ્રકરણ ૫૨ મું.

ખૂન શા માટે કર્યું ?

ચંદ્રભાગાએ કુંચનકુમારી ઉપર લખેલો કાગળ રવિવારે બપોરની ટપાલમાં પ્રથમ સુરેન્દ્રના હાથમાં આવ્યો. તેણે પરબીડીયું ખોલી અંદરનો પત્ર વાંચી, પુનઃ પરબીડીયું બંધ કરીને તે કવર કંચનકુમારીને મોકલી આપ્યું.

આ પત્ર મળતાં કંચનકુમારી ગભરાઇ ગઇ. કેમકે રાત્રિના દશ વાગ્યા પછી એવા સ્થળે એકલાં જવું તે સલામત ન હતું. પરન્તુ ગયા સિવાય ચાલે તેમ પણ ન હતું. છેવટે રાત્રે ભોજન કર્યા પછી હલકા વર્ગની સ્ત્રીઓના જેવાં વસ્ત્રો ધારણ કરીને પોતાની વિશ્વાસુ પરિચારિકા સાથે તે બંગલાના છૂપા દ્વારેથી બહાર જવાને માટે નીકળી. તે એમ સમજતી હતી કે તેને કોઈએ જતાં જોઇ નથી. પરન્તુ તેમાં તેની ભૂલ હતી. રજનીકાન્તની તેના ઉપર નજર હતી.

તેણે પોતાના માલિકને એ વાત જણાવી. તે હલકા વર્ગના માણસોને લાયકના પોષાકમાં સજ્જ થઈ ગયો. રજનીકાન્ત પણ તેની સાથે આવવાને તૈયાર થયો. તેણે રજનીકાન્તને પોતાની સાથે નહિ આવવાની આજ્ઞા કરી. રજનીકાન્ત કદિ પણ પોતાના માલિકની આજ્ઞા લોપતો નહિ કિંવા તેની સાથે ચર્ચા કરતો નહિ. પરન્તુ આજે તેણે સાથે આવવાનો આગ્રહ કરવાથી સુરેન્દ્રે તેને પણ સાથે લીધો.

તેઓ બહાર નીકળીને કેટલેક દૂર સુધી ચાલતા ગયા અને પછી એક ભાડુતી ગાડીમાં ચડી બેઠા. ચંદ્રભાગાની હોટેલ જે વિભાગમાં આવી હતી તે સ્થળે આવ્યા બાદ ગાડીવાળાને તેમણે ભાડું ચૂકવી આપ્યું અને ત્યાંથી તેઓ ચાલતા જવા લાગ્યા. રજનીકાન્તને બહાર

હોટેલથી થોડે દૂર રહેવાનું કહીને તે હોટેલ પાસે ગયો. તેણે પ્રથમ બારીમાંથી હોટેલનો રાહધાટ જોવાનો નિશ્ચય કર્યો. કારણ કે જો કંચન કદાચ ત્યાં ન હોય તો પછી તેને હોટેલમાં દાખલ થવાનું કારણ ન હતું.

તે બારીમાંથી જૂએ છે તો એક આશ્ચર્યજનક પ્રકાર તેની નજરે પડયો. એક ટેબલની આસપાસ બે જુગારી જેવા દેખાતા તથા એક સૈનિકની સાથે પોતાની સ્ત્રી કંચન અને તેની પરિચારિકા મદ્યપાન કરી રહી છે તથા વાર્તાલાપ ચલાવી રહી છે; એવું તેના જોવામાં આવ્યું. ચંદ્રભાગા તેમની પાસે ઊભી હતી.

આ દશ્ય જોવાથી સુરેન્દ્રનું મગજ ભમવા લાગ્યું. તે જમીન પર બેસી ગયો. થોડીવારે તે પુનઃ ઊભો થઇને જૂએ છે તો ચંદ્રભાગા ત્યાં ન હતી. પરંતુ પેલો સૈનિક કંચન સાથે વાત કરતો હતો અને બીજા બે મવાલીઓ ચાટકચાળાં કરતા હતા. કંચન તે મૂંગી મૂંગી સહન કરતી હતી

તેણે આ વખતે હલકા વર્ગની સ્ત્રીઓને યોગ્ય વસ્ત્રો ધારણ કર્યા હતાં પરંતુ કાનમાંથી એરિંગ કાઢી નાંખવાનું ભૂલી ગઇ હતી. એ એરિંગ તરફ પેલા બે મવાલીઓની નજર ગઇ એટલે તેમણે તે લઇ લેવાનો પ્રયત્ન કર્યો.

અહીં તેઓ હસમુખની સૂચના પ્રમાણે વર્ત્તાવ કરતા હતા, કેમ કે હસમુખે તેમને સારા બદલાની આશા આપી હતી. પરંતુ આ એરિંગની કીમત તે બદલાની જણાવેલી રકમ કરતાં યે મોટી હતી. એટલે આવું કીમતી એરિંગ હસ્તગત કરવાની લાલચને તેઓ રોકી શક્યા નહિ. એથી કોઈ પણ રીતે આ એરિંગ હાથ કરવાનો વિચાર કરીને બન્ને જણાએ મસલત કરી અને એક જણાએ ઉઠી કંચનને ગરદનથી પકડી બીજા હાથે એરિંગ કાનમાંથી કાઢી લીધું. કંચનની પરિચારિકા તેને બચાવવાને માટે વચ્ચે પડી. પણ તેનું કશું ચાલ્યું નહિ. સુરેન્દ્ર આ સહન કરી શકયો નહિ. તે એકદમ હોટેલમાં દાખલ

ગયો અને બારણાને બંધ કરીને આ લોકોની પાસે ગયો. તેને જોતાં જ કંચન તથા પરિચારિકા તેને ઓળખી ગયાં અને બોલી ઉઠયાં: " કોણ ? રાજા બહાદુર ! "

તેમના મુખમાંથી પ્રસ્તુત શબ્દો સાંભળીને પેલા મવાલીઓ પણ ગભરાયા. તેમણે આ રાજા બહાદુરને ઠાર કરવાનો નિશ્ચય કર્યો. તેઓ ત્રણે એકી સાથે તેની સામે થયા. પરંતુ સુરેન્દ્ર પાસે પિસ્તોલ હતી. તેણે બે અવાજ કર્યા અને બન્ને મવાલીઓને ઠાર કર્યા. પેલા સૈનિકે પોતાના બચાવ માટે સુરેન્દ્રને બાથ ભરી અને તેના હાથમાંથી પિસ્તોલ પડાવવાનો પ્રયત્ન કર્યો.

સુરેન્દ્ર કંચનકુમારીને ઉદ્દેશીને બોલ્યો: " ન્હાસ, કંચન ! ન્હાસી જા–ચાલી જા, આપણી પ્રતિષ્ઠાને ખાતર પલાયન થઈ જા. રજનીકાન્ત બહાર નજીકમાં જ છે. દોડ–જલ્દી કર ! "

તે બન્ને સ્ત્રી પાછળના ઓરડામાં થઈને પલાયન થઈ ગઈ. તે વખતે પોલીસના માણસો આવીને બારણા પર અવાજ કરવા લાગ્યા. એ વખતે સુરેન્દ્ર અત્યંત ઉશ્કેરાઇ ગયો હતો. તેણે પોતાનામાં જેટલું બળ હતું તેટલા બળ પૂર્વક પેલા સૈનિકને એવો આંચકો માર્યો કે તે જમીનદોસ્ત બની ગયો. તે વખતે તેનું મસ્તક જમીન પર પડેલા ટેબલ સાથે ઘણાજ જોર પૂર્વક અથડાયું અને તે આઘાતને પરિણામે તે પુનઃ બેઠો થઈ શકયો નહિ.

ચંદ્રભાગા મેડી ઉપર હતી. તે આ તોફાન સાંભળીને નીચે આવી. તે વખતે બહારથી કોઇ અવાજ કરતું હોય એવું તેના સાંભળવામાં આવ્યું.

સુરેન્દ્ર જો પલાયન થવા માગે તો પલાયન થઇ શકે તેમ હતો. પરંતુ તે શી રીતે ન્હાસી શકે ? જો તે અહીંથી ન્હાસે તો પોલીસના માણસો તેની પાછળ પડે અને તે તથા કંચન બન્ને સપડાઇ જાય. તેની પ્રતિષ્ઠા અને જીવન બન્ને અત્યારે મોટા જોખમમાં હતાં. એથી

તેણે ચંદ્રભાગાને કહ્યું : " જો તું આ વિષયમાં મૌન્ય ધારણ કરીશ તો હું તને દશ હજાર રૂપિયા આપીશ."

એટલું કહી તે પોતાની આડું ટેબલ રાખી પિસ્તોલ હાથમાં રાખીને પાછલા ઓરડાના બારણા પાસે ઊભો રહ્યો.

બીજી પળે હોટેલનું પ્રવેશદ્વાર તુટયું અને ગજાનન તથા તેની સાથેના માણસો અંદર દાખલ થયા. તેણે સુરેન્દ્રને તાબે થવા આજ્ઞા કરી. પરંતુ સુરેન્દ્ર ત્યાંથી નહિ ખસતાં પિસ્તોલ ટાંકેલી રાખીને ઊભો રહ્યો. તેણે આ લોકોને થોડા સમય અહીં રોકી રાખવાનો વિચાર કર્યો હતો. કેમ કે તે દરમ્યાન કુંચન અને તેની પરિચારિકા રજનીકાન્ત પાસે પહોંચી જાય તો તે તેમને સહિસલામત રવાના કરી દે.

છેવટે હવે કુંચન અને તેની પરિચારિકા રવાના થઇ ગયાં હશે એમ તેને લાગ્યું. એટલે તે પિસ્તોલ નાંખી દઈ, " પકડો ! " એમ બોલીને પોતે પણ ન્હાસી જવાના ઈરાદાથી પાછળના ઓરડા તરફ ધસ્યો, પણ ત્યાં પોલીસનો એક માણસ તેના જોવામાં આવ્યો. તે આ સ્થળે રજનીકાન્તના આગમનની આશા રાખતો હતો. તેને બદલે પોલીસને જોવાથી " આ તો પૃશીયન્સ ! " એવા શબ્દો તેના મુખમાંથી સરી પડયા.

તુરત જ તેને ગિરફતાર કરવામાં આવ્યો. તેણે પોતાનો બચાવ એવી રીતે કર્યો હતો કે ગજાનનને તેનું કથન સાચું લાગ્યું. ચંદ્રભાગા વિષે સુરેન્દ્રને ભીતિ ન હતી. ગંગાદાસના મુખમાંથી 'હસમુખ'નું નામ નીકળતાં આ બધું તેનું કારસ્થાન છે એમ તે સમજી ગયો હતો. પરંતુ પોતાને પકડનાર શરતચંદ્રની તેને ભીતિ હતી.

પ્રકરણ પર મું.

ખુલાસો.

સુરેન્દ્રસિંહ કાંઈ સામાન્ય પ્રકારનો મનુષ્ય ન હતો. તે અત્યંત બુદ્ધિમાન અને ચતુર હતો, આપત્તિના પ્રસંગમાં કેવું વર્તન રાખવું, કેવો દેખાવ કરવો એ સર્વ તેને આવડતું હતું. એટલે તે હોટેલમાં બરાબર પોતાનો બચાવ કરી શકયો. પરંતુ તેને પોલીસ ચોકી ઉપરની કોટડીમાં પરહેજ કરવામાં આવ્યો તે સમયે નિરાશ બની ગયો. તેની બુદ્ધિ, તેની ચતુરાઈ તેનો ત્યાગ કરીને ચાલી ગઇ. તેનું કારણ માત્ર એક જ હતું કે પોતાની રાણી કુંચનના વર્તાવથી તેને અત્યંત તિરસ્કાર આવ્યો હતો. પોતાના હૃદયની દેવી ઉષાનું ખૂન કરનારી સ્રીની સાથે જીવન વિતાડવામાં તેને રસ રહ્યો ન હતો.

તેને એમ પણ લાગતું હતું કે ચંદ્રનગરની ચબરાક પોલીસ પોતે કોણ છે તેનો પત્તો મેળવશે, પોતાને ચંદ્રભાગાની હોટેલમાં જવાનું કારણ શું છે એ શોધી કાઢશે અને એટલું થશે તો પછી પોતાને જીવનપર્યંત કારાગૃહમાં રહેવું પડશે. પોતાની પ્રતિષ્ઠાને હાની પહોંચશે અને પોતાના દુશ્મનોને હસવાનું થશે.

આ બધી આપત્તિઓમાંથી પોતાનું રક્ષણ કરવાને માટે તેણે પરમેશ્વરને પ્રાર્થના કરી. છેવટે તેને એક વિચાર આવ્યો કે અહીં આત્મહત્યા કરીને પોતાના જીવનનો અંત લાવી દેવો. પોલીસ તેને એક હલકા વર્ગનો મનુષ્ય માનતી હોવાથી તેના મૃત્યુ પાછળ વિશેષ ઉહાપોહ નહિ થતાં સર્વ વાર્તા બંધ પડી જશે. આ એક માર્ગ તેને સર્વોત્તમ લાગ્યો.

પરંતુ આત્મહત્યા કરવી કેવી રીતે? તે એ સંબંધી વિચાર કરતો હતો તે સમયે બહાર ગરબડ થતી સાંભળવામાં આવી. થોડી વારે

કોટડીનું બારણું ખૂલ્યું. એક સિપાઈએ કોઇ માણસને ધક્કો મારીને અંદર દાખલ કરીને બારણું પુનઃ બંધ કરી દીધું. આ માણસ પોતાને ધક્કો લાગતાં અંદર ગબડી પડયો અને હાંફવા લાગ્યો. તેના દેખાવ અને વર્તન ઉપરથી તે અત્યંત મદ્યપાન કરીને છાકટો બનેલો લાગતો હતો.

પરન્તુ તેને જોતાં જ સુરેન્દ્રના મનમાં આશા ઉત્પન્ન થઈ. તેની ગૂમ થયેલી હિમ્મત પાછી આવી. કેમ કે આ મનુષ્ય તેનો પ્રાઇવેટ સેક્રેટરી રજનીકાન્ત હતો. કોઈ તેને ઓળખી શકે તેમ ન હતું. કેમ કે તેણે પણ સુરેન્દ્રના જેવો જ પોષાક ધારણ કર્યો હતો.

તે પોલીસને બનાવીને અંદર આવ્યો હતો. આ મુલાકાતનો લાભ લેવામાં વિલંબ કરવાની જરૂર ન હતી. સુરેન્દ્ર જે સ્થળે સૂતો હતો ત્યાંથી ગબડતો ગબડતો રજનીકાન્ત પાસે ગયો. બન્ને વચ્ચે માત્ર એક હાથનું અંતર રહ્યું.

" બાઇ સાહેબ સલામત છે. તેમની ચિન્તા ન કરશો. " રજનીકાન્ત બહારના સિપાઈઓ ન સાંભળી શકે તેવી રીતે ધીમેથી બંગાળી ભાષામાં બોલવા લાગ્યો. રજનીકાન્ત બંગાળાનો વતની હતો. તે બેરિસ્ટર થયો હતો અને સુરેન્દ્રસિંહ ઇંગ્લાંડના પ્રવાસે પહેલી વાર ગયેલો ત્યારે તે આ રજનીકાન્તને ત્યાંથી પોતાની સાથે પ્રાઈવેટ સેક્રેટરી તરીકે લાવ્યો હતો. તેણે રજનીકાન્ત પાસેથી બંગાળી ભાષા શીખી લીધી હતી; અને રજનીકાન્ત ગુજરાતી ભાષામાં પણ તે જાણે તેની માતૃભાષા હોય તેવી રીતે જ વાત કરી શકતો હતો.

" પણ મને ઓળખતાં આજે નહિ તો કાલે કિંવા બે દિવસ પછી બધો ભેદ ખુલી જશે. " સુરેન્દ્રે કયારની તેના મનમાં જે શંકા ઘોળાયા કરતી હતી તે પ્રકટ કરી.

" આપે આપનું સાચું નામ તો જણાવ્યું નથી ને ? " રજની-કાન્તે પ્રશ્ન કર્યો.

" ના, એક સિપાઈ સિવાય બીજા બધા તો એમ જ સમજે છે કે હું મવાલીઓ માંહેનો એક છું. "

" વારૂ, ત્યારે હવે આપ આપનું સાચું નામ જણાવશો નહિ. " રજનીકાન્તે સૂચના કરી.

" છતાં પણ આપણે ફતેહમંદ થઈશું એવી આશા નથી. આ કામમાં પેલા હુસમુખનો હાથ છે. હુસમુખનો ઇતિહાસ મેં તને જણાવ્યો છે. "

હુસમુખ તરફની કશી ભીતિ રાખવાનું કારણ ન હતું જો કે સુરેન્દ્ર કશું જાણતો નહતો. પરન્તુ હકીકત એવી બની હતી કે રાત્રે હુસમુખ ચંદ્રભાગાની હોટેલ તરફ આવતો હતો, તે વખતે પત્થરના બાંધેલા ફુટપાથ ઉપર ચાલતો હતો. રાત્રે વર્ષાદ થયો હતો એટલે પત્થર સરકણા બની ગયા હતા. એવામાં એક કેળાની છાલ તેના પગ નીચે આવવાથી તે સરકયો અને જમીનપર ચત્તો પાટ પટી ગયો. એથી તેના માથામાં ઈજા થઈ અને બેભાન બની ગયો. તે આખી રાત્રિ તે જ સ્થળે બેભાન સ્થિતિમાં પડી રહ્યો. બીજે દિવસે માણસો કામ ઉપર જતા હતા તેમણે તેને એ સ્થિતિમાં જોયો એટલે તેઓ તેને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા.

તેને થયેલા અકસ્માતની રજનીકાન્તને પણ કશી માહિતી ન હતી. તથાપિ તેણે કહ્યુંઃ " હું તેને ગમે તે યુકિત કરીને વચ્ચે આવવા નહિ દઉં. માત્ર આપ અત્યારનો જ દેખાવ ધારણ કરી રાખજો. હું મારૂં કાર્ય કરતો રહીશ. "

" પરન્તુ હું કોણ છું, કયાંથી આવું છું, કેવી રીતે જીવન-નિર્વાહ કરૂં છું, એવા પ્રશ્નો મને કરવામાં આવે તો સપડાઇ જવાનો સંભવ છે. " સુરેન્દ્રે શંકા ઉત્પન્ન કરી.

રજનીકાન્તે જણાવ્યું: " આપને ભારતવર્ષની જુદી જુદી ભાષાઓનું જ્ઞાન છે. એટલે આપ સરકસમાં નોકરી કરતા હોવાનું કહેજો તથા બહારગામથી આવતા હોવાનું જણાવજો. આપના

પિતાનું નામ પૂછે તો આપને આપનાં માતપિતાનાં નામની માહિતી નથી એમ જણાવજો અને દેશ દેશાવરમાં સરકસ કંપનીની સાથે પ્રવાસ કરતા હોવાનું કહેજો. ”

“ એ વાત સાચી. પરન્તુ તેના પૂરાવા માગશે તો ? ” સુરેન્દ્રે બીજી શંકા કરી.

રજનીકાન્ત સુરેન્દ્રની નજીક પોતાનું મુખ લઈ જઇને અતિ મન્દ સ્વરે કહેવા લાગ્યો: “ બાપુ ! હું આજે આપને મારી એક ગુપ્ત વાર્તા જણાવું છું. હું આશા રાખું છું કે એથી આપ મારા ઉપર ગુસ્સે નહિ થાઓ અને મારા વિષે કશી પણ કુશંકાને આપના અંતરમાં સ્થાન નહિ આપો. અહીં રેલ્વે સ્ટેશનની સામે એક વીશી છે. તેની માલિકણ રેણુકાબાઈ નામની વિધવા યુવતી છે. તે અત્યંત દેખાવડી છે. તે આજ બે વર્ષ થયાં મારા પ્યારમાં પડી છે. તે હૂશિયાર અને ચતુર હોવાથી આપણને આપણા બચાવમાં બહુ મદદગાર થઈ પડશે. મારા ઉપર તેનો વિશ્વાસ છે. મને પણ તેના ઉપર વિશ્વાસ છે. એટલે હું તેની સાથે બંદોબસ્ત કરીશ. આપે એટલું કહેવું કે આપ પોરબંદરથી નીકળી વઢવાણ કેમ્પ થઈ રવિવારે સ્હાંજે અહીં આવીને આ વીશીમાં ઓરડી ભાડે રાખી. તેમાં આપની ટ્રંક મૂકીને બહાર ફરવાને માટે નીકળ્યા. ફરતાં ફરતાં આ હોટેલમાં આવી પહોંચ્યા અને ત્યાં મારામારી થઇ. હું તે રેણુકાબાઇને બધું સમજાવીશ અને એક ટ્રંક તેને ત્યાં મૂકીશ. તેમાં કોટ, પાટલૂન વગેરે મૂકીશ તથા તે દરેક ઉપર ‘ ફાલ્ગુન’ નામનો પહેલો અક્ષર અંગ્રેજીમાં લખીશ. આપે પણ આપનું નામ તે જ રાખવું. બાકી તો પ્રસંગ આવે જે સૂજે તે જવાબ આપજો. હું મારાથી બનતી બધી વ્યવસ્થા કરીશ. ”

“ વારૂ, હવે તારે મને કશું કહેવું પડે તેમ નથી. તારા ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ છે. હું માનું છું કે ઇશ્વર આપણો મદદગાર છે. નહિ તો આવી અનુકૂળતા ન મળત. ” સુરેન્દ્રને હિમ્મત આવી.

તે ઉપરાંત એ બે જણા વચ્ચે બીજી પણ કેટલીક વાતચીત થઈ અને બધી વ્યવસ્થા કરી નાંખી. હવે રજનીકાન્તને દારૂનો નશો ઉતરી ગયો. તે બેઠો થઇને રડવા લાગ્યો તથા બારણા પર અવાજ કરવા લાગ્યો. તેણે સીપાઇઓ પાસે આર્જવતાપૂર્વક પોતાને મુક્ત કરવાની વિનતિ કરી. તેને મુક્ત કરવામાં આવ્યો. તે ત્યાંથી બહાર નીકળ્યો. પરંતુ બહાર જતાં પહેલાં તેણે યુક્તિપૂર્વક ચંદ્રભાગાને જે કોટડીમાં પૂરી હતી તે કોટડીમાં એક કાગળ ફેંકયો. આ કાગળમાં તેણે ચંદ્રભાગાને કેટલીક સૂચના કરી હતી.

શરતચંદ્ર હોટેલની આસપાસના પ્રદેશમાં તપાસ કરીને ચોકી ઉપર ગયો ત્યારે જે દારૂડીઆને ખૂનીની સાથે પૂરવામાં આવ્યો હતો તેને મુક્ત કર્યાનું તેના જાણવામાં આવ્યું. એ ઉપરથી તે સમજી ગયો કે એ દારૂડીઓ નહિ પણ ખૂનીનો મદદગાર હતો. શરતચંદ્ર દીર્ઘદર્શી અને ચાલાક હતો, પરંતુ આ પ્રાઇવેટ સેક્રેટરી કાંઈ તેનાથી ઉતરે તેવો ન હતો. એક શરતચંદ્ર હતો તો બીજો રજનીકાન્ત હતો.

રજનીકાન્ત ચાલ્યો ગયો. ત્યારબાદ સુરેન્દ્રસિંહ પોતાની પ્રાથમિક જુબાની લેવા માટે ન્યાયાધીશ આવે તેની સાથે કેવી રીતે વાત કરવી તેનો વિચાર ગોઠવતો બેઠો. તુરંગમાં ન્યાયાધીશ જયોતિપ્રસાદ તેની પાસે આવ્યો. બન્ને જણા તુરત જ પરસ્પર ઓળખી ગયા. બન્ને અવાક્ બની ગયા. છેવટે દેખાવને ખાતર જયોતિપ્રસાદ થોડા ઘણા પ્રશ્નો પૂછીને ત્યાંથી ચાલ્યો ગયો. સુરેન્દ્રને લાગ્યું કે રજનીકાન્ત ગમે તેટલી કુશળતાપૂર્વક બધી યુક્તિઓ ગોઠવે તો પણ જયોતિપ્રસાદ પાસે ખોટું નામ આપવું નિરર્થક હતું. જ્યાં ન્યાયાધીશ પોતે જ તેને ઓળખતો હોય ત્યાં બીજા પૂરાવાની શી જરૂ હોય? એથી તેણે આત્મહત્યાનો પ્રયત્ન કર્યો. પણ તે શરતચંદ્ર એકદમ આવી પહોંચવાથી સફળ થઈ શકયો નહિ.

બીજે દિવસે તેને જ્યારે કોર્ટમાં લાવવામાં આવ્યો ત્યારે જયોતિપ્રસાદને બદલે બીજા ન્યાયાધીશને જોઇને સુરેન્દ્રસિંહ સમજી ગયો

કે જ્યોતિપ્રસાદ તેને કોઈ પણ રીતે ફસાવવા માગતો ન હતો. એટલે પુનઃ તેના મનમાં આશા ઉત્પન્ન થઇ અને તેણે રજનીકાન્તની સૂચનાને અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો.

કદાચ કોઇને શંકા થશે કે સુરેન્દ્રસિંહ જેવા અંજનપુરના જાગીરદારને ચંદ્રનગરમાં કોઈ પણ ન ઓળખી શકે એ સંભવિત છે? આ શંકા વાસ્તવિક છે. પરંતુ તેના ખુલાસામાં એટલું કહી શકાય કે તે ઘણાં વર્ષોથી પરદેશ ખાતે રહેતો હતો. અગાઉ તે દાઢી રાખતો નહિ. અત્યારે દાઢી રખાવી હતી. ચંદ્રનગરના લોકો સાથે તે વિશેષ ભેળાતો નહિ. તેમ જ તેના પ્રાઇવેટ સેક્રેટરી રજનીકાન્ત, કંચનકુમારી, તેની પરિચારિકા અને પેલો વફાદાર સેવક એ ચાર જણાંની કુશળતાથી સુરેન્દ્રસિંહ માંદો હોઈ બિછાનામાં છે એમ જ સર્વ સમજતા હતા. એટલે કોઇને શંકા આવવાનું કારણ ન હતું.

સુરેન્દ્ર એટલું સમજતો હતો કે શરતચંદ્રને છેતરી શકાય તેમ નથી. એટલે તેને માત્ર એક આ ડિટેક્ટિવની ભીતિ હતી. પરંતુ રજનીકાન્ત એ ડિટેક્ટિવને પણ પાણી પાય તેવો હતો. તેણે બહાર ચોતરફ એવી ગોઠવણ કરી દીધી હતી કે શરતચંદ્ર જ્યાં જાય ત્યાં તેને નિષ્ફળતા જ મળતી હતી. એ આપણે આગલાં પ્રકરણોમાં જોઇ ગયા છીએ.

સુરેન્દ્ર અને રજનીકાન્ત વચ્ચે ચાલતો ગુપ્ત સાંકેતિક પત્રવ્યવહાર પકડીને શરતચંદ્રે તે મુદ્દામાં સફળતા મેળવવાની આશા રાખી હતી. તેની એ આશા ફળિભૂત પણ થાત. પરંતુ અહીં ગજ્જનને ખેલ બગાડી નાંખ્યો. તેણે કેવળ શરતચંદ્ર પ્રત્યેની ઈર્ષ્યાને ખાતર તેની બાતમી સુરેન્દ્ર ઉર્ફે ફાલ્ગુનને આપી દેવાથી તે સાવચેત બની ગયો.

પેલી એરિંગની જોડી લતાગૌરીએ કંચનકુમારીને તેના જન્મદિવસની ખુશાલીમાં ભેટ આપી હતી, જેના બદલામાં કંચનકુમારીએ પણ તેને પોતાનો તે એરિંગની જોડી કરતાં અધિક મૂલ્યવાન્ રત્નજડિત હાર ભેટ આપ્યો હતો. અર્થાત્ એ પ્રમાણે એરિંગની જોડી

કંચનકુમારીને ભેટ તરીકે મળેલી હોવાથી શરતચંદ્રને તેનો પત્તો મળી શકયો નહિ.

છેવટે સુરેન્દ્રને સેશન્સ કોર્ટમાં મોકલવાનો હતો તે વખતે તેને છૂટો મૂકવા શરતચંદ્રે ન્યાયાધીશ શાંતિપ્રસાદને સમજાવ્યો. શરતચંદ્ર એમ માનતો હતો કે એ ઉપરથી ફાલ્ગુન કોણ છે તે જાણી શકાશે.

પરન્તુ ત્યારપછી શું બન્યું તે વાચકો જાણે છે. માર્ગમાં સુરેન્દ્રસિંહને રેણુકાબાઇ મળી હતી. તે રેણુકાબાઇની વીશી કઇ એવો પ્રશ્ન કરતાં પોતાનું જ નામ રેણુકાબાઇ હોવાનું તે વિધવાએ જણાવ્યું. એટલે સુરેન્દ્રસિંહે પોતે મુકત થયાની બાતમી રજનીકાન્તને આપવાની તેને સૂચના કરી. તુરત રેણુકાબાઈ રજનીકાન્તને મળી અને સુરેન્દ્રસિંહે મુકત થયાની હકીકત તેને જણાવી. રજનીકાન્ત સુરેન્દ્રસિંહની રાહ જોતો બેઠો હતો. સુરેન્દ્રસિંહ પોતાના બંગલામાં દાખલ થયો–તેણે તુરત જ પોતાનાં વસ્ત્રો કાઢી નાંખ્યાં, દાઢી બોડી નાંખી, મૂછો બોડી નાંખી, માથાના વાળમાં પણ ફેરફાર કરી નાંખ્યો અને પછી સ્નાન કરીને તે પોતાના દિવાનખાનામાં બેઠો.

ત્યારબાદ શરતચંદ્ર ત્યાં તપાસ કરવા આવ્યો. તે નિરાશ થઇને ચાલ્યો ગયો એટલે સુરેન્દ્રસિંહને શાંતિ થઈ અને હવે પોતે નિશ્ચિત બન્યો હોય એમ લાગ્યું.

તે વખતે કંચનકુમારીની પેલી પરિચારિકાએ આવીને એક પત્ર તેને આપ્યો. તેના ઉપર કંચનકુમારીના હસ્તાક્ષર હતા. તેણે પરબીડીયું ખોલીને પત્ર વાંચ્યો.

“ તમે સલામત રીતે આવી પહોંચ્યા એથી મને શાંતિ થઈ છે. બધી હકીકત તમારા જાણવામાં આવી ગઈ છે. એટલે હવે હું તમને મારૂં મુખ બતાવતા ઇચ્છતી નથી. વ્હાલા ! તમારા તરફના મારા પ્રેમને ખાતર મેં આ કરપીણ કૃત્ય કર્યું હતું. મને ક્ષમા કરશો. પ્રણામ ! છેવટના પ્રણામ ! ! ”

તે એકદમ ઉઠયો અને પોતાની રાણીના શયનગૃહ તરફ ગયો. દ્વાર અંદરથી બંધ હતું. એ તોડીને તે અંદર ગયો. પરંતુ હવે કશો ઉપાય રહ્યો ન હતો. બનવાનું બની ગયું હતું. કંચન પણ ઉષાકુમારીના મોતે જ મરણ પામી હતી. જે વિષ તેણે ઉષાને આપ્યું હતું તે જ વિષનો પોતાને માટે ઉપયોગ કર્યો હતો.

આ દૃશ્ય જોઈને સુરેન્દ્રનાં નેત્રો ઉપર અશ્રુબિન્દુ ચમકવા લાગ્યાં: "કંચન ! કમનસીબ કંચન ! તે ભયંકર પાપ કર્યું છે. પરન્તુ તેનું પ્રાયશ્ચિત્ત પણ તેટલું જ ભયંકર છે. હા, હું તને ક્ષમા કરૂ છું અને હું આશા રાખુ છું કે ઉષા તથા પરમાત્મા પણ તને ક્ષમા કરશે !"

પ્રકરણ ૫૩ મું.

હસમુખનો પત્ર.

સુરેન્દ્ર અત્યારે પોતાના બંગલામાં હતો. તે તદ્દન નિશ્ચિંત બની ગયો હતો. અહીં કોઈ પણ તેની સામે આંગળી ચીંધી શકે તેમ ન હતું. તે એમ સમજતો કે 'હું શરતચંદ્રને ઉડાવી શકયો છું.' તેની આ માનિનતા સાચી હતી.

પરંતુ તે એમ પણ માનતો હતો કે હવે તો ડિટેકિટવ શરતચંદ્ર તેને કશું પણ કરી શકે તેમ નથી! આમ માનવામાં તેણે દીર્ધદૃષ્ટિ પહોંચાડી ન હતી. કેમ કે શરતચંદ્ર હાથ જોડીને બેસી રહે અને મૂંગો મૂંગો પોતાનો પરાજય સહન કરી, પોતાના સહચારીઓની હાંસીને પાત્ર બને એવા સ્વભાવનો મનુષ્ય ન હતો.

સુરેન્દ્રના બંગલામાં તપાસ કરીને તે પોલીસ સુપરિન્ટેન્ડન્ટની ઓફિસમાં આવ્યો. ત્યાં ખૂનીના મદદગારને બદલે બીજા માણસને પકડાયેલો જોયો. એથી તે પ્રથમ તો નિરાશ બની ગયો.

પરંતુ પુનઃ તેના મનમાં આશાનો સંચાર થયો. તે ફિરોજશાહ ડિટેકિટવની સલાહ લેવાને માટે ગયો અને ત્યાંથી પુનઃ આગળના જેટલો જ ઉમંગી, આશાવંત અને ધૈર્યવાન બનીને બહાર પડયો. ફિરોજશાહે તેની ભૂલો દર્શાવી, કેટલીક સૂચનાઓ કરી, આગલા ઇતિહાસનું ભાન કરાવ્યું, એ ઉપરથી તેને પોતાની સન્મુખ રહેલું કાર્ય ઘણું સરલ લાગ્યું.

તે પોતાના સહચારી સોડાવોટરને ઉદ્દેશીને બોલ્યોઃ "સોડાવોટર ! ફિરોજશાહ શેઠે કહેલી હકીકત તો તમે સાંભળી ને ? એ ઉપરથી તમે સમજી શકયા હશો કે પ્રથમ મારો મુદ્દો સાચો હતો."

પરંતુ તેના સહચારીએ નિરુત્સાહપૂર્ણ સ્વરે જવાબ આપ્યો : "હા, તમારો મુદ્દો તો ખોટો ન હતો."

શરતચંદ્ર તેની નિરાશા સમજી ગયો અને બોલ્યોઃ "શું આપણે બે–ત્રણ ભૂલો કરી તેથી આપણો સર્વનાશ થયો એમ તમે સમજો છો ? નહિ, બિલકુલ નહિ, બિલકુલ નહિ, બિલકુલ નહિ. હું અલ્પ સમયમાં જ આજના આપણા પરાજયને કીર્તિવંતા વિજયમાં ફેરવી નાંખીશ."

"હા, જો આપણા ઉપરિ આપણને નોકરીમાંથી ગડગડીયું ન આપે તો કદાચ તમે તમારા કાર્યમાં આગળ વધીને ફતેહ મેળવી શકો ખરા."

આ શબ્દોથી શરતચંદ્રને પોતાની સાંપ્રત સ્થિતિનો ખ્યાલ આવ્યો. તે સમજી શકયો કે તેણે ફાલ્ગુન જેવા ખુનીને પોતાના હાથમાંથી સરકી જવા દેવામાં મોટો દોષ કર્યો હતો. પરંતુ તેની સાથે જ તેને વિચાર આવ્યો કે આજ કેટલાય મહિના થયા પોલીસને હંફાવી રહેલા ભયંકર બદમાશ મદારસિંગને તેણે ગિરફતાર કર્યો હતો. એટલે આ ઘટનામાં એ માત્ર સ્હેજ સંતોષ લેવા જેવું હતું.

તે મનોગત બોલ્યોઃ "એમ માનો કે મને નોકરીમાંથી રજા આપવામાં આવે. તો પણ શું થયું ? હું ડિટેકિટવ ખાતામાં હોઉં યા

નહિ, તો પણ આ ખૂનના કેસની તપાસ કરવામાં—ખરા ખૂનીને પકડવામાં કોઇ મને અંતરાય કરી શકે તેમ નથી. વારૂ, હું મારા ઉપરિ પાસે જઈને કહું કે ખૂની ફાલ્ગુન અને રાજા બહાદૂર સુરેન્દ્રસિંહ બન્ને એક જ છે. તો તેઓ મને શું કહે? તેઓ મને ગાંડો જ ગણી કાઢે. તથાપિ હું માનું છું કે શાંતિપ્રસાદ મારા વચન ઉપર વિશ્વાસ રાખે ખરા. પરંતુ જ્યાં સુધી હું તેમની સન્મુખ મારા કથનની સાબિતીમાં પૂરતા પૂરાવા રજુ ન કરૂં ત્યાં સુધી તેઓ કશું આગળ પગલું ભરે નહિ."

પુનઃ તેનો વિચારપ્રવાહ આગળ વધ્યો: "અમે સુરેન્દ્રસિંહના બંગલામાં દાખલ થઇને તપાસ કરીએ અને ત્યાંથી કશા પૂરાવા મેળવવાનો પ્રયત્ન કરીએ તો?"

બીજી ક્ષણે આ વિચાર શાંત પડી ગયો. તે મોટેથી બોલ્યો: "હું કેટલો મૂર્ખ છું? રાજા બહાદૂર અને તેનો પ્રાઇવેટ સેક્રેટરી કાંઈ સામાન્ય પ્રકારના મનુષ્યો નથી. એટલે હું ત્યાં જાઉં તો મારે નિરાશ જ થવું પડે."

આ શબ્દો સોડાવોટરના સાંભળવામાં આવ્યા. તે બોલ્યો: "તમે શું કહ્યું? હું કશું સમજી શકતો નથી."

"હું એમ કહું છું કે આપણે સંગીન પુરાવા એકઠા કરવાની જરૂર છે." શરતચંદ્ર બોલ્યો: "અને તે માટે પ્રથમ તો મારે અંજનપુર જવું જોઇએ. હું તમને સાથે લઈ જાત. પરંતુ આપણે બન્ને ત્યાં હોઈએ તો કદાચ ઓળખાઈ જઇએ. એટલે હું એકલો જ ત્યાં જઇશ. તમે અહીં રહેજો અને મારી હીલચાલના સંબંધમાં કોઇને વાત કરશો નહિ."

તે બન્ને જણા છૂટા પડ્યા. શરતચંદ્ર અંજનપુર ગયો. ત્યાં જુદા જુદા માણસો દ્વારા તેણે ઘણી હકીકત એકઠી કરી. પરંતુ તે હકીકતમાં ખાસ પ્રકાશ પાડી શકે એવું કશું તે જાણી શક્યો નહિ.

જો કે તે ઉપરથી રાજા બહાદૂર અને જ્યોતિપ્રસાદનો વિરોધ સ્પષ્ટ થતો હતો. ચંદ્રભાગાનો વર એ ગામનો હોવાથી તેનો સુરેન્દ્રસિંહ અને કુંચનકુમારી સાથે પરિચય હોવાનુ જાણી શકાતું હતું. હુસમુખના પિતા સત્યપ્રસાદને પોતાની તમામ મીલકત અને આર્થિક સ્થિતિ તથા પ્રતિષ્ઠાનો રત્નસિંહના આગમનથી ભોગ આપવો પડેલો હોવાનું જોઇ શકાતું હતું. વળી રત્નસિંહે સત્યપ્રસાદનો નાશ કરાવ્યો હતો. એથી હુસમુખને રત્નસિંહના પુત્ર સુરેન્દ્ર ઉપર વેર હોય અને તે વેરની તૃપ્તિને માટે પ્રયત્ન કરે એ પણ સ્વાભાવિક હતું. આવી કેટલીક હકીકત તેણે અંજનપુરમાંથી પ્રાપ્ત કરી.

લગભગ બાર દિવસ ત્યાં રોકાઇને પુનઃ તે ચંદ્રનગર આવ્યો. તે સીધો શાંતિપ્રસાદના મકાન પર ગયો. તેણે ફાલ્ગુનને છૂટો કરવામાં આવ્યો ત્યારથી અત્યારસુધીમાં બનેલી તમામ હકીકત શાંતિપ્રસાદ પાસે રજુ કરી. ફિરોજશાહ શેઠ સાથેની મુલાકાત અને અંજનપુરમાંથી મેળવેલી માહિતી પણ જણાવી.

આ સર્વ હકીકત સાંભળતાં શાંતિપ્રસાદને જેટલું આશ્ચર્ય ઉત્પન્ન થયું તેટલું જ શરતચંદ્રને માટે માન ઉત્પન્ન થયું. છેવટે તેણે કહ્યુંઃ “ મીસ્તર શરતચંદ્ર ! તમારૂં કથન કદાચ સાચું હશે. ખરૂં કહું તો હું તો તમે સત્ય જ કહો છો એમ માનું છું. ફિરોજશાહનો તર્ક પણ ખોટો નથી. અંજનપુરથી તમે મેળવેલી માહિતી ઉપરથી પણ એવું અનુમાન કરી શકાય કે હુસમુખે સુરેન્દ્રસિંહ તથા તેમની રાણી કુંચનકુમારીને ગેરઆબરૂ કરવાને માટે આ તાગડો રચ્યો હોવો જોઇએ. પરંતુ એ બધાં માત્ર અનુમાન. હુસમુખ નામના માણસો અનેક હોય. હોટેલમાં કુંચનકુમારી આવી એવો પૂરાવો નથી. કદાચ આપણે પેલા ગાડીવાન પાસે તેને ઓળખાવવાનો પ્રયત્ન કરી શકીએ. પરંતુ જો ગાડીવાન એમ કહે કે તે આ સ્ત્રી ન હતી, તો આપણે મોટી ઉપાધિમાં આવી પડીએ. સુરેન્દ્રસિંહ કાંઈ સામાન્ય વ્યક્તિ ન ગણાય. એટલે જ્યાં સુધી રાજા બહાદુર પોતે પણ ઈન્કાર ન કરી

શકે એવો પૂરાવો તમે રજુ ન કરો ત્યાં સુધી આ કેસમાં ન્યાયાધીશ તરીકે મારાથી અનુમાન અને સંયોગો ઉપર આધાર રાખીને હવે કશું પણ આગળ પગલું ભરી શકાય નહિ. ”

શરતચંદ્રના મનમાં કોઈ નવીન વિચાર અત્યારે ઉદ્ભવ્યો હોય એવા ભાવપૂર્વક તે બોલ્યોઃ “ સાહેબ ! ત્યારે હું આપને એક વિનતિ કરૂં ? આપ જ્યોતિપ્રસાદ ઉપર એક ચીઠી લખી આપશો ? તે ચીઠીમાં ગમે તે હકીકત લખો તેની સાથે મને સંબંધ નથી. ખુશી-ખબર પૂછાવો અથવા બીજું કાંઈ આપને યોગ્ય લાગે તે લખો. મારે તો કોઇ પણ રીતે તેમની મુલાકાત લેવી છે. તેમની પાસે ગયા પછી શું કરવું તે હું નક્કી કરી લઇશ. ”

“ શું તમે તેમને ફાલ્ગુન કોણ છે એ સવાલ કરવા માગો છો ? ”

“ ના સાહેબ ! એવો સીધો સવાલ કરવાથી સંતોષકારક જવાબ ન મળે. હું માત્ર એટલું જ જાણવા માગું છું કે—પણ આપ ચિંતા ન રાખો. હું તેમને લેશ માત્ર પણ શંકા આવવા દીધા સિવાય મારૂં કાર્ય સાધી લઇશ. ”

“ બહુ સારૂં. ” ન્યાયાધીશે વિશેષ પૃચ્છા નહિ કરતાં સામાન્ય ખુશીખબરને લગતી એક ચીઠી લખીને શરતચંદ્રને આપી

શરતચંદ્ર એક પળનો પણ વિલંબ કર્યા સિવાય તુરત ત્યાંથી નીકળ્યો અને જ્યોતિપ્રસાદના મકાન તરફ જવા લાગ્યો.

માર્ગમાં તેનો હરીફ ગજાનન મળ્યો. ગજાનન તેને જોઇને ખડ-ખડાટ હસી પડયો અને બોલ્યોઃ “ કેમ શરતચંદ્ર ! તમે તમારા ખૂનીને પકડયો ને ? તે કયા સરદાર કુટુંબનો છે એ પણ તમે જાણી શકયા હશો ? હું તમારી સફળતા માટે ધન્યવાદ આપું છું. ”

શરતચંદ્ર પોતાના ઉપર થયેલા માર્મિક પ્રહારથી રાતોપીળો બની ગયો. છતાં પોતાના ક્રોધને દબાવીને કહ્યું: “ રાવસાહેબ ! માફ કરજો. હું બિનઅનુભવી હોઇશ, આવડતની મારામાં ખામી હશે,

પરંતુ તુરંગના કેદીઓને બહારના મિત્રો સાથે પત્રવ્યવહાર ચલાવવામાં મદદ કરવા જેટલી ધૃષ્ટતા મારામાં નથી. "

આ તીર ગજાનનના હૃદયમાં સચોટ લાગ્યું. તેનો ચ્હેરો સફેદ કાગળ જેવો બની ગયો. શરતચંદ્ર જોઈ શકયો કે પોતાનો તર્ક સાચો હતો. પરંતુ તે કશી દરકાર કર્યા વગર ચાલ્યો ગયો. હવે તેને ગજાનનની પરવા ન હતી. તમામ પાસા પોતાની તરફેણમાં છે એમ તે માનતો હતો.

તે પોતાના મકાન ઉપર ગયો અને શાંતિપ્રસાદની ચીઠી લઈને જ્યોતિપ્રસાદને ત્યાં ગયા પછી તેની સાથે કેવી રીતે વાત કરવી એ વિષયમાં ગુંથાઇ ગયો. કેટલોક સમય પોતાના મકાન પર પસાર કર્યા બાદ તે ઉઠયો અને જ્યોતિપ્રસાદને ત્યાં ગયો. તેણે નોકરને પ્રશ્ન કર્યો: "જ્યોતિપ્રસાદ સાહેબ છે ?"

"હા, સાહેબ તેમના પુસ્તકાલયમાં એક ગૃહસ્થ સાથે વાત કરે છે. તમે અહીં દિવાખાનામાં બેસો. તે ગૃહસ્થ ગયા બાદ હું તમારા સમાચાર તેમને આપીશ." નોકરે જવાબ આપ્યો.

શરતચંદ્ર દિવાનખાનામાં ગયો. ત્યાં બીજું કોઇ ન હતું. બાજુના ઓરડાનો જ્યોતિપ્રસાદ પુસ્તાલય તરીકે ઉપયોગ કરતો હતો. તે ઓરડામાંથી તે કોઈની સાથે સંભાષણ કરતો હોય એવો ધીમો ગણગણાટ આવતો હતો.

શરતચંદ્ર દિવાનખાનામાં ઊભો રહ્યો અને તેનું નિરીક્ષણ કરવા લાગ્યો. એ વખતે નીચે જાજમ પર પડેલો એક ખૂલ્લો પત્ર જોવામાં આવ્યો. તે પત્ર તરફ દૃષ્ટિ જતાં નીચે 'હસમુખ સત્યપ્રસાદ'ની સહી જોવામાં આવી. તે પોતાની જીજ્ઞાસાવૃત્તિને દબાવી શકયો નહિ અને તુરત જ એ કાગળ તેણે ઉપાડી લઈ વાંચવા માંડયો:—

"મહાશય જ્યોતિપ્રસાદ પ્રમોદરાય !

"આજે હું તમને એક અગત્યનો પત્ર લખું છું. મારી ધારણામાં હું નિષ્ફળ થયો છું. પરંતુ તમારા ઉપર મને વિશ્વાસ હોઈ

હું માનું છું કે જે કાર્ય મેં અધૂરૂં રાખ્યું છે તે તમે પૂરૂં કરશો. તમને હું સ્પષ્ટપણે જણાવી દઉં છું કે મારી બ્હેન અને તમારી પત્ની ઉષાનું ખૂન કરનાર રાજા બહાદૂર સુરેન્દ્રસિંહની રાણી કુંચન જ છે. આ હું પ્રતિજ્ઞાપૂર્વક લખું છું.

"એ વાત મારા જાણવામાં આવતાં વૈરની તૃપ્તિ ખાતર તે કુંચનને બેઆબરૂ કરવાના, પતિપત્ની વચ્ચે વિરોધ પડાવવાના અને રાજા બહાદૂરની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાના ઈરાદાથી મેં એક કારસ્થાન રચ્યું હતું. તેમાં પેલા સુખસાગરના છોકરા પ્રેમસાગરની વિધવા ચંદ્રભાગાની મદદ લીધી હતી. તેને ત્યાં થયેલાં ખૂનની હકીકત તમે જાણતા હશો. તેનો કેસ તમારી પાસે આવ્યાનું મેં જાણ્યું છે. પરંતુ તે પછી ખૂનીની તુરંગમાં મુલાકાત લીધા બાદ અકસ્માત તમારા પગને ઈજા થવાથી તમે બિછાનાવશ થયા અને તે કેસ બીજાના હાથમાં ગયો. તમારો ઢોંગ બીજાઓ કદાચ સાચો માનતા હશે પરંતુ હું ન માનું. તમે ખૂનીને ઓળખ્યો અને તેથી જ ઈરાદાપૂર્વક ન્યારા રહેવાને માટે પગ ભાંગવાનું બ્હાનું કાઢયું.

"જ્યારે આ બનાવ બન્યો ત્યારે મને પણ અચાનક અકસ્માત થયો અને મારે લાંબો સમય હોસ્પિટલમાં રહેવું પડયું. એથી કશું પણ મારા જાણવામાં આવ્યું નહિ. સાજો થયા બાદ બધી હકીકત મારા જાણવામાં આવી. વિશેષમાં જે દિવસે ખૂનીને છોડી દેવામાં આવ્યો તે જ દિવસે રાત્રે કુંચન હૃદયનો ધબકારો બંધ પડી જવાથી મૃત્યુ પામ્યાના વર્તમાન પણ મારા જાણવામાં આવ્યા છે. મારૂં એવું અનુમાન છે કે સુરેન્દ્રે જ તેનું ખૂન કરેલું હોવું જોઇએ. જો એમ હોય તો એટલા પુરતી મારા વૈરની તૃપ્તિ થઈ છે.

"હવે સુરેન્દ્રનો સવાલ છે. તેને માટે તમે બનતું કરશો અને તેને ખૂલ્લો પાડશો એવો મને તમારા ઉપર વિશ્વાસ હોઇ આ પત્ર તમને લખું છું.

"હસમુખ સત્યપ્રસાદ."

શરતચંદ્ર આ પત્ર વાંચીને સ્તબ્ધ બની ગયો. હવે ચંદ્રભાગાની હોટેલમાં બનેલા બનાવનો સંપૂર્ણ ખ્યાલ તેને આવી શક્યો. આ પત્ર પોતાની પાસે રાખવો કે કેમ, એ વિચાર તેના મનમાં આવ્યો. પરંતુ તે પત્રનો આ કેસમાં ઉપયોગ કરવાનું તેને યોગ્ય લાગ્યું નહિ. તેને પુનઃ જાજમ પર ફેંક્યો. તે જ્યોતિપ્રસાદને મળવાની દરકાર કર્યા સિવાય ત્યાંથી ચાલી નીકળ્યો.

પ્રથમ તેણે આ હકીકત શાંતિપ્રસાદને જણાવવાનો વિચાર કર્યો, પરંતુ તુરત જ તે વિચારને પણ દબાવી દીધો.

હવે કોઈ બીજી જ યુક્તિ કરીને સુરેન્દ્રસિંહની કબૂલાત મેળવવાની તેણે ધારણા રાખી. તેણે પોતાના મગજમાં એક કલ્પના ગોઠવી; અને એ કલ્પના આબાદ નિવડશે એવી ખાત્રીપૂર્વક તેને અમલમાં મૂકવાની તૈયારી કરવા લાગ્યો.

પ્રકરણ ૫૪ મું.

ઉપસંહાર.

જે દિવસે ફાલ્ગુન તુરંગમાંથી પલાયન થઈ ગયો તેને આજે વીશેક દિવસ થઈ ગયા છે. કંચનકુમારી પોતાનાં કૃત્યોનો જવાબ આપવાને માટે પ્રભુના દરબારમાં પહોંચી ગઈ છે. તેના મૃત્યુથી સુરેન્દ્રના વદન ઉપર ઉદાસિનતા કિંવા આનંદનું કશું પણ ચિહ્ન દેખાતું નથી. છતાં પણ એટલું ખરૂં કે તેની અગાઉની પ્રફુલ્લતા ગૂમ થઇ ગઇ છે. તે અત્યંત ગંભીર બની ગયો છે. તેણે થોડા દિવસમાં પુનઃ ઇંગ્લાંડના પ્રવાસે ઉપડી જવાનો વિચાર કરીને તે માટેની તૈયારી કરવાનું તેના પ્રાઇવેટ સેક્રેટરીને સૂચવી દીધું છે.

આજે તે તેના બંગલામાં અભ્યાસગૃહમાં બેઠો બેઠો જગતના પ્રવાસને લગતું અંગ્રેજી ભાષામાં હમણાં જ નવીન પ્રકટ થયેલું એક પુસ્તક વાંચે છે. તે વખતે તેનો એક નોકર અંદર આવી, મસ્તક નમાવીને બોલ્યો: "ન્યાયાધીશ સાહેબ જ્યોતિપ્રસાદનો પત્ર લઇને એક માણસ આવ્યો છે."

સુરેન્દ્ર જ્યોતિપ્રસાદનું નામ સાંભળીને સ્હેજ ચમક્યો. તથાપિ પોતાના ગાંભીર્યને જાળવી રાખીને બોલ્યો: "જા, તે પત્ર લઇ આવ જોઉં."

"તે માણસ પોતાની જાતે આપને હાથોહાથ એ પત્ર આપવાનું જણાવે છે."

સુરેન્દ્ર વિચારગ્રસ્ત બની ગયો. એકાદ પળ પછી બોલ્યો. "વારૂ, તેને અંદર મોકલ."

જ્યોતિપ્રસાદનો નોકર અંદર આવ્યો. તે હિંદુસ્તાની ભૈયા જેવો લાગતો હતો. તેની ઉમ્મર આશરે પીસ્તાલીશ વરસની હશે એમ તેના ચ્હેરાપરથી અને તેના દાઢી મૂછના ધોળા વાળપરથી અનુમાન થઇ શકતું હતું. તેણે નમન કરીને વિનયપૂર્વક એક બંધ કરેલું કવર સુરેન્દ્રસિંહના હાથમાં આપ્યું.

સુરેન્દ્રસિંહે કવર ફોડી અંદરનો કાગળ કાઢીને વાંચ્યો:

"**મહાશય !**

"તમે ફાલ્ગુન નામ ધારણ કરી તુરંગમાં દાખલ થયા હતા. તે વખતે હું તમને ઓળખતો જ નથી, એવો દેખાવ કરીને મેં તમને બચાવ્યા છે. હવે મને બચાવવાની હું તમને વિનતિ કરૂં છું. મારે મારા એક લ્હેણદારને આવતી કાલે સાંજ સુધીમાં કોઈ પણ રીતે પચાસ હજાર રૂપિયા આપવા જ જોઇએ. મારી પાસે અત્યારે એક હજાર રૂપિયા પણ રોકડા નથી. તો હું આશા રાખું છું કે કાલ સ્હાંજ સુધીમાં તમે તેટલી રકમની સગવડ મને કરી આપશો. હું મારી સ્થિતિ સુધરતાં એ રકમ તમને ભરી આપીશ.

"**જ્યોતિપ્રસાદ પ્રમોદરાય**"

સુરેન્દ્રસિંહ આ પત્ર વાંચીને સ્તબ્ધ બની ગયો. એક પળ પછી તે પોતાના ટેબલ પાસે ગયો. તેણે એક પત્ર લખવા માંડયો. આ નોકર સ્હેજ દૂર ઊભો હતો. પરંતુ તેની દૃષ્ટિ સુરેન્દ્ર લખતો હતો તેના તરફ હતી. પત્ર પૂરો કરી, કવરનાં નાંખી, કવર બંધ કરીને સુરેન્દ્રે તેના ઉપર પોતાનું સીલ કર્યું તથા તે પત્ર અને એક રૂપિયો આ નોકરને આપતાં કહ્યું: "લે, આ જવાબ જલદી જ્યોતિપ્રસાદને પહોંચાડ."

તેણે આ પ્રમાણે લખ્યું હતું:—

"**મહાશય!**

"આવતી કાલે સ્હાંજે નહિ પણ આજે જ સ્હાંજે તે રકમ તમને મળશે. મારૂં જીવન તથા મારી બધી મીલ્કત તમારાં જ છે. હું ફાલ્ગુન નામ ધારણ કરીને તુરંગમાં હતો, તે વખતે તમે મને પિછાનતા નહિ હોવાનો દેખાવ કરીને મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનો આ અત્યંત નજીવો બદલો છે. આગાઉ આપણી વચ્ચે શત્રુતા હતી તે ભૂલી જઈ મને તમારો સાચો સ્નેહી સમજજો.

"સુરેન્દ્રસિંહ."

આ પત્ર તે લખતો હતો તે વખતે તેની મતલબ જ્યોતિપ્રસાદનો નોકર પામી ગયો હતો. તેણે એ પત્ર પોતાના કબજાના અંદરના ગજવામાં મૂકી દીધો અને બીજી જ ક્ષણે પોતાના મસ્તક ઉપરનો ફેંટો દૂર કરી, માથા પરના તેમ જ દાઢી અને મૂછના બનાવટી વાળ ખેંચી કાઢયા.

"કોણ? શરતચંદ્ર!" સુરેન્દ્રના વદન પર જાણે કેવળ પ્રેતકળા છવાઈ રહી.

"આપનો તાબેદાર શરતચંદ્ર!" ડિટેક્ટિવે જવાબ આપ્યો: "સાહેબ! મને ક્ષમા કરજો. આપે જેમ આપની પ્રતિષ્ઠાનો વિચાર

કર્યો તેમ મારે પણ મારી પ્રતિષ્ઠાનો વિચાર કરવો જોઇએ. મારૂં ભવિષ્ય ખૂની ફાલ્ગુનને જગતની સન્મુખ પ્રત્યક્ષ કરવા ઉપર રહેલું હતું. તેથી જ જ્યોતિપ્રસાદના હસ્તાક્ષરોનું અનુકરણ કરીને તેમના નામનો કાગળ આપની સન્મુખ લાવવાની જરૂર પડી છે."

સુરેન્દ્રસિંહે કશો પણ જવાબ આપ્યો નહિ. એટલે ડિટેકિટવ પુનઃ બોલ્યોઃ "સાહેબ! આપ કશી પણ ચિંતા ન કરશો. આપનો આ પત્ર ન્યાયાધીશની સન્મુખ રજૂ કરવાની સાથે આપ નિર્દોષ હતા અને આપે આપના બચાવમાં જ પેલા ત્રણ માણસોનાં ખૂન કર્યાં હતાં તેનો પુરાવો પણ રજૂ કરીશ. વળી રાણી સાહેબ સ્વર્ગવાસી થયાં છે. એટલે તેમનું નામ આ કેસમાં લાવવાની જરૂર નથી. અર્થાત્ મારો હેતુ સિદ્ધ કરવામાં હું આપની પ્રતિષ્ઠાને કોઈ પણ રીતે હાની પહોંચવા નહિ દઉં."

એટલું કહીને તે સીધો શાંતિપ્રસાદ પાસે ગયો. તેણે સુરેન્દ્રનો પત્ર બતાવ્યો તથા જ્યોતિપ્રસાદને મળેલા હસમુખના પત્રની પણ વાત કરી. ફાલ્ગુન અને સુરેન્દ્ર એક જ હતા એવું કોર્ટમાં સાબિત થયું. છેવટે એક અઠવાડિયા બાદ સુરેન્દ્રે પોતાના ઉપર એકી સાથે હુમલો કરનારા ત્રણ જણાની સામે પોતે એકલો હોવાથી, પોતાનો બચાવ કરતાં તેમનો નાશ કરેલો હોવાથી, તેને નિર્દોષ ઠરાવવામાં આવ્યો. આ ચૂકાદામાં શાંતિપ્રસાદે શરતચંદ્રના બુદ્ધિચાતુર્ય અને કૌશલ્યની અત્યંત પ્રશંસા કરી હતી.

શરતચંદ્રના ઉપરિઓ પણ તેનું અભિનંદન કરવા લાગ્યા અને તેને સારા હોદ્દા ઉપર ચડાવ્યો. તેને તથા સોડાવોટરને રાજ્ય તરફથી યોગ્ય ઈનામ પણ આપવામાં આવ્યું.

ઘમંડી ગજાનન આ હકીકતની જાણ થતાં હતવીર્ય બની ગયો. તે પોતાની હાંસી થવાની બ્હીકે માંદો હોવાનો ઢોંગ કરીને કેટલાક દિવસ બહાર જ ન નીકળ્યો. છેવટે તેણે પોતાનું રાજીનામું મોકલી

આપ્યું જે વગર આનાકાનીએ સ્વીકારવામાં આવ્યું. અને તેની જગ્યા શરતચંદ્રને આપવામાં આવી. હવે શરતચંદ્ર સામાન્ય ડિટેકિટવ મટીને ડિટેકિટવોનો સરદાર બન્યો.

સુરેન્દ્રસિંહે પોતે જ્યોતિપ્રસાદને ત્યાં જઇ તેનો ઉપકાર માન્યો. તે બન્ને શત્રુ મટીને સ્નેહી બન્યા. હસમુખ પોતાના વૈરની પૂર્ણ તૃપ્તિ નહિ થવાથી સુરેન્દ્રને બેઆબરૂ બનાવવાના માર્ગો શોધવા લાગ્યો પરંતુ તેમાં તેને સફળતા મળી નહિ. વળી જ્યોતિપ્રસાદે પણ તેને પોતાની પાસે બોલાવીને સમજાવ્યો અને સુરેન્દ્ર પાસેથી આર્થિક મદદ અપાવી, આફ્રિકા રવાના કરી દીધો.

પેલી ચંદ્રભાગાને છોડી દેવામાં આવી. તેણે પુનઃ પોતાની હોટેલ ચાલૂ કરી. તેનો છોકરો પન્નાલાલ તો કારાગૃહવાસી જ બન્યો હતો. પન્નાલાલની સ્ત્રી તથા તેના બાળકની સુરેન્દ્રસિંહે સંભાળ લેવાનું સ્વીકાર્યું.

સુરેન્દ્રસિંહ શરતચંદ્રને ભૂલ્યો નહિ. તેણે પણ તેની કુશળતાની પ્રશંસા કરી તેને સારૂં ઇનામ આપ્યું, જેનો ચોથો હિસ્સો શરતચંદ્રે સોડાવોટરને આપ્યો.

સમાપ્ત.